છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*

- તંત્રી લેખ : સુવર્ણ જયંતી વર્ષ - સુવર્ણ જયંતી મહોત્સવ ........ અશોક મહેતા ....... ૭

## સંસ્થા : સુવર્ણ જયંતી મહોત્સવ

- ભાવભર્યું આગોતરું આમંત્રણ (અમદાવાદ ખાતે સમારોહ) ........ ૧૧
- ભાવભર્યું આગોતરું આમંત્રણ (મુંબઈ ખાતે સંમેલન) ........ ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાનના કાર્યક્રમો ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૫
- લોગો અને સ્લોગન ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૨૨
- સિનિયર સિટીઝન્સ (વયોવૃદ્ધ) માટે સેનેટોરિયમ
  "મંજુલ-હરખ ધામ" (ફોર્મ સાથે) ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૨૨
- કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૨૫
- વિશિષ્ટ કચ્છી વ્યક્તિ ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૨૬

*લેખ વિભાગ :*

## વિચાર મંથન

- સત્યની શોધ અને સ્વીકાર – ૬
  માનવ વિકાસમાં ધર્મનો ફાળો કેટલો? ........ મુરજી ગડા ...... ૨૭
- ઈન્સાંકા દિલ તંગ હૈ ક્યૂં? ........ ડૉ. કેશુભાઈ પટેલ ...... ૨૯

## વિચાર-વિમર્શ

- સાઈલન્સ પ્લીઝ! ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૩૧

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૩ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ભૂમિ પૂજન ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૩૪

## સમાજની ક્ષિતિજો

- પતિ-પ્રેમની ક્ષિતિજોને પેલે પાર ........ અનુવાદ : સત્યપાલ સંઘવી ...... ૩૯
- અંધશ્રદ્ધા વિ. શ્રદ્ધા ........ શાંતિલાલ સંઘવી ...... ૪૧

## સરદાર સરોવર - નર્મદા

- નર્મદા યોજના : માત્ર રળિયામણું સ્વપ્ન? ........ ડૉ. વિદ્યુત જોષી ...... ૪૩

## સાયન્સ એન્ડ ટેકનોલોજી

- મોટી ઉંમરમાં કોમ્પ્યુટરના ફાયદાઓથી વંચિત!! અરે રે!! ........ ડૉ. માણેક એમ. સંગોઈ ...... ૪૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## વ્યક્તિ ચિત્ર

● 'મુરજી જી મા, અધ માની દયો' ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૪૯

## માહિતી

● બેંક નોટ અને સિક્કા ........ ૫૧

## વાર્તા

● રૂડકીનો દલ્લો ........ ડૉ. ચંદ્રહાસ ત્રિવેદી ...... ૫૩

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૬

## ફ્લેશ ચેનલ

★ ટ્રેનમાં હવે ઓળખપત્ર ફરજિયાત ★ વેપારી તથા દુકાનદારો માટે ........ ૫૭
★ ભારત સરકારની પેન્શન સ્કીમનો લાભ લેવા માટે પ્રાથમિક માહિતી ........ ૫૭
★ સ્કૂલોની લખલૂટ ફી ★ ભેળસેળ રોકો... તુરત ફરિયાદ કરો. ........ ૫૮

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૫૯
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૬૧
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૬૩
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૬૪
● જાન્યુઆરી અને ફેબ્રુઆરી-૨૦૧૨માં પૂરા થઈ ગયેલ તથા
માર્ચ-૨૦૧૨ દરમ્યાન પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ........ ૬૫
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૬
● શબ્દ રમત-૬૮ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૬૭
● સુડોકુ – ૧૦૨૫ ........ રજનીકાંત ધરમશી પારેખ ...... ૬૯
● વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ, દિનેશ આર. મહેતા ...... ૭૧
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ........ ૭૩
● સમાજ દર્પણ ........ ૭૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૭૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ – વસતિપત્રક-૨૦૧૨ ........ ૭૮
● સંસ્થા સમાચાર ........ ૭૯
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૮૩

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# સુવર્ણ જયંતી વર્ષ - સુવર્ણ જયંતી મહોત્સવ

***— અશોક મહેતા***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીના ૪૯ વર્ષ પૂર્ણ કરી, શનિવાર તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે ૫૦મા વર્ષમાં પ્રવેશ કરે છે. ૫૦મા વર્ષને તે "સુવર્ણ જયંતી વર્ષ" તરીકે ઉજવવા માંગે છે.

સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન, સમાજમાં વિવિધ સેવાકીય ભાવના જગાડતા કાર્યક્રમો તે હાથ પર લેવા માંગે છે. આ કાર્યક્રમોમાં સેવાકીય ક્ષેત્રના, તબીબી સેવાક્ષેત્રના, બાળ શક્તિ ખીલવતા, મહિલા ઉત્કર્ષ માટેના, યુવા વિકાસને લગતા, મનોરંજન, પરિચય મિલન સમારંભ, ગંભીર ચિંતન વિષયક પ્રવચનો તેમજ સમગ્ર કચ્છી જૈન સમાજને એકત્રિત કરતા કાર્યક્રમો અને માતૃભૂમિ કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર તેમજ કચ્છ દર્શન જેવા અનેકવિધ કાર્યક્રમોના આયોજનો ગોઠવી તેને આમજનતા સુધી લઇ જવાની ભાવના રાખવામાં આવેલ છે.

- **સુવર્ણ જયંતી મહોત્સવનો પ્રારંભિક સમારંભ (એપ્રિલ-૨૦૧૨) :**

તેના કાર્યક્રમોનો શુભારંભ શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે અમદાવાદ ખાતે કરવામાં આવનાર છે. તે દિવસે સવારમાં (૧) ૯.૦૦ વાગે સિનિયર સિટીઝન હોમ - "મંજૂલ હરખધામ" નું દીપ પ્રાગટ્ય, (૨) સવારમાં ૧૧.૦૦ વાગે શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું લોકાર્પણ, (૩) બપોરના ૩.૦૦ વાગે ટાઉનહોલ ખાતે સુવર્ણ જયંતી મહોત્સવ સમારંભનો દબદબાપૂર્વકનું આયોજન તેમજ (૪) રાત્રે ૯.૦૦ વાગે જયશંકર સુંદરી હોલ - રાયખડ ખાતે મનોરંજન કાર્યક્રમનું આયોજન ગોઠવવામાં આવેલ છે. સમાજના આદરણીય વયોવૃદ્ધોની સેવા કરવાની ભાવનાથી એક નાનું "મંજુલ-હરખધામ" ગાંધીનગર ખાતે કાર્યાન્વિત કરવામાં આવનાર છે. જ્યારે મરૂભૂમિની સંસ્કૃતિની ઝલક દાખવતું "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ" શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ ખાતે ખૂલ્લું મૂકવામાં આવનાર છે. સાથે સાથે પાંચેક જેટલી વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓનું બહુમાન કરવાની પણ ગણના રાખવામાં આવેલ છે.

- **ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન (મે-૨૦૧૨) :**

રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨થી સોમવાર તા. ૧૪-૫-૨૦૧૨ દરમ્યાન સુમતિ ગૂર્જર ભવન, મુંબઇ ખાતે એક અધિવેશન યોજવામાં આવનાર છે કે જ્યાં ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓને નિમંત્રિત કરવામાં આવી રહ્યા છે. ચર્ચાના વિષયોનું આયોજન એ પ્રકારે કરવામાં આવેલ છે કે જેથી ભારતભરના કચ્છી જૈનો પોતાની કર્મભૂમિમાં રહીને પોતાની કર્મભૂમિ તથા માતૃભૂમિ માટે કયા પ્રકારના કાર્યો કરી શકે તેની વિસ્તૃત છણાવટ કરવામાં આવનાર છે.

ચર્ચાના વિષયો હાલ પૂરતા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

૧. માતૃભૂમિ કચ્છમાં પરત ફરવા ત્યાંની હાલે ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો

૨. હાલના કર્મભૂમિના સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ

૩. કર્મભૂમિના સ્થળે આપણે કરવાના સામાજિક કાર્યો

૪. બાળકોને પારંગત કરીએ IAS, IPS તથા અન્ય ઉચ્ચ કક્ષાના શિક્ષણથી.

- **અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ (જૂન-૨૦૧૨) :**

ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨ના અષાઢી બીજ-કચ્છી નૂતન વર્ષનો તહેવાર આવે છે. એ તહેવારને અનુરૂપ તથા કચ્છની સંસ્કૃતિ રજૂ કરતું, અમદાવાદ સ્થિત કચ્છીઓ માટે એક સુંદર "કચ્છી ડાયરા"નું આયોજન ટાગોર હોલ ખાતે ગોઠવવામાં આવેલ છે. કચ્છી નૂતન વર્ષે દરેક કચ્છીને ડાયરાની મજા માણવાની એક સુંદર તક સાંપડી રહેશે.

*અભાવ મૈત્રીનો હોય છે, મિત્રોનો નહિ.*

- **ચમત્કારોથી ચેતો (જુલાઇ-૨૦૧૨) :**

કુદરતે માનવ શરીર જેવી જટિલ યંત્રણા ગોઠવીને જે પ્રકારના તથા તેના જેવાં અન્ય અનેક ચમત્કાર સર્જેલ છે તે ચમત્કારોને સામાન્ય ગણતા અથવા તેની બિલકુલ ગણના ના કરતા, ફલાણા મંદિરના ગણેશની મૂર્તિ દૂધ પીએ છે કે ફલાણા બાવા હાથમાંથી સિંદૂર કાઢી શકે છે કે ફલાણા ફકીરની માનતા માનવાથી બધું સારું થઇ જશે કે ફલાણાના ઘરમાં કુમકુમનાં પગલાં પડ્યાં જેવાં કહેવાતા ચમત્કારોથી પેદા થતી અંધશ્રદ્ધા દૂર કરવા રાજકોટ સ્થિત "જાથા" નામની સંસ્થાનો એક કાર્યક્રમ "ચમત્કારોથી ચેતો" રવિવાર તા. ૨૨-૭-૨૦૧૨ના દિવસે યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમના કારણે સમાજમાંથી આપણે થોડી પણ અંધશ્રદ્ધા દૂર કરી શકીશું તો તે કાર્યક્રમની સફળતા ગણાશે.

- **સ્વાતંત્ર્ય દિન - ધ્વજવંદન (ઓગસ્ટ-૨૦૧૨) :**

બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ના રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય દિનના તહેવાર નિમિત્તે "ધ્વજ વંદન" અને ત્યારબાદ વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ આયોજિત "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. તા. ૨૬ જાન્યુઆરી ૧૯૯૭ના દિવસે શ્રી કચ્છી જૈન ભવનનું લોકાર્પણ કર્યું એ સમયથી જ દર પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્ર્ય દિનના દિવસે રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઇને નિયમિતપણે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ રીતે સમાજમાં રાષ્ટ્રીય ભાવના જારી રહે તેવો પ્રયાસ કરવામાં આવે છે. હાલે છેલ્લા કેટલાક વર્ષથી વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ દ્વારા સમાજમાં અવ્વલ નંબરે પાસ થયેલ તથા સારા ગુણ મેળવીને ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને વ્યવસ્થિતપણે સન્માનિત કરી આ દિવસે "સરસ્વતી સન્માન"નો વિશેષ કાર્યક્રમ પણ અલગથી યોજવામાં આવે છે. અગાઉ આ કાર્યક્રમ વાર્ષિક સ્નેહ મિલનના દિવસે અન્ય કાર્યક્રમો સાથે યોજવામાં આવતો હતો.

- **ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન (સપ્ટેમ્બર-૨૦૧૨) :**

રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના દિવસે આ સમાજ, ગુજરાત સ્થિત દરેક કચ્છી જૈન યુવાઓને અમદાવાદ ખાતે આમંત્રિત કરી એક "યુવા સંમેલન" યોજવા માંગે છે કે જેમાં વિશિષ્ટ વક્તાઓ દ્વારા યુવાઓને અનુરૂપ વિષયે વાર્તાલાપ કરવામાં આવશે. સાથે સાથે અન્ય હળવા કાર્યક્રમોનું પણ આયોજન ગોઠવવામાં આવેલ છે. આ કાર્યક્રમ દ્વારા ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા એકબીજાના સંપર્કમાં આવી ખૂબજ નજદીક આવી શકશે અને ભવિષ્યમાં પણ સંયુક્ત કાર્યક્રમો ગોઠવી શકશે. આ વિશિષ્ટ કાર્યક્રમની જવાબદારી સમાજની "શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ"ને સોંપવામાં આવેલ છે.

- **વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય (સપ્ટેમ્બર-૨૦૧૨) :**

આ સમાજની એ પ્રણાલી રહેલ છે કે પર્યુષણ પછીના દ્વિતીય રવિવારે વાર્ષિક સ્નેહમિલન સમારંભ, મિચ્છામિ દુક્કડમનો કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર અચૂકપણે યોજવામાં આવે છે. રવિવાર તા. ૩૦-૯-૨૦૧૨ના દિવસે યોજવામાં આવનાર ઉપરોક્ત ત્રિવિધ કાર્યક્રમનો પણ "સુવર્ણ જયંતી મહોત્સવ"ના કાર્યક્રમમાં સમાવેશ કરી લેવામાં આવેલ છે.

- **નવરાત્રિ મહોત્સવ તથા શરદોત્સવ (ઓક્ટોબર-૨૦૧૨) :**

ભારત દેશની એ પ્રણાલી રહેવા પામેલ છે કે અહીં અનેક તહેવારો, ગરીબથી અમીર કક્ષાના લોકો ધામધૂમથી ઉજવે છે. તેટલું જ નહીં પરંતુ તેમાં એકાકાર થઇ અતિ આનંદ પામે છે. આ સમાજ પણ હંમેશાં આ પ્રકારના તહેવારોની ઉજવણી કરીને આ દેશની સંસ્કૃતિની પરંપરા જાળવી રાખવાના ઉદ્દેશથી તેમાં પોતાને જોડાયેલો રાખે છે. તેને અનુરૂપ દર વર્ષે નવરાત્રિ દરમ્યાન એક દિવસ ગરબા-રાસનો કાર્યક્રમ અને શરદપૂનમના દિવસે મુખ્યત્વે દાંડિયા રાસનો કાર્યક્રમ (દૂધ-પૌંઆની ઉજાણી સહિત) શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં યોજવામાં આવે છે. સુવર્ણ જયંતી મહોત્સવના ટાંકણે નવરાત્રિ કાર્યક્રમના આયોજનમાં થોડો ફેરફાર કરી, તેને અન્ય કોઇ ઑપન ગ્રાઉન્ડ પર વિશાળ પાયે અને વિશિષ્ટ સ્વરૂપે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ રીતે રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ના છઠ્ઠા નવરાત્રે "નવરાત્રિ મહોત્સવ" અન્ય ઑપન ગ્રાઉન્ડ પર અને સોમવાર તા. ૨૯-૧૦-૨૦૧૨ના શરદોત્સવ, શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે.

- **નૂતન વર્ષાભિનંદન (નવેમ્બર-૨૦૧૨) :**

વિક્રમ સંવત મુજબ દિપોત્સવી અને નવું વર્ષ ઉજવવાની આપણી પરંપરા છે. આ સમાજ પણ આપણી ભવ્ય પરંપરાને જાળવી રાખવા તેમાં જોડાયેલો રહે છે. નૂતન વર્ષના દિવસે સાંજના ૫.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર એકબીજાને નૂતન વર્ષના

*પ્રેમ જો તમારા સમગ્ર અસ્તિત્વનો પાયો બની જાય તો પછી કોઈ દુ:ખ તમને હેરાન નહિ કરી શકે.*

અભિનંદન પાઠવવાનો તેમજ હળવા-મળવાનો અને ખાણી-પીણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ વર્ષે આ સમારંભ બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ના રોજ એટલે કે વિક્રમ સંવત ૨૦૬૯ના શુભારંભે યોજવામાં આવેલ છે.

- **સમાજના બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ (ડિસેમ્બર-૨૦૧૨)**

સમાજના બાળકો તથા યુવા વર્ગને ભારતીય સંસ્કૃતિ સાથે સંલગ્નપણે જોડી રાખવા બાળકો તથા યુવા આધારિત મનોરંજન કાર્યક્રમ આ સમાજ અવારનવાર યોજતો આવે છે કે જેમાં કંઠ્ય સંગીત, સોલો ડાન્સ, ટીપ્પણી, લાવણી, હૂડો, ઉડિયા ડાન્સ, કથ્થક, ગરબા, દાંડિયા રાસ, નાટ્ય વગેરે પ્રકારની વિવિધ વાનગીઓનો સમાવેશ કરવામાં આવે છે. સ્ટેજ પર બાળકો અનેક લોકોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ રજૂ કરતા હોવાથી તેમનામાં ‘સ્ટેજ ફીઅર’નો ડર રહેવા પામતો નથી કે જે આ કાર્યક્રમની વિશિષ્ટ ઉપલબ્ધિ રહેવા પામે છે. સુવર્ણ જયંતી મહોત્સવ સંલગ્ન આ કાર્યક્રમ રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ યોજવામાં આવનાર છે.

- **શ્રદ્ધાંજલિ કાર્યક્રમ (જાન્યુઆરી-૨૦૧૩) :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એ અમદાવાદ-ગાંધીનગર સ્થિત ૮૦૦ કુટુંબોનો સમાજ છે. દર વર્ષે આ સમાજ તેના સમાજ-પરિવારના અંદાજિત ૨૦ જેટલા આપ્તજનોને ગુમાવી તેમનો વિરહ સહન કરે છે. જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં દર વર્ષે, ગત વર્ષ દરમ્યાન સદ્‌ગત પામેલ આપ્તજનો માટે સમૂહમાં પ્રાર્થના-ગીત દ્વારા તથા સંગીતની કરુણામય સૂરાવલી દ્વારા એક સમૂહ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવે છે. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન આ કાર્યક્રમ રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ યોજવામાં આવનાર છે.

- **ભુજ ખાતે સેમિનાર (જાન્યુઆરી-૨૦૧૩) :**

કચ્છીઓ કચ્છ છોડીને રોજી-રોટીના પ્રશ્ને અન્યત્ર કોઇ પણ સ્થળે વસવાટ કરતા હોય, પરંતુ માતૃભૂમિ કચ્છ માટે તેના દિલમાં સદાયે ઊંચી ભાવના રહેતી હોય છે. હાલે કેટલાક વર્ષોથી કચ્છની ગાડી વિકાસના પથ પર દોડતી જોઇને કોઇપણ કચ્છીની છાતી ગદ્‌ગદ્‌ ખીલી ઊઠે! આજથી ૧૫ વર્ષ પછી કચ્છની પ્રગતિ કયા લેવલે પહોંચેલ હશે તે ધ્યેયને નજર સમક્ષ રાખીને ‘‘કચ્છ વિઝન-૨૦૨૫’’ પર એક વાર્તાલાપનો કાર્યક્રમ રવિવાર, તા. ૨૦-૧-૨૦૧૩ના રોજ ભુજ-કચ્છ ખાતે યોજવામાં આવનાર છે. અનેક કચ્છી તજજ્ઞોને સુવર્ણ જયંતી મહોત્સવમાં સમાવિષ્ટ આ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવનાર છે.

- **કચ્છ દર્શન (જાન્યુઆરી-૨૦૧૩) :**

‘વિઝન-૨૦૨૫’ની સાથે સાથે આ સમાજ દ્વારા કચ્છ દર્શનનો એક ત્રિ-દિવસીય કાર્યક્રમ પણ યોજવામાં આવેલ છે. આ કાર્યક્રમ દર વર્ષે ગુજરાત સરકાર દ્વારા ઉજવવામાં આવતા રણોત્સવ દરમ્યાન જ ગોઠવવામાં આવેલ છે. સોમવાર તા. ૨૧-૧-૨૦૧૩થી બુધવાર તા. ૨૩-૧-૨૦૧૩ દરમ્યાન આ કાર્યક્રમનું આયોજન વિચારાયેલ છે. આ કાર્યક્રમ દ્વારા અનેક કચ્છીઓને કચ્છના ખૂબ જ જાણીતા સ્થળોનું ‘‘કચ્છ-દર્શન’’ કરાવવામાં આવશે.

- **કચ્છી મેળો (ફેબ્રુઆરી-૨૦૧૩) :**

સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી ‘‘કચ્છી મેળા’’ વગર અધૂરી જ ગણી શકાય. કચ્છી હેન્ડીક્રાફ્ટ, કચ્છી સંગીત તથા કચ્છી ફૂડ ફેસ્ટીવલનો સમાવેશ કરતો ‘‘કચ્છી મેળા’’નો કાર્યક્રમ સંસ્કાર કેન્દ્ર, પાલડી, અમદાવાદ ખાતે શુક્રવાર તા. ૧૫-૨-૨૦૧૩થી રવિવાર તા. ૧૭-૨-૨૦૧૩ દરમ્યાન યોજવામાં આવનાર છે. અમદાવાદ સ્થિત કચ્છીઓ ઉપરાંત અનેક સ્થાનિક લોકો આ કાર્યક્રમમાં ઉમંગભેર ભાગ લેશે તેવી ગણના રખાયેલ છે.

- **કચ્છી નાટ્ય સંસ્થા દ્વારા “કચ્છી નાટક” (માર્ચ-૨૦૧૩) :**

મુંબઇ સ્થિત કચ્છી નાટ્ય સંસ્થા દર વર્ષે નવા નવા સામાજિક કચ્છી નાટકો યોજતી આવે છે, પરંતુ હજુ સુધી કોઇ પણ કારણસર અમદાવાદની કચ્છી જનતા આ નાટકના પ્રદર્શનથી વંચિત રહેવા પામેલ છે. રવિવાર તા. ૧૭-૩-૨૦૧૩ના દિવસે મુંબઇ નાટ્ય સંસ્થાનું નવલું કચ્છી સામાજિક નાટક અમદાવાદ ખાતે યોજવાના આયોજનો વિચારાયેલ છે. આ રીતે અમદાવાદ સ્થિત કચ્છીઓને કચ્છની આ પ્રકારની સંસ્કૃતિના દર્શન કરાવવાનો વિચાર કરવામાં આવેલ છે.

- **પૂર્ણાહુતિ સમારંભ (શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩) :**

અને છેલ્લે આવશે સુવર્ણ જયંતી મહોત્સવનો પૂર્ણાહુતિ સમારંભ. અનેક વિવિધ વાનગીઓ સભર અને અનેક આશ્ચર્યજનક

*જે ભૂલો કરતો નથી એ ભાગ્યે જ કંઇ કરતો હોય છે.*

કાર્યક્રમોથી સુવર્ણ જયંતી મહોત્સવનો પૂર્ણાહુતિ સમારંભ શનિવાર તા. ૧૩-૪-૨૦૧૩ના દિવસે એટલે કે ૫૦મા વર્ષના છેલ્લા દિવસે, અનેક આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન કરવામાં આવનાર છે.

## *આ હતા સુવર્ણ જયંતી મહોત્સવના મુખ્ય મુખ્ય કાર્યક્રમો*

- **વિવિધ સમિતિઓ દ્વારા કાર્યક્રમો :**

તદ્ઉપરાંત સમાજની વિવિધ સમિતિઓ જેવી કે શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ, યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, તબીબી સેવા સમિતિ, બાલ કલ્યાણ સમિતિ, વયસ્ક સમિતિ, ભવન સમિતિ, પ્રચાર-પ્રસાર સમિતિ, પરિચય મિલન સમિતિ, લાઇબ્રેરી સમિતિ જેવી અનેક સમિતિઓએ પણ પોતાના કાર્યક્રમો વિગતવાર ગોઠવી રાખેલ છે. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન અંદાજિત ૬૬ જેટલા ભાતીગળ કાર્યક્રમો આ સમાજ દ્વારા રજૂ કરવામાં આવનાર છે કે જેના ખર્ચના આયોજનોને પહોંચી વળવા સમાજના સબળા વર્ગે આ સમાજ સાથે કદમ મિલાવી પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવેલ છે.

- **સાર તત્વ :-**

આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ અનેક ક્ષેત્રોમાં એકસાથે કાર્યાન્વિત રહેવા પામી શકે છે તે તેના સંઘબળને આધારિત તથા ભારતભરના કચ્છી સમર્થકોના સહકારને આધારિત રહેવા પામેલ છે.

અમને આશા છે કે આ સમાજ દ્વારા રજૂ થતા સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોને સ્થાનિક તથા ભારતભરના કચ્છી જૈનોનો અમૂલ્ય સહકાર સાંપડી રહેશે. આ સમાજ તેની આ ફરજ બજાવવામાં સહકાર આપનાર દરેકનો ઋણી બની રહેશે.

વિશેષમાં અમને જણાવતા હર્ષ થાય છે કે ઉપરોક્ત દરેક કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સમાજના નિષ્ઠાવાન કાર્યકરોમાંથી કોઇને કોઇ એક કાર્યકરે સહર્ષ સ્વીકારી લીધેલ છે. ભારતભરના કચ્છી જૈનોને ઉપરોક્ત દરેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, સમાજના દરેક કાર્યકરની પીઠ થાબડવા અને તેનો ઉત્સાહ વધારવા આમંત્રિત કરવામાં આવે છે. આશા છે કે આ ભાવભર્યું આમંત્રણ સહુ કોઇ આપ્તજન અનેરા ઉત્સાહથી સ્વીકારશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩/૪૪-બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮ • ફેક્સ : (૦૭૯) ૨૬૫૮ ૨૦૬૦
E-mail : kutchi_jainamd@hotmail.com • Web site : www.kutchijainahd.org

## ॥ ભાવભર્યું આગોતરું આમંત્રણ ॥

### ★ અમદાવાદ ખાતે સમારોહ ★

**આદરણીય સ્વજનશ્રી,**

સવિનય જણાવવાનું કે આગામી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે. સુવર્ણ જયંતી વર્ષનાં આ ૫૦મા વર્ષને વિવિધ **સમાજોપયોગી** કાર્યો દ્વારા ઊજવવાનું સમાજનાં ટ્રસ્ટ મંડળે નિર્ણય કરી, તેના વર્ષભરનાં આયોજનો ઘડી કાઢેલ છે. **"સુવર્ણ જયંતી વર્ષ"**ના વર્ષભરના કાર્યક્રમની માહિતી 'મંગલ મંદિર'માં અન્યત્ર પ્રકાશિત કરી છે.

સુવર્ણ જયંતી વર્ષનાં મહોત્સવની શરૂઆત શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે અમદાવાદ ખાતે, એક દબદબાભેર સમારોહ યોજીને કરવામાં આવનાર છે.

**સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ**ના સમયે ઉપસ્થિત રહી, અમારા ઉત્સાહમાં જોમ પૂરવા, આપશ્રીને આ **"ભાવભર્યું આગોતરું આમંત્રણ"** પાઠવવામાં આવી રહેલ છે કે જેથી આપશ્રી, આપશ્રીની ડાયરીમાં આ દિન અમારા ખાતે ફાળવી શકો અને અમદાવાદ આવવા-જવાની મુસાફરીના આયોજનો અગાઉથી ગોઠવી શકો. આપશ્રીએ તા. ૧૩-૪-૨૦૧૨નાં રાત્રે અથવા તા. ૧૪-૪-૨૦૧૨નાં વહેલી સવારે અમદાવાદ આવવાનું રહેશે. તા. ૧૫-૪-૨૦૧૨નાં સવારમાં આપશ્રી અમદાવાદથી પ્રયાણ કરી શકશો.

સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ સમયની આપશ્રીના પરિવારજનની ઉપસ્થિતિ, આ સમાજને તેનાં સમાજોપયોગી આયોજનો પાર પાડવા વધુ સારી રીતે પ્રોત્સાહિત કરી શકશે.

આપશ્રીના આવા-ગમનની જાણ અમને અગાઉથી કરવા વિનંતી કે જેથી આપશ્રીનાં અમદાવાદ ખાતેનાં રોકાણની વ્યવસ્થા અમે અગાઉથી ગોઠવી શકીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અમદાવાદ - ગાંધીનગર સ્થિત પરિવારોના કુટુંબીજનોને પણ આ સમારોહના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

સહકારની અપેક્ષા સાથે,

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

**હીરજી પાસુ શાહ - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**ડૉ. ચંદ્રકાંત દેઢિયા - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**કાંતિલાલ સાવલા - કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**મનુભાઈ શાહ - ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી**

*બધા મોટા માણસ ન થઈ શકે, પણ માણસ તો થઈ શકે ને?*

## ઊડતી નજરે....

### જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......<br>કે જેમાંથી – | ૪,૪૮૪ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ...... **૨૯૯** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ...... **૫૧** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ...... **૧૮** | |
| | (ગ) | સોનોગ્રાફી ...... **૫૬૯** | |
| | (ઘ) | ટી.એમ.ટી. ...... **૯** | |
| | (ચ) | બોડી ચેક-અપ ...... **૨૨૪** | |
| | (છ) | અન્ય ...... **૩,૩૧૪** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... **૩,૦૫૩**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ... **૪,૩૯૦**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ...... **૨,૭૬૯** | ૧૦,૨૧૨ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... **૯૬૧**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ...... **૨,૬૨૫** | ૩,૫૮૬ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...... | ૭૧૭ |
| | | જાન્યુઆરી - ૨૦૧૨ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...... | ૧૮,૯૯૯ |

*હઠીલા માણસોને કોઈ અભિપ્રાયો હોતા નથી, પણ એ અભિપ્રાયોનો કેદી હોય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન ભવન

૪૩/૪૪-બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ — ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮ ● ફેક્સ : (૦૭૯) ૨૬૫૮ ૨૦૬૦
E-mail : kutchi_jainamd@hotmail.com ● Web site : www.kutchijainahd.org

## ॥ ભાવભર્યું આગોતરું આમંત્રણ ॥

### ★ મુંબઈ ખાતે સંમેલન ★

**સ્વજનશ્રી,**

**વિષય : મુંબઈ ખાતે કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન**

સવિનય જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની કારકિર્દીનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી તા. ૧૪-૪-૨૦૧૨ને શનિવારના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. સમાજનાં ટ્રસ્ટ મંડળે ૫૦મા વર્ષને **સુવર્ણ જયંતી વર્ષ** તરીકે ઊજવવાનું નક્કી કરેલ છે અને તેના અનુસંધાને વર્ષભરના કાર્યક્રમોનું આયોજન ગોઠવેલ છે.

ઉપરોક્ત **સુવર્ણ જયંતી મહોત્સવ**ના અનુસંધાને તેના દ્વિતીય મહિનાનાં કાર્યક્રમ અનુસાર, રવિવાર તા. ૧૩-૫-૨૦૧૨ તથા સોમવાર તા. ૧૪-૫-૨૦૧૨ એમ કુલ બે દિવસ માટે મુંબઈ (સુમતિ ગૂર્જર ભવન - ચેમ્બુર) ખાતે ભારતભરની કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓનું સંમેલન યોજવામાં આવનાર છે. આ સંમેલનમાં આપણે આપણી કર્મભૂમિમાં રહી આપણી જન્મભૂમિ તેમજ કર્મભૂમિ માટે શું કરવું જોઈએ / શું કરી શકીએ તેની નીચે જણાવેલ વિષયે, વિગતવાર ચર્ચા કરવામાં આવનાર છે.

૧. માતૃભૂમિમાં પરત ફરવા માટે હાલે કચ્છની ધંધાકીય પરિસ્થિતિ અને વિકાસની તકો.
૨. હાલનાં કર્મભૂમિનાં સ્થળે રહીને માતૃભૂમિ કચ્છ માટે શું કરી શકીએ.
૩. કર્મભૂમિનાં સ્થળે આપણે કરવાનાં સામાજિક કાર્યો.
૪. અન્ય ઉચ્ચ કક્ષાનાં શિક્ષણથી સમાજના બાળકોને ઉત્તેજન આપવા અંગે.

આ આગોતરા આમંત્રણથી સર્વેને વિનંતી કરવામાં આવે છે કે આ કાર્યક્રમ ભારતભરની કોઈપણ કચ્છી જૈન સંસ્થાના પદાધિકારીશ્રીઓ માટે યોજવામાં આવેલ છે. કોઈપણ કચ્છી જૈન સંસ્થા, ઓછામાં ઓછા ૩ પ્રતિનિધિઓને આ સંમેલનમાં મોકલાવે તેવી અમારી મહેચ્છા છે.

આ પત્ર દ્વારા આપશ્રીને તથા આપશ્રીની સંસ્થાને **ભાવભર્યું આગોતરું આમંત્રણ** પાઠવીએ છીએ જેથી આપશ્રી અગાઉથી મુંબઈ આવાગમનના આયોજનો ગોઠવી શકો.

આપશ્રીના શહેરની તથા અન્ય કોઈપણ શહેરની કચ્છી જૈન સંસ્થાઓના હોદ્દેદારોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું અમારું ભાવભર્યું નિમંત્રણ છે. આપશ્રીનાં શહેરની અન્ય કોઈ પણ કચ્છી જૈન સંસ્થા તથા તેના પદાધિકારીશ્રીની વિગતની માહિતી જો આપશ્રી અમને મોકલી શકશો તો તે વધુ યોગ્ય રહેશે અને તેથી અમે તેઓશ્રીને આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવી શકીશું.

આપશ્રીની સંસ્થામાંથી મુંબઈ કોણ કોણ ઉપસ્થિત રહેવાના છે તેની જાણ અમને ઉપરોક્ત સરનામે શક્ય ત્વરાએ કરવા વિનંતી કે જેથી અમે એ મુજબનાં આયોજનો ગોઠવી શકીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના, અમદાવાદ-ગાંધીનગર સ્થિત પરિવારજનોને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. તેઓએ પણ પોતાના નામો અગાઉથી નોંધાવી દેવા કે જેથી મુંબઈના સંમેલનમાં યોગ્ય વ્યવસ્થા થઈ શકે.

સહકારની અપેક્ષા સાથે,

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.**

**હીરજી પાસુ શાહ - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**ડૉ. ચંદ્રકાંત દેઢિયા - ભૂ.પૂ. મેને. ટ્રસ્ટી તથા પ્રમુખ**
**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**કાંતિલાલ સાવલા - કાયમી ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**મનુભાઈ શાહ - ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ**
**પ્રતાપ દંડ - ટ્રસ્ટી તથા માનદ્ મંત્રી**

*સુખ એ બુદ્ધિનો નહિ કલ્પનાનો આદર્શ છે.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | શુક્રવાર, તા. ૧૬-૩-૨૦૧૨<br>સવારે ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિ આયોજિત યાત્રા પ્રવાસ. |
| • | રવિવાર, તા. ૧૮-૩-૨૦૧૨<br>સવારે ૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત વર્કશોપ. |
| • | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨<br>સવારે ૯.૦૦<br><br>સવારે ૧૧.૦૦<br>બપોરે ૩.૦૦<br>રાત્રે ૯.૦૦ | <br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ<br>સંચાલિત 'મંજુલ-હરખ ધામ' ગાંધીનગર<br>શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ<br>ટાઉન હોલ, અમદાવાદ<br>જયશંકર સુંદરી હોલ, અમદાવાદ | <br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મધ્યસ્થ કાર્યાલય<br>દ્વારા સિનિયર સિટીઝન હોમ - દીપ પ્રાગટ્ય<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ – ઉદ્‌ઘાટન / લોકાર્પણ<br>સુવર્ણ જયંતી મહોત્સવ સમારંભ<br>મનોરંજન કાર્યક્રમ. |
| • | શનિવાર, તા. ૧૫-૪-૨૦૧૨ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન, | તબીબી સેવા સમિતિ દ્વારા કોઈપણ ઉંમરની વ્યક્તિ માટે<br>આયુર્વેદ સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ<br>(એક સપ્તાહની દવાનું નિઃશુલ્ક વિતરણ) |
| • | રવિવાર, તા. ૨૯-૪-૨૦૧૨<br>સવારના ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>કેરમ - રમત માટે વર્કશોપ. |
| • | શુક્રવાર, તા. ૪-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૫.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>મધર્સ ડે.... ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા પ્રવચન |
| • | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>કેરમ - રમત સ્પર્ધા. |
| • | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત"જીવન કૌશલ્ય"<br>વિષયે પરિસંવાદ (૧૦થી ૧૭ વર્ષના બાળકો માટે) |
| • | સોમવાર તા. ૭-૫-૨૦૧૨થી<br>શનિવાર, તા. ૧૨-૫-૨૦૧૨<br>સવારે ૯થી ૧૨ (પ્રત્યેક દિન) | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>ચેસ - રમત માટે વર્કશોપ. |
| • | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત<br>ચેસ - રમત સ્પર્ધા. |
| • | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨થી<br>સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨<br>સવારે ૧૦.૦૦થી ૬.૦૦ | સુમતિ ગૂર્જર ભવન, ચેમ્બુર, મુંબઈ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાનાદ મધ્યસ્થ કાર્યાલય દ્વારા<br>સમગ્ર ભારતની શ્રી કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીઓ તેમજ<br>સમાજ આગેવાનોનું બે દિવસનું સંમેલન. |
| • | રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૨<br>સવારે ૯.૦૦થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી | તબીબી સેવા સમિતિ દ્વારા કોઈપણ ઉંમરની વ્યક્તિ માટે<br>સ્કીન તથા સૌંદર્યલક્ષી હોમિયોપથી ફ્રી નિદાન કેમ્પ.<br>(એક સપ્તાહની દવાનું નિઃશુલ્ક વિતરણ) |
| • | રવિવાર, તા. ૨૦-૫-૧૨<br>બપોરે ૧૨.૦૦થી ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત "જીવન કૌષલ્ય"<br>વિષયે પરિસંવાદ (૧૮થી ૨૪ વર્ષના બાળકો માટે) |

*દુનિયા, એ ધર્મશાળા છે; માનવી, એ પ્રવાસી છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૦મું વર્ષ (સુવર્ણ જયંતી વર્ષ)

## વર્ષ દરમિયાનના કાર્યક્રમો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ૫૦મા વર્ષમાં પ્રવેશી રહેલ છે. ૫૦મા વર્ષને તે એ રીતે ઉજવવા માંગે છે કે એ વર્ષ શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના ઇતિહાસમાં યાદગાર બની રહે. સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન તે અનેકવિધ પ્રકારના કાર્યક્રમો હાથ પર લેવા માંગે છે. વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓનું બહુમાન કરવું, બાલ કલ્યાણ, યુવા વિકાસ તથા મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે કાર્યો કરવાં, તબીબી ક્ષેત્રે શક્ય સેવાઓ આપવી, પરિચય મિલન, સિનિયર સિટીઝન્સ માટે આનંદધામ, શક્ય હોય તો સસ્તા દરના મકાનો વગેરે પ્રકારનાં સામાજિક કાર્યો, અમદાવાદ ખાતે જાહેર જનતા માટે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું લોકાર્પણ કરી કચ્છની પુરાતન તેમજ ભાતીગળ સંસ્કૃતિના દર્શન કરાવવા, સાંસ્કૃતિક ક્ષેત્રના કાર્યક્રમો, વયસ્કોને વિદેશ પ્રવાસ તેમજ મુંબઇ તથા ભુજ ખાતે વિકાસના પ્રશ્ને સેમિનાર યોજવા જેવા અનેકવિધ કાર્યક્રમોનું સુવર્ણ જયંતી વર્ષ દરમ્યાન હાથ પર લેવાના આયોજનો વિચારાયેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમો સમાજની મધ્યસ્થ સમિતિ તથા તબીબી સેવા સમિતિ, બાળ કલ્યાણ સમિતિ, યુવા વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, વયસ્ક સમિતિ, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ, વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ, પરિચય મિલન સમિતિ, ભવન સમિતિ જેવી અનેક સમિતિઓ દ્વારા સ્વતંત્રપણે હાથ પર લેવામાં આવનાર છે.

વર્ષભરના કાર્યક્રમોને એકત્રિત કરી તેની રજૂઆત નીચેના કોઠા દ્વારા, આપ સહુની જાણ ખાતર, અત્રે રજૂ કરવામાં આવેલ છે. સંજોગાનુસાર કદાચ તેમાં ફેરફારને અવકાશ રહેશે.

અમને આશા છે કે આ કાર્યક્રમોને અમદાવાદના સભ્ય પરિવારોનો સહકાર તો મળી જ રહેશે પરંતુ મંગલ મંદિરનો દરેક વાચક વર્ગ પણ તેને ખરા ઉમળકાભેર આવકારશે.

### કાર્યક્રમોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| | | | **એપ્રિલ - ૨૦૧૨** | | |
| ૧ | પ્રચાર-પ્રસાર સમિતિ | ગુરુવાર, તા. ૧૨-૪-૨૦૧૨ | સાંજનાં ૪.૦૦થી ૫.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | પ્રેસ કોન્ફરન્સ |
| ૨ | ભવન સમિતિ | શુક્રવાર, તા. ૧૩-૪-૨૦૧૨ થી રવિવાર, તા. ૧૫-૪-૨૦૧૨ | રાત્રે | ત્રણે ભવન તથા નવનીત ભવન | લાઈટિંગ દ્વારા રોશની |
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | શનિવાર, તા.૧૪-૪-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ વાગે<br>સવારમાં ૧૧.૦૦ વાગે<br>બપોરનાં ૩.૦૦ વાગે<br>રાત્રે ૯.૦૦ વાગે | મંજુલ-હરખ ધામ<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ<br>ટાઉન હોલ<br>જયશંકર સુંદરી હોલ | સિનિયર સિટીઝન હોમ - દીપ પ્રાગ્ટય<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ - ઉદ્‌ઘાટન<br>સુવર્ણ જયંતી મહોત્સવ સમારંભ<br>મનોરંજન કાયક્રમ |

*જે કેવળ ધનને જ ઇચ્છે છે તે અધર્મ છે.*

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| ૪ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૧૫-૪-૨૦૧૨ | સવારનાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | આયુર્વેદ સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ<br>(એક અઠવાડિયાની દવાનું ફ્રી વિતરણ)<br>(કોઈ પણ ઉંમરની વ્યક્તિ માટે) |
| ૫ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા. ૨૯-૪-૨૦૧૨ | સવારનાં ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | કેરમ માટે વર્કશોપ |
| | | | **મે - ૨૦૧૨** | | |
| ૧ | મહિલા ઉત્કર્ષ સમિતિ | શુક્રવાર, તા. ૪-૫-૨૦૧૨ | બપોરનાં ૧૨.૦૦થી સાંજનાં ૫.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | મધર્સ ડે ...<br>ઓડિયો વિઝ્યુલ પ્રેઝન્ટેશન દ્વારા<br>શ્રી નંદક પંડયાનું પ્રવચન |
| ૨ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | કેરમ કોમ્પિટિશન |
| ૩ | શિક્ષણ તથા<br>ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર, તા. ૬-૫-૨૦૧૨ | બપોરનાં ૧૨થી સાંજનાં ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | "જીવન કૌશલ્ય" નાં વિષયે પરિસંવાદ<br>(નંદક પંડયા દ્વારા)<br>(૧૦ થી ૧૭ વર્ષની ઉંમરના બાળકો માટે) |
| ૪ | યુવા વિકાસ સમિતિ | સોમવાર, તા. ૭-૫-૨૦૧૨ થી<br>શનિવાર, તા. ૧૨-૫-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | ચેસ માટે વર્કશોપ |
| ૫ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા.૧૩-૫-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | ચેસ કોમ્પિટિશન |
| ૬ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨થી<br>સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨ | સવારમાં ૧૦થી સાંજનાં ૬.૦૦ | સુમતિ ગૂર્જર ભવન - મુંબઈ | ભારતભરની શ્રી કચ્છી જૈન સંસ્થાઓના<br>પદાધિકારીશ્રીઓનું સંમેલન |
| ૭ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૨૦-૫-૨૦૧૨ | સવારનાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર,<br>શ્રી કચ્છી જૈન ભવન | સ્કીન તથા સૌંદર્યલક્ષી હોમિયોપથી ફ્રી નિદાન કેમ્પ<br>(એક અઠવાડિયાની દવાનું ફ્રી વિતરણ)<br>(કોઈ પણ ઉંમરની વ્યક્તિ માટે) |
| ૮ | શિક્ષણ તથા<br>ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર - તા. ૨૦-૫-૨૦૧૨ | બપોરનાં ૧૨ થી સાંજનાં ૬.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | "જીવન કૌશલ્ય" નાં વિષયે પરિસંવાદ<br>(નંદક પંડયા દ્વારા)<br>(૧૮ થી ૨૪ વર્ષની ઉંમરના બાળકો માટે) |
| | | | **જૂન - ૨૦૧૨** | | |
| ૧ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા. ૩-૬-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી સાંજનાં ૫.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | ઈન્ટરવ્યૂ માટે તૈયારી, ગ્રૂપ ચર્ચા,<br>રિઝ્યુમ વગેરે માટે વર્કશોપ |

*સંતોનો વ્યવહાર સામાન્ય બુદ્ધિથી જીવતા લોકો સમજી શકતા નથી.*

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| ૨ | બાલ કલ્યાણ સમિતિ | મંગળવાર, તા. ૫-૬-૨૦૧૨ | સવાર થી સાંજ | શ્રી કચ્છી જૈન ભવન પરથી ઉપડશે. | કાંકરિયા કિડ્સ સિટી તથા સાયન્સ સિટીની મુલાકાત<br>કિડ્સ સિટી - ૧૨ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો<br>સાયન્સ સિટી - ૧૨ વર્ષથી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકો |
| ૩ | મહિલા ઉત્કર્ષ સમિતિ | શનિવાર, તા. ૯-૬-૨૦૧૨ | સવાર થી સાંજ | શ્રી કચ્છી જૈન ભવન પરથી ઉપડશે. | એક દિવસનો મહિલા પિકનિકનો કાર્યક્રમ |
| ૪ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૧૭-૬-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | બાળકો માટે સ્ક્રીનીંગ<br>(શારીરિક તથા માનસિક ચકાસણી)<br>ફ્રી નિદાન કેમ્પ (જરૂરિયાત જણાય ત્યાં લેબોરેટરી ટેસ્ટ તથા એક્સ-રે ૫૦ ટકા રાહત દરે)<br>(૧૫ વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે) |
| ૫ | મધ્યસ્થ કાર્યાલય | ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨<br>(અષાઢીબીજ - કચ્છી નૂતન વર્ષ) | રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ | ટાઉન હોલ | કચ્છી ડાયરો (પ્રસ્તુતકારઃ- શ્રી લાલ રાંભિયા) |
| | | | **જુલાઇ- ૨૦૧૨** | | |
| ૧ | શિક્ષણ તથા<br>ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર - તા. ૮-૭-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | "કિંમત અને મૂલ્ય" નાં વિષયે પરિસંવાદ<br>(નંદક પંડયા દ્વારા) (૧૧ વર્ષ સુધીની ઉંમરનાં બાળકોના વાલીઓ માટે પરિસંવાદ) |
| ૨ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૧૫-૭-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | વિટામિન બી-૧૨ તથા વિટામિન-ડી માટે ફ્રી નિદાન કેમ્પ<br>(જરૂરી ટેસ્ટ રાહત દરે)<br>(૨૫ વર્ષથી ૭૦ વર્ષ સુધીની ઉંમરની કોઇ પણ વ્યકિત માટે) |
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ | બપોરનાં ૩.૦૦ થી ૬.૦૦ | એ.સી. ઓડિટોરિયમ | જાથા આયોજિત 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ. |
| | | | **ઓગસ્ટ - ૨૦૧૨** | | |
| ૧ | વયસ્ક સમિતિ | બુધવાર, તા. ૮-૮-૨૦૧૨ થી<br>ગુરુવાર, તા. ૯-૮-૨૦૧૨ | વહેલી સવારે શ્રી કચ્છી જૈન ભવન પરથી | કેવડિયા કોલોની | કેવડિયા કોલોની ખાતે નર્મદા ડેમની મુલાકાત |
| ૨ | તબીબી સેવા સમિતિ તથા<br>વૈયાવચ્ચ સમિતિ | રવિવાર, તા. ૧૨-૮-૨૦૧૨ | સવારમાં ૮.૦૦ થી ૧૧.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો માટે<br>હેલ્થ ચેક-અપ, ફ્રી નિદાન કેમ્પ<br>(સ્કીમ-૧ મુજબ તથા જરૂરિયાત મુજબ અન્ય) |

*ભૂલ કરો, ખૂબ કરો પણ વારંવાર કરશો નહિ.*

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | સ્વાતંત્ર્ય દિન - ધ્વજ વંદન કાર્યક્રમ |
| ૪ | વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ | સવારમાં ૧૦.૦૦ થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | સરસ્વતી સન્માન કાર્યક્રમ (વિદ્યાર્થીઓને અનરૂપ નિષ્ણાત વક્તાના વક્તવ્ય સહિત) |
| ૫ | મહિલા ઉત્કર્ષ સમિતિ | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | કન્સેશનલ દરે માત્ર મહિલાઓ માટે સંપૂર્ણ બોડી ચેક-અપ કાર્યક્રમની નોંધણી |
| ૬ | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર, તા. ૧૯-૮-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી બપોરનાં ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | “હું અને મારું પ્રદાન” નાં વિષય પર ૪૫ વર્ષથી ઉપરની ઉંમરની વ્યકિતઓ માટે પરિસંવાદ (નંદક પંડયા દ્વારા) |
| | | | **સપ્ટેમ્બર - ૨૦૧૨** | | |
| ૧ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ | સવારનાં ૧૦.૦૦ થી સાંજનાં ૬.૦૦ | એ.સી. ઓડિટોરિયમ | ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન (શનિવાર તા.૮-૯-૧૨નાં સાંજ સુધી અમદાવાદ પહોચવું) |
| ૨ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૧૬-૯-૨૦૧૨ | સવારમાં ૯ થી બપોરનાં ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | જનરલ સર્જરી તથા ગેસ્ટ્રોએન્ટ્રોલોજી ફ્રી નિદાન કેમ્પ (ડૉક્ટરોએ સૂચવ્યા અનુસારના દરેક ટેસ્ટ ૫૦ ટકા કન્સેશનલ દરે) (૫ વર્ષથી ઉપરની ઉંમરની કોઈ પણ વ્યક્તિ માટે) |
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ | સવારમાં ૧૦થી બપોરનાં ૧.૦૦ | એ.સી. ઓડિટોરિયમ | વાર્ષિક સ્નેહમિલન સમારંભ, ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર |
| ૪ | મહિલા ઉત્કર્ષ સમિતિ | રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ | સવારમાં ૯.૩૦ થી ૧૦.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | રંગોળી હરીફાઈ |
| | | | **ઓક્ટોબર - ૨૦૧૨** | | |
| ૧ | વયસ્ક સમિતિ | મંગળવાર, તા.૨-૧૦-૧૨ રાતથી શનિવાર, તા. ૬-૧૦-૧૨ સવારમાં | શ્રી કચ્છી જૈન ભવન પરથી | રાજસ્થાનનાં વિવિધ સ્થળો | યાત્રા પ્રવાસ (અમદાવાદ - જોધપુર - જેસલમેર - નાકોડાજી-ભીનમાલ - જોધપુર - અમદાવાદ) |
| ૨ | તબીબી સેવા સમિતિ તથા મહિલા ઉત્કર્ષ સમિતિ | રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | ગાયનેક તથા કેન્સર ફ્રી નિદાન કેમ્પ (૧૮ વર્ષથી ઉપરની ઉંમરની કોઈ પણ સ્ત્રી માટે) (જરૂરિયાત મુજબ પેપ સ્મીઅર ટેસ્ટ ફ્રીમાં કરવામાં આવશે) |

*સુખી થવું હોય તો જિંદગીના અપ્રિય પ્રસંગોને ભૂલી જાવ.*

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| ૩ | તબીબી સેવા સમિતિ તથા મહિલા ઉત્કર્ષ સમિતિ | રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | કેન્સર ફ્રી નિદાન કેમ્પ (૫ વર્ષથી ઉપરની ઉંમરની કોઈ પણ વ્યક્તિ માટે) |
| ૪ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ | સાંજનાં ૭.૦૦ થી રાત્રિનાં ૧૨.૦૦ | ઓપન પાર્ટી પ્લોટ | નવરાત્રિ મહોત્સવ રાસ-ગરબા કાર્યક્રમ તથા હરીફાઈ |
| ૫ | યુવા વિકાસ સમિતિ | સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ | સાંજનાં ૮.૦૦ થી રાત્રિનાં ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | શરદોત્સવ ...... દાંડિયા રાસ હરીફાઈ |
| ૬ | મહિલા ઉત્કર્ષ સમિતિ | બુધવાર, તા. ૩૧-૧૦-૨૦૧૨ | બપોરનાં ૩.૦૦ થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | કુકિંગ ડેમોન્સ્ટ્રેશન (નૂતન વર્ષની નવીન વાનગીઓ) |
| | | | **નવેમ્બર - ૨૦૧૨** | | |
| ૧ | વયસ્ક સમિતિ | શનિવાર, તા. ૩-૧૧-૨૦૧૨ થી મંગળવાર, તા. ૬-૧૧-૨૦૧૨ | — | — | વયસ્કો માટે વિદેશ યાત્રા |
| ૨ | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી બપોરનાં ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | "સાંભળવું એક કળા" નાં વિષય પર પરિસંવાદ (નંદક પંડયા દ્વારા) (૬ વર્ષથી ૧૮ વર્ષની ઉંમરનાં વિદ્યાર્થીઓ માટે) |
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ | સાંજના ૫.૦૦ થી રાત્રિનાં ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | નૂતન વર્ષ મિલન સમારંભ |
| ૪ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ | બપોરનાં ૧.૦૦ થી સાંજનાં ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | વિવિધ હરીફાઈઓ:- ઈન્સ્ટ્રુમેન્ટલ સંગીત, ડાન્સ, કંઠ્ય સંગીત, જનરલ નોલેજ તથા નિબંધ હરીફાઈ |
| ૫ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૨૫-૧૧-૨૦૧૨ | સવારમાં ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | ડાયાબિટીસ તથા કાર્ડિયાક ફ્રી નિદાન કેમ્પ - ઓડિયો-વિઝયુઅલ પ્રેઝન્ટેશન તથા પરિસંવાદ સાથે (જરૂરિયાત જણાય ત્યાં બ્લડ સુગર ટેસ્ટ રાહત દરે) (૨૫ વર્ષથી ઉપરની ઉંમરની કોઈ પણ વ્યક્તિ માટે) |
| | | | **ડિસેમ્બર - ૨૦૧૨** | | |
| ૧ | મધ્યસ્થ કાર્યાલય તથા બાલ કલ્યાણ સમિતિ | રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ | બપોરનાં ૩.૦૦ થી ૬.૦૦ સુધી | એ.સી. ઓડિટોરિયમ | સમાજના યુવા - બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ |
| ૨ | બાલ કલ્યાણ સમિતિ | શનિવાર, તા. ૮-૧૨-૨૦૧૨ થી રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨ | સવાર થી સાંજ | ઢાકણી - ખારા ઘોડા વગેરેની મુલાકાત | ઢાકણી તીર્થ લબ્ધિધામની મુલાકાત તથા આકાશદર્શન (ઢાકણીથી ૧૫ કી.મી. દૂર ખારા ઘોડાના રણમાં આકાશ દર્શન) (૧૨ થી ૧૮ વર્ષનાં બાળકો માટે) |

*મનુષ્યે તે કામ કરવું જોઈએ જેનાથી તેનું પણ હિત થાય અને દુનિયાનું પણ હિત થાય.*

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| ૩ | મંગલ મંદિર:- પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ સમિતિ | રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨ | સાંજનાં ૪.૦૦ થી ૫.૦૦ સુધી | શ્રી કચ્છી જૈન ભવન | મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ હરીફાઈ |
| ૪ | પરિચય મિલન સમિતિ | રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ | સવારમાં ૯ થી સાંજનાં ૭ સુધી | શ્રી કચ્છી જૈન ભવન | લગ્નોત્સુક યુવક - યુવતીઓનું સંમેલન |
| ૫ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | આર્થોપેડિક, ફિઝિયોથેરાપી, બી.એમ.ડી. (બોનમેરો ડેન્સિટી ટેસ્ટ) તથા પેઈન મેનેજમેન્ટ ફ્રી નિદાન કેમ્પ.<br>(પ્રથમ ૧૦૦ દર્દી માટે બી.એમ.ડી.ટેસ્ટ ફ્રી)<br>(૪૦ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યકિત માટે) |
| ૬ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૧૨ | સવારમાં ૮ થી બપોરનાં ૧ સુધી | અન્ય ઓપન ગ્રાઉન્ડ | સ્પોર્ટસ ડે |
| ૭ | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૨ | બપોરનાં ૧૨ થી ૬.૩૦ સુધી | શ્રી કચ્છી જૈન ભવન | "જીવન કૌશલ્ય" નાં વિષય પર પરિસંવાદ<br>(નંદક પંડયા દ્વારા)<br>(૨૬ વર્ષથી ૪૫ વર્ષની ઉંમરની વ્યક્તિઓ માટે) |
| | | | **જાન્યુઆરી - ૨૦૧૩** | | |
| ૧ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ | સવારમાં ૯.૩૦ થી ૧૧.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન | વર્ષ ૨૦૧૨નાં સમાજનાં સદ્ગત આપ્તજનો માટે સામૂહિક શ્રધ્ધાંજલિ કાર્યક્રમ |
| ૨ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૨૦-૧-૨૦૧૩ | સવારમાં ૧૦થી સાંજનાં ૬.૦૦ | ઓડિટોરિયમ | ભૂજ ખાતે કચ્છનાં વિકાસના પ્રશ્ને સેમિનાર |
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | સોમવાર, તા. ૨૧-૧-૨૦૧૩ થી બુધવાર તા. ૨૩-૧-૨૦૧૩ | વહેલી સવાર થી | કચ્છનાં વિવિધ સ્થળો | કચ્છ દર્શન - ત્રિદિવસીય પ્રવાસ |
| ૪ | મધ્યસ્થ કાર્યાલય | શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ | સવારમાં ૯.૩૦ થી ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | ધ્વજ વંદન - પ્રજાસત્તાક દિન નિમિત્તે |
| ૫ | મધ્યસ્થ કાર્યાલય | શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ | સવારનાં ભાગે | જે- તે સાઈટ ઉપર | સરકારી કે અન્ય ટ્રસ્ટની યોગ્ય જમીન સંપાદિત થયેલ હશે તો ૨૫૦ આવાસની સાઈટ પર ભૂમિપૂજન |
| ૬ | યુવા વિકાસ સમિતિ | રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩ | વહેલી સવારે | શ્રી કચ્છી જૈન ભવન પરથી પિકનિક સાઈટ | એક દિવસનો પિકનિક કાર્યક્રમ |

*ઈચ્છા એ દુઃખની મા છે.*

| ક્રમ | વ્યવસ્થાપક | તારીખ/વાર | સમય | સ્થળ | કાર્યક્રમ |
|---|---|---|---|---|---|
| ૭ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | માનસિક રોગ તથા સાઈકોથેરાપી પર પરિસંવાદ તથા પ્રશ્નોતરી.<br>૫ વર્ષથી ૧૫ વર્ષ સુધીની ઉંમરનાં બાળકો માટે મનોચિકિત્સા તથા સાઈકોથેરાપી ફ્રી નિદાન કેમ્પ. |
| | | | **ફેબ્રુઆરી - ૨૦૧૩** | | |
| ૧ | વયસ્ક સમિતિ | મંગળવાર, તા.૧૨-૨-૨૦૧૩ | બપોરનાં ૩.૦૦ થી ૬.૦૦ | સિનેમા ગૃહ | વયસ્કો તથા અન્યો માટે જૂની સામાજિક ફિલ્મ |
| ૨ | મધ્યસ્થ કાર્યાલય | શુક્રવાર, તા. ૧૫-૨-૨૦૧૩ થી<br>રવિવાર, તા. ૧૭-૨-૨૦૧૩ | સવારમાં ૧૦.૦૦ થી<br>રાત્રિનાં ૧૦.૦૦ સુધી | સંસ્કાર કેન્દ્ર, પાલડી | કચ્છી મેળો |
| ૩ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | આઇ ચેક-અપ ફ્રી નિદાન કેમ્પ<br>(મોતિયાના ઓપરેશન રાહત દરે)<br>(૧૮ વર્ષથી ઉપરની ઉંમરની કોઇ પણ વ્યકિત માટે) |
| ૪ | શિક્ષણ તથા<br>ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર, તા. ૨૪-૨-૨૦૧૩ | સવારમાં ૯.૦૦ થી બપોરના ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | "હું અને મારું સજ્જ કુટુંબ" વિષય પર પરિસંવાદ - દરેક કુટુંબ માટે. (નંદક પંડ્યા દ્વારા) |
| | | | **માર્ચ - ૨૦૧૩** | | |
| ૧ | મહિલા ઉત્કર્ષ સમિતિ | શુક્રવાર, તા. ૮-૩-૨૦૧૩ | બપોરનાં ૧૨.૩૦થી સાંજનાં ૬ | શ્રી કચ્છી જૈન ભવન | મહિલા દિનની ઉજવણી |
| ૨ | વયસ્ક સમિતિ | બુધવાર, તા. ૧૩-૩-૨૦૧૩ | સાંજનાં ૪.૦૦ થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન | જૂના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ |
| ૩ | મધ્યસ્થ કાર્યાલય | રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩ | રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ | એ.સી. ઓડિટોરિયમ | કચ્છી નાટક |
| ૪ | તબીબી સેવા સમિતિ | રવિવાર, તા. ૨૪-૩-૨૦૧૩ | સવારમાં ૯.૦૦ થી ૧૨.૦૦ | મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન | ડેન્ટલ ફ્રી નિદાન કેમ્પ (દાંતના ચેક-અપ માટે)<br>(કોઇ પણ ઉંમરની વ્યકિત માટે) |
| | | | **એપ્રિલ - ૨૦૧૩** | | |
| ૧ | શિક્ષણ તથા<br>ઈતર ડેવલપમેન્ટ સમિતિ | રવિવાર, તા. ૭-૪-૨૦૧૩ | સવારમાં ૯ થી બપોરનાં ૧ સુધી | શ્રી કચ્છી જૈન ભવન | "સમાજ મારું વિસ્તૃત વ્યક્તિત્વ" વિષય પર પરિસંવાદ (નંદક પંડ્યા દ્વારા)<br>(૨૦ વર્ષથી ઉપરની ઉંમરની કોઇ પણ વ્યકિત માટે) |
| ૨ | મધ્યસ્થ કાર્યાલય | શનિવાર - તા. ૧૩-૪-૨૦૧૩ | બપોરનાં ૩.૦૦ થી ૬.૦૦ | એ.સી. ઓડિટોરિયમ | સુવર્ણ જયંતી મહોત્સવ - પૂર્ણાહુતિ સમારંભ |

*સુખ કે દુ:ખ આપણા પર રાજ કરે એવું ન થવા દો.*

## લોગો અને સ્લોગન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના ૫૦મા વર્ષને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવા માંગે છે.

સમાજ સુવર્ણ જયંતી વર્ષના અનુસંધાને લોગો અને સ્લોગન પણ વિશિષ્ટ સ્વરૂપે નક્કી કરવા માંગતું હતું. તેના કારણે સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૧૨ તથા ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકમાં જાહેરાત પણ આપવામાં આવેલ હતી.

અમને જણાવતા આનંદ થાય છે કે અમારી જાહેરાતના પ્રતિસાદ સ્વરૂપે અનેક લોકોએ લોગો, સ્લોગન અને બેનર્સની ખૂબજ મહેનત કરીને ડિઝાઈન મોકલી આપેલ હતી. અમે એ સહુના આભારી છીએ — જેઓએ અમારી જરૂરિયાતમાં રસ દાખવી પોતાનો કિંમતી સમય ફાળવી, અમને વિભિન્ન પ્રકારના લોગો વગેરે મોકલી આપેલ છે.

જેઓએ અમને સાથ સહકાર આપેલ, તેઓની નામાવલી નીચે મુજબ છે.

*૧. શ્રી વિરલ અશ્વિન ગાલા - જોગેશ્વરી (ઈસ્ટ), મુંબઈ.*
*૨. શ્રી હેમાંગ રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ*
*૩. શ્રી ચંપકભાઈ રતનશી નાગડા - કાલબાદેવી, મુંબઈ*
*૪. શ્રી રામશરણજી (મંદગતિ) - અમદાવાદ*
*૫. શ્રી ચંદ્રવદન મહેતા 'સારસ' - ભુજ, કચ્છ*
*૬. શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*
*૭. શ્રી પ્રફુલ ચુનીલાલ સાલિયા - ચરઈ, થાણા (મહારાષ્ટ્ર)*
*૮. શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી - ગાંધીધામ, કચ્છ*
*૯. રોનકબહેન શેખ - અમદાવાદ*
*૧૦. પ્રવીણચંદ્ર શામજી ધરમશી - સુરત*

ઉપરોક્ત લોગો અને સ્લોગનની વિગતોમાંથી અમુક ડિઝાઈન્સ તારવી રાખેલ છે. જેની પસંદગી એકાદ અઠવાડિયામાં ફાઈનલ સ્વરૂપે થઈ શકશે. 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૨ના અંકમાં તેની જાહેરાત કરવામાં આવશે.

હવે પછી કોઈએ લોગો - સ્લોગન મોકલવા નહીં તેવી અમારી વિનંતી છે.

સહકાર આપનાર સૌના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સિનિયર સિટીઝન્સ માટે સેનેટોરિયમ
## "મંજુલ-હરખ ધામ"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત "સિનિયર સિટીઝન્સ સેનેટોરિયમ" (વયોવૃદ્ધ ધામ) "મંજુલ હરખ ધામ"ના નામથી શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨થી ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવનાર છે.

આ સિનિયર સિટીઝન્સ સેનેટોરિયમમાં કોઈ પણ કચ્છી જૈન કે જે વયસ્ક ઉંમરના હોય તે દાખલ થઈ શકે છે. અહીં રહેવા આવનાર હંમેશને માટે અથવા તો ટૂંકા રોકાણ માટે (એટલે કે ૧ થી ૧૨ મહિના માટે) પણ દાખલ થઈ શકશે.

સંસ્થાના એક સિનિયર કાર્યકર શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા-ગાંધીનગર / અમેરિકા)એ પોતાના બંગલાનો ગ્રાઉન્ડ ફ્લોરનો ભાગ એટલે કે ત્રણ બેડરૂમના બે ફ્લેટ આ કાર્ય માટે સમાજને ફાળવી આપેલ છે. જરૂરી ફર્નીચરના દાતાશ્રી પણ તેઓ જ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને તેના આ પ્રકારના નિષ્ઠાવાન કાર્યકર પર ગર્વ છે.

"મંજુલ હરખ ધામ"માં દાખલ થવા આ સાથે એક ફોર્મ મૂકવામાં આવેલ છે. અહીં દાખલ થવા ઈચ્છનારે, તરતમાં આ ફોર્મ ભરીને સમાજના સરનામે મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

ફોર્મ ભરનારને ત્યારબાદ ચર્ચા કરવા રૂબરૂ બોલાવવામાં આવશે અને યોગ્ય જણાશે તો તેમને તરતમાં જ એડમિશન આપી દેવામાં આવશે.

"મંજુલ હરખ ધામ"ની કેપેસિટી માત્ર ૨૫ (પચ્ચીસ) વ્યક્તિઓની જ હોવાથી વહેલા તે પહેલાના ધોરણે એડમિશન આપવામાં આવશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

દીપક જલાવવા માટે એક જ દીવાસળીની જરૂર પડે છે પણ આપણી પાસે દીપક ન હોય અને આખું બાકસ સળગાવી નાખીએ તો પણ પરિણામ ક્યાંથી આવે? છેવટે આપણે માટે અંધારું જ સરજાયું છે કારણકે આપણે આપણી શક્તિઓનો વ્યવસ્થિત ઉપયોગ કરી જાણતા નથી.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

૪૩/૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા *સંચાલિત***

## "મંજુલ હરખ ધામ"

**(સિનિયર સિટીઝન હોમ)**

પ્લોટ નં.-૭૪, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૧૯. ફોન : (ઘર) ૨૩૨૨૫૪૦૪, (ઓ) ૨૩૨૪૨૯૪૬

## પ્રવેશ માટેનું અરજી પત્રક

**(પ્રતિ વ્યક્તિ)**

**પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ**

દાખલ થનાર વ્યક્તિનું નામ ..........

પિતાશ્રી / પતિશ્રીનું નામ ..........

દાદા / સસરાનું પૂરું નામ .......... અટક ..........

જન્મ તારીખ : .......... ઉંમર : .......... કચ્છમાં ગામ / તાલુકો : ..........

હાલના રહેણાંકનું સરનામું : ..........

.......... હાલના સ્થળે ક્યારથી રહો છો? ..........

જ્ઞાતિ : .......... સંપ્રદાય : ..........

માસિક આવક (પોતાની) : .......... સાથે રહેનાર પરિવારની : ..........

મંજુલ હરખ ધામમાં ક્યારથી દાખલ થવા માંગો છો? ..........

કેટલા સમય સુધી : .......... દાખલ થવાનું કારણ : ..........

| ક્રમ | સાથે રહેનાર પરિવારજનોનાં નામ | સંબંધ | વય | પરિણીત / અપરિણીત | હાલનો વ્યવસાય | વ્યવસાયની વિગત | ફોન / મોબાઈલ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

ટેલિફોન નંબર : (ઘર) .......... (ઓફિસ) .......... મોબાઈલ : ..........

**★ અલગ રહેનાર પરિણીત / અપરિણીત પુત્ર/પુત્રીની વિગત ★**

| ક્રમ | પૂરું નામ | પુત્ર / પુત્રી | વય | પરિણીત / અપરિણીત | હાલનો વ્યવસાય | વ્યવસાયની વિગત | ફોન / મોબાઈલ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

અલગ રહેનાર પુત્ર / પુત્રીમાંથી કોઈ પણ બે વ્યક્તિનું સરનામું :

(૧) નામ .............................................. (૨) નામ ..................................................

સરનામું ............................................ સરનામું .................................................

.................................................... ........................................................

ફોન : ............................................ ફોન : ..................................................

પ્રવેશપાત્ર વ્યક્તિનું બ્લડ ગ્રૂપ : .................. કોઈ બીમારી છે? ..................... તેની વિગત : ...........................

ટોટલ બોડી ચેક-અપ કરાવેલ છે? ................ ક્યારે? ............................... કયા સ્થળે? ............................

શારીરિક સ્થિતિ : પોતાનું કામ કરવા સમર્થ / અસમર્થ. .............. અન્ય કામગીરી કરવા સમર્થ / અસમર્થ. ..................

કોઈ ઓળખાણવાળી વ્યક્તિનું નામ, સરનામું, ટેલિફોન નંબર

..............................................................................................................................

..............................................................................................................................

અમદાવાદની કોઈ ઓળખાણવાળી વ્યક્તિનું નામ, સરનામું, ટેલિફોન નંબર

..............................................................................................................................

..............................................................................................................................

આપની વતી બાંયધરી આપનાર વ્યક્તિનું નામ, સરનામું, ટેલિફોન નંબર

..............................................................................................................................

..............................................................................................................................

*(વ્યક્તિ જાતે પોતાનું કામ કરવા અસમર્થ થાય તો બાંયધરી આપનાર વ્યક્તિએ મંજુલ હરખ ધામમાં દાખલ થયેલી વ્યક્તિને પરત લઈ જવાની રહેશે.)*

મુદત પૂરી થતાં કોને ત્યાં જવાનું થશે? .................................................. સરનામું ..................................

.............................................................................................. ટેલિફોન નંબર : ........................

***મંજુલ હરખ ધામમાં દાખલ થવાના તેમજ ત્યાં રહેવા અર્થેના સઘળા નિયમો મેં વાંચ્યા/જાણ્યા છે અને તે મને બંધનકર્તા રહેશે.***

અરજી કરનારનું નામ : ____________________ સહી : ____________________

ગામ અને તારીખ : ________________________________

**● સમાજ કાર્યાલયના ઉપયોગ માટે ●**

# કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત અને શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે તૈયાર કરવામાં આવેલ "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું કાર્ય પૂરું થવા પર છે અને તેને શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસે સવારના ૧૧.૦૦ વાગે લોકાર્પણ કરવા ખુલ્લું મૂકવામાં આવનાર છે.

ભુજ ખાતેના કચ્છ મ્યુઝિયમની મિની આવૃત્તિ સમાન આ મ્યુઝિયમમાં આપશ્રીને કચ્છની સંસ્કૃતિની વિવિધ વિભાગો દ્વારા પૂરી ઝલક જોવા મળશે. આ મ્યુઝિયમમાં આપશ્રીને કચ્છની સંસ્કૃતિ સમાન ભરતકામ, રોગાનકામ, છાપકામ, હુન્નર ઉદ્યોગ, નકશીકામ તેમજ કચ્છી કલા, સંસ્કૃતિ, પહેરવેશ જેવા વિભાગો અને કચ્છની વિવિધ જ્ઞાતિઓના રહેઠાણો, તેના પહેરવેશ વગેરે જોવા મળશે. કચ્છમાંથી પ્રાપ્ત થતા વિવિધ પ્રકારના ખનીજોના નમૂનાઓ, જૂના સિક્કાઓ (રાજાશાહી વખતના) તેમજ અન્ય અનેક પુરાતન વસ્તુઓનો સંગ્રહ આપશ્રી જોઈ શકશો. કચ્છના શીપ ઉદ્યોગ સમાન "વહાણવટા કોર્નર" તથા કચ્છના અભયારણ્યના પ્રાણી "ઘુડખર"ના અહીં ખાસ વિભાગ પાડવામાં આવેલ છે.

આ ભાતીગળ પ્રકારના કચ્છ મ્યુઝિયમના વિવિધ વિભાગોમાં પોતાના નામની તક્તી (૧૫ વર્ષ સુધી) મૂકવામાં આ અગાઉ અમે અનેક વખત જાહેરાત આપી ચૂકેલ છીએ. આ પ્રકારના નકરાઓની વિગત ફરીથી નીચે મુજબ આપવામાં આવેલ છે.

રસ ધરાવનારને અમારો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે.

- **અશોક મહેતા : ૦૯૮૨૫૩ ૨૨૬૮૯**
- **કાંતિભાઈ સાવલા : ૦૯૮૨૫૦ ૩૬૬૫૧**
- **પ્રતાપભાઈ દંડ : ૦૯૪૨૬૭ ૨૫૬૧૯**

***નકરાઓની વિગત નીચે મુજબ રાખવામાં આવેલ છે.***

| | | |
|---|---|---|
| ★ | **મુખ્ય નામની તકતી સામે** | **રૂા. ૨૧.૦૦ લાખ** |
| ★ | **ડોરેમો પર નામની તકતી લગાવવા સામે (૬ સેટ) દરેકના** | **રૂા. ૨.૫૧ લાખ** |
| ★ | **વહાણવટા કોર્નર પર નામની તક્તી લગાવવા સામે** | **રૂા. ૨.૫૧ લાખ** |
| ★ | **વાઇલ્ડ લાઇફ કોર્નર પર નામની તક્તી લગાવવા સામે** | **રૂા. ૨.૫૧ લાખ** |
| ★ | **દરેક વિંગના (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ)** | **રૂા. ૨.૫૧ લાખ** |

ઉપરોક્ત નકરાઓમાંથી કેટલીક ઑફરો અમને પ્રાપ્ત થઈ ચૂકેલ છે.

બાકીની ઑફરોમાંથી વહેલા તે પહેલાના ધોરણે ઑફરો સ્વીકારવામાં આવશે.

તક્તીઓ નિયમાનુસાર મૂકી શકાશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# વિશિષ્ટ કચ્છી વ્યક્તિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કેટલીક વિશિષ્ટ કચ્છી વ્યક્તિઓના નામોનું લિસ્ટ તેની વિગતો સાથે તૈયાર કરે છે. અમારી પાસે કેટલાક નામો માટે અધૂરી માહિતી આવેલ છે, જે નામોની વિગત અત્રે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સંપૂર્ણ વિગતો મળેથી વિશિષ્ટ વ્યક્તિની યાદી તૈયાર કરવામાં આવશે.

જે તે વ્યક્તિને વિનંતી કે તેઓ પોતાની સંપૂર્ણ વિગતો અમને મોકલીને અમારા કાર્યમાં પૂરેપૂરો સહકાર આપે. આ લિસ્ટ મુજબની પ્રોમિનન્ટ વ્યક્તિઓની માહિતીની જાણકારી જેઓ પાસે હોય **તેઓ પણ તે માહિતી અત્રે મોકલાવી આપશે** તો અમારા કાર્યમાં તેઓ પૂરેપૂરા સહભાગી બની શકશે.

**આ પ્રકારની અન્ય વ્યક્તિઓની માહિતી પણ આવકાર્ય છે.**

- શ્રી અજીમ હાસમ પ્રેમજી - બેંગ્લોર
- શેખ કનકસિંહ ખીમજી રામદાસ - મસ્કત
- શ્રી કેશવલાલ પ્રેમજી ભુડિયા - મોમ્બાસા
- શ્રી લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાની - નૈરોબી
- શ્રી મૂળજીભાઈ પિંડોરિયા - દક્ષિણ આફ્રિકા
- શ્રી વિજય છેડા - અમેરિકા
- શ્રી હેમંત ચીમનલાલ શાહ - અમેરિકા
- શ્રી દામજીભાઈ લાલજી શાહ - મુંબઈ
- શ્રી અમરચંદભાઈ રામજી ગાલા - મુંબઈ
- શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા - મુંબઈ
- શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી - મુંબઈ
- શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા - હૈદ્રાબાદ
- શ્રી હિરાલાલ ભાણજી શાહ - ભીલાઈ
- શ્રી દિનેશભાઈ ત્રિવેદી - નવી દિલ્હી
- શ્રી બાબુભાઈ મેઘજી શાહ - મુંબઈ
- શ્રી રાઘવજીભાઈ સાવલા - મધ્યપ્રદેશ
- શ્રી સુરેશચંદ્ર મહેતા - ગાંધીનગર
- શ્રી અમિન સાયાની - મુંબઈ
- શ્રી હરિષ ભિમાણી - મુંબઈ
- શ્રી આણંદજી વિરજી શાહ - મુંબઈ
- શ્રી વિપુલ અમૃતલાલ શાહ - મુંબઈ
- શ્રી વિનોદભાઈ ગણાત્રા - મુંબઈ
- શ્રી શાહબુદ્દીન રાઠોડ
- શ્રીમતી અપર્ણા પોપટ
- શ્રી મરિયમબહેન ડોસા - મુંબઈ
- શ્રીમતી ગુલબર્ધન - ભોપાલ
- શ્રી શિતાંશુ પરાસચંદ્ર મહેતા - વડોદરા
- શ્રી ભૂપત મહાશંકર ઓઝા - નવી દિલ્હી
- શ્રી શૈલેષભાઈ અંજારિયા
- શ્રી દિવ્યભાસ અંજારિયા
- શ્રીમતી અનિતા શાહ - મુંબઈ
- શ્રી પ્રતાપભાઈ ઉધારામ અસનાની - અમદાવાદ
- શ્રીમતી ચેતના ગાલા - મહારાષ્ટ્ર
- શ્રીમતી સ્વાતિ ઠક્કર/ચૌહાણ - મુંબઈ

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**ખીલીના માથા ઉપર જ જો હથોડીના ઘા પડ્યા કરે તો એ ખીલી ભીંતમાં ટટ્ટાર ઊભી રહે છે અને પોતાના કરતાં અનેકગણું વજન ઊંચકી શકે છે.**

**વિચાર મંથન**

### સત્યની શોધ અને સ્વીકાર : ૬

# માનવ વિકાસમાં ધર્મનો ફાળો કેટલો?

• મુરજી ગડા •

નાનપણમાં અમને શાળામાં ભણાવવામાં આવ્યું હતું કે રાજકુમાર સિદ્ધાર્થે જિંદગીમાં પહેલીવાર રોગી, વૃદ્ધ અને મૃતદેહ જોયા ત્યારે એમનું મન ખળભળી ઊઠ્યું. તેઓ ખૂબ અસ્વસ્થ થઇ ગયા. આ લાગણીઓના પ્રવાહ હેઠળ એમણે માનવીની આવી દુઃખદાયક દશાઓના કારણ જાણવા અને ઉપાય શોધવાનું નક્કી કર્યું. એના માટે એમને માતા-પિતા, પત્ની, પુત્ર, ભાવિ રાજપાટ વગેરે બધુંજ ત્યાગી જંગલમાં જવું જરૂરી લાગ્યું.

એક પ્રતિભાવાન રાજકુમાર, જેને જાણી જોઇને સમજપૂર્વક માનવોના દુઃખ દર્દ જેવી સંસારની વાસ્તવિકતાઓથી અજાણ રાખવામાં આવ્યો હતો, જેણે યુવાન થયા સુધી પોતાના સંપર્કમાં આવતી એકપણ વ્યક્તિને માંદી પડતી, ધોળા વાળ, કરચલીવાળી ત્વચા રૂપે વૃદ્ધ થતી કે (હંમેશને માટે જતી રહેલી) મૃત્યુ પામેલી જોઇ ન હોય, એના વિશે ક્યારે પ્રશ્ન પણ કર્યો ન હોય, એ માનવું અઘરું લાગે છે. છતાં જે માન્યતા પ્રચલિત છે એને સત્ય તરીકે સ્વીકારીને આ લેખ આગળ વધે છે.

રાજકુમાર સિદ્ધાર્થ, ગૃહત્યાગ કરી (મહાભિનિષ્ક્રમણ કરી) જંગલના એકાંતમાં ખૂબ લાંબા સમય સુધી ધ્યાન ધરે છે, વિચાર કરે છે. શરીરને ભૂખ્યા તરસ્યા રાખી, વર્ષોની લાંબી વિચાર પ્રક્રિયામાંથી પસાર થઇને (ધ્યાન દ્વારા) એમને જે જ્ઞાન થાય છે એના લીધે તેઓ બુદ્ધ કહેવાયા છે.

એકાંતમાં લાંબો સમય ધ્યાન ધરવાની વાત માત્ર ગૌતમ બુદ્ધ પૂરતી મર્યાદિત નથી. મહાવીર, ઈસુ ખ્રિસ્ત, મહંમદ પયગંબર વગેરે બધાએ જંગલમાં, ટેકરી પર કે ગુફામાં લાંબો સમય ગાળ્યાનું ભણાવવામાં આવે છે. સંસારના પ્રશ્નોનું નિરાકરણ શોધવા બધાનું સંસારથી દૂર એકાંતમાં જવું જરૂરી હતું કે આ માત્ર યોગાનુયોગ છે કે પછી એનું બીજું કંઇ સ્પષ્ટીકરણ હોઇ શકે એની ચર્ચા એક અલગ વિષય છે.

ગૌતમ બુદ્ધના ગૃહત્યાગના કારણો જાણીતા હોવાથી એ સંદર્ભે ચર્ચા કરી છે. જોકે આ ચર્ચા બધી ધાર્મિક વિચારધારાઓને એટલીજ લાગુ પડે છે.

પહેલી વાત છે રોગ નિવારણની. માનવજાતના દુઃખ દૂર કરવા હોય તો રોગ નિવારણ અગ્રસ્થાને હોવું જ જોઇએ. પહેલું સુખ તે જાતે નર્યા અમસ્તુંજ નથી કહેવાતું! રોગ નિવારણ માટે એના કારણ અને ઉપચાર જાણવા જરૂરી છે. ઉપચાર શોધવા અઘરા છે પણ કારણ જાણવા એટલું અઘરું નથી. **સૌથી પાયાનું કારણ છે અંગત અને જાહેર સ્વચ્છતાનો અભાવ.**

વર્તમાન પહેલાના મોટાભાગના રોગ ચેપી રોગ હતા જે મુખ્યત્વે સ્વચ્છતાના અભાવથી થતા અને ફેલાતા હતા. પ્રાચીન કાળમાં પૂરી દુનિયા ખેતીપ્રધાન હતી. ખેતી અને પ્રાણીઓ સાથે કામ કરનારને ગંદકીમાં કામ કરવાનું હોવાથી સ્વચ્છતાનું મહત્ત્વ વિશેષ હોવું જોઇએ. ભારતના સંદર્ભમાં કહીએ તો જાહેર સ્વચ્છતાની બાબતમાં ભદ્ર વર્ગ પણ પછાત કહી શકાય એટલો બેદરકાર છે.

સમાજને નીરોગી રાખવા માટે અંગત અને જાહેર સ્વચ્છતા એટલી જરૂરી છે કે **દરેક ધર્મના ઉપદેશમાં જે ચાર પાંચ મુખ્ય બાબતો ગણાવવામાં આવે છે એમાં સ્વચ્છતાનું સ્થાન હોવું જોઇતું હતું.** વાસ્તવિકતા એ છે કે અગ્રસ્થાન તો દૂર રહ્યું, એનો ઉલ્લેખ પણ ધર્મગ્રંથોમાં ભાગ્યે જ ક્યાંક જોવા મળે છે. (ગાંધીજીને બાદ કરતાં) કોઇ પણ ધર્મપુરુષને એનું મહત્ત્વ જણાયું નહીં.

આજે આપણે રોગોના કારણ, નિવારણ અને ઉપચાર વિશે ઘણું જાણીએ છીએ. દરેક રોગના ઉપચાર માટેની ખાસ દવાઓ શોધાઇ છે, શોધાઇ રહી છે. આ બધું ધાર્મિક ક્ષેત્રના નહીં પણ અન્ય ક્ષેત્રના લોકોએ કર્યું છે. માત્ર ધ્યાન ધરવાથી દવાઓ શોધી શકાતી નથી. એના માટે પ્રયોગ કરવા પડે છે.

બીજી વાત વૃદ્ધત્વ અને મૃત્યુની હતી. આ બન્ને કુદરતી ઘટનાઓ છે જેને ટાળવી અશક્ય છે. છતાં અકાળે આવતા વૃદ્ધત્વ અને મૃત્યુને અમુક અંશે ખાળી શકાય છે જે આજે આપણે જાણીએ છીએ. આ પણ ધર્મ નહીં પણ મેડિકલ સાયન્સના પ્રતાપે શક્ય બન્યું છે.

પ્રાચીન સમયનું જીવન અભાવો, કઠણાઇઓ અને હાડમારીનું હતું. કુદરતના નિયમો અને બનાવોના અજ્ઞાનને લીધે માણસ ઘણી રીતે લાચાર હતો. આવી બધી કઠણાઇઓના ઉકેલ પણ માણસ વિજ્ઞાનની મદદથી ધીરે ધીરે શોધતો આવ્યો છે. રોજબરોજના કામ આસાન બનાવી સગવડો વધારી શક્યો છે.

રોગ નિવારણ હોય, લાંબી આવરદા હોય, જીવન આસાન બનાવનાર સાધનો હોય કે પછી જીવનને આનંદમય બનાવનાર કળા, સાહિત્ય, રમતગમત જેવી પ્રવૃત્તિઓ હોય, આ બધું સમાજના અલગ વર્ગના લોકોએ કર્યું છે. એમણે સંસારમાં રહી પ્રયોગો વડે, ટ્રાયલ

*પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કર્મોનો જનક છે.*

એન્ડ ઍરર મેથડથી બધું કર્યું છે. કોઈપણ ધર્મપુરુષે આ બધા ક્ષેત્રોમાં કશું નોંધપાત્ર કર્યું નથી.

જે કારણોસર બુદ્ધે ગૃહત્યાગ કર્યો હતો તે ભલે હાંસલ કરી શક્યા નહીં, છતાં તેઓ અને તેમના જેવા બીજાઓ માનવ સમાજને ઉત્તમ વારસો આપતા ગયા છે એ પણ હકીકત છે. મૂળભૂત રીતે બધા ધર્મપ્રવર્તકોના ઉપદેશનો ઝોક માનવ જીવનના પ્રશ્નો ઉકેલવા કરતાં એમને સહજભાવે સ્વીકારવા તરફ રહ્યો છે. માંદગી, મૃત્યુ તેમજ બીજી અણધારી આપત્તિઓને સહજભાવે સ્વીકારવાથી એનું દુઃખ ઓછું થાય છે. મનને સ્વસ્થ રાખી જીવનને અટકાવ્યા વગર ચાલતું રાખી શકાય છે.

**ધર્મનું એક અગત્યનું યોગદાન સમૂહ જીવનમાં શાંતિ જાળવી રાખવાનું મનાય છે.** ધર્મ દ્વારા ઉપદેશાતા પ્રેમ, કરુણા, ભાઈચારા, પ્રામાણિકતા, ઉદારતા, સહનશીલતા, સહાનુભૂતિ જેવા ભાવ કેળવવાથી તે શક્ય બને છે. આને ધર્મને બદલે નીતિમત્તા કહેવું વધારે વાસ્તવિક અને વ્યવહારુ લાગે છે.

ધર્મના યોગદાનનો આ દાવો પણ એટલો મજબૂત નથી. કોઈપણ ધર્મના ઉદયના હજારો વરસ પહેલાં, માનવ, સમૂહમાં રહેતો થયો હતો. સમૂહ જીવન માટે જરૂરી સહકાર, ઉદારતા, ક્ષમા વગેરે ભાવ એણે કેળવ્યા હતા. ટોળામાં રહેતા પ્રાણીઓમાં પણ આવા ભાવ જોવા મળે છે. એટલે એ માનવોનો જૈવિક વારસો પણ ગણાય.

સામાન્ય રીતે માનવોમાં આ ભાવ પોતાના સમૂહ પુરતા મર્યાદિત હતા. બીજા સમૂહો પ્રત્યે માણસ ખાસ ઉદાર નહોતો. નૈતિકતાના આ મૂલ્યોને બહોળા માનવ સમાજ સુધી વિસ્તારવામાં ધર્મોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. પરિણામે એક ચોક્કસ ધર્મના નેજા હેઠળ આવતા બધા સમાજો સુધી એ વિસ્તર્યો ખરો પણ અન્ય ધર્મો સુધી એ વિસ્તરી શક્યો નહીં. **ધર્મો વચ્ચેની અથડામણો હજી પણ ચાલુ છે.**

ધર્મનું એક વધારાનું પાસું ભક્તિનું છે જે માણસને નમ્ર બનાવે છે. સાથે સાથે તે ઘણાંને કેટલેક અંશે પરાવલંબી અને પલાયનવાદી પણ બનાવે છે. આ ભક્તિવાદ ધર્મપ્રણેતાઓ દ્વારા નહીં પણ એમના નામે પોતાનો હેતુ સાધતા એમના અનુયાયીઓ દ્વારા ફેલાવવામાં આવ્યો છે. વધુ પડતી ભક્તિ કે તપની ઉપયોગિતા અલગ ચર્ચાનો વિષય છે.

માનવ વિકાસમાં ધર્મનું યોગદાન ઓછું આંકવાનો આ લેખનો ઉદ્દેશ નથી બલકે એને વાજબી મહત્ત્વ આપવાનો પ્રયાસ છે. ધર્મે માનવજાતને જે આપ્યું છે તે તત્કાલિન સમાજ વ્યવસ્થા માટે ખૂબ જરૂરી હતું. માનવ વિકાસના અન્ય ક્ષેત્રો હજી ખીલ્યા નહોતા. નબળી રાજસત્તાના સમયમાં ધર્મસત્તાએ સમાજને એકજૂટ અને શાંતિમય રાખવામાં ઘણો ભાગ ભજવ્યો છે. આજે પરિસ્થિતિ બદલાઈ છે. ધર્મના યોગદાન સાથે એ જાણવું પણ એટલુંજ અગત્યનું છે કે ધર્મનું સમાજ પર સદીઓથી એકચક્રી શાસન હોવા છતાં લોકમાનસમાં નીતિમત્તા સ્થાપવામાં દરેક ધર્મ માત્ર આંશિક રીતે જ સફળ થયો છે. **વ્રત, જપ, તપ વગેરે પ્રકારની ભક્તિની ફળશ્રુતિ, આગળ લખ્યું છે તેમ, ચર્ચાસ્પદ છે.**

આજસુધી માનવસમાજે જે પણ પ્રગતિ સાધી છે એમાં જુદા જુદા ક્ષેત્રના જે લોકોનું યોગદાન છે એમને એમના પ્રદાન પ્રમાણે અન્યાય કહી શકાય એટલું ઓછું મહત્ત્વ અને યશ મળ્યા છે. જ્યારે નીતિમત્તા શીખવનાર વર્ગને અન્યોની સરખામણીએ ઘણુંજ વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલે સુધી કે તેઓ સર્વત્ર પૂજાય છે. ધાર્મિક ક્ષેત્રે પ્રવૃત્ત વ્યક્તિઓને અલૌકિક શક્તિવાળી માનવાને બદલે એક પ્રકારના સમાજ સુધારકના રૂપમાં જોવું વધુ વાજબી છે. (એની ચર્ચા અલગ લેખમાં કરાઈ છે.) આ સત્યને સ્વીકારવું સૌ માટે, ખાસ કરીને આસ્તિકો માટે જરૂરી છે.

ધર્મપુરુષોને મળતા વધારે પડતા મહત્ત્વનો રેશનાલિસ્ટોને વાંધો હોય તે સમજી શકાય છે. પણ એટલા માટે એમના આજ સુધીના યોગદાનને સમૂળગું નજરઅંદાજ ન કરાય, એમને સદંતર અવગણી ન શકાય. આગળ વર્ણવેલ સમૂહ જીવને ઉપયોગી ભાવ ભલે આપણો જૈવિક વારસો હોય પણ સત્ય, અહિંસા, શાકાહાર, અપરિગ્રહ જેવા ગુણ ખીલવવાનો ઉપદેશ ધર્મપુરુષો પાસેથી જ મળ્યો છે. માનવસમાજ આવી વાતો માટે હજી તૈયાર નથી એ જુદી વાત છે. જ્યારે માનવ સમાજ અશિક્ષિત અને અજ્ઞાની હતો ત્યારે, સાચા-ખોટા જે પણ હોય, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક, ભગવાન-શેતાન જેવા ધર્મના ભય-લાલચરૂપી હથિયારોએ ઘણાં લોકોને ખોટાં કામો કરતા રોક્યા છે.

**જ્યાં સુધી લોકો જ્ઞાતિ, ધર્મ, દેશ વગેરેની વાડાબંધીથી ઉપર ઊઠી માનવવાદ સમજતા અને સ્વીકારતા ન થાય ત્યાં સુધી ધર્મ સાથે સંકળાયેલા સાચા-ખોટા ધર્મપુરુષોનું અસ્તિત્વ રહેવાનું છે.** એમનો આંધળો વિરોધ કરી લોકોને આપણાથી દૂર ભગાડવાને બદલે રેશનાલિઝમની લીંટી લાંબી બનાવવામાં આપણા સમય, શક્તિ અને સંપત્તિ વાપરવા વધારે વ્યવહારુ છે. રેશનાલિઝમનો મતલબ રેશનલ થવાનું છે, આત્યંતિક થવાનું નથી. બન્ને પક્ષે વિચારવા જેવું છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

# ઇન્સાંકા દિલ તંગ હૈ ક્યૂં?

• ડૉ. કેશુભાઈ પટેલ •

હજી ચૈત્રનો પ્રવેશ પણ બાકી છે અને પારો ઊકળીને અંગારા ઓકી રહ્યો છે. સૂરજનો ક્રોધ રૂંવે રૂંવે પરસેવો થઇને ઓગળવા માંડ્યો છે. અત્યારથી આટલી ગરમી? હજી શિયાળાની રજાઇઓ સુદ્ધાં અભેરાઇ પર ચડાવવી બાકી છે. ટીવી સમાચારમાં તો હમણાં લગી હિમવર્ષા ચાલતી હતી. ગ્રીષ્મની આગોતરી ધાકથી શિયાંવિયાં થઇ ગયેલા ઋતુરાજ વસંત ઓચિંતા ક્યાં પલાયન કરી ગયા? કવિજનો તો એમની સ્તુતિના પ્રાસ બેસાડવામાં પડ્યા હતા કવિતાને આખરી ઓપ અપાય એ પહેલાં કૃતિનાયક પોતે જ મેદાન છોડી ગયો! ડાકુ રાણી ગ્રીષ્મના ઘોડાના ડાબલા સાંભળી એના હાંજા ગગડી ગયા. પગેરું લેવા મથીએ તોય ક્યાંય એનાં પગલાં શોધ્યાં નહીં જડે. આ તે ઋતુરાજ કે બીકણ બિલાડું? ઉનાળો આમે ક્યારેય આવકારલાયક નથી લાગ્યો. મારા જેવા અકિંચન માનવીને એ આટલો અળખામણો લાગતો હોય તો પેલા સુંવાળા જીવોને તો દીઠે પણ શાનો ગમે? કુમળા ધરુ જેવી મારી કન્યકા ઉનાળાનું નામ પડતાં જ હોલવાઇ ગઇ છે. એની નાનકડી અધ્યયન ઓરડીમાં પુરાઇને એ ધીમા સ્વરમાં રેડિયો મિર્ચીની સુરાવલિ સાંભળતી સાંભળતી સૂઇ ગઇ છે. ભણવામાં આમેય એનું મન નહોતું ચોંટતું. આ ઉનાળાએ એના હોશહવાસ સમૂળગા ઉડાડી મૂક્યા છે. બસ, અઘોરીની માફક પથારીમાં પડી રહે છે. ઉનાળો આળસનો બૂકે લઇને આવ્યો છે. એનાં પગરણ સાથે જ પ્રમાદયોગનો પ્રારંભ થઇ ગયો છે. હજી પરીક્ષા બાકી છે, પણ પુસ્તક ઉઘાડે છે એની બલા રાત! એ.સી.નું બિલ ભરતાં પસીનો છૂટી જાય છે. એટલે ઘરમેળે વણલખ્યો સર્વસંમત કરાર કરી લીધો છે. શક્ય હોય ત્યાં સુધી એ.સી.વાળો બેડરૂમ બંધ જ રહેવા દેવો!

આજે રવિવાર છે. વળી શહેરમાં તોફાનો છે. છાપાં સરકારની તરફેણ અને વિરોધની છાવણીઓમાં વહેંચાઇ ગયાં છે. ગરમી જેમ જેમ વધતી જાય છે, એમ બેઉ કોમના માણસોના ઉશ્કેરાટમાં પણ ઉછાળો આવતો જાય છે. હવે તો એવું લાગવા માંડ્યું છે કે કદાચ આ તોફાનો આખો ઉનાળો ચાલશે. આગ ઓકતું જશે એમ એમના મનનો ગોરંભો વધુ ને વધુ ગોટાતો રહેશે. ક્યાંક એ છુરાબાજી થઇને છતો થશે તો ક્યાંક પેટ્રોલ કે કેરોસીન સ્વરૂપે ભડકી ઊઠશે. છેલ્લા ઘણા દિવસોથી દૂરદર્શનના પડદે અત્યંત સૂરીલા અવાજમાં બે પંક્તિઓનું મહાકાવ્ય રજૂ થતું સાંભળું છું ને રણઝણી ઊઠું છું. એના કવિનું નામ અધ્યાહાર રહે છે, પણ એથી શો ફરક પડે છે? કવિની કલમે અવતરતાં જ કવિતા જાહેર મિલકત બની જાય છે. આમ જુઓ તો એ માનવીના અંતસ્તલની આરજૂ છે. જે કર્ણમધુર સંગીતમાં મઢીને એ બે લીટીઓ પીરસવામાં આવી છે, એ પોતે જ માનવજાતના ઇતિહાસનું મંગલપર્વ છે. એનું અનુગુંજન કેવું આહલાદક બની રહે છે!

*'ईश्वर-अल्लाह! तेरे जहां में नफरत क्यों है,*
*जंग है क्यों?*
*तेरा दिल तो इतना बडा है,*
*इन्सां का दिल तंग है क्यों?'*

અહીં લખવા ખાતર 'क्यों' ભલે લખ્યું હોય, પણ ગાયિકા એને 'क्यूं' કરીને લયાત્મક ઢાળમાં ગાય છે, ત્યારે શ્રવણેન્દ્રિય પર મીઠું અમીવર્ષણ થઇ રહે છે. એ અમૃત સીધું હૃદય સોંસરવું ઊતરી જાય છે. ઉનાળાનો કંટાળો પણ ઘડીક બાજુએ હડસેલાઇ જાય છે. ચિત્તમાં ચોમાસું જામી જાય છે. ભીનું ભીનું મેઘધનુષ તણાઇ જાય છે. હજી એ મીઠો આઘાત ઓસરે એ પહેલાં 'સમાચાર'ની હેડલાઇન કોઇ તાજી વારદાતની અહાલેક પોકારે છે. આજે ફરી પાછું વિસનગર ઝળક્યું છે. દિલ્હી કન્યા એનો ઉચ્ચાર 'વિષનગર' કરે છે! અજાણતાં જ કેવી સર્જકતા ઉમેરાઇ જાય છે. મારા પંથકની સંસ્કારનગરી લેખે પંકાયેલા શહેરના નામમાં! કોઇ કવિને જ સૂઝે એવો ઉચ્ચારભેદ. એવો શ્લેષ. હું હલબલી ઊઠું છું. 'નાગરિક' ઘણો ઉમદા શબ્દ છે. આમ તો એ 'નગર' પરથી બન્યો છે. પણ 'નાગરિક' થઇ ગયા પછી એમાં 'નાગ'નો આભાસ વરતાવા લાગે છે. મારી સંસ્કાર નગરીના રહેવાસીની દાઢમાં પણ એ ઝેરની કોથળી હોઇ શકે, એવો તો સપનેય ખ્યાલ નહોતો. અમદાવાદ-વડોદરાવાળા નાગરિકોની હરોળમાં વિસનગર-મહેસાણાનો માનવી પણ ઝેરીલો બની ગયો હોય તો હવે કળિયુગનો છેલ્લો પહોર ચાલુ થઇ ગયો ગણાય. પાપનો પહોરો બેસી ગયો હોય તો જ પેલી હજાર કિલોમીટર છેટે બેઠેલી ટીવી-બાળા વગર વાંકે વિશળદેવની નગરીને ઝેરનગરીની નવી ઓળખ આપે, એ પણ અજાણપણે. કુદરત તો આવી આગોતરી એંધાણી આપીને ચૂપ થઇ જાય. પછી માણસનું નસીબ માણસ પાસે. એ થોડું સાચવી-સમજીને ચાલે તો મોટી આફત ટળીય જાય. શૂળીનો ઘા સોયે સરી જાય. પણ ચેતવું ફરજિયાત નથી અને કુદરત આવી ચેતવણી વારંવાર ઉચ્ચારવા પણ બંધાયેલી નથી. તેજીને ટકોર પૂરતી ગણાય. એવી ટકોર એણે અત્યંત કળાત્મક રીતે કરી દીધી છે. હવે દડો આપણા આંગણામાં છે. ચેતી જઇએ તો હજીય મોડું નથી થઇ ગયું....

*શંકા કાયમ ડૂબાડે છે, વિશ્વાસ હંમેશાં બચાવે છે.*

આવું ઝેર આપણી નવી પેઢીની દાઢમાં ફૂટ્યાના અહેવાલ વાંચી સવિશેષ દુઃખી થવાય છે. આ એક અત્યંત ભયજનક સંકેત છે. ગાંધી આશ્રમમાં ઘૂસી જઇને ગુજરાતના નવલોહિયા યુવાનો ગાંધીને આમરણ અનશન કરવાં પડે એવી બિહામણી વર્તણૂક કરી શકે છે. શાંતિ સમિતિની બેઠક માટે બિચારા શાંતિ ચાહકોને આવડા મોટા મહાનગરમાં એક બેઠક ખંડ મેળવતાં નાકે દમ આવી ગયો! વિદ્યાપીઠ જેવી વિદ્યાપીઠે ધરાર ના ભણી દીધી. કારણ જે હોય તે, પણ આ પ્રકારની માનસિકતા આવકારવા લાયક ન જ ગણાય. શાંતિપાઠ કરવા આવનારાઓ કોઇ છૂપો એજંડા લઇને આવ્યા હોવાની આગોતરી ગંધ આવી ગઇ હશે કે શું? નર્મદા મુદ્દે ગમે તેટલો વિરોધ ધરાવતાં હોય છતાં - મેધા પાટકર વગર નોતરે પણ શાંતિ પ્રયાસમાં સામેલ થવા આવ્યાં હોય તો ઊલટાનું આવકારદાયક ગણાય. પરંતુ આ રાજકારણ ભારે હરીફાઇનો ધંધો છે. એમાં ચોવીસે કલાક જાગતા રહેવું પડે છે. દુશ્મનની ચાલ પારખીને, એને મેદાનમાં ઊતરે એ પહેલાં જ ચીત કરી દેવાની તૈયારી રાખવાની હોય છે. નર્મદા હવે ગુજરાતની પ્રજા કરતાં ગુજરાતની રાજકીય જમાતની જીવાદોરી બની ગઇ છે. ખુદ મહાત્મા ગાંધી પણ એની સામે તણખલા બરાબર છે! મલ્લિકા કે મેધા કેન્દ્રમાં રહ્યાં, શાંતિ અને ગાંધી બેઉ હાંસિયે ધકેલાઇ ગયાં. હવે ગાંધીને પણ અમદાવાદ અળખામણું લાગવા માંડ્યું હશે. એમનો આત્માયે ભલો હશે તો એક નવી કૂચ આરંભી ક્યારેય પાછો નહીં ફરવાનો દૃઢ સંકલ્પ કરી બેઠો હશે. ચુનીભાઇ વૈદ્ય જેવા નિર્દંભ અને નિખાલસ ગાંધીજન ગાંધીવાદી જમાતની સરિયામ નિષ્ફળતાનો એકરાર કરી શકે છે, એટલું આશ્વાસન જરૂર લઇ શકીએ. હવે એમણે એક નવું આંદોલન છેડવું જોઇએ. ગાંધીજીનો આત્મા એથી જરૂર પ્રસન્નતા અનુભવશે. સૌ પહેલાં તો એમણે પેલી ઇન્કમટેક્સ સર્કલવાળી પ્રતિમા ઉઠાવી લેવડાવવી જોઇએ. અમદાવાદને ગાંધીની શી જરૂર છે? રાજકારણીઓ પૂરતા એમને ગાંધીનગરમાં વિધાનસભા સામે બેસાડ્યા છે, એ બરાબર છે. એ લોકોનેય અનુકૂળતા રહે. વિદ્યાપીઠ અને આશ્રમ જેવી સંસ્થાઓએ શ્વેતપત્ર બહાર પાડી પોતે આવા વિવાદોથી વેગળી રહેવા માગે છે, એવું સ્પષ્ટ વલણ અખત્યાર કરવું જોઇએ. ગુજરાતને સળગતા રહેવું હોય તો એ પણ એનો અધિકાર છે! આખરે અહીં લોકશાહી છે. લોકોને જ એમનું ભાવિ નક્કી કરવા દઇએ. નાહક ગાંધીને એ આગમાં ન ધકેલીએ. રાષ્ટ્રપિતાની થોડીક મર્યાદા જાળવીએ. ગાંધીના નામની ખોટી બદનક્ષી અટકે તોય ક્યાંથી? બિચારા પત્રકારોય નવાણિયા કુટાતા બચશે!

ઉનાળામાં માણસ અજાણપણે અનાવૃત્ત થયા કરે છે. આવરણ માત્ર ઉકળાટમાં ઉમેરો કરતું હોય છે. ગ્રીષ્મ સહજપણે અનાવૃત્ત થવાની ઋતુ છે. દંભનો ડગલો અળગો કરીને આપણે થોડી વધુ આસાયેશ અનુભવી શકીએ. અંદરને બહાર જુદા શું કામ રહેવું? એ કરતાં જેવા છીએ તેવા પ્રગટ થઇએ. આપણાં કરતૂતોની નિખાલસ કબૂલાત કરીએ. બનવાજોગ છે કે એથી આપણે વધુ લાયક માનવી બની શકીશું. વધુ ઉમદા જીવન જીવી શકીશું, બલકે ઇશ્વર ભણી વળી શકીશું.

***૧૩, ઐશ્વર્યા-૧, પ્લોટ ૧૩૨***
***સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.***

વિચાર વિમર્શ

# સાઈલન્સ પ્લીઝ!

• ડૉ. આઈ. કે. વીજળીવાલા •

'બેબીને થોડાક દિવસથી ડાબો પગ માંડવામાં તકલીફ પડે છે. પગ માંડતાંની સાથે જ ગોઠણ પાછળની તરફ વળી જાય છે. હાડકાના ડોક્ટરને બતાવી જોયું છે પણ કંઇ જ ફાયદો લાગતો નથી.' નાનકડી છોકરીને મારા તપાસ માટેના ટેબલ પર ઊભી રાખતાં એના પિતાએ વાત શરૂ કરી.

'કેટલી ઉંમર છે દીકરીની?' મેં સવાલ કર્યો.

'પોણા બે વરસ.' એના પિતાએ જવાબ વાળ્યો.

'હં મ્...મ્...!' આટલું કહી હું ચૂપ થઇ ગયો.

આ વાત ૧૯૯૧ના વરસની છે. મારી ઓફિસમાં સાવરકુંડલા તરફના દૂરના કોઇ ગામડેથી આવતું એ દંપતી પોણા બે વરસની ગુલાબના ગોટા જેવી દીકરીનો હાથ પકડીને ઊભું હતું. છોકરી પણ જાણે હસવા જ સર્જાઇ હોય તેમ કિલકિલાટ કરતી હતી. મારા દવાખાનાનું નામ 'કલ્લોલ બાળકોની હોસ્પિટલ' છે. પરંતુ કલ્લોલ શબ્દનો સાચો અર્થ તો કોઇ આ બાળકીને કલ્લોલ કરતી જુએ તો જ સમજાય. પુરબહારમાં ખીલેલ વસંતઋતુમાં એક એક ફૂલ પર નજર પડતાં જ જેમ આનંદ અને હાસ્ય આપણી આંખોમાં ઊભરાઇ આવે તેમજ કોઇ પણની સાથે નજર મળતાં જ એ બાળકી હાથપગ હલાવીને અદ્‌ભુત હાસ્ય વેરી દેતી હતી. જાણે કે ભગવાનના ઘરેથી હાસ્યનો ખજાનો ભરીને ન આવી હોય! એના માટે આજુબાજુ જે કોઇ હોય તેની આંખો જાણે કે એક અપ્રતિમ સૌંદર્ય ધરાવતો બગીચો હતી. હા! એ હાથ હલાવતી ત્યારે એનો ડાબા પગનો ગોઠણ પાછળની તરફ વળી જતો હતો અને ત્યારબાદ એ છોકરી પગના અંગૂઠા પર ઊભી થઇ જતી હતી.

'કેટલા વખતથી આ તકલીફ છે?' રોગનું વર્ણન લખવાની શરૂઆત કરતાં મેં પૂછ્યું.

'છેલ્લાં ત્રણેક અઠવાડિયાંથી.'

'એ પહેલાં કોઇ તકલીફ હતી ખરી? ક્યાંયથી પડી ગઇ હોય તેવું બન્યું છે ખરું? થાપામાં હમણાં થોડાંક અઠવાડિયાંઓમાં ક્યાંય ઇન્જેક્શન મુકાવ્યું હોય તેવું યાદ છે?' નિદાન તરફનો સાચો રસ્તો પકડવાની આશાએ મેં બધી વિગતો પૂછવાનું શરૂ કર્યું.

'અરે સાહેબ! એને ક્યારેય નખમાં પણ રોગ નહીં! રસી મુકાવવા સિવાય ક્યારેય અમારે કોઇ ડોક્ટર પાસે જવું જ પડ્યું નથી. અમે બેઉં માણસ ભણેલાં છીએ. અમારા જ્ઞાન મુજબ બાળકીને અમે બરાબર સાચવી છે. એટલે આજ સુધી એને કાંઇ પણ થયું જ નથી. ખબર નહીં આ ત્રણ અઠવાડિયાંથી એના પગમાં શું થયું છે. બાકી આજ સુધી એ સાવ સાજી દાણિયા જેવી જ રહી છે.' એના પિતાએ જવાબ આપ્યો. આપણા પ્રદેશમાં અંતરિયાળ ગામડાંમાં રહેવા છતાં જે દીકરીને ક્યારેય ઝાડા-ઊલટી પણ ન થયાં હોય તે માન્યામાં ન આવે તેવી વાત હતી, છતાં હકીકત હતી. એ માબાપે એમની દીકરીની કેવી અદ્‌ભુત કાળજી લીધી હશે એ આ એક જ રોગના દાખલાથી ખબર પડી જતી હતી, કારણ કે સરેરાશ ભારતીય બાળક ૨ વરસનું થાય ત્યાં સુધી એને ત્રણેક વખત જોરદાર ઝાડા-ઊલટી થયાં જ હોય. જ્યારે આ બાળકીને રસીકરણ સિવાય ક્યારેય ડોક્ટર પાસે લઇ જવી નહોતી પડી તે મારી દૃષ્ટિએ એક અદ્‌ભુત બાબત જ હતી.

'માનસિક વિકાસ અત્યાર સુધી કેવો રહ્યો છે? માનસિક વિકાસ એટલે અમારી દૃષ્ટિએ આપણી સામે જોઇને હસવું, તમને ઓળખવા, અજાણ્યા તેમજ જાણીતાનો ભેદ પારખવો, કપડાં પહેરવા-કાઢવામાં મદદ કરવી, બોલતાં શીખવું વગેરે...' મેં વ્યાખ્યા સમજાવી.

'અરે સાહેબ! એ પોણા બે વરસની છે પણ બધું જ બોલતાં શીખી ગઇ છે. તમારી સાથે કલાક સુધી વાતો કરી શકે એવી બુદ્ધિશાળી છે. તમને નવાઇ લાગશે પણ ક્યારેક તો એ જાતે જ ટી.વી. શરૂ કરીને બેઠી બેઠી જોતી હોય છે. અમારા ઘરના સભ્યોને તો ઠીક છે પણ આજુબાજુવાળા સૌને એ નામથી ઓળખે છે અને એમનાં નામ દઇને બોલાવે છે. અમારી બાજુવાળા ચીમનકાકા તો આને જીવતું કોમ્પ્યુટર જ કહે છે અને ચીમનકાકાના મતે તો આ ભવિષ્યની કોઇક વૈજ્ઞાનિક જ છે!' આટલું બોલીને એ ભાઇએ પોતાની પત્ની સામે જોયું. પતિ-પત્ની બંનેના ચહેરા પર ગૌરવપૂર્ણ હાસ્યની એક લકીર છવાઇ ગઇ. એમની બંનેની આંખો જાણે ભવિષ્યના કોઇ સ્વપ્નની ક્ષણો પર ઘડીભર માટે જડાઇ ગઇ.

'ખૂબ સરસ કહેવાય! હવે બાળકીને ટેબલ પર સૂવડાવી દો.' મારા શબ્દોએ એમને ધ્યાનભંગ કરી દીધાં. સ્વપ્નોના સ્વર્ગમાંથી એ લોકો મારી નાનકડી ચેમ્બરમાં પટકાયાં. બાળકીને ટેબલ પર સુવડાવી. એને તો બેસાડો, ઊભી રાખો કે સુવડાવો ગમે તે સ્થિતિમાં હસવું એ એક જ ધંધો હતો. ખિલખિલાટ હસતી એ પડખું ફરીને મારી સામે જોઇ રહી.

મેં બાળકીને તપાસવાનું શરૂ કર્યું. પેટ, ફેફસાં તેમજ હૃદય બિલકુલ બરાબર હતાં. છેલ્લે મેં ચેતાતંત્ર જોવાનું શરૂ કર્યું. એક એક અંગ તપાસતો ગયો તેમ તેમ મારી અંદર એક

*અતિશય દુઃખ અને અતિશય ખુશી બન્ને હાનિકર્તા છે. છતાં ખુશી માટે જ સહુ દોડે છે.*

એક સબાકો ઊઠતો ગયો. અંતમાં બાળકીની આંખો તપાસી અને એના પગની ઘૂંટીઓ અને તળિયાં તપાસ્યાં ત્યાં સુધીમાં આ બધા સબાકાઓએ કોઇ પાકેલ નાસૂરનું સ્વરુપ લઇ લીધું હતું. માબાપને આ બાળકીના સાચા નિદાનની શક્યતા અંગે મારાથી કહી શકાશે કે કેમ એ પણ મને શંકા લાગતી હતી. ડોક્ટરે આવા લાગણીવેડામાં ન જ ફસાવું જોઇએ એ ન્યાયે મેં મનને તરત જ મક્કમ કરી લીધું. તપાસ પૂરી કરીને બાળકીને મેં એના માતાપિતાને પાછી આપી. એ તો આખી તપાસમાં એક પણ વખત રડી નહોતી. બેઉ હાથ ઊંચા કરીને એ તો હાસ્યને ખોબલે ખોબલે એની સામે જોનારને જાણે વહેંચી રહી હતી. એનાં માબાપ પણ એને ખોળામાં લઇને કોઇ પણ જાતની ચિંતા વગર જ બેઠાં હતાં.

'જુઓ!' મે એકાદ વખત ગળું ખોંખારવાનો નિરર્થક પ્રયાસ કર્યો. બે ક્ષણ થોભીને આગળ વધ્યો, 'તમારી બાળકીને એક એવા રોગની શક્યતા મને જણાય છે જેનો ઉપાય વિજ્ઞાન આજ સુધી શોધી શક્યું નથી. આ રોગમાં બાળકના મગજ તેમજ કરોડરજ્જુ અને શરીરની અન્ય ચેતાઓ ઉપરનું સફેદ પડ ધીમે ધીમે ખવાતું જાય છે. જેને અમારી ભાષામાં ડિમાઇલિનેશન (demyelination) કહે છે. જોકે આ તો હજુ મારી ધારણા જ છે. આપણે હજુ તો એની બધી તપાસ કરાવીશું પછી જ ખબર પડશે.' હું થોડીક વાર અટકી ગયો.

એ દંપતી માટે તો આ કુઠારાઘાત સમાન હતું. બંનેમાંથી કોઇ પણ કંઇ પણ સમજ્યું હોય તેવું ન લાગ્યું. ફક્ત એ બંને જણાં બેબાકળાં બની ગયાં હોય તેવું લાગતું હતું. થોડીક પળો એમ જ બંને એકબીજા સામે જોવા લાગ્યાં. ત્યારબાદ મારી સામે જોઇને પેલા ભાઇ બોલ્યા, 'એટલે સાહેબ? અમે કંઇ સમજ્યાં નહીં. તમે જે હમણાં બોલ્યા તે રોગમાં શું થાય?'

'જુઓ!' મેં એમને મગજનો સ્કેચ દોરીને સમજાવતાં કહ્યું, 'આપણા મગજમાં દરેક કોષમાંથી નીકળતા તાંતણા પર માઇલિન નામનું એક સફેદ પડ હોય છે. એ માઇલિનનું પડ જ મગજનો સંદેશો એકેએક અંગ સુધી લઇ જવાનું અગત્યનું કાર્ય કરે છે. જો કોઇ પણ કારણસર એ પડ ખવાઇ જાય તો બાળક ધીમે ધીમે પોતાની ઇચ્છાથી થતાં કાર્યો જેવાં કે બોલવું, ચાલવું, ખાવુંપીવું, વસ્તુઓ પકડવી, ફેંકવી વગેરે કરી નથી શકતું. એ પોતે શીખેલાં કાર્યો પણ ભૂલતું જાય છે. ધીમે ધીમે એનો પોતાના હાથપગ પરનો કાબૂ સંપૂર્ણપણે જતો રહે છે. બાળક લાકડા જેવું થઇ જાય છે. એને આંચકી કે વાઇ-તાણ શરૂ થાય છે. એ ધીરે ધીરે સંપૂર્ણપણે ખાટલાવશ બની જાય છે અને પછી...' આગળના શબ્દો બોલવા મને જરૂરી ન લાગ્યા.

બંને જણાં સ્તબ્ધ થઇ ગયાં. એમના કાન જાણે મારા એકેએક શબ્દને ખંખેરી નાખવા માગતા હોય તેવા ભાવો એમના ચહેરા પર સ્પષ્ટ વરતાતા હતા.

'એટલે સાહેબ? અમારી મુન્ની ...એને...એ...' પ્રશ્ન કેમ પૂછવો એ પેલા ભાઇને નહોતું સમજાતું. પણ એમને શું પૂછવું છે હું જાણતો જ હતો.

'હા ભાઇ! અમુક વસ્તુઓ આપણે ન માની શકીએ એવી બનતી હોય છે. અને આપણે કઠણ થઇને એ સ્વીકારવી જ પડતી હોય છે. અને એક બીજી વાત. હજુ તો મેં જે કંઇ કહ્યું તે તો મારી ધારણામાત્ર છે. મેં કરેલા નિદાનની ખાતરી કરવા માટે આપણે પેશાબની ખાસ તપાસ, ઇ.ઇ.જી. તેમજ એમ.આર.આઇ. નામની તપાસ વગેરે કરાવવું પડશે. ત્યારબાદ આપણે કોઇ ન્યુરો ફિઝિશિયનનો અભિપ્રાય પણ લઇશું જ. હું આશા રાખું અને ભગવાનને પ્રાર્થના પણ કરું છું કે હું ખોટો હોઉં. મેં તમને કહેલી બધી વાત તો ત્યારે જ સાચી માની શકાય જ્યારે મારું ડિમાઇલિનેશનનું નિદાન સાચું પડે.' એ લોકોનો આઘાત ઓછો કરવાના પ્રયત્નોની સાથે સાથે હવે પછી એમને નિદાન પામતા પહેલાં કેટલાં કેટલાં તબક્કાઓમાંથી પસાર થવાનું હતું એનો ચિતાર પણ હું આપવાની કોશિશ કરી રહ્યો હતો.

લગભગ અર્ધોએક કલાક એમને બધી સમજણ પાડવામાં તેમજ અલગ અલગ તપાસનાં ફોર્મ્સ ભરવામાં ગઇ. ભારે હૃદયે ત્યારબાદ એ દંપતી એમની દીકરીને લઇને ગયું. હાસ્યની એ દેવી મારી ચેમ્બરમાંથી ગઇ કે તરતજ 'કલ્લોલ' શબ્દની ક્ષણભંગુરતા સાબિત કરતી શાંતિ છવાઇ ગઇ.

હાલ ૧૯૯૯નું વરસ ચાલી રહ્યું હતું. અત્યારે ફરીથી એ વાત એટલા માટે મને યાદ આવી કે પાંચ વરસ પહેલાં આવેલું એ જ દંપતી ફરી એક વાર મારી ચેમ્બરમાં દાખલ થયું હતું. એમને જોતાંવેંત હું ઓળખી ગયો. અને આજથી પાંચ વરસ પહેલાંનો આખો પ્રસંગ મારા મનમાં ચલચિત્રની માફક ઊભરી આવ્યો. પછી પેલી દીકરીનું શું થયું હશે? એનું શું નિદાન થયું હશે? એ અંગે જાણવાની એક ડોક્ટર તરીકે મને ઉત્કંઠા થઇ આવે એ અત્યંત સ્વાભાવિક હતું.

હજુ તો એ પતિ-પત્ની પૂરાં બેસે એ પહેલાં તો મારાથી પુછાઇ ગયું, 'પેલી દીકરી?...'

'ગઇ સાહેબ! દોઢેક વરસ થઇ ગયું.' ભારે હૈયે અને ગળગળા અવાજે એ ભાઇએ જવાબ આપ્યો.

'પછી તો તમે લોકો ક્યારેય દેખાયાં જ નહોતાં. મને જાણ પણ કરી નહોતી. એ દીકરીને ક્યાંય દેખાડી હતી? આપણે લખેલી કોઇ તપાસ કરાવી હતી?'

'હા સાહેબ! મુંબઇની સારામાં સારી હોસ્પિટલમાં એના એ બધા જ ટેસ્ટસ કરાવેલા. બે અઠવાડિયાં ત્યાં દાખલ પણ રાખેલી. નિદાન તો તમે કહ્યું હતું તે જ આવ્યું હતું. એના મગજના ચેતાતંતુઓ પરનું સફેદ પડ ખવાતું જતું હતું. બે અઠવાડિયાં પછી અમને રજા આપવામાં આવી હતી.' એ ભાઇએ વાત પૂરી કરી.

'સારવાર શું આપેલી?' મારાથી ડોક્ટર

સહજ જિજ્ઞાસાથી પુછાઇ ગયું.

'કંઇ નહીં. તમે કહ્યું હતું એમ જ ત્યાંથી પણ કહેવામાં આવ્યું કે આ રોગની કોઇ જ દવા નથી. હા છેલ્લે થોડીક આંચકીની દવાઓ શરૂ કરેલી. પણ અંતે તો એ પણ કારગત નહોતી નીવડતી. ધીરે ધીરે એ સાવ પથારીવશ થઇ ગઇ હતી. હાથપગ બિલકુલ લાકડા જેવા થઇ ગયેલા. વળી પણ નહોતા શકાતા. મૃત્યુએ એને છોડાવી ત્યારે હસી કે બોલી પણ નહોતી શકતી. અરે! અમને ઓળખી પણ નહોતી શકતી.' એ ભાઇની આંખો ભીની થઇ ગઇ. એમને ગળે ડૂમો બાઝી ગયો હોય તેવું લાગ્યું.

'એનો કોઇ રિપોર્ટ કે કંઇ...' મેં પૂછ્યું

'એના બધા રિપોર્ટ્સ સાચવીને રાખેલા છે. તમારી ફાઇલ પણ રાખી છે.' એમણે ઉત્તર આપ્યો. પછી એ દીકરી જે હવે આ દુનિયામાં નહોતી રહી તેની ફાઇલ મને આપી બધા જ રિપોર્ટસ તેમજ ડોક્ટરે લખેલ પ્રિસ્ક્રિપ્શન્સ તારીખ મુજબ અત્યંત કાળજીથી સાચવેલાં હતાં. મેં ખૂબ જ ધ્યાનથી એ ફાઇલ વાંચી. એકેએક રિપોર્ટ જોયો. મેં કરેલ નિદાન જે મેટાક્રોમેટિક લ્યુકોડિસ્ટ્રોફિના નામથી ઓળખાય છે તે જ સાબિત થયું હતું. ડોક્ટરને મહદંશે પોતાનું નિદાન જ્યારે સાચું પડે ત્યારે આનંદ થતો હોય છે. પણ આ નિદાન તો દુનિયામાંથી હાસ્યના એક પર્યાયને ઉઠાવી ગયું હતું એટલે મને એનો આનંદ થવાને બદલે દુઃખ વધારે થયું.

'બોલો! અત્યારે કેમ આવવું થયું?' દીકરીની ફાઇલ બંધ કરી પાછી એના પિતાને આપતાં મેં પૂછ્યું.

'સાહેબ! આ મારો નાનો બાબો છે. પેલી દીકરી પછીનો.' એ ભાઇએ એમની પત્નીના ખોળામાં બેઠેલા કનૈયાકુંવર જેવા નટખટ અને તોફાની બાળક સામે આંગળી ચીંધીને કહ્યું. છોકરો ખૂબ જ હોશિયાર, ચંચળ અને બોલકો હતો. એક મિનિટ પણ સ્થિર નહોતો બેસી શકતો. અને હાસ્ય તો જાણે ભગવાનને ત્યાંથી પોઠોની પોઠો ભરીને લાવ્યો હોય તેમ વેરતો હતો.

'કેટલી ઉંમર છે એની?' જોતાં જ આનંદિત થઇ જવાય એવા એ બાળક તરફ દૃષ્ટિ માંડતાં મેં પૂછ્યું.

'પોણા બે વરસ.' ભાઇને બદલે આ વખતે બહેન બોલ્યાં.

'શું થયું છે એને?' મેં સવાલ કર્યો.

'એને ડાબો પગ માંડવામાં બે ચાર દિવસથી તકલીફ પડે છે. માંડતાં જ એનો ગોઠણ પાછળ તરફ વળી જાય છે.'

મારી ચેમ્બરમાં જાણે ફરી એક વાર પાંચ વરસ પહેલાં છવાઇ હતી એવી જ શાંતિ છવાઇ ગઇ.

(એ બાળક પણ ત્રણ વરસમાં લાકડા જેવો થઇને અવસાન પામેલો. અને ત્યારબાદ ત્રીજા બાળકની પણ એ જ દશા થયેલી. મોત એક પછી એક બાળકને ઝૂંટવી ગયું. અમે કોઇ કંઇ પણ ન કરી શક્યા. વિજ્ઞાને હજુ આવા રોગને નાથવા સુધીની મંજિલ કાપવાની બાકી જ છે. જ્યાં સુધી તબીબીશાસ્ત્ર આવા રોગોની પાનખરને કાબૂમાં નહીં આણી શકે ત્યાં સુધી આવાં ફૂલોને કરમાતાં અને મૂરઝાઇ જતાં જોવાં જ પડશે.)

***લેખકના પુસ્તક***
***"સાઇલન્સ પ્લીઝ!" માંથી સાભાર***

ઇતિહાસ

# "શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ"નો ઇતિહાસ

## પ્રકરણ-૩

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ભૂમિ પૂજન

સમયના વહેણ સાથે આપણું ભવન બનાવવા માટે પ્લોટની શોધખોળ શરૂ થઇ હતી. લો-ગાર્ડન પાસે એક વિશાળ પ્લોટ જોયો તે બાબતની વાતચીતો ચાલી, મિટિંગો થઇ પણ તેમાં કલકત્તાની કોઇ કંપની ભાડુઆત તરીકે હોતા તે પ્લોટ બાબત વિચાર માંડી વાળવો પડ્યો. અંતે પાલડી બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટીનો પ્લોટ નં. ૪૩/૪૪ બાબત વાતચીત શરૂ થઇ અને સપ્ટેમ્બર '૮૯માં એ પ્લોટ આપણી સંસ્થા માટે યુ.એસ.એ.માં ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સોદો નક્કી કરી રૂા. ૨૮,૭૧,૬૫૧/-માં ખરીદ કરી લીધો. પ્રથમ બાનાની રકમ ચુકવવા પણ પૂરતી રકમ ન હતી. તે સમયે સંસ્થાનાં સ્તંભ તથા મોભી સમા ટ્રસ્ટી શ્રી માવજી ધારશી ફુરિયાએ સમાજના કામ ન અટકે તે માટે રૂા. ૫.૦૦ લાખની લોન આપી અને થોડાજ સમયમાં એ રકમ બિનશરતે દાન તરીકે જાહેર કરી દીધી. સાથોસાથ સમાજમાંથી પણ વ્યાજ વગરની લોનો મેળવવામાં આવી અને પ્લોટની કિંમત ચૂકવી તેનો કબજો મેળવવામાં આવ્યો.

**તા. ૨૪-૬-૯૦નાં રોજ અષાઢી બીજ કચ્છી નવા વરસને દિવસે પાલડી પ્લોટ ઉપર પૂજા ભણાવી ભૂમિ પૂજન કરવામાં આવ્યું અને પ્લોટ ઉપર કુંભ સ્થાપન કરવામાં આવ્યું.**

તેજ વરસે ફરીથી નવરાત્રીમાં તા. ૨૧-૯-૯૦ તથા ૨૨-૯-૯૦નાં રોજ "સંકલ્પ" તરફથી સ્વપ્ન લોકમાં ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ યોજવામાં પણ શ્રી લક્ષ્મીચંદ શામજી છેડાનું યોગદાન સારું રહ્યું.

પ્લોટ લીધેલ ત્યારે તેમાં એક દરજી કુટુંબ તથા બીજું બ્રાહ્મણ કુટુંબ ભાડુઆત તરીકે હતા. તેઓને ખાલી કરાવતા થોડો સમય લાગ્યો. આ કાર્ય પૂર્ણ કરવામાં આપણાં ટ્રસ્ટી શ્રી મણિલાલ કુંવરજી ગોસરનો સારો સહયોગ રહ્યો. ઓક્ટોબર ૧૯૯૩માં ભાડુઆતો ખાલી કરી જતા બંગલો તોડી પ્લોટ સમથળ કરવાનું કામ આરંભવામાં આવ્યું. સાથે સાથે આર્કિટેક્ટ સ્ટ્રક્ચરલ એન્જિનિયર તથા બાંધકામ કોન્ટ્રેક્ટર નક્કી કરવાનું કામ પણ ચાલુ હતું. આ બાબતે આપણાં ટ્રસ્ટીશ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ સારો એવો રસ દાખવ્યો. ઉપરોક્ત બધીજ એજન્સીઓ નક્કી થઇ ગઇ તે પછી ભવનનાં પ્લાનો પણ તૈયાર થઇ ગયા અને તા. ૨૪-૨-૯૪ના શુભ દિવસે શ્રી બાબુભાઇ વી. નાગડા ચાંગડાઇવાળાના હસ્તે ભવ્ય સમારંભ સહિત ભૂમિ પૂજનનો કાર્યક્રમ ઉજવાઇ ગયો. તે દિવસે સાંસ્કૃતિક કેન્દ્ર સહિત લગભગ રૂપીયા ૩૫.૦૦ લાખનાં દાનો જાહેર થયા. અને એ રીતે શ્રી કચ્છી જૈન ભવનનાં બાંધકામનું ખાત મુહૂર્ત થઇ ગયું અને બાંધકામ શરૂ થઇ ગયું.

### • આપણું સ્વપ્ન સાકાર કરવાના મંગલાચરણ :

અમદાવાદમાં વસતા દરેક કચ્છી જૈન પરિવારનું એક સામાજિક સ્વપ્ન એટલે પાલડી ખાતેનું સૂચિત વિવિધલક્ષી સંકુલ! અને એ સ્વપ્નને સાકાર કરતો એક ભવ્ય સમારંભ આપણે આંગણે યોજાઇ ગયો. આપણાં વિવિધલક્ષો સંકુલના પાયા વિધિ અને ભૂમિપૂજન માટેનો આ સમારંભ હતો.

તા. ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૪ને ગુરુવારના વહેલી સવારે ૬.૦૦ વાગ્યા પહેલાં જ, વિવિધલક્ષી સંકુલ માટેના પાલડી પ્લોટ પર ઉત્સાહ અને ઉમંગભર્યા કાર્યકરો પહોંચી ગયા હતા અને પોતપોતાની કામગીરી સંભાળી લીધી હતી. આ શાસ્રોક્ત કાર્યક્રમની શરૂઆતમાં આપણાં જ કચ્છી જૈન ભાઇ અને વિધિકાર શ્રી હીરાલાલ કુબડિયાએ સ્નાત્ર પૂજા કરાવી હતી. આપણું આમંત્રણ સ્વીકારી, અત્રે ખાસ પધારેલ જાણીતા જૈન જ્યોતિર્વિદ શ્રી બાબુભાઇ વી. નાગડા (મૂળ ગામ ચાંગડાઇ-કચ્છ હાલે મુંબઇ) એ ભૂમિપૂજન અંગે સર્વ કાર્યવાહી વિધિસર કરાવી હતી. આ અગાઉ ત્રણ દિવસ પહેલાં તા. ૨૧-૨-૯૪ના સવારના તેઓશ્રીએ સંસ્થાના કાર્યકરોની હાજરીમાં પ્લોટ પર ખનન વિધિ કરાવી હતી.

સ્નાત્ર પૂજા બાદ ભૂમિપૂજનના કાર્યક્રમની શરૂઆત સવારના ૭.૦૦ વાગે થઇ હતી. **નિયત થયેલ સ્થાન પર પ્રથમ ખીલી આપણા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ચંદ્રકાંત કાનજીભાઇ દેઢિયાના હસ્તે રોપવામાં આવી હતી.** સાથે શ્રી હીરજીભાઇ પાસુભાઇ શાહ, શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા, શ્રી મુરજીભાઇ નરશી શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી કાંતિલાલ વેલજી સાવલા અને શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ આ વિધિમાં સહભાગી થયા હતા.

*દરેક એવું ઇચ્છે છે કે અન્યો તેમની લાગણી સમજે પરંતુ પોતે અન્યો તેના માટે શું માને છે તે સમજવા તૈયાર નથી.*

અત્રે પધારેલ આપણાં માનવંતા મહેમાનો શ્રી બિપિનભાઇ કાનજી જૈન (નાની ખાખર), શ્રી બાબુભાઇ મેઘજી શાહ (લાકડિયા), શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા (ડુમરા), શ્રી કાનજીભાઇ કાંતિલાલ મહેતા (ઝરપરા) અને શ્રી ચાંપશીભાઇ દેવશી નંદુ (કકરવા ભચાઉ)ના શુભ હસ્તે ભૂમિપૂજન કરાવવામાં આવ્યું હતું.

**ત્યારબાદ કુંભ સ્થાપના વિધિ આપણાં મહેમાન શ્રીમતી મીનાબહેન નીતિન ભવાનજી દેઢિયા (ગજોડ) ના શુભ હસ્તે કરાવવામાં આવી હતી.** આ વિધિમાં શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા, શ્રીમતી દમયંતીબહેન મહેતા, શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલા, શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ફુરિયા, શ્રીમતી જયાબહેન હીરજી શાહ તથા શ્રીમતી કોકિલાબહેન ભોગીલાલ શાહ સહભાગી થયા હતા.

આ ભૂમિપૂજન દરમ્યાન પ.પૂ. યુવાચાર્યશ્રી વિજય યશોરત્ન સુરીશ્વરજી મ.સા.ની નિશ્રા રહેવા પામી હતી અને તેમની મંગલ વાણીનો લાભ ભાવિકોએ લીધો હતો.

આ ભૂમિપૂજન સમારોહનું અધ્યક્ષ સ્થાન, જાણીતા સામાજિક કાર્યકર, અલ્કેમી કેમિકલ્સ - મુંબઇવાળા **શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી (નાના ભાડિયા)**એ શોભાવ્યું હતું. ભૂમિપૂજન કરાવનારા મહાનુભાવો ઉપરાંત વિશિષ્ટ મહેમાનો તરીકે સમારંભ પર **શ્રી જગશીભાઇ જેઠાભાઇ છેડા (લાયજા), શ્રી મુરજીભાઇ ચાંપશી સાવલા (તુંબડી-ખેડા), શ્રી માલશીભાઇ મેઘજી ચરલા (આધોઇ), શ્રી મૂલચંદ કરમચંદ શેઠ (મુંદ્રા) શ્રી અમૃતલાલ દલીચંદ મહેતા (ભુજ), શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના (સુથરી), શ્રી રવજીભાઇ ખીમજી છેડા (ગોધરા), શ્રી શાંતિલાલ મગનલાલ રાંભિયા (ગોધરા), શ્રી ધીરજલાલ સ્વરૂપચંદ શાહ (ગાંધીધામ) અને શ્રી કુંવરજી નરશી શાહ (કોઠારા)**એ ઉપસ્થિત રહી આપણાં ઉત્સાહમાં ઉમેરો કર્યો હતો.

ગુજરાત રાજ્યના પ્રધાન મંડળમાં કચ્છના એકમાત્ર પ્રતિનિધિ અને રાજ્યના કાયદો, ન્યાય અને ગ્રામવિકાસ ખાતાના માનનીય પ્રધાનશ્રી નવીનભાઇ શાસ્ત્રીની સભામંચ પરની હાજરી ખાસ નોંધનીય રહી હતી.

જુદી જુદી જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, ગચ્છ કે સંપ્રદાય તેમજ કચ્છના જુદા જુદા ભૌગોલિક વિસ્તારમાંથી આવેલ અને અમદાવાદ-ગાંધીનગરમાં સ્થાયી થયેલ બધાજ કચ્છી જૈનો, સંપ સહકાર અને ભાતૃભાવથી, આપણી આ એકજ સંસ્થાના નેજા હેઠળ એકત્રિત થયેલ છે તેના પ્રતીકરૂપે મુંબઇ તેમજ કચ્છથી અત્રે પધારેલ જુદા જુદા વિભાગોના સામાજિક તથા રાજકીય અગ્રણીઓ આ સમારંભના એક જ મંચ ઉપર સાથે ઉપસ્થિત રહેતાં આપણાં સંગઠનને અનુમોદન સાંપડ્યું હતું.

સભાના કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મંચ પર બિરાજમાન માનવંતા મહેમાનોના પરિચય બાદ તેઓનું પુષ્પોથી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અશોકભાઇ મહેતાએ સંસ્થાનો પરિચય, પ્રવૃત્તિઓ અને પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદનો આ વિવિધલક્ષી સંકુલનું બાંધકામ પૂર્ણ કરી શકાય તે માટે સહુ પાસેથી સહકાર માંગેલ હતો.

સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી હીરજીભાઇ પાસુભાઇ શાહ અને શ્રી માવજીભાઇ ધારશી ફુરિયાએ પ્રવચન કર્યા. મંચ પર ઉપસ્થિત મહેમાનો પૈકી, માનનીય મંત્રી મહોદય શ્રી નવીનભાઇ શાસ્ત્રી, કચ્છી જૈન અગ્રણી અને ધારાસભ્ય માનનીય શ્રી બાબુભાઇ મેઘજી શાહ, શ્રી જગશી જેઠાભાઇ છેડા, શ્રી ચાંપશીભાઇ દેવશી નંદુ, શ્રી ધીરજલાલ સ્વરૂપચંદ શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા અને સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન મંચ પરથી **શ્રી જગશી જેઠાભાઇ છેડા પરિવાર (લાયજા)** તરફથી સૂચિત સાંસ્કૃતિક કેન્દ્ર માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/- અંકે રૂા. અગિયાર લાખ તેમજ સંઘવી **શ્રી મુરજીભાઇ ચાંપશી સાવલા પરિવાર (તુંબડી)** તરફથી જૈન આરાધના કેન્દ્ર માટે રૂા. ૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ જેવી માતબર રકમના દાનની ઓફરો જાહેર થતાં જ વાતાવરણમાં એક ઉત્તેજના અને ઉમંગ ફેલાઇ ગયા હતા. ઉત્સાહની આંધી ઉભરી આવી અને દાનનો ધોધમાર વરસાદ શરૂ થઇ ગયો. જોતજોતામાં રૂા. ૩૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંત્રીસ લાખ જેટલા દાનની વર્ષા થતાં, ઉત્સાહ અને આનંદની એક લહેર વ્યાપી ગઇ હતી. શ્રી જગશીભાઇ તથા તેમના પૂ. માતુશ્રી હીરબાઇને પુષ્પોથી વધાવવામાં આવ્યા અને બધા જ દાતાઓનું પુષ્પગુચ્છોથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ વિવિધલક્ષી સંકુલ માટે તેમજ સંસ્થાની અન્ય પ્રવૃત્તિઓ માટે અગાઉ શરૂઆતમાં જ રૂપિયા બત્રીસ લાખ જેટલા દાનની ઓફરો મળી હતી. અગાઉના એ દાતાઓનું પણ પુષ્પગુચ્છોથી અભિવાદન કરવામાં આવ્યું હતું અને સંસ્થાના પાયાના પથ્થર બનવાની તેઓની ઉચ્ચ ભાવનાને ખાસ બિરદાવવામાં આવી હતી.

આજના ભૂમિપૂજનના વિધિકાર શ્રી બાબુભાઇ નાગડાની નિઃસ્વાર્થ સેવા ભાવનાની કદરરૂપે ચાંદીના પતરાં ઉપર તૈયાર કરવામાં આવેલ ખાસ સન્માન પત્ર તેઓશ્રીને અર્પણ કરવામાં આવ્યાં હતાં.

અંતમાં સભાના અધ્યક્ષ સ્થાનેથી પોતાનો પ્રતિભાવ રજૂ કરતાં શ્રી ચંદ્રકાંતભાઇ ગોગરીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ પ્રત્યે આનંદ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. સાથે સાથે કચ્છના ઉત્કર્ષ માટે શ્રી વિવેકાનંદ ફાઉન્ડેશન જે પ્રવૃત્તિઓ કરે છે તેની સરાહના કરી હતી અને એ કાર્યક્રમ માટે સહુના સહકાર માટે અપીલ કરી હતી. **પોતાના પ્રવચન દરમ્યાન શ્રી ચંદ્રકાંતભાઇએ**

***પોતાના કરતાં બીજાના હિતનો ખ્યાલ રાખતાં શીખો.***

**સંસ્થાને રૂા. ૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ જેવી માતબર રકમના અનુદાનની જાહેરાત કરી હતી. જેની ખાસ વિશિષ્ટતા તો એ હતી કે કોઇ પણ જગ્યા સાથે પોતાના નામની તક્તી વિના જ આ દાન આપવાની ઉમદા ભાવના તેઓશ્રીએ દર્શાવી હતી.** તેઓશ્રીની આ ઉચ્ચ વિચારસરણીને ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. પોતાના આ દાનની રકમમાંથી અર્ધી રકમ કચ્છમાં શ્રી વિવેકાનંદ ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓ માટે ફાળવવા શ્રી ગોગરીએ અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ આભાર વિધિ અને રાષ્ટ્રગીતના સમૂહ ગાન સાથે આ સભા પૂર્ણ થઇ હતી.

તા. ૨૪-૨-૯૪ના ભૂમિપૂજન સમારંભમાં મુંબઇ, લોનાવલા, કોલ્હાપુર, સાંગલી, હૈદ્રાબાદ તથા ભુજ, અંજાર, ગાંધીધામ તેમજ લાકડિયાથી આવેલ ૧૦૦થી વધુ મહેમાનોએ આપણે આંગણે પધારી આપણને ઉપકૃત કર્યા હતા. સમારંભનો આ દિવસ જાહેર રજાનો દિવસ ન હોવા છતાં તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ પરીક્ષાઓની કાર્યવાહીમાં વ્યસ્ત હોવા છતાં ૭૦૦થી વધારે સંખ્યામાં સ્થાનિક કચ્છી જૈન ભાઇ બહેનોએ ઊલટભેર ભૂમિપૂજનના આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો તે ઉપરાંત અન્ય કચ્છી અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહી આપણાં આનંદમાં સહભાગી થયા હતા.

આ સભામાં ''સમારંભ શિરોમણિ'' નો લાભ **શ્રી કાંતિલાલ વેલજી સાવલા (ગામ તુંબડી)** એ લીધો હતો પોતાની મધઝરતી વાણીથી આ સભાનું સંચાલન શ્રી કલ્યાણજી હીરજી સાવલા (ઉર્મિલ) એ કર્યું હતું.

બપોરના સ્વામિવાત્સલ્યનો લાભ લઇ સૌ આનંદ વિભોર વાતાવરણમાં છૂટા પડ્યા હતા.

ભૂમિપૂજનનો આ કાર્યક્રમ તા. ૨૪-૨-૯૪ના વહેલી સવારના સાત વાગ્યે શરૂ થનાર હોવાથી, બહારગામથી મહેમાનો તા. ૨૩-૨-૯૪ના સવારથી આવવાની શરૂઆત થઇ ગયેલ હતી. રેલવે સ્ટેશને તેમજ અમદાવાદ હવાઇ મથકે આવી પહોંચેલ મહેમાનોનું સ્વાગત શ્રી મુરજી નરશી શાહ, શ્રી હીરજી પાસુભાઇ શાહ, શ્રી બંસીલાલ મગનલાલ ગડા, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખ ગઢેચા વગેરેએ કરેલ હતું.

શ્રી ખરતરગચ્છની દાદાવાડીમાં તેમજ સરદાર પટેલ સેવા સમાજ વાડીમાં ૨૭ રૂમોમાં મહેમાનો માટે ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેમાનોની સરભરાની જવાબદારી શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી કિશોર મૂળજી લાલકા, શ્રી શામજી હીરજી ગાલા, શ્રી નવદીપ કુંવરજી શાહ, શ્રી ખુશેન્દ્ર ધનજી ધરમશી વગેરેએ સંભાળી હતી.

તા. ૨૩-૨-૯૪ના રોજ મહેમાનોએ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - કોબા તેમજ ''અક્ષરધામ'' ગાંધીનગરની મુલાકાત લીધી હતી. શ્રી મહાવીર ધામ ખાતે, એકત્રિત કરવામાં આવેલ જૈન સાહિત્ય, મૂર્તિઓ વગેરેનો અલભ્ય ખજાનો જોઇ સૌ આશ્ચર્યચકિત થઇ ગયા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયના અક્ષરધામની રચના પણ રસપૂર્વક નિહાળી હતી. આ પ્રવાસ દરમ્યાન બપોરના ભોજનની વ્યવસ્થા હોટલ હવેલી ગાંધીનગર ખાતે શ્રી કાંતિલાલ વેલજી સાવલા તરફથી ગોઠવવામાં આવી હતી.

ગુજરાત રાજ્યના કાયદો, ન્યાયતંત્ર અને ગ્રામવિકાસ ખાતાના પ્રધાન માનનીય શ્રી નવીનભાઇ શાસ્ત્રી તરફથી બપોર પછી ચા-પાણી માટે નિમંત્રણ આવતાં સાંજે સૌ મહેમાનો માટે ગાંધીનગરના તેમના નિવાસસ્થાને મંત્રીશ્રી સાથેની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

ગાંધીનગરથી અમદાવાદ પાછા ફરતાં વચ્ચે સાબરમતી ખાતે શ્રી માવજીભાઇ ધારશી તરફથી પોતાના નિવાસ સ્થાને મહેમાનોનું સ્વાગત કરી સંઘપૂજન કરવામાં આવ્યું હતું.

તા. ૨૩-૨-૯૪ના રાત્રે ભોજન બાદ કચ્છી ડાયરો ''ઈ પાંજે કચ્છડે જો પાણી''નો કાર્યક્રમ દિનેશ હોલ ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં જાણીતા કચ્છી કલાકારો શ્રી લાલ રાંભિયા, ગુલાબ દેઢિયા, વિશનજી મારૂ, પ્રીતિ ગોગરી વગેરેએ મોડી રાત સુધી રંગત જમાવી હતી. ડાયરાના આ કાર્યક્રમના આયોજનની જવાબદારી શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ તથા ધનસુખલાલ મોતીલાલ શાહે સંભાળેલ હતી.

આ સમારંભ સ્થળ પર, આખા પ્લોટને આવરી લેતા, પણ વચ્ચે એક પણ પીલર (થાંભલા) વગરના ભવ્ય મંડપ અને સ્ટેજ સજાવટ લાઇટ, માઇક વગેરે વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી સર્વશ્રી બાબુભાઇ કેશવજી શાહ, આણંદજી વેલજી વીરા, ભવાનજી પ્રેમજી દેઢિયા તથા બંસીલાલ ગડાએ સંભાળી હતી અને છેલ્લા એક અઠવાડિયાથી સતત કાર્યશીલ રહી, ખૂબ જ સારી અસરકારક ગોઠવણ ઊભી કરાવી હતી.

તા. ૨૩-૨-૯૪ના રોજ મહેમાનો માટે ચા-પાણી, ભોજનની તેમજ તા. ૨૪-૨-૯૪ના સ્વામિવાત્સલ્ય ભોજનની સુંદર વ્યવસ્થા શ્રી કિશોર મૂળજી લાલકા, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી રમણીકલાલ શિવજી વોરા, શ્રી ગોવિંદજી કેશવજી નાગડા અને શ્રી રાયચંદ કેશવજી નાગડા વગેરેએ સંભાળી હતી.

બે દિવસના સમગ્ર કાર્યક્રમમાં વિવિધ સ્થળે જરૂરી સ્વયંસેવકોની જવાબદારી શ્રી નવીન વેરશી હરિયા તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ સફળતાપૂર્વક અદા કરી હતી.

આમ તા. ૨૩-૨-૯૪ અને ૨૪-૨-૯૪ બે દિવસનો અવિસ્મરણીય ભરચક કાર્યક્રમ ઉત્સાહના આહ્લાદક વાતાવરણમાં પૂરો થયો હતો.

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ભૂમિ પૂજનના કલર ફોટોગ્રાફ પાના નં.-૩૭ ઉપર આપેલ છે.**

***(ક્રમશઃ)***

***સમયને નષ્ટ ન કરો, બહુજ કિંમતી છે.***

સમાજની ક્ષિતિજો

# પતિ-પ્રેમની ક્ષિતિજોને પેલે પાર

• અનુવાદ : સત્યપાલ સંઘવી •

*પતિ પ્રત્યે નિઃસીમ પ્રેમ દાખવતી નારીઓની કથાઓ ઠેર ઠેર ઝળકે છે. એ પતિ-પ્રેમની ક્ષિતિજોથીયે પેલી પાર નિરતિશય ઔદાર્યશીલ પ્રેમની જે અદ્‌ભુત ઝાંખી એક આધુનિક અમેરિકન નારીના જીવનમાંથી મળી એનું આ કથાનક છે.*

માસાચ્યુસેટ્સ સ્ટેટના (અમેરિકા) વોલ્થેમ શહેરમાં એક નાના ઘરમાં વસતા ટેલર દંપતીથી આ કથાનો આરંભ થાય છે. વર્ષ છે ૧૯૫૦નું.

એડિથ ટેલર પોતાને આજુબાજુના બધા લોકોમાં સૌથી વધુ ભાગ્યશાળી પત્ની માનતી હતી. એડિથ અને એના પતિ કાર્લના લગ્નજીવનને ૨૩-૨૩ વર્ષ વીત્યા છતાં એડિથનું મન કાર્લ ભણી એટલો જ પ્રેમ અનુભવતું હતું. હજીય જ્યારે જ્યારે કાર્લ બહારથી ઘરમાં પ્રવેશતો ત્યારે તેનું હૃદય નિત્ય-નવીન પ્રેમની રીતે ધડકી ઊઠતું. અને એડિથને કાર્લ પણ એટલો જ ચાહતો હોય એમ જોઇ શકાતું. કાર્લ સરકારી ગોદામમાં કર્મચારી હતો. આવી નોકરીને કારણે તેને ઘણીવાર બહારગામ જવાનું થતું ત્યારે એડિથનું મનમાં સતત સ્મરણ હોય એમ કાર્લ દરરોજ પત્ર પાઠવતો. વળી જ્યાં જ્યાં તેનું જવાનું બને ત્યાંથી તે એડિથને ભેટમાં કંઇક ને કંઇક વસ્તુ પણ મોકલતો.

'૫૦ના ફેબ્રુઆરીમાં કાર્લને અમેરિકી સરકારના ઓકિનાવા ખાતેના ગોદામમાં મોકલવામાં આવ્યો. કામ થોડાક મહિના પહોંચે એવું હતું. ઓકિનાવા જેટલું દૂરનું સ્થળ ને આટલો લાંબો ગાળો! હા, આ વખતે કાર્લ તરફથી પ્રેમભેટની વસ્તુઓ ન આવી. પણ એડિથ એનું કારણ કલ્પી શકતી હતી. કાર્લ આ રીતે પૈસા બચાવી ભેગા કરી રહ્યો છે- એમની પોતાની માલિકીનું ઘર લેવાનું એમનું કેટલાય વખતનું સ્વપ્ન હતું.

પણ એડિથ માટે વિયોગના મહિના લાંબા જતા હતા. ક્યારેક ક્યારેક 'હવે તો કાર્લ આવવો જ જોઇએ' એમ એડિથની આશા તીવ્ર થઇ ઊઠતી પણ ત્યાં જ કાર્લનો પત્ર ટપકી પડતો : હજી ત્રણેક અઠવાડિયાં લાગશે. એડિથ આશાભેર એ ગાળો વીતાવી કાઢતી ત્યાં બીજો પત્ર આવતો : હવે તો એકાદ મહિનો જ લાગશે. વળી પાછો પત્ર આવતો : હવે તો બે જ મહિનામાં પાછો આવી લાગીશ. પણ આમ ને આમ લંબાયે જતાં, કાર્લને ગયે એક વર્ષ પૂરું થવા આવ્યું. છેલ્લા મહિનાઓમાં કાર્લના કાગળો પણ ઘટતા ગયા હતા. એડિથને થયું : કાર્લ કોઇ વસ્તુ ન મોકલે એ તો સમજી શકાય, પણ કાગળ...? કાર્લ શું પોસ્ટેજનું નજીવું ખર્ચ પણ ન કરી શકે?

અને એક દિવસે લાંબી શાંતિ પછી કાર્લનો પત્ર નીકળ્યો : 'પ્રિય એડિથ, આપણા બેનું લગ્નબંધન હવે ખત્મ થયું છે એ હકીકત તને જો આઘાત લગાડ્યા વગર જણાવી શકતો હોત...'

લથડતે પગે એડિથ જઇને સોફા પર બેસી ગઇ. કાગળમાં પાછળ વિગત હતી. કાર્લે ઘરકામ કરતી એક જાપાની યુવતી એઇકો જોડે લગ્ન કરી લીધાં હતાં અને તેણે મેક્સિકો રાજ્યને પત્ર દ્વારા છૂટાછેડા મળવા માટે લખી નાખ્યું હતું. એઇકાની ઉંમર ૧૯ની હતી, જ્યારે એડિથની ૪૮ની.

હવે જો આ વાર્તા હોત તો તિરસ્કૃત એડિથનું પાત્ર આ પ્રકારે અપાતા છૂટાછેડા સામે લડત માંડત. એના પતિ પ્રત્યે તથા પોતાના સુખમાં લાહ્ય લગાડનાર સ્ત્રી પ્રત્યે ઘૃણા ને તિરસ્કાર વરસાવત. પોતાની જલી ગયેલી જિંદગી માટે સતત વેરથી પ્રજળ્યા કરત... પણ, ના, અહીં તો જે સાદી-સીધી હકીકત છે, વાસ્તવિક જીવનમાં ખરેખરું બન્યું છે તેનું જ મારે આલેખન કરવાનું છે... એડિથ ટેલરે કાર્લનો તિરસ્કાર ન કર્યો. હા! કદાચ એણે કાર્લને એટલાં વર્ષો લગી ચાહ્યા કર્યો હતો કે હવે એમાંથી અટકવાનું એની શક્તિ બહારનું હતું.

એડિથ પરિસ્થિતિનો ચિતાર ખડો કરી શકી : એકાકી પુરુષ... યુવાન સ્ત્રીનું સતત સાન્નિધ્ય... પણ છતાંય કાર્લે બેશરમ ને સહેલો માર્ગ નહોતો અપનાવ્યો. ઘરકામ કરતી યુવાન છોકરીનો લાભ ઉઠાવવા કરતાં એણે તેની જોડે લગ્ન કરી પૂર્વ લગ્નમાંથી છૂટાછેડા માગ્યા હતા. હા, ફક્ત એક વાત એડિથની સમજમાં નહોતી આવતી. એના હૃદયમાં રહી રહીને પ્રશ્ન જાગતો હતો : બીજું બધું ઠીક પણ કાર્લ કેમ કરીને મને ચાહતો અટકી જઇ શકે? શું એક દહાડો, ક્યાંકથી, કોઇક રીતે કાર્લ શું પાછો નહિ ફરે?

હવે એડિથે આ વિચાર ફરતે પોતાની જિંદગી નવેસર ગોઠવવા માંડી. એડિથે કાર્લને પત્રથી જણાવ્યું કે કાર્લે એડિથને અવારનવાર પોતાના અંગે, પોતાના જીવન અંગે જણાવતા રહેવું. અને કાર્લ એ રીતે લખતો પણ ખરો. થોડા વખત પછી કાર્લનો પત્ર નીકળ્યો કે એઇકોને બાળક આવવાનું છે. '૫૧માં

*પોતાની ઉપર વિશ્વાસ રાખો, તમે ઘણું બધું કરી શકો છો.*

મેરીઆનો જન્મ થયો. બે વર્ષ પછી એઇકાએ હેલનને જન્મ આપ્યો. આ બાળકીઓને એડિથ ભેટ પણ મોકલતી. એડિથનું કાર્લને પત્રો લખવાનું ચાલુ હતું. કાર્લ તરફથી પણ પત્રો આવ્યા કરતા : એક પત્રમાં હોય કે હેલનને નવો દાંત ફૂટે છે તો વળી બીજામાં હોય કે એઇકોનું અંગ્રેજી સુધરતું જાય છે તો ત્રીજામાં પોતાનું વજન હમણાં ઘટી ગયું છે એવા સમાચાર હોય.

અને એક દહાડે એડિથનું હૃદય વિદારી નાખે એવો પત્ર નીકળ્યો. કાર્લ લંગ-કેન્સરના પંજામાં સપડાયો છે ને મૃત્યુ ધીરે ધીરે આગળ આવી રહ્યું છે. કાર્લનો છેલ્લો કાગળ ચિંતાઓ ને બીકથી ભરેલો હતો. કાર્લને અલબત્ત પોતાનો ડર નહોતો સતાવતો પણ એઇકો અને નાની બાળકીઓનું શું? મેરીઆ અને હેલનના અમેરિકામાં શિક્ષણ-પ્રબંધ માટે એણે બચત કરવા માંડેલી પણ માંદગીના ખર્ચમાં ને હોસ્પિટલના બિલોમાં બધુંય તણાઇ જતું હતું....

એડિથના હૃદયે પોકાર કર્યો કે મૃત્યુ તરફ ધસી રહેલા કાર્લ માટે પોતા તરફની અંતિમ ભેટ કાર્લને અંતિમ માનસિક શાંતિ બક્ષવાની જ હોઇ શકે. એડિથે કાર્લને જણાવ્યું કે જો એઇકોની સંમતિ હોય તો પોતે મેરીઆ અને હેલનને પોતા પાસે વોલ્થેમમાં રાખી ઉછેરશે.

કાર્લનું મૃત્યુ થયું. પણ મૃત્યુ બાદ કેટલાય મહિના લગી એઇકાનું દિલ દીકરીઓને પોતાથી છૂટી કરવા કહ્યું નહોતું કરતું. આખરે તો એ બાળકીઓ જ એનું સર્વસ્વ હતી! પણ પોતે એની દીકરીઓને આપી પણ શું શકે એમ હતી - સિવાય કે ગરીબી, ગુલામી ને આશાહીન જિંદગી? છેવટે ૧૯૫૬ના નવેમ્બરમાં એઇકો પોતાના સંતાનોને એમની 'વહાલી આન્ટ' એડિથ પાસે મોકલવા સંમત થઇ.

એડિથ સમજતી હતી કે ૫૪ વર્ષની પાકટ વયે ત્રણ ને પાંચ વર્ષની બાળકીઓની માતા થવાનું કામ કપરું હતું. કાર્લના મૃત્યુ બાદના ગાળામાં, જે કંઇ થોડું ઘણું અંગ્રેજી એમને આવડતું હતું તે પણ બંને ભૂલી ગઇ હતી. પણ એડિથ હવે માતા બની હતી. મેરીઆ અને હેલને ઝડપથી શીખવા માંડ્યું. એમની આંખમાં અગાઉ ડોકાતી બીક હવે ચાલી ગઇ હતી. એમના ગાલ હવે ભરાવા માંડ્યા હતા. છેલ્લા છ વર્ષમાં પ્રથમ વાર હવે કામેથી વળતાં એડિથને ઉતાવળ થતી હતી! રસોઇ કરવામાં હવે એડિથને નવા જ આનંદનો અનુભવ થતો હતો.

પણ એઇકો તરફથી કાગળો આવતા ત્યારે એડિથની પળો વિષાદમય બની જતી. એઇકો દીકરીઓના સમાચાર માટે ઝંખી રહેતી : 'આન્ટ, એ બંને હવે શું કરે છે એ જરૂર લખજો... હવે તો મેરીઆ ને હેલન નહિ રડતી હોય...!' પણ આ પ્રશ્નોમાં વ્યક્ત થતી એકલપણાની વ્યથા એડિથે એઇકોના ભાંગ્યા તૂટ્યા અંગ્રેજીમાંથી પણ વાંચી લીધી એના મનમાં પોકાર ઊઠતો હતો : મારે હવે આ છોકરીઓની માતાને પણ બોલાવી લેવી જોઇએ... બોલાવી લેવી જોઇએ...

એડિથે નિશ્ચય કરી લીધો. પરંતુ એઇકો જાપાની નાગરિક હતી એટલે એમને એમ આવી શકાય એમ નહોતું. અમેરિકા આવવા માગતા પરદેશીઓની યાદી એટલી લાંબી હતી કે એ રીતે છૂટ મળતાં તો વર્ષો લગી રાહ જોવી પડે. એડિથ ટેલરે આ બીના મને જણાવી મારી મદદ માંગી. મેં આખો કિસ્સો મારા પત્રની કોલમોમાં ઝળકાવ્યો. તે જોડે સહાનુભૂતિપૂર્ણ લોકોએ પણ ઘણું ઘણું કર્યું. સરકારને વિનવતા આવેદનપત્રોની રફતાર ચાલી... અને ૧૯૫૭ના ઓગસ્ટમાં એઇકો ટેલરને યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશવાની પરવાનગી મળી ગઇ.

ન્યુયોર્કના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર વિમાન ઊતર્યું ત્યારે એક ક્ષણિક શંકા એડિથના મનને ડારી ગઇ : ધારો કે પોતા પાસેથી કાર્લને છીનવી લેનાર સ્ત્રીને જોતાં એને ધિક્કાર જાગશે તો?...

વિમાનમાંથી છેલ્લે ઊતરનાર એક તદ્દન પાતળી ને નાજુક છોકરી હતી. એડિથને ઘડીભર તો થયું કે આ કદાચ કોઇક બાળક તો નથી ને?... પણ એ એઇકો હતી ને ત્યાં રેલિંગના સળિયાને હાથમાં ખૂબ જકડીને ઊભી રહી હતી. એડિથ સમજી ગઇ કે જો પોતાને પણ પેલો ડર છે તો એઇકો તો ભયથી મુંઝાઇને મરી જ જતી હશે...

એડિથે બૂમ પાડી : 'એઇકો...!' અને પગથિયાં ઊતરી એઇકો એડિથના પહોળા થયેલા બાહુમાં સમાઇ ગઇ. એ બંને એક બીજાને વળગીને ઊભાં હતાં ત્યારે એડિથના મનમાંથી એક અનોખો વિચાર ઝબકી ગયો : 'કાર્લ પાછો ફરે એવી મારી પ્રાર્થના હતી ને હવે કાર્લ પાછો ફર્યો છે- એની બે નાની દીકરીઓ તથા એની પ્રેમ-ભાગી આ નમણી છોકરીના સ્વરૂપે. ઓહ! ભગવાન, એને પણ ચાહવાનું મને બળ આપજે.'

તા.ક. : બોબ કોન્સીડાઇન દ્વારા 'Guide Posts'માં આ કથા ઝળકી તે પછી સાત વર્ષ વીતી ચૂક્યાં છે. એડિથ, એઇકો ટેલર ને બે ઊછરી રહેલી બાળાઓ, બધાં પેલા વોલ્થેમના ઘરમાં સાથે સુખથી જીવન જીવી રહ્યાં છે. મેરીઆ, જે શાળાભ્યાસમાં સારી પ્રગતિ દર્શાવી રહી છે તથા હેલન, જે 'બોસ્ટન સ્કૂલ ઓફ બેલે'માં નૃત્યશિક્ષણ લઇ રહી છે, એ બંને માટે 'આન્ટ એડિથ' ગૌરવવંતી બીજી મા બની ગયેલ છે. એઇકોનું અંગ્રેજી ખૂબ સુધરી ચૂક્યું છે ને તે છૂટથી બોલે છે. કદાચ તે આ વર્ષે જાપાન જઇ પોતાના કુટુંબને મળી આવવા વિચારે છે. એડિથ લખે છે : 'જો કે ઇશ્વરે જેને હું ખૂબ ચાહતી હતી એની જિંદગી છીનવી લીધી છે પણ બદલામાં મને એણે ત્રણ જિંદગીની ભેટ કરી છે... ભગવાન તારો કેટલો ઉપકાર!'

***અનુવાદ : સત્યપાલ સંઘવી***

***('ગાઇડ પોસ્ટસ'માંથી સાભાર)***

# અંધશ્રદ્ધા વિ. શ્રદ્ધા

• શાંતિલાલ સંઘવી •

આપણા દેશની પ્રજા ધાર્મિક પ્રકૃતિની ગણાય છે. આપણા ઉપર કોનો પ્રભાવ વધારે છે? શ્રદ્ધાનો કે અંધશ્રદ્ધાનો? સ્પષ્ટ જ જોવા મળે છે કે સાચી શ્રદ્ધાનો પ્રભાવ નહિવત્ છે જ્યારે અંધશ્રદ્ધાનો પ્રભાવ અનેકગણો વધારે છે. લોકો જેને શ્રદ્ધા તરીકે ઓળખાવે છે તે મોટેભાગે અંધશ્રદ્ધાનો જ કોઇ પ્રકાર હોય છે. સાચી શ્રદ્ધા જવલ્લે જ જોવા મળે છે.

આજે હવે જ્યારે વિજ્ઞાને કલ્પનામાં પણ ન આવે એવી પ્રગતિ કરી છે ત્યારે પણ લોકો વિજ્ઞાનપૂર્વક વિચારતા નથી. આજે પણ બાળકનો જન્મ થાય ત્યારે રાશિ જોવડાવીને તેનું નામ પાડવામાં આવે છે. બધાને ખબર જ છે કે બાળકનું નામ લક્ષ્મીચંદ હોય કે ગરબડદાસ હોય તેનાથી તે બાળકના ભાવિ ઉપર અને તેના સુખ દુઃખ ઉપર નામની અને રાશિની કશી જ અસર પડવાની નથી. સમગ્ર જીવન કર્માનુસાર જ વીતવાનું છે - નામ ગમે તે પાડો.

અનેક લોકો એકજ 'શુભ' દિવસે લગ્નગ્રંથિથી જોડાય છે. બધાને ખબર છે કે એકજ દિવસે અને એકજ મૂરતે લગ્ન કરનારા બધા સરખા જ સુખી કે સરખા જ દુઃખી થતા નથી. અત્રે પણ જે જીવન વીતે છે તે કર્માનુસાર જ વીતે છે - ગમે ત્યારે લગ્ન કરો તો પણ.

અનેક લોકો કમૂરતા અને સમૂરતામાં માને છે. વળી લોકો તો કમૂરતામાં કોઇ શુભ કામ કરતા નથી. અરે, લોકો તો વાહન ખરીદવું હોય તો પણ કમૂરતામાં ખરીદતા નથી. બધા જ લોકો જાણે છે કે ધનતેરસ અથવા દશેરા અથવા લાભપાંચમના દિવસે ખરીદેલી ગાડીના પણ એક્સિડન્ટ થતા હોય છે. થનારા એક્સિડન્ટને કમૂરતા-સમૂરતા નડતા નથી.

અનેક લોકો જન્મકુંડળીમાં માને છે. જુદા જુદા ગ્રહોની અસરમાં માને છે. ગ્રહ એને કહેવાય જે પરપ્રકાશિત હોય પણ સૂર્ય સ્વપ્રકાશિત છે - તે તારો છે, ગ્રહ નથી. છતાં જન્મકુંડળીમાં સૂર્યની અસર સ્વીકારે છે. તારાની અસર થતી હોય તો બ્રહ્માંડમાં અબજો તારા છે.

બધાને ખબર છે કે બ્રહ્માંડમાં સમય જેવી કોઇ વસ્તુ નથી. બ્રહ્માંડમાં નથી વરસ, નથી માસ, નથી દિવસ રાત, નથી કલાક કે મિનિટ કે સેકન્ડ છે માત્રકાળ. આ જરા અઘરો વિષય છે કાળની વ્યાખ્યા કરવા માટેના ગ્રંથો લખવા પડે. માત્ર પૃથ્વી, સૂર્ય, ચંદ્ર વગેરેની ગતિ સાથે આપણો સંબંધ નક્કી કરવા અર્થે આપણે સમયની ગોઠવણી કરી છે. બ્રહ્માંડમાં કોઇ પળ અશુભ નથી કે શુભ નથી. છતાં લોકો ચોઘડિયાંઓમાં માને છે! અમુક દિવસ શુભ અને અમુક દિવસ અશુભમાં માને છે!

આ બધું માત્ર આપણને જ કેમ નડે છે? જગતના અન્ય દેશોના લોકોને કેમ કશું નડતું નથી? સ્વામી વિવેકાનંદ કમૂરતામાં જન્મ્યા હતા તો પણ આવા સાધારણ તેજસ્વી કેમ બન્યા? કમૂરતામાં જન્મી અને મરી શકાય તો પછી લગ્ન કેમ ન કરી શકાય?

લોકો શ્રાદ્ધના દિવસોમાં પણ શુભ કાર્ય નથી કરતા (અશુભ કાર્યો કરી શકે છે)

હવે જ્યારે જાહેર થઇ ચૂક્યું છે કે સૂર્યદેવ, ચંદ્રદેવ, અગ્નિદેવ, વાયુદેવ, વરુણદેવ, ઇન્દ્ર વગેરે જેવા કોઇ દેહધારી હાથપગવાળા દેવ અસ્તિત્વ ધરાવતા નથી. છતાં લોકો તેમની મૂર્તિઓ બનાવીને, મંદિરો બનાવીને, તેમને પૂજે છે અને એ દેવો આપણી ભક્તિ જોઇને કશુંક ભલું કરી આપશે એમ માને છે. આજ બાબત તમામ જગદંબા માતાજીઓને પણ સમાન રીતે લાગુ પડે છે.

ઘણા લોકો નવી ગાડી ખરીદે ત્યારે ગાડીના મનગમતા નંબર મેળવવા માટે ગાડીની મૂળ કિંમત કરતાં પણ ઊંચી કિંમત ચૂકવે છે! તેઓ માને છે કે અમુક નંબરો લકી છે!

કેટલાક લોકોને ભૂવા ધૂણે અને બોલે એને સાચું માની લે છે. કેટલાક વાસ્તુશાસ્ત્રને તો કેટલાક ફેંગશૂઈ ને તો કેટલાક ટેરોકાર્ડને તો બીજા ઘણા ગપ્પીદાસ જ્યોતિષીઓની ગપ્પાબાજીને સાચી માની લે છે. કેટલાક તો વળી અમુક પ્રકારના યજ્ઞો કરીને ભારતની ક્રિકેટ ટીમને જીતાડી દેવા માગે છે! કેટલાક પરીક્ષામાં પાસ કરી દેવા કોઇ દેવને વિનવે છે! ભગવાન એને જરૂર (મહેનત કર્યા વગર પણ) પાસ કરાવી દેશે એમ માને છે.

આ તમામ બાબતો નંબર વન તૂત છે. દેખાય છે ક્યાંય સાચી શ્રદ્ધા? બધે જ કાં તો કોઇ પ્રકારનો ડર કામ કરે છે અથવા કોઇ પ્રકારનો સ્વાર્થ કામ કરે છે. દરેક જગાએ કાંઇક ઇચ્છા છે, માગણી છે. તો ક્યાંક વળી કશું જ સમજ્યા વગરના લોલે લોલ કરતા હરખપદૂડા અબદુલ્લા દિવાનાઓ પણ છે.

કેટલાક તો કોઇક પ્રકારનું જૂનું વર્ષ પૂરું થાય અને નવા વર્ષની શરુઆત થાય ત્યારે ફટાકડા ફોડે છે! કોઇક ટીમ જીતી જાય અથવા કોઇક ટીમ હારી જાય ત્યારે ફટાકડા ફોડે છે! આવા લોકોને સમજવા મુશ્કેલ છે.

બધાને ખબર છે કે સૂર્યને પત્ની કે બાલ બચ્ચાં ન હોય છતાં લોકો લગ્ન પ્રસંગે રાંદલમાતા તેડાવે છે. રાંદલ એટલે સૂર્યની પત્ની. સૂર્યની પત્ની શું કરી દેવાની?

કેટલાક લોકો અમુક પ્રકારના રુદ્રાક્ષને 'ચમત્કારી' ગણે છે તો કેટલાક જમણી-ડાબી તરફ વાળા શંખને ચમત્કારી માને છે તો કેટલાક લાલ, પીળા, કાળા ધોળા પત્થર (નંગ)ને ચમત્કારી માને છે હવે આ બધાને કોણ સમજાવે?

હનુમાનજીની મૂર્તિને સિંદૂર લગાડવામાં આવે છે. કેટલાક વર્ષો પહેલાં એક ધર્મગુરુ એ આ બાબતનું રહસ્ય જણાવતાં પોતાના

*વર્તમાનને આનંદથી જીવો અને ભવિષ્યમાં આવનાર દુઃખથી બચો.*

પ્રવચનમાં કહેલું કે સીતાજી માથાની સેંથીમાં સિંદૂર પૂરતા. હનુમાનજીએ માની લીધું કે આ સિંદૂરના કારણે જ સીતાજી રામજીની નિકટ સદા રહે છે એટલે તેમણે પણ પોતાના શરીર પર સિંદૂર લગાડવાનું શરૂ કર્યું! પછી લોકોએ હનુમાનજીની મૂર્તિઓ પર સિંદૂર લગાડવાનું ચાલુ રાખ્યું!

ગણેશજીને તો આપણે 'દૂધ પીતા' કર્યા તે તો બધાને ખબર છે. ગણેશજીએ માતાજીને પેટે જનમ લીધો ન હતો પણ તેઓ પ્રગટ થયા હતા.

જે રામે ૧૪ વર્ષના વનવાસ માટે ચાર જોડી કપડાં તથા ઓઢવા-પાથરવાનું પણ લીધા વગર વનવાસ કર્યો તેને તથા જે કૃષ્ણે પોતાના માટે કશું જ રાખ્યા વગર તમામ સંપત્તિ યાદવોમાં વહેંચી દીધેલી તેને તથા જે વર્ધમાન મહાવીરે પોતાની પાસે કપડાનો એક નાનો ટૂકડો પણ પરિગ્રહરૂપે રાખ્યો ન હતો તે બધાને આપણે સોના-ચાંદી-હીરા-મોતી-રત્નોથી સજાવીએ છીએ.

આવું બધું આપણે એટલા માટે કરીએ છીએ કે આપણે એમ માની લીધેલું છે કે એ રીતે જે-તે ભગવાન અથવા દેવ કે દેવી રાજી થઈને આપણું 'કંઇક' કરી આપશે! આપણે આવા જ કારણસર લક્ષકુંડી કે સહસ્રકુંડી તથા અન્ય પ્રકારના યજ્ઞો અને હોમ-હવન કરીએ છીએ, અખંડ જાપનો પણ બંદોબસ્ત કરીએ છીએ, ક્યાંક વળી અખંડ દીપ પણ જલતો હોય છે તો ક્યાંક વળી નોટબુકમાં સવા લાખ કે કરોડ ભગવાન નામ કે મંત્ર લખતા હોઇએ છીએ. આ કે તે કરવાથી આપણા દુઃખો અને તકલીફો દૂર થઇ જશે અને આપણને સુખ મળશે એમ માનીએ છીએ. ભગવાન કે દેવ કાંઇક ચમત્કાર જરૂર કરશે એવી શ્રદ્ધા એટલે કે અંધશ્રદ્ધા રાખીએ છીએ.

હજારવાર કહેવામાં આવે કે કોઇ કશું જ કરતું નથી, કરી શકે પણ નહીં, જે થાય છે તે કુદરતના નિયમો Law of Nature મુજબ જ થાય છે અને થશે જ એવો દઢ વિશ્વાસ દેખાતો નથી.

વળી કેટલાક માનસિક રીતે ઢીલાપોચા લોકો તો શનિ-મંગળ અને ધંધાદારી જ્યોતિષીઓને શરણે જાય છે.

બિચારા જ્યોતિષીઓ દરેક અખબારમાં જાત જાતની જાહેરાતો પોતાના પૈસે આપતા હોય છે અને સવારથી જ કોઇ ગ્રાહક આવે એની રાહ જોતાં પોતાનું નસીબ ક્યારે ખુલે તેની ફિકરમાં હોય છે. માત્ર આટલી જ અંધશ્રદ્ધાઓ પૂરી થતી નથી. હજુ બીજા અનેક પ્રકારો બાકી છે.

તો સાચી શ્રદ્ધા એટલે શું? એ પ્રશ્ન ઊભો થાય છે. મારા મનથી તો સાચી શ્રદ્ધા એટલે માત્ર આપણી પૃથ્વીનું જ સંચાલન નહીં પણ સમગ્ર બ્રહ્માંડનું અબજો પૃથ્વીઓ અને અબજો સૂર્યો અને અબજો તારાઓ અને આકાશગંગાઓનું સંચાલન કરનાર પરમશક્તિ-પરમાત્મા પરની શ્રદ્ધા.

આ પરમશક્તિ-પરમાત્માનો એક અંશ દરેકેદરેક મનુષ્યના હૃદયમાં રહેલો જ હોય છે જેને આપણે અંતરાત્મા કહીએ છીએ. આ અંતરાત્મા (Hot Line) પર હર ક્ષણ હાજર જ હોય છે એ કદી દગો દેતું નથી ક્યારેય છેતરતું નથી. અંતરાત્માની સલાહ અને દોરવણી મુજબ વર્તનારનું અંતે જતાં કલ્યાણ જ થાય છે. એમ માનીને સમતા રાખવી, શક્ય એટલા રાગ-દ્વેષથી મુક્ત રહેવું અને સતત શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ કર્યા જ કરવો. કદી નિરાશ થઇને રોઇ રડીને બેસી રહેવું નહીં અને પરમાત્મા સિવાય અન્યનું શરણ સ્વીકારવું નહીં એ જ સાચી શ્રદ્ધા. કોઇ ચોક્કસ તીર્થે ને ચોક્કસ દિવસે ત્યાં લાખો 'ભક્તો'ની ભીડ થાય તો પણ તેનાથી પોતાનું કે સમાજનું કે રાષ્ટ્રનું કશું જ ભલું થતુ નથી. કોઇ ગરીબ કે દુઃખી ને કશી રાહત માયાનો ચમત્કાર થતો નથી, એના માટે તો મહેનત કરવી પડે છે.

અને આથી સમગ્ર યુવા પેઢીને બન્ને હાથ જોડીને મારી અરજ છે કે મિત્રો, પરંપરાવાદી ન બનો, રૂઢિવાદી ન બનો, લોલેલોલ ન કરો, બધા કરે છે માટે ન કરો. કોઇને અન્યાય ન થાય અને કોઇને નુકસાન ન થાય એ રીતે પોતાની રીતે પોતાના ભેજાનો ઉપયોગ કરીને કાંઇક નવું કરો. Out of Box કરો.

કહો ગોર મહારાજને કે ખરાબમાં ખરાબ દિવસ, અશુભમાં અશુભ મૂરત અને સૌથી ભયાનક ચોઘડિયું શોધી આપે અને લગ્ન સહિતના નાનાં મોટાં તમામ શુભ કાર્યો આવા જ સમયે હિંમતપૂર્વક કરો અને શુભ-અશુભ ના માથામાં ખીલો ઠોકો. ક્યારેય કોઇ સેલિબ્રિટીની નકલના કરશો એ બધા જ બિચારા દુઃખિયારા જીવો છે અને દયાને પાત્ર છે. ક્યારેય કોઇ વીઆઇપીથી પ્રભાવિત થશો નહીં કારણકે એ બધાજ સોનાના વરખ નીચે છુપાયેલા પિત્તળના પદાર્થો છે.

આપણા બાપદાદાઓ પાસે વૈજ્ઞાનિક માહિતીનો અભાવ હોવાથી તેમણે જાત જાતના થાંભલાઓને પકડ્યા હતા. પણ હવે આપણને એકેય થાંભલાની જરૂર નથી. કોઇપણ દેવ, દેવી કે ભગવાનને ફુસલાવવાની ક્યારેય કોશિશ ન કરવી જોઇએ.

અંતમાં પીપા ભગતની માત્ર એકજ પંક્તિ સદા યાદ રાખવી "પીપા પાપ ન કિજીયે તો ધરમ કિયો સો બાર" જે કશું ખોટું ન કરતા હોય તેણે ધરમ કરવાની કશી જ ગરજ ન હોવી જોઇએ. આપણે જો કશું ખોટું કરતા નથી તો આપણે જયાં છીએ- જેવા છીએ તેવા બરાબર જ છીએ એવી શ્રદ્ધા રાખવી.

કોઇ કહેતું નથી કે ભગવાન ને હું ભરપૂર પ્રેમ કરું છું. કોઇ કહેતું નથી કે બધાજ દેવી-દેવતાઓ સાથે મારો પ્યાર મહોબતનો સંબંધ છે. કોઇ કહેતું નથી કે શનિ-મંગળ સાથે મારે લવ એફેર છે. કોઇ કહેતું નથી કે અમારા કુળદેવી-કુળદેવતા-દેવસ્થાન સાથે મારો જીગરી દોસ્ત જેવો સંબંધ છે. જયાં જુઓ ત્યાં બસ, ડર-ડર ને ડર. માત્ર ભય આને કહેવાય ભક્તિ? આને કહેવાય શ્રદ્ધા?

સાડી સાતસો વર્ષની ગુલામી ભોગવ્યા પછી પણ આપણી મતિ પરિશુધ્ધ થઇ નથી. ભગવાનો અને દેવી-દેવતાઓની દુકાનો ધમધોકાર ચાલે છે, ત્યાં બિલ્કુલ મંદી નથી. લોકો ભલે ભૂખે મરતા હોય.

જરૂર છે આત્મવિશ્વાસ, હિંમત અને સ્વતંત્રબુદ્ધિની (એ ક્યાં મળે?)

ટૂંકમાં ખુદ ભગવાન પ્રત્યે કે પછી કોઇ દેવ કે દેવી કે કોઇ દેવસ્થાન કે ગ્રહ-નક્ષત્ર કે કોઇપણ પૂજનીય તત્ત્વ પ્રત્યેના ડરથી કરવામાં આવતી તમામ ક્રિયાવિધિઓ નિરર્થક છે તથા આપણી સ્વાર્થવૃત્તિના પુરાવારૂપ છે.

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

***સુખી તે નથી જેની પાસે અધિક ધન હોય. સુખી તો તે છે જેની જરૂરિયાત સીમિત હોય.***

સરદાર સરોવર – નર્મદા

# નર્મદા યોજના : માત્ર રળિયામણું સ્વપ્ન?

• ડૉ. વિદ્યુત જોષી •

*હાલના તબક્કે નર્મદા યોજનાની અફસોસજનક અવદશા પ્રત્યે અમે ખૂબ ચિંતિત છીએ. બંધનું કામ આગળ ચલાવવા અને નહેરો બનાવવાના કામમાં શું અડચણ છે તે સમજાતું નથી. પેટા નહેરના કાર્યોમાં લગભગ શૂન્ય પ્રગતિ છે. આ એક દુ:ખદ પરિસ્થિતિ છે. છ દાયકા જૂનો પ્રોજેક્ટ ક્યારે પૂરો થશે તે અત્યારે કહેવું અશક્ય છે.*

*નહેરો, પાણીની ન્યાયિક વહેંચણી તથા તેનું યોગ્ય વ્યવસ્થાપન, ગ્રામસ્તરે મંડળીઓની રચના વગેરે જેવા અનેક મોટાં કામો બાકી છે. ભવિષ્યની જરૂરી જળનીતિ સરકારે બનાવી નથી. અસંખ્ય લોકો પાણી વગર જે તકલીફ ભોગવી રહ્યા છે તેમાં મુખ્યત્વે ખેડૂતોને ગણાવી શકાય. પ્રશ્નો અનેક છે પણ સરદાર સરોવર નર્મદા નિગમના હોદ્દેદારો અને વહીવટદારો મૌન છે. તેથી યોજનાને મદદ કરનારા વિવિધ સંગઠનો અને યોજનાને પ્રતિબદ્ધ એવા નાગરિકો વિમાસણમાં છે.*

*પ્રજાનો અવાજ ઊભો કરવાની તાતી જરૂરિયાત દેખાઇ રહી છે. નિગમ સૌનો સાથ લે અને સાચી વાતથી માહિતગાર કરે તો માર્ગ મોકળો થાય.*

*આ વિગતના સંદર્ભમાં ડૉ. વિદ્યુત જોષીનો માહિતીસભર લેખ "નર્મદા યોજના : માત્ર રળિયામણું સ્વપ્ન" અત્રે પ્રસ્તુત છે.*

*ગૌતમ ઠાકર : મંત્રી, નર્મદા અભિયાન*

તાજેતરમાં કલ્પસર શરૂ કરવાના સમાચાર આવ્યા ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતના નાગરિકોએ-લોકોએ (પ્રજાએ નહીં- પ્રજા તો રાજાશાહીમાં હોય, લોકશાહીમાં તો સમાન અધિકારો ધરાવતા નાગરિકો હોય) જોયેલાં સહિયારાં સ્વપ્નની વાતો યાદ આવી ગઇ. કેવડિયા પાસે ૧૩૮ મીટર ઊંચા અને ૧૬૦૦ મીટર લાંબા નર્મદા બંધથી રચાનારા સરદાર સરોવરમાં ૭.૭ મિલિયન એકર ફીટ પાણીનો સંગ્રહ થશે. ૪૬૦ કિ.મી. લાંબી મુખ્ય નહેરમાં એકી સમયે ૪૦,૦૦૦ ક્યુસેક પાણી વહેશે. કેનાલ બેડ પાવર હાઉસમાં ૧૫૦૦ મે.વો. વીજળી પેદા થશે. ગુજરાતના બાર જિલ્લાઓમાં ૧.૯૨ લાખ હેક્ટર જમીનને સિંચાઇ મળશે. ગુજરાતના આઠ હજાર બિનસ્રોત (નો સોર્સ) ગામો અને ૧૩૫ નગરોને પીવાનું પાણી મળશે. જેમની જમીન ડુબાણમાં ગઇ તે બધા આદિવાસીઓનું સુંદર પુનવર્સન અને વિકાસ થશે. જગતનું મોટામાં મોટું એટલે કે ૭૫,૦૦૦ કિ.મી.નું કેનાલ નેટવર્ક થશે. ૩૩૦૦ ગામોમાં પાણી મંડળી બનશે અને લોકભાગીદારીવાળી સિંચાઇ વ્યવસ્થાનું નિર્માણ થશે.

આવું સ્વપ્ન સાકાર કરવા માટે બાબુભાઇથી માંડીને નરેન્દ્ર મોદી સુધીની તમામ સરકારોએ પ્રયત્નો કર્યા. એટલું જ નહીં, સરકારને જ્યાં જ્યાં ગુજરાતના લોકોના ટેકાની જરૂર પડી ત્યાં પક્ષાપક્ષીથી પર રહીને ગુજરાતના લોકોએ અને નાગરિક સમાજની સંસ્થાઓએ ટેકો કર્યો. એ પછી મેઘા પાટકર હોય, બાબા આમ્ટે હોય, વર્લ્ડ બેંક હોય, જગતભરના પર્યાવરણવાદીઓ હોય, કોર્ટના કેસ હોય કે સૈફુદ્દીન સોઝ હોય-જેણે જેણે જ્યારે નર્મદા યોજનાનો આંશિક કે સમગ્રતયા વિરોધ કર્યો હોય ત્યારે ત્યારે ગુજરાતના લોકોએ સફળતાથી આ લોકો સામેની લડાઇ જીતીને નર્મદા યોજનાનું સ્વપ્ન સાકાર કરવામાં મદદ કરી છે.

તો પછી શું થયું એ સુનહરા સ્વપ્નનું? આજથી સાતેક વર્ષ પહેલાં કેન્દ્રીય જળમંત્રી સૈફુદ્દીન સોઝે તપાસ સમિતિ નીમવાનું નાટક કર્યું ત્યારે પણ ગુજરાતના કેટલાક પ્રબુદ્ધ નાગરિકોએ વડાપ્રધાન મનમોહન સિંઘને મળીને આ નાટક બંધ કરાવ્યું હતું. ત્યારબાદ સુપ્રીમ કોર્ટ તરફથી આપણને ૧૨૨.૯૨ મીટરની ઊંચાઇ સુધી જવાની પરવાનગી મળતાં ગુજરાતે વિજયોત્સવ પણ મનાવ્યો હતો. પછી માત્ર ૧૫.૮ મીટરનું બાંધકામ બાકી હતું, જેમાં ચણતર ઓછું અને દરવાજાનું કામ વધું હતું. આ કામ ચપટી વગાડવામાં પૂરું થશે તેમ લાગતું હતું. સાત વર્ષથી ચપટી વગાડ્યા કરીએ છીએ, હજી સ્વપ્ન સાકાર થયું નથી.

મૂળ કિંમત ૬,૦૦૦ કરોડ હતી. કેશુભાઇના સમયમાં આ અંદાજ ૨૫,૦૦૦ કરોડ પર પહોંચ્યો હતો. આજે તેનાથી બમણા એટલે કે ૪૮,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાઇ ગયા હોવા છતાં 'રાધનપુરની તરસી કન્યા' અને સુરેન્દ્રનગરનો સિંચાઇથી હજી વંચિત ખેડૂત નિરાશ થઇને ઊભા છે. પ્રજામાં નર્મદાનું

*સફળ વ્યક્તિના હોઠ પર હંમેશાં બે વસ્તુ હોય છે : મૌન અને સ્મિત.*

સ્વપ્ન વિસરાઇ ગયું છે. આજના વાઇબ્રન્ટ યુવાન ગુજરાતીઓમાંથી મોટા ભાગનાને ગુજરાતની પ્રજાના પ્રયાસોની કે નર્મદા યોજનાની વિગતોની ખબર જ નથી. આજે આ યોજના તેના ૧/૩ ભાગ જેટલી પણ કાર્યાન્વિત થઇ નથી. ક્યાં અટક્યું છે કામ?

૧૨૨.૯૨ મીટરથી આગળ ૧૩૮ મીટર સુધીના ઊંચાઇ સુધીના બાંધકામે પહોંચવા માટે મહારાષ્ટ્ર સરકાર સાથેનો ગુજરાત સરકારનો મતભેદ કારણભૂત છે. જ્યારે ૪૦,૦૦૦ થી વધારે અસરગ્રસ્તોનું પુનર્વસન એંસી ટકા જેટલી સફળતાથી કરી શક્યા છીએ, અને તેમ કરવામાં નર્મદા અભિયાન, સંપૂર્ણ પુનર્વસન સમિતિ, આનંદ નિકેતન આશ્રમ, આર્ચવાહિની જેવી અનેક નાગરિક સંસ્થાઓએ સક્રિય કામગીરી બજાવી છે, ત્યારે માત્ર ૩૦૦ કુટુંબોના પુનર્વસન માટે વાત કેમ અટકી છે તે બાબત આ સક્રિય સંસ્થાઓ કે નાગરિકોને જણાવવામાં સત્તાવાળાઓ કેમ ચૂપકીદી સેવે છે તે સમજાતું નથી. આ તો હવે પૂંછડે આવીને અટક્યું છે ત્યારે પ્રજાનો ફરી એક વાર સાથ લેવામાં શું વાંધો પડે છે?

બંધની ઊંચાઇની વાત બાજુએ રાખીએ તો પણ નહેરોના નિર્માણમાં પણ અક્ષમ્ય વિલંબ થયો છે. આ કામમાં તો મહારાષ્ટ્ર સરકાર કે અસરગ્રસ્તો પણ નડતા નથી. આ બધાં વર્ષો દરમિયાન નહેર યોજનાની કુલ લંબાઇ (૭૫,૦૦૦ કિ.મી.)ના દસ ટકા જેટલું કામ પણ થયું નથી. એવું લાગે છે કે સિંચાઇ ક્ષેત્રના સત્તાવાળાઓમાં બાકીનું કામ પાઇપ લાઇન નાખીને કરવું કે ખુલ્લા ઢાળિયા બનાવીને કરવું તે અંગેની અનિર્ણાયકતા કારણભૂત છે. બંને

**'નર્મદા અભિયાન' ગુજરાતના લોકોની પોતાની સંસ્થા છે. જ્યારે જ્યારે નર્મદા યોજના વળાંક પર આવીને ઊભી છે ત્યારે ત્યારે 'નર્મદા અભિયાન'એ તેને સાચી દિશામાં વાળવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ૧૯૯૦ની દિલ્હીની ઐતિહાસિક રેલી, ફેરકૂવાનો સત્યાગ્રહ, વિસ્થાપિતોના સ્થળાંતર બાબતમાં વારંવારની કટોકટી, મોર્સ કમિશન સામેનો વિરોધ, વિશ્વબેંકની અવઢવ, શૂલપાણીશ્વર મંદિરનું સ્થળાંતર અને પુનઃસ્થાપન, પરવેટાવાસીઓનાં ઘરોનું સ્થળાંતર, નર્મદા વિરોધીઓ સામે પ્રતિઘરણાં, કેન્દ્ર દ્વારા છાશવારે સમીક્ષા સમિતિઓની નિમણૂક, રેલી ફોર ધ વેલી, વાડીનાર-બીના પાઇપલાઇન, નર્મદા સમર્થક શ્રી શરદ જોશીની 'કરસેવા', સત્યશોધક સમિતિ, વિસ્થાપિતોનું પુનર્વસન અને પુનઃ સ્થાપન, વિરોધીઓના અપ-પ્રચાર સામે સત્યપ્રચાર, હાઇકોર્ટ - સુપ્રીમ કોર્ટમાં રિટ કે પ્રતિ રિટ, કેન્દ્રીય પ્રધાન અને યોજના વિરોધીઓની બેઠક પર દિલ્હીમાં હલ્લો, 'માનવ અધિકાર યાત્રા'નો વિરોધ — કંઈ કેટલાયે મહત્ત્વના પ્રસંગોએ 'નર્મદા અભિયાન'એ નેતૃત્વ લઈ, વિરોધીઓને હંફાવ્યા છે.**

**જેને માટે લડત કરી તે હેતુ પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી લડત અધૂરી છે એમ અમારું માનવું છે. ગુજરાતની ત્રણ - ત્રણ પેઢીઓ નર્મદાનાં જળ માટે ઝૂરતી ઝૂરતી મહાકાળમાં વિલીન થઈ ગઈ. ચોથી પેઢી નસીબવંતી છે કે તેને નર્મદાના જળ પ્રાપ્ત થયાં, પરંતુ લડત ત્યારે જ લેખે લાગે જ્યારે તેની ફળશ્રુતિ પરિપૂર્ણ થાય. અર્થાત્ યોગ્ય જળ વિતરણ અને જળ વ્યવસ્થાપન તથા નર્મદા જળનો કરકસરભર્યો મહત્તમ ઉપયોગ થાય, ગુજરાતમાંથી કાયમ માટે દુષ્કાળને દેશવટો મળે, લોકોની પાણી અંગેની હાડમારીઓ, યાતનાઓ એક ભૂતકાળ બની જાય. ખેડૂતો પ્રતિવર્ષ એક કરતાં વધુ ફસલ લઈ દેવાંમાંથી મુક્ત થાય અને બે પાંદડે થાય. 'નર્મદા અભિયાન' એ આ ક્ષેત્રોમાં પણ પદાર્પણ કરીને નર્મદા જળના મહત્તમ લાભ, મહત્તમ લોકોને, મહત્તમ સમય માટે મળી રહે એ દિશામાં પણ યોગદાન આપ્યું અને હજુ પણ આપવા તત્પર છે. આ લડત ત્યારે જ પૂર્ણ થઈ ગણાય, જ્યારે બંધ તેની પૂર્ણ ઊંચાઈએ પહોંચી, આયોજન મુજબનું કામ આપતો થાય, નર્મદાના નિર્ધારિત પિયત વિસ્તારોને સઘળાને સિંચાઈ પ્રાપ્ત થાય, ગુજરાત માટે નર્મદા યોજના સાચા અર્થમાં જીવાદોરી બને, નર્મદા ગુજરાતની કામધેનુ બની રહે, 'નર્મદે સર્વદે'નું સૂત્ર યથાર્થ ઠરે.**

***— કૃષ્ણપ્રસાદ ઝ. પટેલ***

વિકલ્પોના લાભાલાભની ગણતરી કરીને, જ્યાં પાઇપલાઇન અનુકૂળ હોય ત્યાં તેનો અને ખુલ્લા ઢાળિયા વધુ અનુકૂળ હોય ત્યાં તેનો અમલ કરવામાં ગુજરાત બહાર કે ગુજરાતમાં કોઇ વિરોધ નથી. જે કંઇ છે તે આંતરવિરોધ છે, સ્થાપિત હિતો છે. પ્રજા પાસે ખુલ્લા થઇને આ વાત રજૂ કરવાથી કાયમની જેમ આ બાબતમાં પણ પ્રજાનો ટેકો મળી રહેશે તે બાબત નિર્વિવાદ છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે ખેતરના ઢાળિયા અનુકૂળતા મુજબ બદલી શકાશે. જ્યારે ભૂગર્ભમાં પાઇપલાઇન નાખવાથી તે પાણી ખેંચવા માટે ૨૪ કલાક ૭ દિવસના ધોરણે ઓછામાં ઓછા ૨૬,૦૦૦ પંપ ચલાવવા પડશે. વળી અત્યારે ગામડાં-ખેતરને આઠ કલાક પણ વીજળી પૂરી પાડી શકાતી નથી ત્યાં ૨૬,૦૦૦ પંપને નિરંતર વીજળી પૂરી પાડવાનું કામ હાલના સંજોગોમાં શક્ય નથી. ખેડૂતો માથે પંપોની ખરીદી અને જાળવણીનો ખર્ચ પણ આમાં વધશે.

અગાઉની સરકારોના વખતમાં આવા પ્રશ્નોની ખુલ્લી ચર્ચા પણ થતી અને નર્મદા આયોજન જૂથ દ્વારા નિષ્ણાતોને બોલાવીને પણ ચર્ચા થતી. સરકારનું નર્મદા આયોજન જૂથ આજે મૃતપ્રાયઃ અવસ્થામાં છે અને નર્મદાના અધિકારીઓ આ બાબતમાં ચૂપકીદી સેવે છે.

અત્યારે ભલે બંધ પૂરો ન બંધાતા ૭ મિલિયન એકર ફીટની પાણીની આવક નથી. તેમ છતાં જે પાંચેક મિલિયન એકર ફીટ પાણી ભરાય છે તેની વહેંચણી ત્રણ લાભાર્થીઓ, (૧) ખેડૂતો (સિંચાઇ), (૨) આમજનતા (વપરાશ) તથા (૩) ઉદ્યોગો (ઉત્પાદન) વચ્ચે કેટલું વહેંચવામાં આવે છે અને આ વહેંચણી મૂળ નક્કી કરેલી વહેંચણીથી કેટલી

જુદી પડે છે તે વાત જાહેર કરવી જોઇએ. ઉદ્યોગોને પાણી જરૂર આપો, પરંતુ સિંચાઇના ભોગે નહીં.

કુલ ૩૩૦૦ પાણી મંડળી બનાવી સિંચાઇ માટે પાણી આપવાનું હતું. તેમાંથી કેટલી મંડળીઓ બની અને કેટલી કાર્યાન્વિત થઇ? એક અંદાજ પ્રમાણે હાલ ૧૨૦૦ મંડળીઓ બની છે, પરંતુ તેમાંની મોટા ભાગની કાગળ ઉપર બની હોવાથી એક પણ મંડળી પૂર્ણ સ્વરુપે કાર્યરત નથી થઇ તેવી દહેશત છે. આથી ખેડૂતોને તોલમાપ (વોલ્યુમેટ્રિક) પદ્ધતિથી પાણી આપવાની અને મંડળીના સભાસદોને ચક અને સબચકમાં વહેંચી તેમની ભાગીદારી સાથે ઢાળિયા બનાવવાની અને સિંચાઇજળનું વ્યવસ્થાપન કરવાની વાત બાજુમાં રહી ગઇ છે તેવી દહેશત નિગમ બહારના નિષ્ણાતો સેવી રહ્યા છે.

ઉપર દર્શાવ્યા ઉપરાંત એવા ઘણા મુદ્દાઓ છે, જેમાં નર્મદા નિગમની કામગીરી પ્રશંસનીય રહી નથી. આ જોતાં એમ લાગે છે કે અત્યાર સુધી નર્મદા યોજના બાબત ગુજરાતની પ્રજાએ સેવતા સુવર્ણ સ્વપ્નો કદાચ દુઃસ્વપ્ન બની રહે. ત્યારે હવે શું કરવું? મહાભગીરથ કામમાં નર્મદા નિગમ અને સરકાર જો નિષ્ફળ જતાં હોય, પોતાની નિષ્ફળતા પ્રત્યે ચૂપકીદી સેવતાં હોય અને લોકોનો વિશ્વાસ અને ટેકો લેવામાં પાછાં પડતાં હોય તો નાગરિકો અને વિવિધ સંસ્થાઓએ આપમેળે આ પ્રશ્ન હલ કરવા આગળ આવી આ પ્રશ્ને મૌન સરકારને ટેકો કરવો જોઇએ.

**નર્મદા અભિયાન સંસ્થા સુયોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા પીઢ નાગરિકો અને યુવાન સંગઠકોની બનેલી છે અને તેમાંના કેટલાંક તો નિવૃત્ત ટેક્નિકલ અધિકારીઓ છે કે જેમણે નર્મદા બંધ સહિત રાજ્યની જાણીતી સિંચાઈ યોજનાઓના ખાસ કરીને આયોજન અને ડિઝાઈનથી માંડી સમયસર પૂર્ણ કરવામાં ૩૫ વર્ષ ઉપરાંતની સક્રિય સેવાઓ બજાવેલ છે. આ ઉપરાંત પણ નર્મદા અભિયાનમાં કાર્યરત લોકો નામાંકિત અને સામાજિક સેવા ભાવનાવાળા છે કે જેમણે સ્વૈચ્છિકપણે સમયસર જમીન સંપાદન, વિવાદોનું સમાધાન અને જમીનવિહોણા અસરગ્રસ્ત ગ્રામ્ય પરિવારોના સુયોજિત આધુનિક સુખ-સુવિધા સાથેના પુનર્વસવાટ જેવી સંવેદનશીલ ગણાતી સમાજસેવી કામગીરીમાં યોગદાન આપેલ છે. આ સંસ્થાએ પોતાના જેવા અન્ય સામુદાયિક જુથો સાથે મળીને કેન્દ્ર અને લાભાર્થી રાજ્યો, પરિયોજના અમલીકરણ એજન્સી, ટ્રિબ્યુનલ તેમજ પરિયોજના નિર્માણમાં નીતિવિષયક ભૂમિકા ભજવનાર અન્ય સંસ્થાઓ સમક્ષ (પોતાની) સામાજિક જવાબદારીના ભાગરૂપે રજૂઆતો કરેલ છે. ગુજરાત રાજ્ય અને સામાજિક સંસ્થાઓના સહિયારા પ્રયાસોથી આજદિન સુધીની નર્મદા યોજનાની ભગીરથ કામગીરીને માનવીય અભિગમ સાથે વિક્રમજનક સફળતા સાથે પરિપૂર્ણ કરવાનું શક્ય બન્યું છે અને આ હકીકત ટ્રિબ્યુનલ, રાજ્ય સરકાર અને ખુદ અદાલતોના દફ્તરે વિદ્યમાન છે.**

૧. સર્વપ્રથમ તો માહિતી અધિકારના કાયદા હેઠળ ઉપરોક્ત પ્રશ્ન વિશે સાચી માહિતી માંગી શકાય.

૨. અગાઉ પુનર્વસનના પ્રશ્ન પરત્વે પક્ષીય રાજકારણથી ઉપર ઊઠીને કામ થયું છે. સરકારે વિપક્ષો અને પોતાના જ પક્ષનાં પેટા જૂથો પરત્વેથી આભડછેટ છોડીને તેમનો સક્રિય ટેકો માગીને પુનર્વસનનો પ્રશ્ન હલ કરવો જોઇએ.

૩. લાભાર્થી ખેડૂતોની સક્રિય ભાગીદારી લઇ, તેમનાં તેમનાં હિતો અને જરૂરોને માન આપી, સ્થાનિક સિંચાઇ નેતાગીરી (દાદાગીરી નહીં) ઊભી કરી ઢાળિયા તથા બીજા અનેક પ્રશ્નો હલ કરી શકાશે. ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ આ માટે તૈયાર છે પણ નિગમ મૌન છે.

૪. નર્મદા આયોજન જૂથને પુનઃ સક્રિય કરી, નિષ્ણાતોની ભાગીદારી મેળવી ઘણા પ્રશ્નો હલ કરી શકાશે.

૫. ખુદ સરકાર તરફી કિસાન સંઘને તથા અન્ય ખેડૂત મંડળોને આ બાબતમાં વિશ્વાસમાં લેવા જરૂરી છે.

*અધ્યક્ષ : નર્મદા અભિયાન*
*'આત્મન' બંગલોઝ, સન્મિત્ર સોસાયટી,*
*મલાવ તળાવની સામે, જીવરાજ પાર્ક,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૧.*

## અમેરિકન શ્વાન

એક અમેરિકન શ્વાન ભારત ભ્રમણ માટે આવ્યો. જગ્યાએ જગ્યાએ ભારતીય શ્વાનોએ તેનું શાનદાર સ્વાગત કર્યું. વાતચીત દરમ્યાન અમેરિકન શ્વાને પોતાની અંતરની ઈચ્છા વ્યક્ત કરી કે હવે તે ભારતમાં જ કાયમી વસવાટ કરવા માંગે છે.

ભારતીય શ્વાનો માટે આ વાત અતિ આશ્ચર્યજનક હતી. આપણા દેશના શ્વાનો તો ઝંડા કે દંડા લઈને પણ અમેરિકામાં વસવાટ કરવા ઈચ્છે છે. અમેરિકન શ્વાનને પૂછવામાં આવ્યું કે તે શા માટે ભારતમાં વસવાટ કરવા ઈચ્છે છે? શું તેને અમેરિકામાં કોઈ દુઃખ છે?

જવાબમાં અમેરિકન શ્વાને જણાવ્યું કે 'નહીં, નહીં, મને અમેરિકામાં કોઈ જ કષ્ટ નથી. ત્યાં તો મજા જ છે. ઉત્તમ ખાવાનું મળે છે, બબ્બે નોકરચાકર નવડાવે છે, બહાર ફરવા લઈ જાય છે, લક્ઝરી ગાડીમાં બેસીને ફરવા મળે છે, આલીશાન બંગલામાં રહેવા મળે છે. પરંતુ અસલ તકલીફ એ છે કે ત્યાં મને ગમે ત્યારે ગમે તેમ ભસવાની છૂટ નથી. મેં જ્યારે સાંભળ્યું કે આ પ્રકારની છૂટ માટે ભારત દેશ ઉત્તમ જગ્યા છે, ત્યાં જ્યાં મરજી પડે ત્યાં અને જ્યારે મન થાય ત્યારે જેમ ભસવું હોય તેમ ભસી શકાય છે. એટલે મેં ભારતમાં વસી જવાનો નિર્ણય કર્યો છે.'

*- સ્વામી નિત્યાનંદ, 'હંસ' માસિક, જૂન-૨૦૧૦માંથી સાભાર*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

સાયન્સ એન્ડ ટેકનોલોજી

# મોટી ઉંમરમાં કોમ્પ્યુટરના ફાયદાઓથી વંચિત!! અરે રે!!

• ડૉ. માણેક એમ. સંગોઇ •

છેલ્લા પચાસ વર્ષમાં ટેકનોલોજી બાબતમાં ગજબની ક્રાંતિ થઇ છે. નવી નવી શોધોથી અમુક બાબતોમાં જનજીવન સરળ બની ગયું છે. કોમ્પ્યુટર અને ઇન્ટરનેટનું નામ તો ભણેલા ગણેલાઓએ પણ નહોતું સાંભળ્યું ને હવે તો એના વિના મોટા શહેરોની ઓફિસો અને ઘરોમાં જરાય ચાલતું નથી! ટપાલ અને તાર મેળવવા માટે ત્યારે કલાકો અને દિવસો ચાલ્યા જતાં અને હવે એ પલકના પાંચ પલકારામાં તો સંદેશાઓ મોકલી અને મેળવી શકાય છે. ત્યારે ઘરમાં ટેલિફોન હોવો એ મોભાની વાત ગણાતી, હવે તો મોબાઇલ ફોન શાક વેચવાવાળા રેકડી ફેરવતા ખિસ્સામાં રાખે છે. કામવાળીબાઇ, "હલ્લો, મીં આજ કામ સાઠી યેણાર નાંહિ હો!" નો સંદેશો પોતાના મોબાઇલ ફોન પર ધડાકથી આપી શકે છે. ને તમને પૂછ્યા વિના પોતાનો ફોન તુરંત સ્વીચ ઓફ કરી શકે છે. ચોપડા પર નામાં લખવાની જૂની પદ્ધતિ હવે ઓછી થઇ ગઇ અને એકાઉન્ટ્સ-ખાતાઓ કમ્પ્યુટરો પર ચાલ્યા ગયા. ચોપડા પૂજનનું સ્થાન હવે કમ્પ્યુટર પૂજન લઇ લેશે. 'લાભ' અને 'શુભ' કંકુવર્ણી આંગળીથી નહિ લખાય પણ કોરી આંગળીઓથી ટાઇપ થઇ રંગીન છપાઇ જશે.

આપણી યુવા પેઢી તો કોમ્પ્યુટર શીખી જ ગઇ છે, પ્રૌઢ પેઢીમાં એને શીખવાનો ઉત્સાહ છે પણ વડીલ પેઢી-મોટી ઉંમરની વ્યક્તિઓમાં કોમ્પ્યુટર શીખવાની બાબતમાં સંકોચ છે, શંકાઓ છે અને કૈક અંશે આત્મવિશ્વાસનો અભાવ છે.

'હવે બહોત ગઇ ને થોડી રહી- આ કોમ્પ્યુટર શીખીને શું કરવું છે?'

'ના બાપા ના, હવે મોટી ઉંમરમાં પાકે ઘડે કાંઠા ન ચડે.'

'શીખવું તો છે, પણ ભૈલા! આપણને, ઘૈડાઓને- શીખવશે કોણ? - કોને ધીરજ હશે?'

'આ નવી ટેકનોલોજી આપણા ગળે બેસશે કેમ?'

આવા અનેક વિચારો ઉત્સાહી એવી પ્રગતિશીલ વિચારવાળી મોટી ઉંમરવાળી વ્યક્તિઓને આવે એ સ્વાભાવિક છે. પણ એક વખત સકારાત્મક વલણ અને દ્રઢ મન કોમ્પ્યુટર શીખવા માટે થઇ ગયું પછી તો જુઓ એ જ્ઞાન પ્રાપ્તિનો આનંદ! જેમ જેમ પ્રેક્ટિસ વધશે તેમ તેમ કુશળતા વધશે. કહેવાય છે, 'પ્રયત્નેન સિદ્ધયંતી કાર્યાણી' પ્રયત્નો કરવાથી કાર્યો સિદ્ધ થાય છે.

***એક જીવંત દાખલો જોઇએ :***

મુંબઇ વિરારમાં રહેતા ૯૨ વર્ષની ઉંમરના શ્રી અરવિંદભાઇ ધાનેચાની વાત લઇએ. ૩૦ વર્ષ સુધી દેશી પદ્ધતિ પ્રમાણે એમણે ચોપડાં લખ્યાં. પણ હવે કોમ્પ્યુટર આવવાથી એ કામ ઓછું થઇ ગયું. ખાલી બેસવું એમને ગમે નહિ. ૯૦ વર્ષની ઉંમરે કોમ્પ્યુટર શીખવા ઘણી પૂછપરછ કરતા એ ક્લાસમાં જોડાયા ત્યારે એમની માત્ર એક જ આંખમાં દૃષ્ટિ હતી. પણ મનના મક્કમ અને દૃઢ નિશ્ચયી એવા અરવિંદભાઇ અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ કોમ્પ્યુટર શીખ્યા. આવા પાક્કા મનના પ્રામાણિક અને અનુભવી એકાઉટંટ પાસે ૭૦ ઉપર ખાતાઓ છે. નિવૃત્તિ પછી ભારેખમ લાગતા દિવસો હવે અતિ આનંદપૂર્વક કામની મસ્તીમાં અરવિંદભાઇ વિતાવે છે. ગાંધીજીનું વાક્ય, 'માણસ જીવન પર્યંત વિદ્યાર્થી રહે છે', એમણે સાર્થક કરી બતાવ્યું.

આપણે ગુજુ અને તે પણ વાણિયા. એટલે પહેલો પ્રશ્ન એ કે કોમ્પ્યુટરનો ઉપયોગ શો? એના ફાયદા શું?

- **કોમ્પ્યુટરના ઉપયોગ :**

૧. નેટ વર્કિંગ - એટલે કે ઘરબેઠાં સમસ્ત દુનિયા તમારી સેવામાં-તમારા ખોળામાં કમ્પ્યુટરવાળા સૌ મિત્રો-સગાં-વહાલાં-પ્રિયજનો સાથે છૂટથી વાતચીત કરી શકો, પત્ર લખી શકો, એકબીજાને જોઇ શકો, એમને ફોટો મોકલી શકો-વીડિયો બતાવી શકો અને જોઇ શકો. સુખ-દુ:ખના સમાચારની આપ-લે કરી શકો. બધાં ભેગાં મળી વાર્તાલાપ કરી શકો. નવા મિત્રો બનાવી શકો. માત્ર કોમ્પ્યુટર પર થોડા અમુક બટન દબાવવા રહ્યા-ટક ટક કરતાં દુનિયા તમારી સામે!! વળી જૂના પત્રો સાચવી શકશો-મન થયું તો એને કચરાની ટોપલીમાં ફેંકી શકશો. આ બધું તમારી મરજીથી કરી શકો.

૨. આ તો થઇ વ્યક્તિગત બીજા સાથે સંપર્કની વાત. પણ નેટવર્કિંગમાં બટન દબાવતા ગુગલ જેવી કંપનીઓ તમારી સેવામાં હાજર! અને જે કંઇ દુનિયા બહારની માહિતી જોઇતી હોય તે રજૂ કરશે. દા.ત. સાઉથ આફ્રિકા ફરવા જવું છે અથવા આજની શેર માર્કેટ કેવી છે તેની તપાસ કરવી હોય તે બધી તાજે-તાજી માહિતી બટન દબાવતા કોમ્પ્યુટરના પડદા પર આવી જશે. તમને રેલવેની ટિકિટ જોઇએ છે ને ટિકિટ અમુક તારીખની મળે છે કે કેમ, કઇ કઇ ગાડીઓની ટિકિટ મળી શકે

*જીવનમાં સંઘર્ષનું પરિણામ જરૂર મળે છે.*

તેમ છે, જો ક્રેડિટ કાર્ડ હોય પાસે તો ટિકિટ પણ ઘર બેઠાં કાઢી શકોને ઘેર બેઠાં રેલવે તમને પહોંચતી કરશે અથવા ટિકિટ તમારા કોમ્પ્યુટર પર આવી ગઇ હશે ને જો નાનું પ્રિન્ટર રાખ્યું હશે તો એ ઇન્ટરનેટ અથવા ઇ-ટિકિટ છાપી શકશો.

૩. મોટા ભાગના સમાચાર પત્રો કોમ્પ્યુટર પર વાંચી શકશો. ખબર પત્રિકા, સમાજના અન્ય પ્રકાશનો કોમ્પ્યુટર પર પ્રગટ થઇ શકશે. બે વર્ષના જૂના પણ. પુસ્તકો વાંચી શકશો, તે પણ મોટા અક્ષરોમાં.

૪. જો સુડોકું - ક્રોસવર્ડસ અને બીજી મનોરંજક પ્રવૃત્તિઓમાં રસ હોય તો કોમ્પ્યુટરના પડદા પર બટન દબાવી કરી શકશો.

૫. હવે તો કોમ્પ્યુટર પર વસ્તુઓની લીલામી થાય છે અને પ્રામાણિકપણે સોદા ઘરબેઠાં થાય છે. ઇંગ્લેન્ડ-અમેરિકામાં આવા સોદા કરોડોના થાય છે.

૬. તમે ફરવા ગયા, ડિજિટલ કેમેરાથી ફોટા પાડ્યા ને સૌ કમ્પ્યુટરવાળા પ્રિયજનોને ફોટા મોકલવા છે, લો. ફોટાઓને કોમ્પ્યુટરમાં ઉતાર્યા ને તરત જ મોકલી દીધા. જેમને તમે કોમ્પ્યુટરથી મોકલ્યા હશે એઓ આ ફોટા પાંચ મિનિટમાં જોઇ શકશે.

૭. સંગીતના શોખીન છો, કેસેટ કે સીડી સંભાળવી મુશ્કેલ લાગે છે, તો કોમ્પ્યુટર પર તમને મનગમતું સંગીત, ગીતો, સ્તવનો, ભજનો વગેરે મળી જશે. તમારા પ્રિય સંગીતનો ભરપૂર આનંદ માણી શકશો.

૮. મનગમતું નાટક કે સિનેમા તમે જોઇ શકશો કોમ્પ્યુટર પર.

૯. લખવાનો શોખ હોય તો **આ લેખ મોટી ઉંમરનો એવો હું કોમ્પ્યુટર પર લખી રહ્યો છું તેમ ગુજરાતીમાં તમે પણ લખી શકશો.** - આઇ મીન કોમ્પ્યુટરના બટન પર ટક ટક કરીને હો!

૧૦. બેન્કના તમારા ખાતા જોઇ શકશો. બિલ ભરી શકશો, પૈસાની લેવડ-દેવડ ઘર બેઠાં કરી શકશો. છતાં બધું ખાનગીમાં કોઇને ખબર નહિ પડે.

૧૧. કોમ્પ્યુટરના પડદા પર તમે મનગમતા મોટા મોટા અક્ષરો કરી શકશો, ચશ્માંની પણ જરૂર નહિ પડે.

૧૨. જો ગમ્મત કરવી હશે તો અમુક વસ્તુઓ શીખ્યા પછી કાર્ટૂન બનાવવા, ફોટાઓને હસવું આવે એવા કરવા કે પોસ્ટર બનાવવા વગેરે મનપસંદ કલાઓમાં નિજાનંદથી કલાકો વિતાવી શકશો. બાળપણની મસ્તીમાં ખોવાઇ જશો.

**કોમ્પ્યુટર શીખવાના હવે ફાયદા જોઇએઃ**

૧. એકલતાનો સાથી બનશે જ્યારે સૌ પોત પોતાના કાર્યોમાં મસ્ત હોય છે. દુનિયા તમારી નજીક આવશે.

૨. કોમ્પ્યુટર મોટી ઉંમરમાં માનસિક શક્તિને સશક્ત રાખશે.

૩. કોમ્પ્યુટર પર રમતો રમવાથી માનસશાસ્ત્રીઓ કહે છે કે ગ્રહણ-શક્તિ વૃદ્ધાવસ્થામાં નબળી પડે છે તે અટકશે ને મજબૂત બનશે.

૪. આંખ અને હાથનું કો-ઓર્ડિનેશન કાર્ય સંચાલન વધશે.

૫. ઘરબેઠાં કમાવવા ચાહો, નામું લખવા ઇચ્છો, કવિતા કે સાહિત્યનું સર્જન કરવાનું મન થાય તો માત્ર બટન દબાવો અને મનગમતાં કાર્યો કરો.

૬. દૂર બેઠેલા તમારા દીકરા-દીકરી-પૌત્ર-પૌત્રી કે સ્વજનો સાથે વાત જ નહિ એમને કોમ્પ્યુટર પરના વેબ કેમેરાની મદદથી જોઇ સંબંધોને તાજા ને મધુર બનાવી શકશો અને નવા સંબંધો બાંધી શકશો.

૭. ચાહો તો ઘરબેઠાં આખી દુનિયામાં ફરી શકશો. પૂજાનાં કપડાં પહેર્યા વગર દેવસ્થાનના દર્શન કરી શકશો.

૮. તમારી પસંદગીના જૂના જૂના ફિલ્મી ગીતો કે જૂની ફિલ્મો જોઇ શકશો — 'આજા રે... તું હી મેરા સહારા...'

૯. તમને ભાસ થશે કે તમે કેટલા શક્તિશાળી છો- માત્ર બટન દબાવીને દુનિયાને તમારી પાસે કરી. કહે છે કે નોલેજ ઇસ પાવર, જ્ઞાન એક શક્તિ છે. અનેક જરૂરી વસ્તુઓનું જ્ઞાન તમારા કોમ્પ્યુટરમાં છે.

૧૦. વગર ચશ્મે વાંચી શકશો. વિશેષ ખર્ચ કર્યા વિના ટેલિફોન વગર કલાકો સુધી કોમ્પ્યુટર પર દેશ-પરદેશ વાતચીત કરી શકશો.

આ તો થોડા છે. વિશેષ બીજા ફાયદા તો તમે કોમ્પ્યુટર વાપરશો તેમ ખબર પડશે. લગે રહો મેરે મોટે ભાઇ-બહેન! તમે શીખી જશો ત્યાં સુધીમાં કોમ્પ્યુટર સસ્તા થઇ જશે. શીખવાની સારી ઓફર અને તક મળતી હોય તો વિનંતી કે જલદીથી ઝડપી લેશો.

***આપણાં દેશમાં કોમ્પ્યુટર તો આવ્યા પણ જે શિસ્ત અને મોટી ઉંમરના વડીલોને શીખવાડવાની સગવડ જોઇએ તે હજી સંતોષકારક નથી. એને માટે જરૂરી વ્યવસ્થા આપણા મહાજનો-સમાજની સંસ્થાઓ અને શાળાઓ વિશેષ રૂપે કરે તો સમાજની કુલ આઠ ટકા વસતિ વડીલોની છે એમાંથી કોમ્પ્યુટર શીખવા માંગતા કમ સે કામ બે ટકાની સંખ્યાને જો સગવડ મળશે તો એમના માટે અહોભાગ્યની હકીકત બનશે. શિક્ષણની એક નવી દિશા ઊઘડશે. આપણા ભણેલા-ગણેલા વડીલો કોમ્પ્યુટરની બાબતમાં અભણ નહિ રહે. પ્રૌઢ-શિક્ષાનો સમાજમાં નવો યુગ શરૂ થશે. મુંબઇ અને આપણા દેશના બીજા નાના-મોટા શહેરોમાં સમાજની આપણી કઇ સંસ્થાઓ આ દિશામાં પહેલ કરે છે એ જોવાનું રહ્યું. ઉત્સાહજનક પ્રતિસાદ મળશે જ.***

*૧૮, સાગરપ્રભા,*
*પ્રભા નગર, પી.બાલુ રોડ,*
*મુંબઇ-૪૦૦ ૦૨૫.*
*ફોન : (૦૨૨) ૨૪૨૧૧૧૧૬*
*મો. ૯૧૬૭૪ ૬૫૨૪૨*

*અજ્ઞાન છે ત્યાં દુઃખ આવશે જ.*

વ્યક્તિ ચિત્ર

# 'મુરજીજી મા, અધ માની દયો.'

• ડૉ. ગિરીશ વીછીવોરા •

'મુરજીજી મા, અધ માની દયો.' વહેલી સવારે ડેલી આ ટહેલ સાંભળે. ડેલીની જેમ જ ઘરના અન્ય સભ્યો આ ટહેલથી ટેવાઇ ગયાં હતાં. ટીપેલાં રોટલાનાં ઢગલામાંથી એક રોટલો ને તાંસળી ભરેલ તાજી તાક પ્રફુલ્લ મને ઘરમાંથી નીસરી ડેલીએ પહોંચે ને રમુડાની તહેનાતમાં મુકાય. રમુડાનું શિરામણ પૂરું થાય કે મા સહજભાવે પાછી ફરી પોતાની દિનચર્યામાં જોતરાઇ જાય. ન કંઇ રમુડો બોલે, ન મા. ચૂપચાપ નીકળી જાય તે બીજી સવારે દેખા દે.

રમુડો એટલે રમુડો. ગામ આખાનો રમુડો. હશે પચીસેક વર્ષનો. લાકડીને સહારે ધીમી ચાલે ચાલે. નાનું બાળક ચાલતાં શીખતું હોય ત્યારે હાલકડોલક થતું રહે, ક્યારેક પડી જાય, ઊઠે ને ફરી ચાલે, એવું રમુડાનું. લાકડી જ એને ચલાવે. એનું બધું અસ્થિર. દેહમાં દેવી આવ્યાં હોય તેમ માથું ધૂણે. હાથપગ થથરે. ધડ બેસહારું થઇ વારાફરતી હાથ યા પગના સહારાની આશાએ એમની કદમપોશી કરતું રહે. પગમાં નિત્ય નૃત્યની ઝીણી સૂરાવલિ ઉઠતી રહે. ગામના રસ્તા ખાબડખૂબડ. ચોમાસામાં વરસાદ વધુ પડ્યો તો ખાડાં તો ખરાં, ખાબોચિયાં ને ખદબદતું ગંદું પાણી રસ્તાનો કબજો જમાવી બેઠું હોય. રમુડો પડે, આખડે, ગંદું પાણી એનાં ગંદા કપડાં સ્વચ્છ કરવાની ડંફાસ મારે. ક્યારેક લોહીલુહાણ થઇ ખાબોચિયાને ખૂબસૂરત બનાવે.

રમુડાને ગંદો કેમ કહી શકાય? એને થોડુંજ સ્નાન સાથે સ્નાનસૂતક નો'તું, કે કોઇકે પહેરાવેલાં કપડાંનાં ચિથરાં થાય ને કોઇકના ઉતારેલાં કપડાંથી પાછો સજાવાય ત્યાં સુધી કપડાં ધોવા નોતાં? અડવાણાં પગે ચાલવું હતું? નટરાજને સર્વસ્વ અર્પણ કરનાર રમુડો નર્તનમાંથી નવરો થાય જ નહિ પછી એનો શો વાંક ગુનો.

એકવડિયો, એકલડો ને એકલવાયો, ઘર ઘર ભૂખ ભાંગવા ન ભમે. એને ગેડ બેઠેલા ઘરે જ જાય. જે મળે તે ખાઇ કોઇ સૂના ઓટલાનો સંગાથી બની જાય.

સૌંદર્યસભર વ્યક્તિનું રેખાંકન કોરવું સહેલું. શબ્દો દોડતા આવે, ડાહ્યાડમરા થઇ પોતાના યોગ્ય ઠેકાણે ગોઠવાતા જાય. અહીં શબ્દો સુગાળવા થઇ ભાગે. આજીજી કરી રોકવા પડે ને ગોઠવતાં એક સાંધો તો તેર તૂટે એવું ખરું. રમુડો ગંદો એટલે મેલો. પણ કેવો મેલો? કોઇ મેલખાઉ કપડું એની મેલાસ આગળ ઓછપ અનુભવે. પગને ચોક્ખું પાણી ક્યારે અડયું હશે એનો અડસરો લગાવવા પગે જામેલા મેલના થરનું માપ લેવું પડે. હાથપગનાં નખ કોની લંબાઇ વધારે તે નક્કી કરવા બાંય ચડાવે. લેંઘો આજાનબાહુની જેમ ઘૂંટણથી થોડોક નીચે લટકે. ક્યાં ફાટેલો છે તેની જંજાળ છોડી, વરસાદમાં ખેતરને શેઢે કોરી જમીનની ગોતાગોત કરવી પડે તેમ લેંઘામાં વગર ફાટેલા કપડાની જગા ગોતવા ખાંખાંખોળાં કરવાં પડે. નાડું લટકે. બાંધી દેનાર જરા ઠરેલ હોય તો ઠીક નહિ તો ઉઠતાં પગ નાડીમાં અટવાય. રમુડો પડે ને જતાં આવતાંને નાડી બાંધી દેવા આજીજી કરતો રહે. લેંઘાનો મોટોભાઇ પહેરણ. પહેરણની ચાળ એના નેપકીન કે ઝોળીની ગરજ સારે. બટનની ગેરહાજરી એને આશીર્વાદ સમાન. રોજ ખોલ બંધ કોણ કરે? માથે ટોપી ખરી. રમુડો ટોપી કઇ અદાથી પહેરશે એના પર મોટો જુગાર રમી શકાય. નૃત્યની વિવિધ મુદ્રા ઉપસાવનારને પણ હદ હોય, એનો શસ્ત્ર સરંજામ સીમિત હોય. અહીં તો ટોપી માથે મુકનારના મન પર બધો મદાર રહે. ટોપી કઇ બાજુએ ઝુકશે. કેટલીને ક્યાં ઝુકશે એ સર્વ અનિશ્ચિત. ટોપી ત્રણસો સાઠ ડિગ્રીનો ફેરો મારતી રહે. ક્યારેક આડી મુકાય ને ભેંસના શિંગડા ઉપસાવે.

રમુડાનું મુર્ખાવિંદ લુવ્રના મ્યુઝિયમમાં લટાર મારતાં યાદ આવેલું. વાનઘોઘ કમનસીબ. એણે રમુડો જોયો હોત તો 'સનફ્લાવર્સ'થી બહેતરીન કળાકૃતિ જગતને મળી હોત. ભેટાળી બંદૂકે ભડાકા કરી લીધા બાદ એની નાળમાંથી ધૂમ્રસેર વહેતી રહે તેવું જ રમુડાના નાકનું. એ ધુમાડો પછી મૂછ પર પણ ભમતો રહે. ત્યાં માખીઓની મહાસભા સ્વર્ગમાંથી પૃથ્વી પર ઊતરતી ગંગાની જેમ મોઢામાંથી વહેતી, અધર પર ઝિલાતી ને નીચે ઝરી પહેરણ પલાળતી ચીકણી લાળ એના ચહેરાનું સ્થાયી અંગ. વદન પર એક ન કળી શકાય એવી હાસ્ય, કરુણા, નિર્દોષતા, અસહાયતા ને ભોળપણ મિશ્રિત લાગણી વર્તાય. કોઇ અવ્વલ નંબરી ચિત્રકાર અવનવા રંગોનું મિશ્રણ કરી, તદ્દન નોખી રંગછટા ઊભી કરે, ને એ છટા પાછી ધૂપછાંવની જેમ અલગ અલગ દૃષ્ટિકોણથી બદલાતી ભાસે એવું જ એના ચહેરાનું. એના ચહેરાનું સ્થાયી અંગ

કર્યું? હાસ્યની ઝાંપ હાજર કરુણાનો કોલાહલ. નકરી નિર્દોષતા ને અસહાયતા જોઇ પથ્થર હૃદય પણ પીગળે. એ બધું રમુડો બજાણિયાની જેમ રમાડતો રહે ને આપણને મલકતો ભાસે. એનાં બધાં દુઃખ, દરદ, ગમ, મોહતાજીને જબરજસ્ત ધક્કો દઇ પશ્ચાદ્‌ભૂમાં જ ધકેલતો રહે. એનાં મંદ મલકાટ પાછળના દુઃખના અછડતા દર્શન કરવાં હોય તો ભરચોમાસે ઉપડતા વિમાનને સૂર્યના દર્શન કરવા વાદળાનાં કટકના કટક ભેદવા પડે તેમ એના ચહેરાના મુખવટાને વિખેરવા પડે.

રમુડાની આંખનું શું? બેગમ અખ્તરે ગાયેલ ગાલીબની ગઝલ... દિલદાર દેખના... જેમ હંમેશ માટે હૈયું હલાવી ગઇ છે તેવું જ રમુડાની આંખોએ મારા હૃદયને કર્યું છે. આંખો મોટી. એટલી મોટી કે પોપચાં માટે શંકાકુશંકા થાય. ત્રાંસી. રમુડો ક્યાંક જોતો હોય. લાગે તમને જ નીરખી રહ્યો છે. એ આંખોમાં સ્થાયી થયેલાં કારુણ્ય, હતાશાને દર્દના તાપથી એવું દાઝી જવાય કે ભાગી છૂટવાનું મન થાય. રમુડાનું એક સૌમ્યદર્શન પણ હતું. મુળજીભાઇને વાડીએ જવાનું જરા મોડું થયું હોય, રમુડાનો ભેટો થઇ જાય, બાપા આઘાપાછા હોય, ભાઇ બે બીડી બનાવે. એક સળગાવી રમુડાનાં મોં માં મૂકે. બીજીનો કશ પોતે લે. દૂરથી જોતાં આભો જ થઇ જતો. રમુડો ટેસથી બીડીના કસ લેતો હોય ને બન્ને દોસ્તારો યાર બની ગયેલા વર્તાય.

રમુડાને સ્વપ્ન કે દીવાસ્વપ્ન શું કામ ન આવે? તેમાં પણ કોઇ એની સુતેલી સંવેદનાને ઢંઢોળે તો રમુડો સાવ કામથી નો'તો ગયેલો. પરપીડનવૃત્તિ નાના અને સૌમાં વત્તા ઓછા પ્રમાણમાં હોય જ. રમુડા જેવો આસાન શિકાર મળી જાય તો શું કામ ન ફંફોળે? છોકરાંઓ સાથે ક્યારેક મોટાંઓ પણ ભળે ને કાકીની વાત કરે. રમુડો શરૂઆતમાં તો ભુરાયો થાય ને રાડારાડી કરી સૌને ભગાડે. આખરે તો આદમી. એની ચંચળવૃત્તિને ચળ ચડે ને કાકીની વાત પર મુસ્તાક થઇ જરા હસે. મોઢાની લાળ વધુ ખરે. જીભ પણ લપકારા કરે. રમુડો હલે, ધૂણે પણ કેવું? વંટોળિયાથી ધ્રુજતા તરુવર જેવું. ચૂલે મૂકેલું દૂધ ગરમ થાય, ઉકળે ને ફિણના ગોટા વાસણ ઠેકી જાય ને દૂધ ઉકળતું રહે તેવું જ રમુડાનું થાય. તપેલું ચૂલાથી ઉતરે ને દૂધનો ઉભરો સમે તેમ રમુડો નમે. થોડીવારે પોતાના અસ્સલ ધ્રુજાટમાં આવે ને પરસેવે રેબઝેબ થયેલો દેખાય.

રમુડાની આણ ગામમાં વર્તાતી. કોઇ ગાંડાઘેલાં કરે તો એને રમુડો કહેવાતો. કોઇ બાળક તંદુરસ્ત ન ભાસે. એના ઉપર ચિહ્ન સમયસર ન ઉપસે તો પડોશીઓનો બીજો રમુડો થશે જેવો ગણગણાટ શરૂ થઇ જતો. આમ રમુડાએ પોતાની એક બ્રાન્ડ ઉપસાવી હતી. અત્યારે હોત તો પોતાની વેબસાઇટ ઊભી કરી ધમધોકાર ધંધો કરત.

નાણે નાથાલાલ જેવું રમુડાનું ખરું. એનું ફઇબાએ પાડેલું નામ રણમલજી. જન્મ્યો ત્યારે રાજાશાહી તેજ વદન પર વર્તાતું હશે. બાળપણમાં એના સમોવડિયા સાથે રમ્યો, ભમ્યો, પડ્યો ને આખડ્યો. કહેતા કે એને કોઇ ઝેરી તાવ આવ્યો. સનેપાત જેવું થયું ને મોતના મોંમાંથી બાકીની જિંદગી હડધૂત થવા બહાર આવ્યો. નકામી ચીજને અભરાઇ પર મુકાય યા ફેંકી દેવાય. રમુડો ફેંકાયો. રસ્તાએ ઝીલ્યો. રસ્તો જ એનું સર્વસ્વ બની રહ્યો, ને રસ્તા પર જ મર્યો. એક રસ્તાએ દોસ્તારી જીવનભર નભાવી.

રમુડાના બોલના પડઘા હજી પણ હૃદય પર અથડાય છે. ક્યારેક સ્વપ્નમાં એને કોલ દીધા છતાં ગામ, વાડી, ખેતરને ખળું છોડી, ભાગી જઇ, ભણવા બદલ મને ઠપકો આપતો રહે છે. છતાં, દિલ પર સજ્જડ ચોંટી ગયેલું ચિત્ર મા નું છે. રમુડાને મા એ હસતો, કૂદતો, બાઇ જોડે રમતો જોયો હશે. મા ના હૃદયનું એ ચિત્ર રણમલમાંથી રમુડો થવા છતાં અકબંધ જ રહ્યું. રમુડાની આહલેક સુણી, હાથ પરનું કામ છોડી સહજભાવે રોટલો ધરવા જતી, બેસાડી પીરસતી ને કોઇપણ જાતના બોજ વગર ફરી પાછી પોતાના નિત્યક્રમમાં જોતરાઇ જતી મારી મા માટે કંઇક લખવા શબ્દો ક્યાંથી લાવું!

*૫૦/૪ રામસદન, પહેલો માળ,*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઇ-૧૯.*

**રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

૧. **પ્રકાશનનું સ્થળ** : અમદાવાદ

૨. **પ્રકાશનનો ગાળો** : માસિક

૩. **મુદ્રકનું નામ** :
શ્રી અશોક મહેતા
**મુદ્રકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**મુદ્રકનું સરનામું** :
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૪. **પ્રકાશકનું નામ** :
શ્રી અશોક મહેતા
**પ્રકાશકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**પ્રકાશકનું સરનામું** :
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૫. **સંપાદકનું નામ** :
શ્રી અશોક મહેતા
**સંપાદકની રાષ્ટ્રીયતા** : ભારતીય
**સંપાદકનું સરનામું** :
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૬. **અખબારની માલિકી** :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું** :
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, અશોક મહેતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

*અમદાવાદ* **અશોક મહેતા**
*માર્ચ ૨૦૧૨* *પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"*

*મુશ્કેલીમાં હોય એની મદદ કરવી એ પણ ખરી સાધુતા છે.*

# માહિતી

## બેંક નોટ ક્યારે પરત ન સ્વીકારે?

★ રૂપિયા એક સિવાયની તમામ ચલણી નોટો રિઝર્વ બેંકના તાબામાં આવે છે. તેની ડિઝાઈન નક્કી કરવાનું કામ બેંકનું કરન્સી મેનેજમેન્ટ ખાતું સંભાળે છે.

★ ભારતમાં ૧૯૫૪ની પહેલી એપ્રિલથી એક, પાંચ અને દસ હજારની ચલણી નોટ અમલમાં આવી. બાદમાં તેનો ઉપયોગ કાળું નાણું સંતાડવા માટે થતો હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું એટલે ૧૯૭૮ની ૧૬મી જાન્યુઆરીએ ત્રણેય નોટોનું વિમુદ્રિકરણ કરવામાં આવ્યું.

★ ભારત અને પાકિસ્તાન બે જ એવા દેશો છે કે જેની બધી જ ચલણી નોટો પર એક જ વ્યક્તિનો ચહેરો હોય. ભારતમાં મહાત્મા ગાંધી અને પાકિસ્તાનમાં મહમદઅલી ઝીણા. બાકીના દેશો ચલણી નોટનું મૂલ્ય બદલાય એટલે ચહેરો પણ બદલી નાખે છે. જોકે બ્રિટિશ રાણી એલિઝાબેથ સૌથી વધુ ૩૪ દેશોની ચલણી નોટો પર ચમકી છે.

★ ભારતમાં ૧૪ એપ્રિલ, ૧૯૨૮ના દિવસે નાસિક ખાતે પહેલું સિક્યોરિટી પ્રેસ સ્થપાયું ત્યારબાદ ભારતની ચલણી નોટો ભારતમાં છપાતી થઈ. એ પહેલાં બ્રિટનમાં છપાતી હતી.

★ રિઝર્વ બેંક માટે નવી ચલણી નોટો અને સિક્કાઓ છાપવા એ અત્યંત ખર્ચાળ કામ છે. ખાસ તો નવી નોટો છાપતી વખતે દર વખતે તેની નકલ ન થઈ શકે તે પ્રકારે સુરક્ષામાં વધારો કરવો રહ્યો. ૨૦૦૯-૧૦ ના વર્ષમાં આરબીઆઈએ કુલ મળીને ૨૭૫૪ કરોડ રૂપિયાનો ખર્ચ ચલણી નોટો છાપવા કરેલો.

★ નોટ પર લખેલી સૂચના પ્રમાણે બેંકો એ નોટ બદલી આપવા બંધાયેલી છે. પણ જો નોટના બેથી વધારે ટુકડા હોય, નોટ પર પે અથવા પેઇડનો સિક્કો મારેલો હોય, અમુક હદ કરતાં વધારે નોટ બળેલી હોય, સજ્જડ રીતે ચોંટી ગઈ હોય કે નોટ પર કંઈક લખાયેલું હોય તો એવી નોટ બદલી આપવા બેંકો બંધાયેલી નથી. રિઝર્વ બેંકે ૨૦૧૦ના વર્ષમાં ૧૬ અબજ મેલી, ગંદી, ફાટેલી, તૂટેલી ચલણી નોટો ચલણમાંથી પરત ખેંચી લીધી છે. ચલણમાંથી ખેંચી લેવાયેલી નોટો આમ તો બાળી નંખાતી હોય છે. કેટલાક કિસ્સાઓમાં રિઝર્વ બેંકે નોટોને રિસાઈકલ કરી તેમાંથી પેપરવેઈટ બનાવ્યાં છે. એવા દરેક પેપરવેઈટમાં રૂપિયા ૮૫૦૦ના મૂલ્યની ચલણી નોટો સમાયેલી હોય છે.■

## ભારતીય સિક્કો કયા કયા દેશમાં વપરાતો?

★ ભારતે ૧૯૮૦માં સૌથી વધુ મૂલ્યવાળો ૧૦૦ રૂપિયાના મૂલ્યનો સિક્કો બહાર પાડેલો. તેનું વજન ૩૫ ગ્રામ અને વ્યાસ ૪.૪ સેન્ટીમીટર હતો.

★ બહામાઝ ટાપુએ ૧૯૭૭માં ૭.૨ સેન્ટીમીટરના વ્યાસવાળો ૪૩૫ ગ્રામ સોનાનો સિક્કો બહાર પાડેલો. એ સિક્કાનું મૂલ્ય ૨૫૦૦ ડોલર હતું અને એવા માત્ર ૨૫૦ સિક્કા જ બનાવેલા. જગતમાં બહાર પડેલો એ સૌથી વધુ મૂલ્યવાળો સિક્કો હતો. ચાંદીનો સૌથી મોટો સિક્કો પનામા નામના દેશે બહાર પાડેલો. ૬.૧ સેન્ટીમીટર વ્યાસના એ સિક્કાની બનાવટમાં ૧૩૦ ગ્રામ ચાંદીનો વપરાશ થયેલો. અલબત્ત, આવા સિક્કાઓ માત્ર પ્રસંગોપાત શોખ માટે બહાર પાડવામાં આવતા હોય છે. વ્યવહારમાં તેનો વપરાશ થતો હોતો નથી.

★ ભારત પાસે વિદેશી હૂંડિયામણનો વિશાળ જથ્થો હોય છે. એ બધો જથ્થો ચલણી નોટો સ્વરૂપે રાખી શકાતો નથી. માટે હાલ આરબીઆઈએ કુલ ભંડોળ પૈકીનું ૫૦ ટકા ભંડોળ વિદેશી ચલણ સ્વરૂપે, ૪૩.૫ ટકા ભંડોળ વિદેશી રોકાણ તરીકે અને ૬.૫ ટકા ભંડોળ સોના સ્વરૂપે રાખી મૂક્યું છે. વિદેશી ચલણ ભંડારમાં પણ સૌથી વધુ ૪૦ ટકા જથ્થો અમેરિકન ડોલરનો જ છે. યુરો ડોલર ૨૫ ટકા અને બાકીના ૩૫ ટકામાં અન્ય ચલણો આવી જાય છે.

★ બીજા વિશ્વયુદ્ધ પહેલાં આપણે ત્યાં આઠ આના અને ચાર આના સિક્કા ૧૦૦ ટકા નિકલના બનતા. પણ યુદ્ધ શરૂ થયું ત્યારે ગોળીઓ બનાવવા ધાતુની જરૂરિયાત પૂરી કરવા એ બધા સિક્કાઓ ઓગાળી નંખાયેલા.

★ ઈરાકે ૧૯૩૧માં દિનાર ચલણ તરીકે અપનાવ્યું એ પહેલાં ત્યાં ભારતીય રૂપિયો સત્તાવાર ચલણ તરીકે માન્યતા ધરાવતો હતો. પહેલા વિશ્વયુદ્ધ વખતે ઈરાક બ્રિટનના તાબામાં આવ્યું હતું. માટે વહીવટી સરળતા ખાતર સરકારે ત્યાં પણ ભારતીય ચલણ દાખલ કરી દીધેલું. અડધી દુનિયામાં જ્યારે બ્રિટિશરાજની ધજાઓ ફરકતી હતી એ ગાળામાં ક્યારેક ને ક્યારેક ઓસ્ટ્રેલિયા, મોઝામ્બિક, કેન્યા, બ્રહ્મદેશ, અરબસ્તાન, દક્ષિણ આફ્રિકા, સોમાલિયા, શ્રીલંકા વગેરે દેશોમાં ચાંદીનો ભારતીય રૂપિયો વપરાયો છે.

★ ૧૬૪૪માં સ્વિડને દસ સ્વિડિશ ડોલરનો સિક્કો બહાર પાડેલો જેનું વજન ૧૯.૭ કિલોગ્રામ હતું. વળી તેનો આકાર ગોળાકાર સિક્કા જેવો નહીં પણ લંબચોરસ પાટ જેવો હતો. માટે એ સિક્કાઓ પૈકીના ઘણાખરા ઓગાળી નંખાયા અને સલામત રહ્યા એ સંગ્રહાલયમાં પુરાયેલા છે. ૧૭૪૦માં નેપાળના રાજા જયપ્રકાશ મલ્લાએ ૨ મિલિમીટર વ્યાસના અને માત્ર ૦.૦૦૮ ગ્રામ વજનના ચાંદીના સિક્કા બનાવડાવેલા. એમાંય વળી તેનો ચોથો ભાગ કરી માત્ર ૦.૦૦૨ ગ્રામ વજનના સિક્કાઓ પણ બનાવેલા. એ જગતના સૌથી નાના સિક્કા હતા. ■

વાર્તા

# રૂડકીનો દલ્લો

• ડૉ. ચંદ્રહાસ ત્રિવેદી •

રૂડકી અમારા ગામમાં ઘરની પાછળ આવેલા એક નાના વાસમાં રહેતી હતી. તેનાં મા-બાપ મહેનત-મજૂરી કરીને ગુજારો કરનારાં. બાપ મજૂરીએ જાય તો મા આસપાસની ગૃહસ્થીમાં છૂટક કામ કરીને ઘર નભાવે. મારા જન્મ પહેલાંનો તે લોકોને મારા કુટુંબ સાથે નાતો. મારાં બા પૂરા પ્રેમથી તેમને સાચવે અને માંદે-સાંજે તેમની પડખે ઊભાં રહે. તે લોકો પણ અમારા ઘરને તેમનું જ ગણી બાની સુવાવડ કે માંદગી વખતે આખા ઘરનું કામકાજ માથે લઇ લે. હું જન્મવાનો હતો તે પહેલાં બાએ રૂડકીની બાને આખા દિવસના કામ માટે રોકી લીધેલાં. તે તેમના ઘરનું વાસીદું વેળાસર કરીને તેમના વર માટે રોટલા ટીપીને શીંકે ચઢાવીને તેમની રૂડકીને લઇને અમારે ત્યાં આવી જાય અને ઘરનું કામ કરતાં રહે. બાનો બોલ અટકે પણ રૂડકીની માનો હાથ કામ કરતાં ન અટકે.

તે સમયે રૂડકી ચાર વર્ષની હશે અને તે પણ ઘરનાં નાનાં-મોટાં ટાંપાં દોડી દોડીને કરતી રહે. સાંજે અમારા ઘરનું બધું કામ પતાવીને વધ્યું-ઘટ્યું ખાવાનું લઇને તેઓ તેમને ઘેર જાય. આમ રૂડકીનો અમારા ઘર સાથેનો સંબંધ મારા જન્મ પહેલાંનો. મારા જન્મ પછી બાએ તેમનું આખા દિવસનું કામ બંધ કરેલું પણ છૂટક કામ તો તેઓ જ કરતા જેથી તેમની નિતની અવર-જવર અમારે ત્યાંની. રૂડકીની બા ઘરનું કામ કરતાં હોય ત્યારે રૂડકી મને ખોળામાં લઇને રમાડતી હોય.

રૂડકીને મારે માટે ઘણું વહાલ. તેની બધી નાની-મોટી રમતોમાં તે મને કેન્દ્રમાં રાખીને રમે. રમત પૂરી થાય એટલે મને કેડમાં ઘાલીને વળી પાછી ખડકીમાં નીકળે પણ મને કેડમાંથી ઉતારે નહિ. ઘણી વાર મારાં બા તેને કહે : રૂડકી, ભાઇને હેઠો મૂક. તું છે વેંતની અને તેને ઊંચકી-ઊંચકીને ફર્યા કરે છે. ક્યાંક ભાઇને પાડી ન નાખું. પણ રૂડકી મને ક્યારેય અળગો કરે નહિ અને જીવની જેમ જાળવે. કાં તો હું રૂડકીની કેડમાં હોઉં કે રૂડકીના ખોળામાં, પણ તે હોય ત્યાં સુધી હું તેની પાસે જ હોઉં. રૂડકી મને સાચવે જેથી બા છૂટાં રહી કામ કરી શકે અને કરાવી શકે. રૂડકીની આ સેવા માટે બા, તેની બાને કંઇ વધારે આપતાં પણ હશે.

રૂડકીને અડોશ-પડોશમાંથી ચણા-મમરા કે રેવડી જેવું કંઇ મળ્યું હોય તો તે ગૂંજામાં ઘાલીને મારે માટે સાચવી રાખે અને મને તેને હાથે ખવડાવે. તેનાં આપેલાં બોર કે કંઇ ખાતો હોઉં તે સમયે તે એવા ભાવથી મારી સામે જોઇ રહે જાણે મારા ખાવાથી તેની ભૂખ ભાગતી હોય. પણ રૂડકીને એક ભૂંડી ટેવ. મને જેવો જુએ કે બાથમાં લઇને બેચાર બચીઓ કર્યા વિના ન છોડે. શરૂઆતમાં તો હું તેણે આપેલું કંઇ ખાવામાં મારું ધ્યાન હોય એટલે મને તેની અડચણ ન લાગે પણ કેટલીક વાર તેની આ હરકતથી હું કંટાળી જાઉં અને રડું પણ ખરો.

થોડોક મોટો થતાં હું ખડકીમાં રમતો, પણ જો તેવામાં રૂડકીને ત્યાંથી જવાનું થાય તો તે ઊભી રહે. તેના હાથમાં કંઇ વસ્તુ હોય તો તે બાજુએ મૂકીને મને ઝાલીને બે-ચાર બચીઓ કર્યા વિના ન છોડે. અમુક ઉંમર સુધી તો રૂડકીની આ ચેષ્ટાઓનો કોઇએ કંઇ વાંધો નહિ લીધેલો, પણ પછીથી મારા બાપાએ તેને ધમકાવી નાખતાં કહેલું : રૂડકી, ભાઇને આમ ઝલાય નહિ અને બચીઓ થાય નહિ. બચીઓ કરવાથી તારો રોગ તેને લાગે. તે વખતે રૂડકીએ શરમાઇને કહેલું : પણ મને ક્યાં કંઇ રોગ થયો છે?

સમય જતાં હું નિશાળમાં આગળ ભણતો રહ્યો પણ રૂડકીએ તો માંડ બે ચોપડી કરીને ભણવાનું છોડી દીધું કે તેની માએ છોડાવી દીધું. પછી તે તેની મા સાથે નાનાં-મોટાં કામ કરાવવા જાય. કોઇ વાર રૂડકીની માને ક્યાંક મોટું કામ મળ્યું હોય અને આખો દિવસ જવાનું થયું હોય તો રૂડકી ઘરે રહે અને રોટલા ટીપીને તેના બાપને જમાડીને વિદાય કરે. પછી ઘરના કામમાંથી નવરી પડે એટલે બહાર ઓટલે આવીને બેસે અને વીણવા-ચૂણવાનું કંઇ કામ કર્યા કરે.

રૂડકીનું ઘર અમારા ઘરની પાછળના વાસમાં. નિશાળે જવા માટે આમ તો હું આગળને રસ્તેથી જાઉં પણ ક્યારેક ઉતાવળ હોય તો રૂડકીના ઘર પાસેથી પાછળના બારણેથી ઘરે આવી જાઉં, જેથી નિશાળ ઢૂંકડી પડે. એક વખત હું રિસેસમાં નિશાળેથી આવતો હતો અને રૂડકીના ઘર પાસેથી નીકળ્યો. રૂડકી ઓટલે જ બેઠેલી. મને જોતાં બૂમ પાડીને કહ્યું,

'ભાઇ, મઝાનાં બોર આવ્યાં છે. અંદર આવો તો આપું.' રૂડકીનું મન રાખવા હું અંદર ગયો ત્યાં તેણે મને બાથમાં લઇને બે-ચાર બચીઓ કરી લીધી અને પછી ખોબો ભરીને તાજાં મીઠાં બોરથી મારું ખિસ્સું ભરી દીધું. તે સમયે હું લગભગ બાર વર્ષનો હોઇશ. તેના આ વહાલ અને બચીઓમાં મને કંઇક ગમ્યું પણ સાથે સાથે મનમાં થયું કે અહીં ક્યાંક ન કરવાનું થાય છે.

કદાચ રૂડકીને પણ એમ લાગ્યું હશે તેથી તે પણ જરા સાવધ થઇ ગઇ. ત્યાર પછી તે મને જોઇને શરમાઇ જતી, પણ તેણે ક્યારેય ફરીથી મને તેવી હરકત કરી નહિ.

હા, એટલું ખરું કે તે મને જતાં-આવતાં આંખો ભરીને જોયા કરે અને જરાતરા મીઠું મીઠું મલકી લે અને હું પણ તે જ રીતે તેની સામે જોઇને જરા હસી લઉં.

વર્ષોને જતાં ક્યાં વાર લાગે છે? આગળ

*ખરાબ સોબતનું ફળ હંમેશાં ખરાબ જ આવે.*

ભણતો ભણતો ગામ છોડીને હું શહેરમાં આવ્યો અને શહેરમાં જ વસી ગયો. રૂડકી પણ પરણીને સાસરે ગઇ. મારાં બા-બાપુજી ગામમાં રહેલાં તેથી રજા મળતાં હું ક્યારેક ગામ જાઉં ત્યારે રૂડકીના ઘર સામે જોઇને બાને તેના વિશે ખબર પૂછી લઉં.

આવી રીતે એક વાર હું ગામ ગયેલો ત્યારે મેં રૂડકીને જોઇ. તેનું શરીર સાવ નંખાઇ ગયેલું અને હાડમાં કોઇ રોગ થયેલો. તેને જોઇને મારા મનમાં લાગણી થઇ આવી. હું તેની પાસે ઊભો રહ્યો અને તેના ઘર-વર-ગામ વિશે વાતો કરી અને તેની દવા વગેરે માટેના ખર્ચની વ્યવસ્થા કરવા બાના હાથમાં કંઇક રકમ પણ મૂકતો આવ્યો. તે સમયે રૂડકીની વાત ઉપરથી મને લાગેલું કે સાસરે તે સુખી નથી. તેણે શહેરનું મારું સરનામું પૂછી લીધેલું જે મેં તેને વિના સંકોચે આપેલું.

વળી, પાછાં કાળના વહેણમાં કેટલાંક વર્ષો વહી ગયાં ત્યાં એક દિવસે શહેરમાં રૂડકી અમારે ઘરે આવી પહોંચી. તેણે ખબર આપી કે હવે તેઓ અમારા શહેરમાં જ આવીને વસ્યાં છે અને નજીકના વાસમાં તેમણે એક ઓરડી ભાડે રાખેલી છે. તેનો વર મજૂરીએ જાય છે અને તે અડોશ-પડોશમાં છૂટક કામ કરે છે.

મારાં શ્રીમતીને મેં રૂડકીનો પરિચય કરાવ્યો. શહેરમાં કામ કરનારાંઓની તંગી અને શ્રીમતીના સ્વભાવને કારણે અમારે ત્યાં તો કામવાળાંઓ ઝાઝાં ટકતાં નહિ તેથી તેમણે રૂડકીને તુરત જ અમારું કામ બાંધવા પૂછી જોયું. રૂડકીએ કહ્યું, ‘તમારું ઘર જરા દૂર પડે ભાભી, પણ તમને ના ન પડાય. તમારા આંગણામાં ઊછરીને તો હું મોટી થઇ છું અને તમારાં સાસુએ તો મારું કેટલુંય સાચવ્યું છે. તેમના ઉપકારનો બદલો તો હું ક્યારેય વાળી શકું તેમ નથી. તમારું કામ કરીશ તો પણ મને આનંદ થશે.’

ત્યાર પછી રૂડકીએ અમારા ઘરના કામનો બધો ભાર માથે ઉપાડી લીધો. શ્રીમતી તેને કામ બતાવતાં થાકે પણ રૂડકી કામ કરતાં ન થાકે. પછી અમારે ક્યારેય કામવાળી બદલવી ન પડી. રૂડકી કામમાં પણ ભાગ્યે જ ખાડો પાડે. વચ્ચે તેના વરને અકસ્માત નડ્યો અને તેનું મૃત્યુ થયું ત્યારે તે થોડાક દિવસ કામે ન આવી અને થોડીક મદદ લઇ ગઇ. પણ વરનું કારજ-પાણી વગેરે પતાવી તે અમારે ત્યાં હાજર થઇ ગઇ. બસ પછી શ્રીમતીને ઘરની કોઇ વાતે ફિકર રહી નહિ. રૂડકીને પણ ઘર જવાની ઉતાવળ હોય નહિ અને મોડું થઇ જાય તો શ્રીમતી તેને અમારે ત્યાં જ રોકાઇ જવા કહે અને રૂડકી રોકાઇ જાય. ખાસ તો ઘરમાં કોઇ માંદું-સાજું પડે ત્યારે રૂડકી અમારે ત્યાં રહી પડે અને માંદાની માવજત કરતી રહે.

રૂડકી આમ તો આખા ઘરનું કામ કરતી પણ મારું પ્રત્યેક કામ તે જે ઊલટથી કરી લેતી તે કોઇ વાર શ્રીમતીને ખટકતું. એકાદ વાર તેમણે રૂડકીને ઠપકો આપતાં કહેલું : રૂડકી, ઘરમાં ભાઇ એકલા નથી. તેમના કામ આડે તું બધાં કામ બાજુએ મૂકી દે છે. ત્યારે રૂડકીએ સરળતાથી કહેલું : ‘ભાભી, ભાઇ સાથેનો સંબંધ તો ગામનો અને ઘરનો. વળી મેં તો તેમને ખોળે રમાડેલા તેથી તેમની અગવડ મારાથી જોઇ ન જાય.’

શ્રીમતીને આ વાત ખાસ ગમેલી નહિ પણ તે ખાસ કંઇ બોલેલાં નહિ. છતાંય એક વાર તેમણે મને કહેલું : મને કોઇ વાર ભીતિ રહે છે કે આ રૂડકી વશીકરણ કરીને તમને વશ ન કરી લે. ઘરમાં પગ મૂકે છે ત્યારથી તે તમને આંખો ભરી ભરીને જોયા કરે છે.

એક વાર હું માંદો પડેલો અને માંદગી લાંબી ચાલી. શ્રીમતીએ જ રૂડકીને ઘરે રોકી દીધી અને તે મારી બધી સાર-સંભાળ લીધા કરે જેથી શ્રીમતી થોડાંક છૂટાં રહે અને તેમના દેવ-દર્શનમાં કે સેવા-પૂજામાં વિક્ષેપ ન પડે. એવામાં એક વાર બાથરૂમમાંથી બહાર આવીને કપડાં બદલતો હતો ત્યાં ભૂલથી મેં ગળામાં ઝભ્ભો ઊલટો નાખ્યો જેથી ભરાઇ ગયો. રૂડકી આસપાસમાં હતી. મને ઝભ્ભાને ગળામાંથી પાછો કાઢવા મથામણ કરતો જોઇને તે હસવા લાગી અને બોલી, ‘રહેવા દો તમે - હું કાઢી દઉં છું. ક્યાંક ગળું ટૂંપાઇ જશે.’ અને તેણે મારા ગળામાંથી ઝભ્ભો કાઢવા માંડ્યો. ઝભ્ભો ગળામાં જે રીતે અટવાઇ પડેલો તે વાતે તે હસે અને હું પણ હસું.

એવામાં શ્રીમતી આવ્યાં. શ્રીમતીથી આ દૃશ્ય ન સાંખી શકાયું. તેમણે પાસે આવીને રૂડકીને ધક્કો મારતાં કહ્યું, ‘ખસ આઘી. મારી ગેરહાજરીમાં તો આવા કેટલાય ખેલ તું પાડતી હોઇશ. મને જરા વહેમ તો આવેલો પણ આજે નજરે જોયું. હવે તારો પગ મારા ઘરમાં ન જોઇએ.’ અને શ્રીમતીએ તુરત જ તેનો પગાર ગણીને હાથમાં પકડાવી દેતાં કહ્યું, ‘હવે મારા ઘરની સામે ક્યારેય જોઇશ નહિ.’

હું વચ્ચે કઇ બોલવા જતો હતો ત્યાં શ્રીમતીએ મને ઠપકાર્યો : ‘તમે તો બોલશો જ નહિ. તમારા સાથ વિના તે આગળ વધી શકે જ નહિ. કોણ જાણે કેટલાય દિવસોથી ઘરમાં આ લીલા ચાલતી હશે.’ અને ત્યાં સુધીમાં રડતી રડતી રૂડકી ઘરની બહાર નીકળીને વાટ પકડીને જતી રહી હતી.

ત્યાર પછી અમારે ત્યાં કેટલાંય કામવાળાં બદલાયાં, કેટલી વાર માંદગીઓ આવી પણ શ્રીમતીએ રૂડકીને ક્યારેય બોલાવી નહિ અને તે પણ અમારે ત્યાં ફરકી નહિ. રસ્તામાં એક વાર મને મળી ગઇ અને જ્યાં મારી અને તેની નજરો એક થઇ ત્યાં તેની આંખોમાંથી ડબક ડબક કરતાં આંસુ પડવા લાગ્યાં. હું કંઇ બોલવા જઉં તે પહેલાં તો રૂડકી ત્યાંથી ખસી ગઇ અને ઉતાવળી ચાલે બીજે રસ્તે ચાલી ગઇ.

ઘરમાં સારા-માઠા પ્રસંગે રૂડકીની ખોટ વર્તાયા વિના રહે નહિ ત્યારે શ્રીમતી સૌના સાંભળતાં વિના સંકોચે રહે : કામવાળી સારી હતી પણ મારે તેમના લીધે જ તેને કાઢવી પડી. આવું તો કંઇક મેં કેટલીય વાર સાંભળ્યું હશે પણ વાત ન વધી પડે તેથી કંઇ બોલ્યા-ચાલ્યા વિના હું તેવે સમયે શક્ય હોય તો બહાર ચાલ્યો જતો હતો.

વાતને થોડાંક વર્ષો થયાં હશે ત્યાં એક દિવસ રૂડકીનો પડોશી એક કોથળી લઇને અમારે ત્યાં આવ્યો. અમે કંઇ પૂછીએ તે પહેલાં કોથળી અમારી સામે ઠાલવતાં તેણે કહ્યું : રૂડકી ચાર દહાડા પહેલાં ઊકલી ગઇ. છેલ્લા કેટલાક વખતથી કહેતી કે મારી ટિકિટ ફાટી ગઇ છે પણ એક કામ બાકી છે તેથી હું નીકળતી નથી.

મરવાની આગલી રાતે મને બોલાવીને કહ્યું, ‘ભાઇ, મારું જે કંઇ છે તે બધું તમને હું સોંપું છું. તેમાંથી આટલાનું મારું કારજ-પાણી કરજો, આટલી રકમનું દૂધ લાવીને છોકરાંઓને પીવડાવજો, આટલી રકમનો

*ઈશ્વર બધા લોકોમાં હોય છે, પરંતુ બધા લોકો ઈશ્વરમય નથી હોતા.*

ગાયોને ઘાસચારો નાખજો અને આટલું તમને આપતી જાઉં છું જે રાખી લેજો. મને તમારા ઉપર વિશ્વાસ છે મારું આટલું કામ પાર પાડજો. મારા મર્યા પછી બધું પતી જાય પછી... ત્યાં જઈને આ થેલી ભાઈના પગમાં મૂકજો અને મારા થકી તેમને આટલી ચિઠ્ઠી પહોંચાડજો.'

*'જનમ ધરીને તમારા સિવાય મારા મનમાં કોઈ પુરુષ વસ્યો જ નથી. પણ મેં ક્યારેય સંબંધને અભડાવ્યો નથી. તમને સુખી જોઈને હું ખુશ થતી. કામ કરતાં કરતાં તમને જોયા કરતી અને તમારી સેવા-ચાકરી કરવામાં મને કોઈ અનેરો આનંદ આવતો એ વાત હું સ્વીકાર્યા વિના ન રહી શકું. જો એટલું કબૂલ ન કરું તો ભગવાનને ત્યાં ગુનેગાર ઠરું. છતાંય મેં ક્યારેય આમન્યાની રેખા ઓળંગી નથી. પરંતુ તમારા સાન્નિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પણ છેવટે છીનવાઈ ગયું અને ભાભીને દુઃખ થયું. તે માટે તેમની ક્ષમા માગું છું. ભાભીને માલૂમ થાય કે મેં ક્યારેય તમારું કંઈ જ લીધું નથી તે વાત હું સોગંદપૂર્વક કહું છું. મારી આખી જિંદગીની જે મૂડી છે તે બધી હું તમારા ચરણોમાં ધરું છું તેનો અનાદર ન કરશો.*

***- રૂડકી.'***

ભાંગ્યા-તૂટ્યા મરોડ વગરના અક્ષરોમાં લખાયેલો પત્ર મેં શ્રીમતીના હાથમાં મૂક્યો. શ્રીમતી કાગળ વાંચતાં હતાં તે દરમ્યાન હું તેમના મોં ઉપરના ભાવો જોતો રહ્યો. મને એમ હતું કે શ્રીમતી હમણાં જ રૂડકીની થેલીને લાત મારશે ત્યાં તે બોલ્યાં, 'રૂડકી સાથે અમારે ઘર-ગામનો સંબંધ. અમને તો ભગવાને ઘણું આપ્યું છે. પણ મરનારની ઈચ્છાને માન તો આપવું જ રહ્યું.'

અને શ્રીમતીએ ધીમેથી થેલી તેમની પાસે સરકાવી લેતાં રૂડકીના પડોશીને કહ્યું, 'ભાઈ, ચા પીને જ જજો.' અને રસોડામાં ચા કરવા ગયાં.

દરમ્યાન રૂડકીના પડોશીએ મને કહ્યું : 'રૂડકી મને ભાઈ ગણતી. રાખડી બાંધતી. પણ સાહેબ શું કહું? મરતા સુધી તેની જીભ તમારું નામ રટ્યા કરતી અને મને કહેતી : એક વાર તેમનાં દર્શન થઈ જાય તો પણ ઘણું. પરંતુ તેણે મને તમને ખબર કરવા ન દીધી : કારણ કે, રખેને તમારા સુખી જીવનમાં તેનાથી કંઈ અડચણ આવે.'

એટલામાં શ્રીમતી ચાનો પ્યાલો લઈને આવી પહોંચ્યાં અને રૂડકીના પડોશીને ચા ધરતાં કહ્યું, 'રૂડકીના ઓરડીનું શું કર્યું? અને તેની ઘરવખરી પણ હશેને!'

શ્રીમતીની વાત સાંભળીને હું સમસમી રહ્યો. ત્યાં પડોશીએ કહ્યું, 'ઓરડી ભાડાની હતી. અને છેલ્લે તેનાથી કામે ન જવાતું એટલે ઘરવખરી વેચતી રહી હતી. છતાંય ચાર ઠોબરાં પડ્યાં છે. જો તમે કહો તો સાંજે કોથળામાં નાખીને મોકલી આપું.'

અને શ્રીમતીએ મારી સામે જોયું. મેં પેલા પડોશીને કહ્યું : 'જે કંઈ રહ્યું હોય તે તમે લેજો કે અડોશ-પડોશમાં આપી દેજો.'

રૂડકીનો પડોશી ગયો ત્યાં તો રૂડકીની થેલી લઈને શ્રીમતી અંદર તેમના રૂમમાં જઈને થેલી ઠાલવીને તેનો દલ્લો ગણવા બેસી ગયાં.

***૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૬૨૦૬૧૦***

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે બિલ્ડીંગમેં છ ફ્લેટ આંઇ ને મળે પંઢ જો કચરો કચરા ટોપલીમે વજેંતા. પણ અજ આંઉ નેર્યો કે પંજ નંબર જે ફ્લેટ વારી બાઇ પંઢજો કચરો ટોપલી મેં ન વજે ને બાર ફગાય વઇ... સે તપાસ ત કર કે અનજી ડાગરી ચસકે તા નાય વઇને?

બચુડો : તપાસ કે ને ચેં... અધા અન બાઇજી ડાગરી ચસકે નાંય વઇ પણ ઇ બાઇ જોકો કચરો બાર ફગાય, અનમેં કેરીજા છોતરાને ગોટલા વા... સે મણીકે ખબર પે કે અનીજે ઘરમેં કેરીયું અચે વઇયું આંઇ. તેલાં કે છોતરા ગોટલા બાર ફગાય વઇવી.

## ખિલજા મ ભલા

શિક્ષક : બોલ ગાંડાલાલ, ધાર, કે તારી પાસે ત્રણ ચોકલેટ છે અને એમાંથી બે ચોકલેટ ખાઇ લે છે તો તારી પાસે કેટલી ચોકલેટ બચે?

ગાંડાલાલ : ત્રણ

શિક્ષક : ત્રણ? કેવી રીતે?

ગાંડાલાલ : એક બહાર ને બે પેટમાં.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : સૌથી મોટું નગર કયું છે?

ચિન્ટુ : સાહેબ... શ્રીનગર

શિક્ષક : એ કઇ રીતે

ચિન્ટુ : સાહેબ તમે જ કહ્યું હતું કે મોટાના નામ આગળ 'શ્રી' લાગે છે.

☺ ☺ ☺ ☺ ☺

ડોક્ટર : (દર્દીને) ખૂબ ખાંસી ખાંસીને તમને નબળાઇ આવી ગઇ છે. માટે સિગરેટ છોડવી પડશે.

દર્દી : હું રોજની પંદર સિગારેટ પીઉ છું... તે બિલકુલ છોડી શકાય એમ નથી.

ડોક્ટર : સારું, તમે એક કામ કરો. માત્ર જમ્યા પછી જ સિગારેટ પીવાનું રાખો... પંદર દિવસ પછી દર્દીને કહ્યું, 'જોયું મારી સૂચનાથી તબિયત કેવી જામી ગઇ.'

દર્દી : ખરી વાત છે સાહેબ, પણ એક દિવસમાં પંદર વખત ખાવું સહેલી વાત નથી.

☺ ☺ ☺ ☺ ☺

એક વ્યક્તિ : સાહેબ એક બીડી આપશો?

બીજી વ્યક્તિ: લો... આખું સિગારેટનું પેકેટ લઇ લો.

પહેલી વ્યક્તિ: દીવાસળી મળશે?

બીજી વ્યક્તિ: દીવાસળી શું કામ, આ લાઇટર જ રાખો...

પહેલી વ્યક્તિ :તમે તો ભાઇ ગજબના ઉદાર છો... ઓળખાણ પીછાણ વગર આટલું બધું આપી દીધું!

બીજી વ્યક્તિ: ના એવું નથી, હું ફેફસાના કેન્સરનો ડોક્ટર છું. જે માંગે તેને સિગારેટ લાઇટર આપું છું. તેથી મારો ધંધો વ્યવસ્થિત ચાલે છે.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડોક્ટર સાહેબ, મારી યાદશક્તિ બિલકુલ નબળી પડી ગઇ છે કોઇ સારામાં સારી દવા હોય તો આપો.

ડોક્ટર : તમે આવતીકાલે આવો. તમને છેલ્લામાં છેલ્લી શોધાયેલી દવા આપીશ. જેથી તમારી યાદશક્તિ જોરદાર થઇ જશે.

દર્દી : પણ ડોક્ટર સાહેબ કાલે કેમ, આજે જ આપોને...

ડોક્ટર : એવું છે ને એ દવા મેં ક્યાં મૂકી છે તે ભૂલી ગયો છું.

☺ ☺ ☺ ☺ ☺




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

મમ્મી : તું પરીક્ષામાં નાપાસ કેમ થયો?

પુત્ર : ખરાબ અક્ષરને કારણે

મમ્મી : પણ તારા અક્ષર તો એકદમ સારા છે

પુત્ર : પણ મેં જેમાંથી કોપી કરી તેના અક્ષર બહુજ ખરાબ હોવાથી પૂરેપૂરું લખી શક્યો નહીં.

☺ ☺ ☺ ☺ ☺

પપ્પા : બેટા, અંદરથી કાંઇક તૂટવાનો અવાજ આવ્યો. અંદર જઇને જોઇ આવ કે કપ રકાબી તૂટ્યા લાગે છે પણ કોના હાથે તૂટ્યા છે તે જરા જોઇ આવ કારણકે રસોડામાં તારી બા અને તારી ઘરવાળી બંને કામ કરે છે

પુત્ર : બાપુજી અંદર જવાની જરૂર નથી. કપરકાબી મારી બાના હાથેથી જ તૂટ્યા છે

પપ્પા : પણ અંદર જોયા વિના તને કેવી રીતે ખબર પડી?

પુત્ર : કપરકાબી મારી પત્નીના હાથે તૂટ્યા હોત તો કપરકાબી તૂટવાના અવાજ પછી તડાફડીનો અવાજ આવત પણ તે આવ્યો નથી એટલે બાએ જ કપરકાબી તોડ્યા હશે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*વિચાર એ અવકાશનું પંખી છે, જે શબ્દોના પિંજરમાં પાંખો તો પ્રસારે છે પણ ઊડી શકતું નથી.*

# ક્લેશ ચેનલ

## ટ્રેનમાં હવે ઓળખપત્ર ફરજિયાત

ટ્રેનમાં મુસાફરી કરતી વખતે રેલવે પ્રવાસીઓએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવાની જરૂર પડશે. હાલમાં તત્કાલ અને ઇ-ટિકિટ સાથે મુસાફરી કરતી વેળા યાત્રીઓને ઓળખપત્ર રાખવા પડે છે. પરંતુ હવેથી કોમ્પ્યુટરાઈઝ્ડ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પી.આર.એસ.) અને ઈન્ટરનેટ (આઈ-ટિકિટ) મારફતે બુકિંગ કરાવનાર યાત્રીઓ માટે પણ ઓળખપત્ર સાથે રાખવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ટ્રાન્સફર કરવામાં આવતી ટિકિટ સાથે મુસાફરી કરતા પ્રવાસીઓને રોકવાના હેતુથી આ નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ રેલવેના વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું.

વોટર આઈ.ડી. કાર્ડ, પાસપોર્ટ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, વિદ્યાર્થી ઓળખકાર્ડ, ફોટોગ્રાફ સાથેની રાષ્ટ્રીયકૃત બેંકની પાસબુક અને લેમિનેટેડ ફોટો સાથે બેંકો દ્વારા જારી કરવામાં આવતા ક્રેડિટ કાર્ડ પૈકી કોઈ એક ઓળખપત્ર લઈને યાત્રા કરી શકાશે. ફોટો ઓળખપત્રમાં કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સિરિયલ નંબર હોવા જરૂરી છે. મૂળભૂત ઓળખપત્ર રજૂ કરવામાં નિષ્ફળ રહેનાર યાત્રીને ટિકિટ વિનાના યાત્રી ગણવામાં આવશે અને તેમના પર નિયમો મુજબ દંડ વસૂલ કરવામાં આવશે. આ નિયમો રેલવે દ્વારા જારી કરવામાં આવેલી તમામ ટિકિટ પર લાગુ પડશે.

★

## વેપારી તથા દુકાનદારો માટે

તમામ વેપારી તથા દુકાનદારોને ગ્રાહક સુરક્ષા ધારા, ૧૯૮૬ની કલમ-૧૪ની જોગવાઈ મુજબ કેશ મેમો / બિલમાં કે દુકાનમાં વેચેલો માલ પાછો લેવાશે નહીં કે બદલી શકાશે નહીં તેવું લખાણ પ્રદર્શિત કરાતું હોય તો એ કાયદા વિરુદ્ધ અને ગેરવાજબી છે, તેમ નિયંત્રક કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતો દ્વારા જણાવાયું છે. લાગતાવળગતાઓએ તેની નોંધ લઈને આ શરત ગ્રાહકના હિતમાં દૂર કરવાની રહે છે. અન્યથા તેમની સામે યોગ્ય કાનૂની કાર્યવાહી હાથ ધરાશે.

*(સમાચાર પત્રના વૃત્તાંત)*

## ભારત સરકારની પેન્શન સ્કીમનો લાભ લેવા માટે પ્રાથમિક માહિતી

ખાસ કરીને જે લોકોને વૃદ્ધાવસ્થામાં આવકનો પ્રશ્ન હોય તેવી વ્યક્તિઓને બાંયધરીવાળી આવક પ્રાપ્ત થાય તે ક્ષેત્રે ભારત સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરેલ છે. આ પ્રકારના ભારતીય નાગરિકોના આર્થિક લાભાર્થે ન્યુ પેન્શન સ્કીમને (એનપીએસ) નિયમિત અને કાર્યશીલ કરવા ભારત સરકારે હવે પેન્શન ફંડ રેગ્યુલેટરી ઓથોરિટી (પીએફઆરડીએ) ની રચના કરી છે. વાસ્તવમાં ભારતીય નાગરિકો માટે તા. ૧-૫-૨૦૦૯થી ન્યુ પેન્શન સ્કીમ અમલમાં છે.

આ ન્યુ પેન્શન સ્કીમના કેટલાંક વિશિષ્ટ લક્ષણો નીચે મુજબ છે.

૧. ૧૮થી ૬૦ વર્ષનો કોઈપણ ભારતીય પ્રજાજન આ યોજનામાં દાખલ થઇ શકે છે.
૨. રાષ્ટ્રીયકૃત બેન્ક (૩૦૫૦) તેમજ યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયાની કોઇપણ શાખામાં એનપીએસ ખાતું ખોલાવવા અર્થે જરૂરી ફોર્મ સાથે નો-યોર-કસ્ટમર (કે.વાય.સી.) અંગેના દસ્તાવેજો રજૂ કરવાના હોય છે.
૩. અલ્પતમ રૂા. ૬૦૦૦ની વાર્ષિક રકમ સાથે પ્રત્યેક વહેવાર પર અલ્પતમ રૂા. ૫૦૦થી તેનો ચાર્જ શરૂ થાય છે.
૪. આ પ્રકારના ખાતામાં રોકડેથી, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, પોસ્ટ ડેટેડ ચેક્સ, સ્ટેન્ડિંગ સૂચનાઓ, ઇસીએસ દ્વારા રકમ ભરપાઇ કરી શકાય છે. ૬૦ વર્ષથી પેન્શન શરૂ થાય છે.
૫. ભારત સરકારના નાણાં મંત્રાલય હેઠળના પીએફઆરડીએ દ્વારા નિયંત્રિત થવાના કારણે તે ઘણું સરળ, અતૂટ અને સંપૂર્ણ રીતે રક્ષિત છે.
૬. તે પોષાય તેમ છે કારણકે સંભવિત ખૂબ ઓછું રોકાણ એ એનપીએસનું ખાસ અંગ છે અને અત્યંત ઓછી રકમથી તેમ કરવું શક્ય બને છે.
૭. ઈન્કમટેક્ષ એક્ટ, ૧૯૬૧ મુજબ ટેક્ષ સંબંધિત દરેક લાભો પ્રાપ્ત છે.

સમાજના સભ્યો કે જેઓ ખાનગી સંસ્થાઓમાં કામ કરે છે અને ત્યાં પી.એફ. અથવા પેન્શનના લાભની સુવિધા નથી, તેવી વ્યક્તિને ઉપરોક્ત સ્કીમ ખૂબજ આશીર્વાદરૂપ બની શકે છે.

અત્રે જણાવેલ સ્કીમની કામગીરી જે બેન્કો કરે છે, ત્યાં સંપર્ક કરવાથી આ સંબંધિત વધારે માહિતી પ્રાપ્ત કરી શકાશે અથવા તો યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયામાં ફોન નંબર ૯૦૯૯૯ ૩૧૭૨૨ પર જરૂરી વિગત માટે સંપર્ક કરી શકાય છે.

*- કે.ડી. શાહ*

*પોતાને જવાબદાર રહેવાનો દૃઢ નિર્ધાર તેનું નામ સ્વતંત્રતા.*

## સ્કૂલોની લખલૂટ ફી

ગુજરાત રાજ્યમાં તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેક્ષણથી જાણવા મળ્યું છે કે, ગુજરાતમાં પ્રાથમિક કક્ષા અગાઉની અને પ્રાથમિક સ્કૂલોની ફીમાં છેલ્લા બે-ત્રણ વર્ષમાં અનહદ વધારો થયો છે અને સામાન્ય નાગરિકની કમાણીનો મહત્તમ હિસ્સો તેની પાછળ વપરાઇ જાય છે.

ઘણાં રાજ્યોમાં બને છે તેમ, મોટાભાગની સ્કૂલો રાજકીય પક્ષોના નેતાઓ જ ચલાવતા હોય છે એટલે રાજ્ય સરકારો આડકતરી રીતે પોતાનું કામ કઢાવવા, સ્કૂલોની વધતી જતી ફી તરફ અજાણ બનીને સ્કૂલના સંચાલકોને નાગરિકોને લૂંટવાનો પરવાનો આપી દેતી હોય છે.

આ પ્રકારના સ્વાર્થીપણાના હેતુસર પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક સ્કૂલો એટલે જુનિયર કે.જી., સિનિયર કે.જી. વગેરેની ફીને રાજ્ય સરકારે અંકુશમુક્ત રાખી છે! આ કારણે માતા-પિતાને પોતાના બાળકોને માત્ર પ્રાથમિક શિક્ષણ આપવા માટે વર્ષ દરમિયાન બે-ત્રણ લાખનો આસાનીથી ખર્ચ કરવો પડે છે. આંતરરાષ્ટ્રીય સંચાલનવાળી સ્કૂલોની ફી ખૂબ ઊંચી હોય છે અને ઊંચી ફી વાળી સ્કૂલો જ સારી હોય તેવી સામાન્ય છાપ સમાજમાં પ્રવર્તે છે. વળી આજુબાજુના બે-ત્રણ છોકરાઓ આવી સ્કૂલે જતા હોવાથી તેની અસર અન્ય પરિવારજનો ઉપર થાય છે. તેથી સામાન્ય મા-બાપની કમાણીનો લગભગ અર્ધા જેવો હિસ્સો પોતાના સંતાનોના પ્રાથમિક અભ્યાસ પાછળ જ જતો રહે છે. વાત આટલેથી અટકતી નથી. ફી ઉપરાંત મોંઘી કિંમતવાળા પુસ્તકો, દફતરો, યુનિફોર્મ, વાહન ખર્ચ, સ્કૂલનું બિલ્ડિંગ ખર્ચ, ઇલેક્ટ્રિક ખર્ચ, સ્કૂલોમાં ઉજવાતા વિવિધ પ્રકારના કાર્યક્રમોના ખર્ચા વગેરે પણ મોટા પ્રમાણમાં હોય છે.

આ સંજોગોમાં મા-બાપ પોતાના સંતાનોને ભણાવશે ક્યાં સુધી? સંતાનો ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચશે ખરા? પ્રશ્ન સીધો છે - તેનો જવાબ અઘરો છે!!

***(સમાચાર પત્રોના વૃત્તાંતમાંથી ટૂંક નોંધ)***

## ભેળસેળ રોકો... તુરત ફરિયાદ કરો

ખોરાક અને ઔષધમાં થતી ભેળસેળને લગતી બાબતોની ફરિયાદની માહિતી તંત્રને આપવા માટે ટોલ ફ્રી નંબર સેવા ૧૮૦૦ ૨૩૩૫૫૦૦ શરૂ થઈ છે.

આ લાઈન પર જાહેર જનતા સવારના ૧૦.૩૦થી સાંજના ૬.૦૦ કલાક સુધી સંપર્ક કરી શકે છે અથવા વેબસાઈટ : www.gujhealth.gov.in પર ઓનલાઈન ફરિયાદ થઈ શકે છે.

**પાણીનો પ્રવાહ ધીમે ધીમે જેમ ભારે પથ્થરોને ઘસી નાખે છે તેમ સમયનો પ્રવાહ દુઃખના ભારને આખરે તોડી નાખે છે.**

## ‘મંગલ મંદિર’ને અભિનંદન

## શ્રી જય અંબે ધામ માટે આમંત્રણ

‘મંગલ મંદિર’નો પ્રસિદ્ધ થયેલ ગત વિશેષાંક એટલે વિવિધ લેખો દ્વારા જાણકારીનો રસપ્રદ ઈતિહાસ, એમ ચોક્કસપણે કહી શકાય. આ વાતને વાંચકોના પ્રતિસાદ અને અભિપ્રાયથી પણ સમર્થન મળે છે. તે સિવાય, નિયમિત અંકો એટલા જ રસપ્રદ અને વાંચકવર્ગને ઉપયોગી થાય તેવા હોય છે. આ બદલ તંત્રીશ્રીઓ, સ્ટાફ અને લેખકોને ખૂબ અભિનંદન!

આપના સમાજ દ્વારા જ્યારે કચ્છ દર્શનનો પ્રવાસ ગોઠવાય ત્યારે અમારા શ્રી જય અંબે ધામ - ગોધરાને જરૂર તેમાં આવરી લેવા વિનંતી છે. આપ સૌને ટ્રસ્ટીગણ વતી હાર્દિક આમંત્રણ છે. જેનો સ્વીકાર કરશોજી.

*હીરાલાલ બી. ઉનડોઠવાલા - વ્યવસ્થાપક*
*શ્રી જયઅંબે સાર્વજનિક ટ્રસ્ટ, ગોધરા - કચ્છ*

• • • • •

## તંત્રી લેખને સમર્થન


‘મંગલ મંદિર’ના ફેબ્રુઆરી અંકમાં તંત્રીલેખમાં અગત્યના મુદ્દાઓને છેડવામાં આવ્યા છે. જ્ઞાતિની વાત કરીએ તો પ્રાચીનકાળમાં માત્ર ચાર વર્ણ હતા, જ્ઞાતિઓ ન હતી. રામાયણ, મહાભારત તથા વેદથી માંડીને નવમી સદીમાં રચાયેલ ભાગવત સુધીના ગ્રંથોમાં માત્ર વ્યક્તિના નામ તથા વર્ણનો જ ઉલ્લેખ છે કોઈ જ્ઞાતિઓનો ઉલ્લેખ નથી. મારી ધારણા મુજબ જ્ઞાતિઓની ઓળખની શરૂઆત દસમી સદીના અંતકાળથી શરૂ થઈ છે. થોડા વધુ ઊંડા જઈએ તો મહમદ ગઝનીના સોમનાથ પરના આક્રમણ (ઈ.સ. ૧૦૨૬) સુધી બ્રાહ્મણો પણ માત્ર બ્રાહ્મણો જ હતા. કોઈ પંડ્યા, શુક્લ, ભટ્ટ કે ત્રિવેદી ન હતા. તેમજ ક્ષત્રિયો માત્ર ક્ષત્રિયો હતા. કોઈ ચૌહાણ કે રાઠોડ કે સોલંકી ન હતા. વિદેશી આક્રમણો બાદ ધીરે ધીરે સમાજ ધાર્મિક તેમજ સામાજિક બાબતોમાં વધુને વધુ સંકોચાતો ગયો. જૈનોમાં પણ જોકે મુખ્ય દિગંબર તથા શ્વેતાંબર ફાંટાની શરૂઆત તો વહેલી જ થઈ ગઈ હતી પરંતુ પછીથી જુદા જુદા સંપ્રદાયો અને પેટા સંપ્રદાયોમાં તેઓ વધુને વધુ પ્રમાણમાં વિભાજિત થતા ગયા. મોટા કૂંડાળામાં નાનું અને નાનામાં એનાથી નાના કૂંડાળામાં આપણે વહેંચાતા ગયા. કોઈ મોટા કૂંડાળામાંથી નાના-નાના કૂંડાળા બન્યા તેના અનેક દૃષ્ટાંતો - હકીકતો જોવા મળે છે. પણ કોઈ નાના કૂંડાળાએ સ્વેચ્છાએ પોતાની મમત અને સંકુચિતતા છોડીને મોટા કૂંડાળામાં વિલીન થઈ જવાની ઉદારતા બતાવી હોય એવો કોઈ દાખલો ભાગ્યે જ જોવા મળે.

આ વસ્તુનો હવે અંત આવવો જ જોઈએ. વિજ્ઞાનના આ યુગમાં કે જ્યાં આખી દુનિયા એક ગામડું બની ગઈ છે ત્યાં આવા સંખ્યાબંધ ધાર્મિક તેમજ સામાજિક વિભાગો ચલાવી ન લેવાય. વિઘટન નહીં - વિભાજન નહીં પણ સંગઠન એ જ નવા યુગનો મંત્ર હોવો જોઈએ. એ માટે માત્ર અને માત્ર પોતાનો અહં, પોતાની મમત અને પોતાની સંકુચિતતા છોડવાની જરૂર છે. તંત્રીશ્રીના લેખ માટે સંપૂર્ણ સંમતિ.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## મોભાદાર લોકપ્રિય ‘મંગલ મંદિર’ - ૦૨/૨૦૧૨




આપના તંત્રી લેખમાં, સમાજમાં અલગ અલગ ટુકડાઓને ભેગા કરી એક અખંડ સમૂહની રચના થાય અને એક મહા ઊર્જા પેદા ઉત્પન્ન થતાં જે રચનાત્મક કાર્યો સફળતાથી થઈ શકે છે એ પ્રત્યેની અસરકારક સ્વપ્ન દર્શકની અદાથી ચર્ચા કરી છે. તેમાં પણ વૈજ્ઞાનિક પ્રગતિમાં આપણે આટલા પછાત કેમ? યુરોપ - અમેરિકાના વિજ્ઞાનીઓએ ગજબની શોધો કરી અને આપણે, એશિયનો અને ખાસ કરીને ગુજરાતીઓએ એવી શોધો કરી કે આ વૈજ્ઞાનિક શોધોમાંથી સૌથી વધારે વ્યાપાર કરી પૈસા કેમ બનાવવા અને એ પૈસાને ધાર્મિક ઓઠા નીચે સમાજમાં વાહ વાહ થાય તે માટે લખલૂટ ખર્ચ કેમ કરવો. વ્યવહારિક કુશળતા તો આને જ કહેવાયને! સમગ્ર ગુજરાતમાં અન્ય શિક્ષણની સરખામણીમાં વૈજ્ઞાનિક કોલેજો કેટલી? અંધ વિશ્વાસની અંધાધૂંધીમાં અધધ.... ધન ખર્ચાય છે. સમાજસેવાની મોટી યોજનાઓની કલ્પના વૈજ્ઞાનિક અભિગમવાળી પ્રગતિશીલ વ્યક્તિઓ જ કરી શકશે. આશા છે, અમદાવાદ આમાં મોખરે રહેશે.

‘ખબર પત્રિકા’ના વિચારનો અમલ સમગ્ર કચ્છી જૈન સમાજને વધુ પાસે લાવશે અને પ્રગતિશીલ વિચારોને ઘરે ઘર વાચા મળશે. મુંબઈની પત્રિકાનો વિકાસ ઘણો માર્ગદર્શકરૂપ થશે.

શ્રી પ્રતાપ દંડે અમદાવાદ કચ્છી જૈન સમાજના ઈતિહાસના લેખનમાં ખૂબજ મહેનત કરી છે ને સંપૂર્ણ થતાં ભવિષ્ય માટે એ દીવાદાંડીરૂપ બનશે. અન્ય સમાજો કરતાં અમદાવાદમાં વિકાસ ઠીક ઝડપી થયો છે. શ્રી પ્રતાપભાઈને અભિનંદન.

*ડૉ. માણેક એમ સંગોઈ - મુંબઈ.*
*મો. ૯૧૬૭૪ ૬૪૨૪૨*

• • • • •

## ‘મંગલ મંદિર’ના માધ્યમથી

## દક્ષિણ ભારત - અમદાવાદનો ઉત્તમ નાતો

દક્ષિણ ભારતના મુખ્ય શહેરોમાં સારા એવા પ્રમાણમાં કચ્છી

*માનવ જાત પર મોટામાં મોટો શાપ તે સ્વાર્થ.*

જૈન પરિવારો છે. તેમાંથી મોટાભાગના ઘરોમાં 'મંગલ મંદિર' નિયમિત વંચાય છે. **ખાસ કરીને માદરે વતન કચ્છનાં સ્થળો અને જિલ્લાને સ્પર્શતા પ્રશ્નોને વાચા આપતાં 'મંગલ મંદિર'ના પ્રકાશનો દાદ માંગી લે તે પ્રકારના હોય છે.** સચોટ અને વ્યવસ્થિત લખાણ દ્વારા 'મંગલ મંદિર' એક આગવું માસિક બનેલ છે. તેમાં પણ દક્ષિણ ભારતની સંસ્થાઓ, જ્ઞાતિ અને પરિવારજનોના સમાચાર - લખાણને પણ ન્યાય આપો છો તે એક પ્રશંસનીય કામગીરી છે. એટલું જ નહીં પરંતુ આ રીતે દક્ષિણ ભારત અને અમદાવાદનો, એક ખાસ નાતો છે તેવું તેમાંથી ફલિત થાય છે. તે માટે 'મંગલ મંદિર'ના તંત્રી મંડળને અને આપની સંસ્થાને ધન્યવાદ ઘટે છે.

*પોપટલાલ કેશવજી છેડા - માનદ્ મંત્રી*
*આંધ્ર પ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ - હૈદ્રાબાદ*

● ● ● ● ●

## સમાજના પરિવારજનો માટે સમય મર્યાદામાં સંપૂર્ણ માહિતી આપવી જરૂરી

વસતિ પત્રક-૨૦૧૨ના ફોર્મ શ્રી કચ્છી જૈન સમાજના તમામ સભ્યોને પોતાની વિગતો ફરીને પરત કરવા માટે 'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર-૨૦૧૧ના અંકમાં છાપ્યા હતા. જેના માટે કેટલીય યાદી બાદ ખૂબ જ જૂજ પ્રમાણમાં ફોર્મ ભરાઈને આવ્યા હતા. ત્યારબાદ માસ જાન્યુઆરી-૨૦૧૨ સુધી ઘણાં સભ્યોએ આ તરફ તાત્કાલિક ધ્યાન આપ્યું નહિ, એટલે વારંવાર ફોન સંપર્કથી અને રૂબરૂ માણસો મોકલીને પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ વસતિ પત્રકના ફોર્મ-૧ની સાથે ફોર્મ-૨માં દર્શાવવાની વિગત જેવી કે વ્યવસાય - નોકરી ક્યાં કરો છો, શેની નોકરી કે વેપાર વગેરે માહિતી મોટાભાગના ફોર્મમાં ભરાઈને આવી ન હતી. એટલે એ વિગતો પૂરી કરવા માટે વસતિ પત્રક સમિતિએ ફરીથી તેવા પરિવારજનોને વારંવાર ટેલિફોન કરીને ખૂટતી માહિતી મેળવવા કોશિશ કરી. પરંતુ લેખિત અને મૌખિક માહિતીમાં ઘણો તફાવત છે. કેટલીકવાર સાંભળવામાં ફેર પડી જાય તો ખોટી વિગત પણ છપાઈ જાય અને તેથી પુસ્તક છપાઈ ગયા પછી તેના ઉપર કેટલીક ટીકા આવવાની શક્યતા રહે છે. આવી ક્ષતિઓ નિવારવા તેમજ લેખિત વિગત સંપૂર્ણપણે તુરત જ મોકલાવવા દરેક સભ્યોએ તાત્કાલિક ધ્યાન આપવું જરૂરી બને છે. ફોર્મની વિગત ગુજરાતીમાં જ ભરવાની હતી અને સારી ભણેલી વ્યક્તિઓ પણ જોડેલા ફોર્મની વિગતો પૂરી ભર્યા વગર મોકલી આપે તે કેટલા અંશે યોગ્ય કહી શકાય? સમાજના કાર્યકરો પોતાનો કિંમતી સમય આપીને સેવાભાવે કામ કરે છે ત્યારે સભ્યો તરફથી પૂરતો સહકાર મળતો નથી તે ખેદની વાત છે.

ભવિષ્યમાં આવી બાબતનું પુનરાવર્તન ન થાય તેની દરેક સભ્યોએ યોગ્ય નોંધ લેવી ઘટે.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

● ● ● ● ●

## દાર્શનિક સત્યો છે વૈજ્ઞાનિક તથ્યોથી અદકેરા

મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૨માંના શ્રી મુરજી ગડાના લેખે મને વિચારતો કરી મૂક્યો. ધીરે ધીરે સમજાયું કે, દાર્શનિક સત્યોની પરખ લેબોરેટરીમાં કે ગણિતના સમીકરણોમાં ન થાય.

દા.ત. જૈન અને બૌદ્ધ દર્શનમાં સર્જનહાર ઈશ્વરનો સર્વથા ઈન્કાર છે. આ બોધ પામનારે અન્વેષણ કર્યું જ હશે ને? ચિંતન-મનન-ગવેષણાના અંતે સર્જનહાર ઈશ્વરની હસ્તિ ન દેખાઈ એટલે એમણે ઈશ્વરના ઈન્કારનું સત્ય સ્થાપિત કર્યું. આ દૃષ્ટાઓના ટેમ્પરામેન્ટ વૈજ્ઞાનિક-ખોજ જ કહેવાય ને? અને ઈશ્વરના ઈન્કાર કરવામાં કેટલી બધી આધ્યાત્મિક હિંમત જોઈએ છે.

તો આપણાં ચિત્તમાં ઉપજતા કષાયો, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ વગેરે આપણા ચિત્તને કેટલા ક્ષુબ્ધ કરે છે અને આરોગ્યને નુકસાન કરે છે. તો તે સામે સમભાવ-ક્ષમા-અનુકંપા ઈત્યાદિ કેટલી શાંતિ આપે છે. આ બધું આપણા ચિત્ત અને શરીરની પ્રયોગશાળામાં જ સિધ્ધ થાય છે ને? તો આ સત્યોને લેબટેસ્ટથી ઊણા સમજવા? જો કે હવે તો મનોવિજ્ઞાન પણ આ વિધાનોને સ્વીકારે છે.

જૈન ધર્મ, કર્મને પુદ્‌ગલરૂપે સ્વીકારે છે એટલે કે કર્મબંધન એક પદાર્થ છે. આ પદાર્થ પોતાના ગુણધર્મને અનુસરે છે. તેની સામે સંયમ અને નિર્જરાની રચના છે. આ રચના સમજનાર કે બાર વ્રતોની રચના કરનારની, બૌદ્ધિક સંપદા કેવડી મોટી હશે. જગતના શક્ય એટલા બધા પાપાચારનું આલેખન કરીને એનાથી બચવાના ઉપચાર સ્થાપ્યા એ બધા સ્વયંસિદ્ધ છે. કાઉસગ્ગ, સામયિક, અપ્રમાદ વગેરે તો બેજોડ છે.

આપણે કેટલાયે વૈજ્ઞાનિક તથ્યો ફેંકાઈ જતા, બદલાઈ જતા જોયા છે, ત્યારે આ દાર્શનિક સત્યો સર્વ કાલે / સર્વ પ્રદેશે અકબંધ છે.

*કીર્તિચંદ્ર શાહ - મલાડ (પૂર્વ)*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી જયઅંબે સાર્વજનિક ટ્રસ્ટ - ગોધરા (કચ્છ)

શ્રી જયઅંબે સાર્વજનિક ટ્રસ્ટ તથા મા અન્નપૂર્ણા ક્ષેત્રમાં ગોધરા - કચ્છ ખાતે છેલ્લા બે મહિનામાં ૧૭૭ સ્કૂલ - કોલેજોના શિક્ષણાર્થીઓ, ભક્તજનો, વિદેશીઓ તથા વિવિધ યાત્રાળુઓ મળીને કુલ ૫૫,૦૦૦ વ્યક્તિઓએ લાભ લીધો છે.

'મા અંબે મા'નું મંદિર, સંસ્કૃતિ કેન્દ્ર, રામશિલા કુંડ, ચંદનબાળા અને જૈન તીર્થપટો, મ્યુઝિયમ, વૈષ્ણોદેવી મંદિર, ગાર્ડન, ગૌશાળા, ગોબર ગેસ પ્લાન્ટ, ખેતીવાડી - શાકભાજી, અન્નપૂર્ણા અન્નક્ષેત્ર સેનેટરી વગેરે ૧૫ એકરમાં અંબેધામ વગેરેની રૂબરૂ જાણકારી પ્રાપ્ત કરવા તેમજ દર્શનાર્થે ઉપરોક્ત લાભાર્થીઓ પધાર્યા હતા.

દર્શનાર્થી યાત્રાળુઓ દર્શન કરી માતાજીના ચરણોમાં માથું નમાવી આશીર્વાદ મેળવે છે. શૈક્ષણિક પ્રવાસથી ૧૭૭ સ્કૂલોનાં - કોલેજોનાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ ગામડાંનું લોકજીવન, ગામડાંના ગૃહઉદ્યોગો, ગામડાંની સસ્તાઈ, સુખી જીવન, સુખ સમૃદ્ધિ, તંદુરસ્તી માટે ગામડાંના જીવનના ચિત્રો અને મૂર્તિઓ દ્વારા છોકરાઓને ઘણું ઘણું જ્ઞાન મળે છે. મ્યુઝિયમમાં સર્વધર્મ સમભાવ અને જૈનોની કૃતિઓ આબેહૂબ જોવા જેવી છે. સંસ્કૃતિ કેન્દ્રમાં ગામડાંની સંસ્કૃતિ અને હાલની નવી પેઢીમાં દૂષણો દાખલ થઈ ગયા છે અને કેવી બરબાદી થાય છે તે સંબંધી દશ્યો, ચિત્રો અને લેખોથી ઘણી જાણકારી મેળવી શકાય છે. મા અન્નપૂર્ણા અન્નક્ષેત્રમાં રોજ ૪૦૦થી ૮૦૦ જણા પ્રસાદીનો લાભ લે છે અને મોટી સંખ્યામાં લોકો રાતવાસો કરવાનો લાભ ઉઠાવે છે.

તા. ૧-૨-૨૦૧૨નાં કચ્છમાં શ્રી વાસણભાઈ આહીરે આવી માતાજીનાં દર્શન તેમજ પ્રસાદીનો લાભ લીધેલ. ટ્રસ્ટની કામગીરી અને સુંદર વ્યવસ્થા માટે મોટા ભાગના મુલાકાતીઓ દ્વારા પ્રશંસા થતી રહે છે તેમ સંસ્થાના વ્યવસ્થાપક શ્રી હીરાલાલ વી. ઊનડોઠવાલાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ભાવનગર કચ્છ સમાજ
## શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહનું સન્માન

'ભાવનગર કચ્છ સમાજ'ના સ્થાપક પ્રમુખ, ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન, ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કારોબારી સમિતિ અને ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના સભ્ય, આઈ.ટી.આઈ.ની આઈ.એમ.સી. કમિટીના ચેરમેન તેમજ જિલ્લાની અન્ય વિવિધ સમિતિઓમાં સમાજનું પ્રતિનિધિત્વ કરનાર મૂળ નલિયા ગામના અને હાલે ઘણા વર્ષોથી ભાવનગર ખાતે સ્થિત શ્રી મહેન્દ્રભાઈ સુધાકરભાઈ શાહની ઉપરોક્ત સંસ્થામાં કામગીરી તથા તેવા ક્ષેત્રે સતત યોગદાન બદલ તાજેતરમાં 'લઘુ ઉદ્યોગ ભારતી' ભાવનગર કાર્યાલય દ્વારા યોજાયેલ એક સમારંભમાં તેમને મોમેન્ટો અને પુષ્પગુચ્છ અર્પણ કરીને યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ માટે ભાવનગર કચ્છ સમાજે ગૌરવ અનુભવીને તેમને અભિનંદન પાઠવ્યા હતા, તેમ સમાજના માનદ્ મંત્રી શ્રી ડૉ. ઈન્દ્ર ગઢવીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## દિલ મિલતે ગયે... કારવાં બનતા ગયા!
### મહાસંમેલન : આંધ્ર પ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ - હૈદ્રાબાદ

દક્ષિણ ભારત કચ્છી વીસા ઓસવાલ જૈન એકમ, આંધ્રપ્રદેશ ઘટક દ્વારા ગત જાન્યુઆરી માસ દરમ્યાન હૈદ્રાબાદ ખાતે બે દિવસનું આઠમું મહાસંમેલન અન્ય ઘટક જેવાં કે ચેન્નાઈ, બેંગ્લોર, મદુરાઈ, હુબલી, ગદગ, બેલ્લારી, ગુલબર્ગા, વિજયવાડા, વરંગલ, નિઝામાબાદ વગેરે શહેરોમાંથી પધારેલા પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આનંદપૂર્વક વાતાવરણમાં ઊજવાઈ ગયું.

સંમેલનના પ્રથમ દિવસે નવકાર મંત્ર આધારિત ભારત નાટ્યમ, એક મિનિટ કા બાદશાહ, કચ્છી લોકનૃત્ય તેમજ કચ્છીયત થીમ સાથે ફેશન શો તેમજ બાળકોમાં રાષ્ટ્રીય ભાવનાને ઉત્તેજન આપતા કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તે સિવાય, સંમેલનના દ્વિતીય દિવસે વિવિધ પ્રકારના કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી.

આરતી ગ્રૂપ ઑફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા મેનેજમેન્ટ તજજ્ઞ ડૉ. હાર્દિક મામણિયાએ સંમેલનના કાર્યક્રમમાં અનુક્રમે મુખ્ય અતિથિ અને અતિથિ વિશેષપદ શોભાવ્યું હતું. એકમના પ્રમુખ શ્રી ધીરજલાલ કાપડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું જ્યારે માનદ્ મંત્રી શ્રી પોપટલાલ છેડાએ સંસ્થાની પ્રવૃત્તિઓની ઝલક આપી હતી. સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી કલ્યાણજી સૈયા તથા સ્થાપક માનદ્ મંત્રી શ્રી પ્રફુલભાઈ ભેદાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. હવે પછીના ત્રણ વર્ષો માટે એકમનું સુકાન બેંગ્લોર ઘટકને સોંપવાની જાહેરાત ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવી હતી, જેને સૌએ સહર્ષ આવકાર આપેલ.

એકમના ઉપક્રમે જાન્યુઆરી માસ દરમ્યાન સમાજની મુખ્ય સમસ્યાઓને વાચા આપતું 'કુટુંબ કમાલ ત જીંધગી ધમાલ' નામના કચ્છી નાટકની રજૂઆત કરવામાં આવી હતી, તેમ એકમના માનદ્ મંત્રીશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતના પ્રમુખ
### શ્રી લહેરચંદ નેમચંદ ધનજીભાઈ મહેતાને ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતના પ્રમુખ શ્રી લહેરચંદભાઈ નેમચંદભાઈ મહેતાને ત્યાં સુરત ખાતે નૂતન દેરાસરનો અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૬-૨-૨૦૧૨થી તા. ૧૬-૨-૨૦૧૨ દરમ્યાન આચાર્ય મહારાજ સાહેબ શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજીની નિશ્રામાં યોજાઈ ગયેલ. આ પ્રસંગે અનેક જૈન - જૈનેતર સંબંધિતો ઉપસ્થિત રહેલ હતા. દરરોજ નીત નવીન કાર્યક્રમ, રાત્રે ભાવના તેમજ જૈન ધર્મને પુષ્ટિ મળે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયું હતું.

સ્વખર્ચે તૈયાર કરાવનાર આ દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી લહેરચંદભાઈ પરિવારને અભિનંદન.

# વિવિધ સમાચાર – અભિનંદન

## અભિનંદન

કચ્છ ડુમરાના અને હાલે ભુજ નિવાસી ચિ. ભૌમિક શ્રીપાલભાઈ દેવશી કારાણીએ સી.એ.ની પદવી પ્રાપ્ત કરી છે.

તેમણે સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) નવેમ્બર, ૨૦૧૧ની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરીને શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

## વાસ્તુ પૂજન

૧. આવાસ "જલિયાણ"નું વાસ્તુ. તા. ૧૯-૧-૨૦૧૨, ગુરુવાર.
શશીકાંત મોહનલાલ ઠક્કર પરિવાર
બસ સ્ટેન્ડની બાજુની ગલી, માધાપર, તા. ભુજ, કચ્છ.
મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧
શ્રી શશીકાંતભાઈ ઠક્કર તથા તેમના પરિવારને અભિનંદન.

## લગ્ન સમારંભ

૨. શ્રીમતી અસ્મિતા અને શ્રી નીલેન્દુ મનસુખલાલ જુગતરામ વોરાના સુપુત્રો (૧) ચિ. મનનના લગ્ન કુ. અવની (શ્રીમતી જયશ્રીબહેન અને શ્રી પીનાકીનભાઈ શશીકાંત ભટ્ટ - ભાવનગરની સુપુત્રી) સાથે (૨) ચિ. તન્મયના લગ્ન ચિ. દિશા (શ્રીમતી રેખાબહેન અને શ્રી વિક્રમભાઈ શશીકાંત પંડ્યા - ભાવનગરની સુપુત્રી) સાથે મંગળવાર, તા. ૧૪-૨-૨૦૧૨ના યોજાયા હતા.

શ્રી નીલેન્દુ વોરા પરિવારને અભિનંદન તથા બંને નવદંપતીને આશીર્વાદ.

## લગ્ન સમારંભ

૩. શ્રીમતી અનસુયાબહેન અને કાંતિલાલ વિશનજી ગોર (મસ્કા - ભુજ)ની સુપુત્રી ચિ. નંદિતાનાં શુભ લગ્ન શ્રીમતી નયનાબહેન અને દુષ્યંતકુમાર જયંતીલાલ ભટ્ટ (અમદાવાદ)ના સુપુત્ર ચિ. આદિત્ય સાથે ગુરુવાર, તા. ૧૯-૧-૨૦૧૨ના યોજાયા હતા.

શ્રી કાંતિલાલભાઈ ગોરને અભિનંદન. નવદંપતીને આશીર્વાદ.

## જન્મ દિને વધાઈ

૪. શ્રી મૂલચંદ કરમચંદ શેઠ, મૂળ મુંદ્રાના અને હાલ મુંબઈમાં વસતા કચ્છી ગૂર્જર સમાજના અગ્રણી છે. તેમણે પોતાના જીવનના ૯૦ વર્ષ પૂર્ણ કર્યા હોવાથી તેઓ પોતાના મિત્રો, સ્નેહીઓ વગેરે સાથે ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૨ના ઉજવણી રાખેલ હતી.
આ પ્રસંગે શ્રી મૂલચંદ કરમચંદ શેઠને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન.

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ જાન્યુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. રોગ પ્રતિકારક શક્તિ વધારવી જોઈએ. (પાના : ૮૬)

૨. કારણકે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં જશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે. (શ્રી લોકમાન્ય તિલક) (પાના : ૩૮)

૩. જીતી ગયા તો - ખુશી મનાઓ પણ છકી ન જાઓ, અભિમાની ન બનો. હારી ગયા તો નિરાશ ન થાઓ, ફરીથી પ્રયત્ન કરો. (પાના : ૨૫)

૪. ભારતમાં ૧૪૨૦ દિવસ અને ચીનમાં ૧૪૦ દિવસ. (પાના : ૨૪)

૫. લેખક ડૉ. રમણલાલ ચી. શાહ. સાલ ૧૯૯૨. (પાના : ૧૭)

૬. કોસ્ટારિકા દેશ. જંગલ બચાવવાનું અને શિક્ષણનું કાર્ય. (પાના : ૨૯)

૭. પહેલા આઝાદી માટે જેલો ભરાતી હતી અત્યારે કૌભાંડો માટે 'આપણું' 'અમારું'ની ભાવના લુપ્ત થઈ અને 'મારું'ની ભાવનાએ ભરડો લીધો. (પાના : ૨૬)

*માસ જાન્યુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી નીચે મુજબ છે.*

૧. શોભનાબહેન ચી. દંડ - અંકલેશ્વર
૨. અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૩. જિતેન્દ્રભાઈ ઠાકરશી શાહ - ભુજ - કચ્છ
૪. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૫. અલકાબહેન એ. સંઘવી - અમદાવાદ
૬. મીનાક્ષીબહેન આર. પારેખ - અમદાવાદ
૭. મીનાક્ષીબહેન એ. માંકડ - અમદાવાદ
૮. વર્ષાબહેન આર. પારેખ - અમદાવાદ
૯. નયના એ. ગાલા - અમદાવાદ

*માસ ડિસેમ્બર-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારના પાછળથી આવેલા નામ નીચે મુજબ છે. (અમુક જવાબો એક ભૂલવાળા છે, તેની નોંધ અલગથી રાખવામાં આવી છે.)*

૧. અલકા એ. સંઘવી - અમદાવાદ
૨. નયના એ. ગાલા - અમદાવાદ
૩. મીનાક્ષીબહેન એ. માંકડ - અમદાવાદ
૪. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ

**માસ ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નો નીચે મુજબ છે. બધા પ્રશ્નોના ખરા ઉત્તર આપનારના જ નામો 'મંગલ મંદિર'ના અંકમાં પ્રસિદ્ધ થશે. આ માટે જવાબ મોકલવાની આખરી તા. ૨૦-૩-૨૦૧૨ છે.**

૧. બાળકોના સર્વાંગી વિકાસ માટે કયા બે કેન્દ્રો છે? નામ આપો.

૨. 'મેરિકાની' એ કઈ વસ્તુનું નામ છે? એ ક્યાં બનતું હતું?

૩. આપણો સમાજ ઘણી લોકોપયોગી પ્રવૃત્તિઓ જેવી કે વ્યવહારિક, આર્થિક, આવાસીય, દવાખાના, શૈક્ષણિક વગેરે કરે છે. છતાં એક ક્ષેત્રમાં મહદ્ અંશે ઊણપ છે - ધ્યાન નથી ખેંચાયું. તે કઈ?

૪. ભારતીય મિસાઈલ યોજનાના પિતામહ કોણ હતા?

૫. વિધાન પૂરું કરો : "સત્ય એ છે કે સૃષ્ટિના .... .... .... .... ચડિયાતી કોઈ પૂજા નથી."

૬. જીવન ક્યારે સાર્થક થયું કહેવાય?

૭. આપણા કચ્છી જૈન સેવા સમાજના સૌપ્રથમ સોપાનનું નામ શું? એ કઈ તારીખથી અસ્તિત્વમાં આવ્યું?

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

# "મંગલ મંદિર" - પ્રાપ્ત થયેલાં લવાજમ

*ફેબ્રુઆરી – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યૂ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- નવીનચંદ્ર શામજી લાલકા — ગદગ (કર્ણાટક)
- હીરેન ખીમજી વીરા — આદિપુર, કચ્છ
- શશીકાંત દેવચંદ દેઢિયા — એલ્ફિસ્ટન, મુંબઈ
- તલકચંદ લીલાધર દેઢિયા — સાંતાક્રુઝ, મુંબઈ
- હિતેન હીરજી શેઠિયા — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ
- સુરેન્દ્ર હરશી દેઢિયા — મલાડ (વેસ્ટ), મુંબઈ
- હરિલાલ જેઠાલાલ પોલડિયા — નવપાડા, થાણે (મહારાષ્ટ્ર)
- લીલાધર લખમશી વીસરિયા — સાયન (ઈસ્ટ), મુંબઈ

### ૩ વર્ષનું લવાજમ

- દિલીપસિંહ રામસિંહ જાડેજા — મણિનગર, અમદાવાદ
- રાયચંદ વી. મોતા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- ચંચળબહેન શાહ — ભીલાઈ (છત્તીસગઢ)
- ધનવંતીબહેન મધુકાંત શેઠિયા — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- લીલાધર ઉમરશી સાવલા — ભુજ, કચ્છ.

### ૫ વર્ષનું લવાજમ

- અજય હંસરાજ પાસડ — સિકંદ્રાબાદ
- ડૉ. નવીન એલ. ગોગરી — માંડવી, કચ્છ
- કાંતિભાઈ એચ. મીરાણી — ભુજ, કચ્છ

### આજીવન લવાજમ

- એલ. કે. વીછીવોરા — બેંગ્લોર

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- મેઘજી ખીમજી છાડવા — બાડા (માંડવી, કચ્છ)
- દિનેશ જે. શાહ — વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ
- પ્રવીણ હરધોર ગાલા — ભચાઉ, કચ્છ
- જયંતીલાલ દામજી મોતા — હૈદ્રાબાદ
- હીરાચંદ વાલજી ધરમશી — હૈદ્રાબાદ
- શાહ જયંતીલાલ એન્ડ કાું. — હૈદ્રાબાદ
- લલિતકુમાર રતનશી દંડ — હૈદ્રાબાદ
- બિહારીલાલ પી. પરમાર — આદિપુર, કચ્છ
- મેહુલ ચંદ્રકાંત બુધ્ધભટ્ટી — ભુજ, કચ્છ
- પીયૂષ વિઠ્ઠલદાસ મોજાર (ચંદે) — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- રસિકલાલ ધરમશી — ગોપીપુરા, સુરત
- ભીમશી વલુભાઈ બલિયા — મોટા લાયજા, માંડવી, કચ્છ
- હિતેશ મોહનલાલ ઠક્કર — ગાંધીધામ, કચ્છ
- છોટાલાલ લાલચંદ શાહ — ભુજ, કચ્છ
- અરવિંદ મગનલાલ ગંગર — માટુંગા (સે.રે.), મુંબઈ
- કિશોર આર. શાહ — રાઉરકેલા (ઓરિસ્સા)
- મહેન્દ્ર હકમચંદ શાહ — ધોળકા (અમદાવાદ)

### ૩ વર્ષનું લવાજમ

- હિતેશ ખીમજી બૌઆ — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ
- નીલેશ કાંતિલાલ શાહ — ચેન્નાઈ
- વસંત ધનજી ખંડોલ — ભુજ, કચ્છ

### ૫ વર્ષનું લવાજમ

- વિનય યુ. મોમાયા — મુલુંડ (ઈસ્ટ), મુંબઈ
- હરેશ ફુલચંદ ભેદા — દાદર (વેસ્ટ), મુંબઈ

### આજીવન

- હીરેન હરિયા — હૈદ્રાબાદ
- ચુનીલાલ કુંવરજી ફુરિયા — ડોંબીવલી (ઈસ્ટ) (મહારાષ્ટ્ર)
- બંસીલાલ રામજી ગોગરી — બોરીવલી (વેસ્ટ), મુંબઈ

# 'મંગલ મંદિર'ના પૂરા થતાં લમવાજમની વિગત

## જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | નેણશી આર. મીઠિયા | ભુજ, કચ્છ |
| ૨. | ઠક્કર એન.પી.એન. હાઈસ્કૂલ | અંજાર, કચ્છ |
| ૩. | અર્પણ અશોકભાઈ મહેતા | ભચાઉ, કચ્છ |
| ૪. | હરિલાલ અમૂલખ પૂજ | ગાંધીધામ, કચ્છ |
| ૫. | પ્રેમચંદ સી. મહેતા | ગાંધીધામ, કચ્છ |
| ૬. | રોહિત હેમચંદ શાહ | રામાણિયા, મુંદ્રા, કચ્છ |
| ૭. | નરેન્દ્ર મગનલાલ શાહ | પાલડી, અમદાવાદ |
| ૮. | કાંતિલાલ ભારમલ સાવલા | સુરત |
| ૯. | ખુશાલ એલ. મહેશ્વરી | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |

## ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શૈલેષ મોહનલાલ શાહ | અંજાર, કચ્છ |
| ૨. | ભરતસિંહ ડી. જાડેજા | રાપર, કચ્છ |
| ૩. | ચંદ્રકાંત પ્રાણજીવન મહેતા | માંડવી, કચ્છ |
| ૪. | પંકજ ટ્રેડિંગ કંું. | કપડવંજ (ખેડા) |
| ૫. | કેકીન ગોગરી | સુરત |
| ૬. | ભવાનજી મુરજી પોલડિયા | એમ.જી. રોડ, મુંબઈ |
| ૭. | શાંતિલાલ રતનશી પોલડિયા | સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ |
| ૮. | હરખચંદ એલ. ગડા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૯. | રાયચંદ શિવજી શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૦. | હીરજી ખીમજી ધરોડ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૧. | હીરાચંદ વેલજી છેડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૨. | વિશાલ હરખચંદ પાસડ | નાલાસોપારા (વેસ્ટ), થાણા |
| ૧૩. | મિલન એચ. ઠક્કર | નાલાસોપારા (વેસ્ટ), થાણા |
| ૧૪. | શાંતિલાલ ખીમજી સતરા | જલગામ (મહારાષ્ટ્ર) |
| ૧૫. | કુસુમબહેન દિલીપ મહેતા | જબલપુર (મ.પ્ર.) |
| ૧૬. | અનિલા દિનેશ ભેદા | ચેન્નાઈ |
| ૧૭. | હરિલાલ એન. શાહ | કલકત્તા |

**જ્યાં સુધી મુશ્કેલી નથી આવતી ત્યાં સુધી શક્તિનું સાચું માપ નીકળી શકતું નથી. ઘણા એવો ફાંકો રાખતા હોય છે કે વ્યવસ્થા અને વહીવટમાં મને કોઈ પહોંચી ન શકે. પણ તેઓનો ઘમંડ વધુ ટકતો નથી. પોતાની જાત વિષે વધુ પડતું માની બેસવું તે જરા વધુ પડતી મૂર્ખાઈ જેવું છે.**

## માર્ચ-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | કાસ્પ ગુજરાત પ્રોજેક્ટ | લાકડિયા, ભચાઉ (કચ્છ) |
| ૨. | કાસ્પ ગુજરાત પ્રોજેક્ટ | મોરબિયા વાસ, રાપર (કચ્છ) |
| ૩. | પ્રદીપ ધરમશી મહેતા | રાપર (કચ્છ) |
| ૪. | જયંતીલાલ એસ. શાહ | આદિપુર (કચ્છ) |
| ૫. | વિનોદ બી. દોશી | માંડવી (કચ્છ) |
| ૬. | ભાવેશ એસ. પંડ્યા | નવાપુરા, માંડવી (કચ્છ) |
| ૭. | રસીલાબહેન ડી. પંડ્યા | મણિનગર, અમદાવાદ |
| ૮. | અમિષા નીલેશ સાવલા | ખેરવાડી, મુંબઈ |
| ૯. | દિનેશ પ્રેમજી દેઢિયા | પાર્લા (ઈસ્ટ), મુંબઈ |
| ૧૦. | રજનીબહેન પટેલ | અંધેરી (વેસ્ટ), મુંબઈ |
| ૧૧. | ભાઈલાલ મેઘજી છેડા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | ભગવાનજી વેલુભા ઝાલા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | શાંતિલાલ મૂલજી છેડા | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | મેલોન કિડ્સ | થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર |
| ૧૫. | સૂરસેન વી. શાહ | કલકત્તા |
| ૧૬. | હિંમતલાલ શાહ | રાઉરકેલા (ઓરિસ્સા) |

*સાચી મજાક મગજમાંથી નહીં, પણ હૃદયમાંથી પ્રકટે છે.*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

## ૧. સૂર્યની સાથે ચાલતી ઘડીઓ

સૂર્યઘડી કેવી રીતે કાર્ય કરે છે – સૂર્ય ઘડી એટલે કે છાયા યંત્ર પર નોમન એટલે કે સમય દર્શાવનાર કાંટો અંકિત કરેલો હોય છે. દિવસ દરમ્યાન સૂર્ય જે પ્રમાણે ચાલે છે, જે અનુસાર ગતિ કરે છે, તે પ્રમાણે કાંટાનો પડછાયો અંકિત કરેલા કાંટા પર પડે છે અને તે સમય બતાવે છે. વાંચવામાં તો સરળ લાગે એમ છે પણ હકીકતમાં તેની રચના ઘણી જટિલ છે. પૃથ્વી પોતાની ધરી પર સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે.

દિલ્હી અને જયપુરમાં આવેલા જંતર મંતર વિશે તમે સાંભળ્યું છે ને! અહીં સૂર્યની દિશા અને ગતિના આધારે સમય બતાવતી ઘડિયાળ તૈયાર કરવામાં આવી છે.

આજે વિશ્વની કેટલીક જાણીતી સૂર્યઘડીઓ વિશે માહિતી મેળવીએ–

(એ) બોકેસલ સનડાયલ બ્રિટનમાં આવેલી છે. બ્રિટનની સૌથી જૂનામાં જૂની સૂર્યઘડી છે. સાતમી સદીમાં તેનું નિર્માણ થયાનું માનવામાં આવે છે. આ સૂર્યઘડી ઊભા સ્તંભમાં કોતરવામાં આવી છે.

(બી) ધ ટાવર ઓફ વાઈન્ડ્સ એથેન્સમાં આવેલો છે. ઈ.સ. પૂર્વે ૫૫૦ની આસપાસ તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. અષ્ટભુજ ટાવરમાં આઠ બાજુઓમાં પવન દેવતાની જુદી જુદી પ્રતિમાઓ કોતરવામાં આવી છે અને દરેકની નીચે સૂર્યઘડી કોતરવામાં આવી છે.

(સી) સનડાયલ બ્રિજ અમેરિકાના કેલિફોર્નિયામાં આવેલો છે. આ બ્રિજના છેડે એક મોટું ટાવર ઊભું કરવામાં આવ્યું છે જે આ પુલને આધાર આપે છે. અને સૂર્યની ગતિ પ્રમાણે સમય બતાવે છે. ૨૦૦૪માં આ પુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સન ડાયલની લંબાઈ ૨૧૭ ફૂટ છે.

(ડી) ક્વિન્સ કૉલેજ સન ડાયલ કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતે આવેલી છે. અઢારમી સદીમાં તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સન ડાયલની ખાસિયત એ છે કે તેની નીચે એક ટેબલ તૈયાર કરવામાં આવ્યું છે. જેના આધારે ચંદ્રની કળા અને ગતિની માહિતી મેળવી શકાય છે.

(ઈ) સમ્રાટ યંત્ર જયપુરમાં આવેલું છે. અઢારમી સદીમાં તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સૂર્યઘડી માટે પચાસ પગથિયાં તૈયાર કરવામાં આવ્યાં છે. જેના પરથી સૂર્યની દિશા અને ગતિ પ્રમાણે સમયની માહિતી મળે છે.

## ૨. હકીકત ચશ્માંની

દુનિયામાં પહેલી વખત બંને આંખોના ચશ્માંનું નિર્માણ ૧૨૮૯માં ઈટાલીમાં થયું હતું. દુનિયામાં શરૂઆતના સમયમાં બનનાર ચશ્માંમાં ફ્રેમની જગ્યાએ હાડકાં અને લેન્સની જગ્યાએ ક્વાર્ટઝનો ઉપયોગ કરવામાં આવતો.

અમેરિકન વૈજ્ઞાનિક બેંજામિન ફ્રેંકલીન નજીક અને દૂરના બંને દૃષ્ટિદોષથી પીડાતા હતા. તેથી તેમણે જ સૌથી પહેલાં આ મુશ્કેલીમાંથી છૂટકારો મેળવી શકાય એ માટે એક ફ્રેમમાં બંને ગ્લાસ રાખી શકાય એવા ચશ્માં બનાવ્યા હતાં.

દુનિયામાં દર વર્ષે લગભગ ૩.૧ કરોડ લોકો નવા ચશ્માં ખરીદે છે. જ્યારે વિકાસશીલ દેશોમાં દર વર્ષે લગભગ એક અબજ લોકોને ચશ્માંની જરૂર પડે છે. પણ અભાવના લીધે ખરીદી શકતા નથી.

## ૩. વિશ્વના ટોપ ટેન ધોધ

| | *ધોધ* | *દેશ* | *ઊંચાઈ* |
|---|---|---|---|
| ૧. | એન્જેલ | વેનેઝુએલા | ૩૨૧૨ ફૂટ |
| ૨. | ટુગેલા | દક્ષિણ આફ્રિકા | ૩૧૧૦ ફૂટ |
| ૩. | ઉટીગોર્ડ | નોર્વે | ૨૬૨૫ ફૂટ |
| ૪. | મોંગે | નોર્વે | ૨૫૪૦ ફૂટ |
| ૫. | ગોકરા | પેરૂ | ૨૫૩૨ ફૂટ |
| ૬. | મુશરાઝી | ઝિમ્બાબ્વે | ૨૪૯૯ ફૂટ |
| ૭. | યોઝમાઈટ | કેલિફોર્નિયા | ૨૪૨૫ ફૂટ |
| ૮. | ઈસ્પેલેન્ડ્સ | નોર્વે | ૨૧૫૧ ફૂટ |
| ૯. | લોઅમાર | નોર્વે | ૨૧૫૧ ફૂટ |
| ૧૦. | ટીસેસ્ટ્રેન્જીન | નોર્વે | ૨૧૨૩ ફૂટ |

## શબ્દ રમત-૬૭નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | ત | લ | જ | | જ | ડ | બે | સ | લા | ક | | અ | ભિ | જ્ઞા |
| વ | ન | | ફા | જ | લ | | | લા | લ | ન | | નુ | | ન |
| લ | | દ | | બ | દ | ન | સી | બ | | ક | દા | ચિ | ત | |
| ત | ર | ફ | દા | રી | | | તા | ત | | વો | | ત | | અ |
| | જ | ત | ન | | વિ | વા | હ | | રૂ | | ઘા | | નિ | જી |
| વ | | ર | વી | | જ | વા | ર | ણ | | પા | | દ | રા | જ |
| સં | ત | | ર | | ચ | | ણ | | પ | ર | વ | રિ | શ | |
| ત | ર | સ | | સ | વા | લ | | કો | ર | | સા | યો | | મે |
| પં | | ભા | વો | ભા | વ | | અ | ણી | શુ | દ્ધ | | | | દ |
| ચ | ર | સ | | | ટો | ડ | ર | | રા | | આ | ના | કા | ની |
| મી | | દ | મા | મ | | | ર | સ | મ | લા | ઈ | | લા | |
| | હા | | મ | ત | ભે | દ | | ર | | ડ | | મ | વા | લ |
| ગો | લ | મા | લ | | સ | | ક | સા | ઈ | વા | ડો | | લા | ગ |
| | ચા | | ત | સો | ત | સ | | મા | લા | | લ | ક્ષ | | ભ |
| જ | લ | સો | | ટી | | જા | પા | ન | | ગો | ર | મા | | ગ |

**જાન્યુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૬ ના ઉકેલ મોકલાવનારના પાછળથી મળેલ નામ**


| | | | |
|---|---|---|---|
| ૧. કિશોર જે. શાહ | ભુજ | બધા સાચા |
| ૨. ચંદ્રા મહેન્દ્ર શાહ | સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૩. નવીન શામજી લાલકા | ગદગ | ૧ ભૂલ |
| ૪. પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | ૨ ભૂલ |
| ૫. જયચંદ માણેકજી લોડાયા | મુંબઈ | ૨ ભૂલ |

**ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૭ ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | |
|---|---|---|
| ૧. પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | ૧ ભૂલ |

## શબ્દ રમત-૬૮

*સંકલન : સૂરજલાલ મહેતા*




શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૩-૨૦૧૨)*

### આડી ચાવીઓ

૧. મદદનીશ સભાપતિ (૫)
૫. માનની લાગણી (૫)
૯. લાગણીથી શરીરનાં રૂવાં ઊભાં થવાં (૩)
૧૦. હાથી, લંબાઈ ભરવાનું માપ (૨)
૧૩. પ્રવાહીનું એક માપ, ઘી-તેલ કાઢવાનું સાધન (૨)
૧૪. એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
૧૫. કસરત માટેનો લાકડાનો થાંભલો (૪)
૧૭. કારમી ચીસ (૩)
૧૯. આશ્ચર્ય, કૅર (૩)
૨૦. મદિરા (૨)
૨૧. કપટી, કાવતરાખોર, દગાબાજ (૫)
૨૩. ઉધરસ, ખાંસી (૨)
૨૫. મહેનતુ, મજબૂત (૪)
૨૮. જનક, બાપ (૨)
૨૯. દુર્ગમ, ભીષણ (૩)
૩૨. આખું, સાંધ વિનાનું (૩)
૩૩. નસિયત (૨)
૩૫. ખેરની છાલનું સત્ત્વ (૨)
૩૭. નવરાત્રીની માંડવી (૩)
૩૯. સાથે (૨)
૪૦. દીકરો, દેહ (૨)
૪૧. માખીઓએ એકઠો કરેલો ફૂલોનો રસ (૨)
૪૩. વિકાર, વ્યાધિ (૨)
૪૫. જાડો, પોલો અવાજ નીકળે એવું (૩)
૪૮. સ્વીકારેલું, ગમતું (૩)
૫૦. ઔષધ (૨)
૫૧. રમતિયાળ (૪)
૫૪. ન દેખાય એવી બારીક ફાટ (૨)
૫૬. યોગનું એક આસન, સિંહાસનનું નામ (૫)
૫૮. દિલગીરી, શોક (૨)
૫૯. કપાળ (૩)
૬૦. પડતર રાખેલું ખેતર (૩)
૬૧. દેવ-દેવીએ-સંતે આપેલું વચન (૪)
૬૩. પાંડવોની માતા (૨)
૬૫. કાંજી, ભરડકું (૨)
૬૬. વીસ ઘા કાગળ (૨)
૬૯. મોસમ, કાળ (૩)
૭૨. સરતચૂક, ધ્યાન બહાર રહેલી ચૂક (૫)
૭૩. આવવું અને જવું તે (૫)

### ઊભી ચાવીઓ

૧. હોંશ, ઈચ્છા, આનંદ (૩)
૨. મૂળ લખાણ, નકલ (૨)
૩. .... નાયક, વિલેન (૨)
૪. એક સૂકો મેવો (૩)
૫. ધક્કો, ફાળ (૩)
૬. કામદેવની પત્ની (૨)
૭. મૂસીબત, આફત (૩)
૮. પગલું, ડગલું (૩)
૧૧. જામફળ, એક ફળ (૪)
૧૨. ફળના રસનું બનાવેલું પીણું (૪)
૧૩. રુવાંટી, વાળ (૩)
૧૪એ. ચણાના લોટની એક મીઠાઈ (૩)
૧૫. અતિશય, પુષ્કળ (૪)
૧૬. દુનિયા, જગત (૩)
૧૮. ધીર હોવું (૩)
૨૨. ઘેરા બદામી રંગની ગાય (૩)
૨૪. પાયમાલ, નાશ (૨)
૨૬. પગલું (૨)
૨૭. એક પક્ષી 'વૂડ પેકર' (૫)
૨૯. વિસ્તારપૂર્વક (૫)
૩૦. અનિમેષ નજર (૨)
૩૧. વહેમ (૨)
૩૨. સાથે મુસાફરી, સહગમન (૫)
૩૪. પ્યાલો (૨)
૩૬. ઢંગ, રીત (૨)
૩૮. ઝેર (૨)
૪૨. પૈસો, દોલત (૨)
૪૪. ઊડતી વાત, અફવા (૨)
૪૬. પ્રહાર, પાટુ (૨)
૪૭. ઠંડું, ટાઢું (૨)
૪૯. સમતોલ, તુલનામાં સરખું થવું (૪)
૫૦. ફાટ, ચીરો, તિરાડ (૩)
૫૨. ગળે વીંટવાનો પટ્ટો (અં.) (૪)
૫૩. તાલેવંત, લખપતિ (૪)
૫૫. પવન (૩)
૫૬. આંખનો પલકારો (૩)
૫૭. સૂબો, એક ઈલકાબ (૩)
૬૧. મુખ (૩)
૬૨. છેડો, પાલવ (૩)
૬૪. પતરાની છાછરી થાળી, રકાબી (૩)
૬૫. રબારી (૩)
૬૭. ભવ્ય, મોટું (૩)
૬૮. કોલાહલ, ઘોંઘાટ (૨)
૭૦. આશીર્વાદ (૨)
૭૧. યુદ્ધ (૨)

*જ્યાં વિદ્યાનો લાભ ન હોય એવા સ્થળે કદી રહેવું નહિ.*

### જાન્યુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૩નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧. નવીનચંદ્ર શામજી લાલકા - ગદગ

### ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૪નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. ઉષા નવીન હરિયા - વડોદરા
૩. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૪. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ

પૃથ્વીના પછેડા ઉપર કુદરતે એવા રંગ પૂર્યા છે કે એક જુઓ અને એક ભૂલો. દરેક ક્ષેત્રમાં ઝીણામાં ઝીણી વસ્તુઓમાં તેણે નવીનતાથી નકશી કરી છે અને માણસના હૃદયમાં તેણે એવો ખજાનો ભર્યો છે કે જેનાથી શું નથી નીકળતું એ જ એક પ્રશ્ન છે. એમાં દેવનાં દર્શન થાય છે તો એમાંથી દાનવ પણ પ્રગટે છે. કોઈ ઠેકાણે દયા, કોઈ ઠેકાણે ભરપૂર પ્રેમ તો કોઈ ઠેકાણે તિરસ્કાર! નાનકડા એવા હૃદયમાં કુદરતે આખું વિશ્વ ભરી દીધું છે અને અનેક પ્રકારની ઊર્મિઓના તાર ત્યાં સદા ઝણઝણતા રહે છે. દરેક વ્યક્તિમાં કુદરતે કંઈ ને કંઈ નવીનતા મૂકી છે.

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૨૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૩-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારના નામ એપ્રિલ-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૨૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | ૮ | | |
| | | | ૭ | | ૮ | | ૫ | ૧ |
| | | | ૩ | | | ૨ | | |
| ૬ | | | ૪ | ૯ | | | | |
| ૨ | | | | | | | | ૯ |
| | | | | ૧ | ૭ | | | ૩ |
| | | ૭ | | | ૨ | | | |
| ૮ | ૫ | | ૧ | | ૩ | | | |
| | | ૪ | | | | | | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૬ | | | | ૯ |
| | | ૫ | | | | | ૨ | |
| ૮ | | | ૧ | | | | | ૩ |
| | ૮ | ૪ | ૯ | | ૧ | | | |
| | | | | | | | | |
| | | | ૩ | | ૬ | ૪ | ૧ | |
| ૨ | | | | | ૪ | | | ૭ |
| | ૯ | | | | | ૫ | | |
| ૭ | | | | ૧ | | ૮ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૩ | | | | ૯ |
| | | | ૨ | | | | | |
| | | | | | ૬ | ૫ | ૮ | ૪ |
| | ૭ | ૪ | ૯ | ૮ | | | ૧ | |
| | | | | | | | | |
| | | | | ૭ | ૧ | ૪ | ૬ | |
| ૩ | ૬ | ૭ | ૪ | | | | | |
| | | | | | ૫ | | | |
| ૮ | | | | ૬ | | ૨ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૯ | ૧ | | | |
| ૮ | | | ૩ | | | | ૬ | |
| ૨ | | | | | | | | ૭ |
| | ૨ | ૪ | | | | | | |
| ૯ | ૮ | | | ૨ | | | ૩ | ૪ |
| | | | | | | ૭ | ૫ | |
| ૫ | | | | | | | | ૩ |
| | ૭ | | | | ૩ | | | ૬ |
| | | | ૪ | ૮ | | ૯ | | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૨૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૭ | ૯ | ૬ | ૫ | ૮ | ૨ | ૧ |
| ૮ | ૯ | ૧ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૪ |
| ૫ | ૨ | ૬ | ૮ | ૪ | ૧ | ૭ | ૩ | ૯ |
| ૭ | ૧ | ૫ | ૨ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૨ | ૮ | ૩ | ૧ | ૫ | ૪ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૪ | ૯ | ૩ | ૮ | ૭ | ૨ | ૧ | ૫ |
| ૧ | ૫ | ૪ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ | ૭ |
| ૯ | ૬ | ૨ | ૫ | ૭ | ૩ | ૧ | ૪ | ૮ |
| ૩ | ૭ | ૮ | ૪ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૩ | ૮ | ૭ | ૧ | ૫ | ૪ | ૨ |
| ૫ | ૨ | ૧ | ૯ | ૪ | ૬ | ૭ | ૮ | ૩ |
| ૮ | ૭ | ૪ | ૫ | ૩ | ૨ | ૧ | ૬ | ૯ |
| ૭ | ૩ | ૫ | ૬ | ૧ | ૮ | ૯ | ૨ | ૪ |
| ૬ | ૯ | ૨ | ૪ | ૫ | ૩ | ૮ | ૭ | ૧ |
| ૪ | ૧ | ૮ | ૭ | ૨ | ૯ | ૬ | ૩ | ૫ |
| ૧ | ૪ | ૭ | ૩ | ૮ | ૫ | ૨ | ૯ | ૬ |
| ૨ | ૮ | ૬ | ૧ | ૯ | ૪ | ૩ | ૫ | ૭ |
| ૩ | ૫ | ૯ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૮ | ૧ | ૪ | ૬ | ૨ | ૩ | ૫ |
| ૧ | ૩ | ૫ | ૯ | ૭ | ૨ | ૬ | ૮ | ૪ |
| ૨ | ૪ | ૬ | ૮ | ૩ | ૫ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૪ | ૮ |
| ૫ | ૧ | ૭ | ૪ | ૯ | ૮ | ૩ | ૨ | ૬ |
| ૪ | ૮ | ૯ | ૬ | ૨ | ૩ | ૧ | ૫ | ૭ |
| ૬ | ૨ | ૪ | ૭ | ૮ | ૧ | ૫ | ૯ | ૩ |
| ૭ | ૯ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૬ | ૧ |
| ૮ | ૫ | ૧ | ૩ | ૬ | ૯ | ૪ | ૭ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૩ | ૨ |
| ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૧ | ૨ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ |
| ૭ | ૧ | ૬ | ૩ | ૪ | ૨ | ૯ | ૮ | ૫ |
| ૩ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૪ | ૨ | ૭ |
| ૨ | ૪ | ૮ | ૭ | ૯ | ૫ | ૩ | ૬ | ૧ |
| ૮ | ૨ | ૯ | ૬ | ૧ | ૭ | ૫ | ૪ | ૩ |
| ૬ | ૭ | ૩ | ૫ | ૨ | ૪ | ૧ | ૯ | ૮ |
| ૧ | ૫ | ૪ | ૮ | ૩ | ૯ | ૨ | ૭ | ૬ |

*મારે ખરી પણ માર ખાવા ન દે તેનું નામ મા.*

★ **ભુજની હોસ્પિટલ-કોલેજ :** ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ અદાણી જૂથને ફાળવી દેવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારતી જાહેર હિતની રિટ અરજી તાજેતરમાં ગુજરાત હાઇકોર્ટે ફગાવી દીધી હતી અને સરકારના નિર્ણયને બહાલ રાખ્યો હતો. હાઇકોર્ટે આ માટે ૨૫ એકર જગ્યા અદાણી જૂથને ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપીને ટ્રાન્સફર કરવા પણ રાજ્ય સરકારને મંજૂરી આપી હતી.

★ **બિદડા સર્વોદય ટ્રસ્ટ :** ૩૮ વર્ષથી એકધારી આરોગ્ય સેવા આપતા બિદડા સર્વોદય ટ્રસ્ટે અત્યાર સુધીમાં ૮૦ હજાર લોકોનાં નાના-મોટા ઓપરેશન કર્યા હોવાની માહિતી ટ્રસ્ટના મોવડીઓ દ્વારા આપવામાં આવી હતી.

★ **રવિ પાક :** કચ્છમાં કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં રવિ વાવેતર થયું છે. સૌથી વધુ ઘઉં, જીરું અને રાઇનું સારા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું છે.

★ **ટ્રેન સેવા-વિચારણા :** કચ્છના સર્વાંગી વિકાસ માટે મુંદ્રા, માંડવી અને નલિયાને ટ્રેન સેવાથી જોડવાનો વિચાર તાજેતરમાં રેલવે પ્રધાને તેમની મુંબઇની એક મુલાકાત દરમિયાન રજૂ કર્યો હતો. તે સિવાય, કચ્છ જિલ્લામાં રેલવે સેવાના અન્ય પ્રશ્નોની રજૂઆત એક સંગઠનના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવી હતી.



**સંકલન : રજનીકાંત ધરમશી પારેખ**
**દિનેશ આર. મહેતા**

★ **કચ્છ જિલ્લો પ્રથમ :** કચ્છ જિલ્લાનાં એસ.ટી. નિગમે ગયા ડિસેમ્બર માસમાં રૂા. ૬ કરોડની આવક સાથે રાજ્યનાં ૧૫ વિભાગમાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે. જિલ્લામાં દરરોજ કુલ ૧૩૦૦ ટ્રીપોનું આયોજન થાય છે અને તે દ્વારા ૭૨ હજારથી પણ વધુ પ્રવાસીઓ દરરોજ પ્રવાસ કરતા હોવાની માહિતી ભુજના વિભાગીય નિયામકે તાજેતરમાં આપી હતી.

★ **કચ્છી કારીગરી :** કચ્છના ત્રણ દિવસના રોકાણના અંતિમ દિવસે બન્નીના હોડકો ખાતે તાજેતરમાં અમિતાભ બચ્ચને પ્રવાસન વિભાગનું શૂટિંગ કર્યું ત્યારે ઉપસ્થિત કચ્છી હસ્તકલાના કારીગરોને જણાવ્યું હતું કે તેઓ કચ્છ હસ્તકલાને વિશ્વ સમક્ષ ઉપસાવશે.

★ **દરરોજ મુંડન :** ગુજરાતના મુખ્યમંત્રીએ કચ્છ જિલ્લામાં સદભાવના ઉપવાસ દરમિયાન કચ્છના વિકાસ માટે રૂા. ૨૧૬૫ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. તેનાં સંદર્ભમાં તાજેતરમાં ભુજ નગરપાલિકાના કોંગ્રેસ પક્ષના એક સભ્યએ વર્ષ ૨૦૧૨ સુધીમાં ફાળવાયેલા રૂપિયા જ્યાં સુધી કચ્છી પ્રજાના વિકાસ માટે વપરાશે નહીં ત્યાં સુધી દરરોજ મુંડન કરાવશે તેવી પ્રતિજ્ઞા તેમણે સોગંદનામું કરીને કરી હતી.

★ **શતરંજ :** મૂળ માંડવીના અને દાયકાઓ સુધી ઓમાન વસેલા દિલીપભાઇ આશર શતરંજની જીવતી જાગતી પાઠશાળા છે. મસ્કતમાં તેમણે અનેક ચેમ્પિયન પેદા કર્યા છે. ટાઇમ્સ ઓફ ઓમાન સહિતના અખબારોમાં તેમના વિશે ઘણાં લેખ છપાયા છે અને એકસોથી ઉપર શતરંજની ટુર્નામેન્ટનું તેમણે આયોજન કરેલું છે. સંસ્થાઓના માધ્યમથી કચ્છની શાળાઓમાં બાળકોને શતરંજની તાલીમ આપવા તેઓ તૈયાર છે. સંપર્ક : ૯૮૨૫૩૧૧૦૬૧.

★ **ખડીર પંથકની પ્રસિદ્ધિ :** થોડા સમય અગાઉ કચ્છમાં ખડીરના રણમાં રૂપકડાં સુરખાબ પક્ષીઓના મરણ થયા બાદ તેના સમાચારો મોટા પાયે સર્વત્ર પ્રકાશિત થયા હતા. જેના કારણે કચ્છનો આ વિસ્તાર ફરી એકવાર દેશ અને દુનિયામાં જાણીતું થઇ ગયું છે. લગાતાર એક મહિનાથી આ સ્થળમાં પક્ષીઓ આવ્યાના સમાચારોના કારણે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ત્યાં ઊમટી પડ્યા હતા. તાજેતરમાં દિલ્હીથી બી.બી.સી. ફોટા ઍવૉર્ડ વિજેતા, એચ.પી. કંપનીના સોફ્ટવેર એન્જિનિયર સહિત પક્ષી વૈજ્ઞાનિક વગેરે એક ટીમે ત્યાં બે દિવસ સુધી ધામા નાખ્યા હતા અને અલભ્ય દૃશ્યો કચકડે કંડારાયા હતા. જે ફોટા દેશ અને દુનિયામાં ઘણાં સ્થળોએ પહોંચશે.

★ **કચ્છ લડાયક સમિતિ :** ગુજરાત સરકારનું જાહેર દેવું નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ના અંતે રૂા. ૧ લાખ ૩૦ કરોડ ઉપર પહોંચવાનો અંદાજ હોવાનું કચ્છ લડાયક સમિતિને રાજ્યના નાણા વિભાગે આર.ટી.આઇ. હેઠળ પૃચ્છાના સંદર્ભમાં જણાવ્યું છે. કચ્છ લડાયક મંચના પ્રમુખે તાજેતરમાં જણાવ્યું હતું કે, એક તરફ જ્યારે ગુજરાત દેવાદાર બની રહ્યું છે ત્યારે રાજ્ય સરકારે ખોટા ખર્ચા બંધ કરવા જોઇએ.

★ **નિયમો નેવે મૂકાયા :** અદાણી જૂથે કચ્છ જિલ્લામાં મેળવેલી જંગલની જમીનના બદલામાં કાયદા મુજબ વળતર વનીકરણ માટે લખપત તાલુકાના કાનેર અને શિણાપર ગામોની ૨૦૦૮ હેક્ટર દરિયાઇ વિસ્તારની જમીન જંગલ ખાતાને ફાળવી છે, તેનો આજદિન સુધી સરવે પણ થયો નથી. આ ચોંકાવનારી વિગતો કચ્છ કલેક્ટર પાસેથી આર.ટી.આઇ. હેઠળ ભૂતપૂર્વ

*માનવે ઈશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી, ને ઈશ્વરે માને મોકલી આપી.*

મુખ્યપ્રધાન શ્રી સુરેશભાઇ મહેતાએ મેળવી છે. આ દર્શાવે છે કે, માનીતા ઉદ્યોગપતિ માટે આ સરકાર કઇ રીતે કામ કરે છે તેમ શ્રી સુરેશભાઇ મહેતાએ તાજેતરમાં જણાવ્યું હતું.

★ **રૂપિયા ૧૧.૬૭ના ભાવે જમીન :** ગુજરાત સરકારે અદાણી જૂથને ૨૦૦૫ થી ૨૦૦૭ના ત્રણ વર્ષમાં કચ્છના મુંદ્રા અને અંજાર તાલુકામાં કુલ ૫,૪૯,૫૬,૮૨૯ ચો.મીટર જમીન કુલ રૂા. ૬૩.૮૧ કરોડની કિંમતે ફાળવી છે. જેનો પ્રતિ ચો.મીટરે સરેરાશ ભાવ રૂા. ૧૧.૬૭ પૈસા થાય છે. કચ્છ કલેક્ટરે આરટીઆઇ હેઠળ ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શ્રી સુરેશભાઇ મહેતાને ભારે વિલંબ બાદ આખરે આ વિગતો તાજેતરમાં આપી છે.
વાસ્તવમાં કચ્છ જિલ્લામાં એસ.ઇ.ઝેડ. અને રેલવે પ્રોજેક્ટ સિવાય અન્ય પ્રોજેક્ટો જેમાં ભુજ હોસ્પિટલ, પાવર પ્રોજેક્ટ માટે કેટલી જમીન ફાળવી છે તથા જંગલની કેટલી જમીન એમાં સામેલ છે તેની ભાવ સાથે વિગતો માગવામાં આવી હતી પરંતુ સરકાર દ્વારા એસ.ઇ.ઝેડ. તથા રેલવે પ્રોજેક્ટ માટે ફાળવાયેલી જમીનની વિગતો આપવામાં આવી છે, જે વિગતો માંગવામાં આવી જ ન હતી, તેમ શ્રી મહેતાએ જણાવ્યું હતું.


★ **કચ્છી ભાષામાં ફિલ્મ :** સિને ભારતીય ઇતિહાસમાં સહુપ્રથમ વખત જ કચ્છી ભાષામાં ફિલ્મ બનવા જઇ રહી છે. જેનું મોટા ભાગનું શુટિંગ કચ્છમાં ભદ્રેશ્વર, માતાના મઢ, ભુજ સહિત અનેક સ્થળે થશે. સવા બે કલાકની ફિલ્મ સંપૂર્ણપણે કચ્છીમાં જ હશે. એટલું જ નહીં પરંતુ તેના ગીત પણ કચ્છી ભાષામાં હશે. ફિલ્મની વાર્તામાં કચ્છી સંસ્કૃતિ આધારિત પ્રેમકથા વણાયેલી છે. મૂળ વડાલાં-કચ્છના પણ હાલે મુંબઇ રહેતા નરેન્દ્રભાઇ ગાલાએ આ પ્રકારની ફિલ્મ બનાવવાનું બીડું ઝડપ્યું છે. ફિલ્મ માટે થોડા કચ્છી કલાકારોની શોધ કરવા તેઓ તાજેતરમાં ભુજ આવ્યા હતા. સૂચિત ફિલ્મના લેખક દિગ્દર્શક મનોજ નથવાણી છે. આ રીતે કચ્છની ખમીરવંતી પ્રજા અને કચ્છી સંસ્કૃતિની લોકોને એક ઝલક મળશે.


★ **બન્ની વિસ્તારમાં ગેસ :** બન્નીના છછી ગામે છેલ્લા દશકાથી વારંવાર થતી ભૂસ્તરીય હિલચાલની તપાસણી માટે તાજેતરમાં ઓ.એન.જી.સી.ની એક ટીમ સ્થાનિકે આવી હતી. તે વિસ્તારમાંથી નીકળેલા પ્રવાહીના સેમ્પલો લઇને વડોદરાની લેબોરેટરીમાં મોકલાવવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં છછી ગામના ખાડામાંથી ગેસ મળવાની પૂરી સંભાવના ઓ.એન.જી.સી.ના અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. કચ્છના રણ પ્રદેશ એવા બન્નીના ઉપરોક્ત ગામે વર્ષ ૨૦૦૦ અને ૨૦૦૭ની સાલમાં ભૂગર્ભીય હિલચાલ જોવા મળી હતી અને ત્યાં જ્વલનશીલ પદાર્થ નીકળતો હતો. તે સમયે તંત્ર દ્વારા યોગ્ય ધ્યાન અપાયું ન હતું.

★ **ગામડાંઓમાં બેન્ક :** બે હજારથી વધુ વસતિવાળા ગામડાંઓમાં કોઇપણ બેન્કની એક શાખા હોવી જોઇએ તેવા ઉદ્દેશ સાથે સરહદી કચ્છની ત્રણ દિવસીય તાજેતરમાં મુલાકાતે આવેલા રિઝર્વ બેન્કના ડેપ્યુટી ગવર્નરે સ્પષ્ટ કર્યું હતું કે, રિઝર્વ બેન્કે એપ્રિલ ૨૦૧૨ સુધીમાં આવા ગામડાંઓમાં બેન્કિંગ સેવા શરૂ કરી દેવા તમામ બેન્કોને સૂચના આપી દીધી છે.

★ **ક્રિકેટ પ્રતિભા :** ઊભરતી ક્રિકેટ પ્રતિભાઓની કચ્છમાં કમી નથી. હાઇસ્કૂલ કક્ષાએ કેવા પ્રતિભાશાળી ખેલાડીઓ છે એનો ચિતાર તાજેતરની ભુજ ખાતે યોજાયેલ કચ્છમિત્ર ટ્રોફી જેવી સ્પર્ધા પરથી જાણવા મળ્યો હતો. પરંતુ જિલ્લા મથકે સારું ક્રિકેટ મેદાન ન હોવાથી ક્રિકેટરોનો યોગ્ય વિકાસ થઇ શક્તો નથી આ કારણે ભુજ ખાતે પોતીકું ક્રિકેટ મેદાન વિકસાવવા માટે સૌએ સાથે મળીને કમર કસવા કચ્છમિત્ર કપ ક્રિકેટ સ્પર્ધાના સમાપન સમારંભમાં નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તે સાથે ટેનિસ બોલને બદલે સીઝન બોલ ક્રિકેટનો પ્રચાર કરવાની હાકલ પણ કરવામાં આવી હતી. ■

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  |  |  |  |
| **ઉમેદવારનું નામ** : | **પ્રીતેશ** | **મિતેષ** | **કપિલ** | **ડૉ. ચાર્મી** |
| **પિતાશ્રીનું નામ** : | જાદવજી | સુરેશ | પ્રફુલચંદ્ર | મહેન્દ્રકુમાર |
| **માતાશ્રીનું નામ** : | રંજનબહેન | ભારતીબહેન | જયાબહેન | દક્ષાબહેન |
| **અટક** : | દેઢિયા | ગાલા | શાહ | શાહ |
| **જ્ઞાતિ** : | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ | શ્વેતાંબર જૈન | જૈન બત્રીસી |
| **સંપ્રદાય** : | | | દેરાવાસી | દેરાવાસી |
| **મૂળ વતન** : | મેરાઉ | સાડાઉ | અંજાર | ગોતા - ઓગણજ |
| **જન્મ તારીખ** : | ૧૬-૦૫-૧૯૮૧ | ૧૩-૦૯-૧૯૮૫ | ૨૪-૧૦-૧૯૮૩ | ૧૮-૦૬-૧૯૭૯ |
| **ઉંમર વર્ષ** : | ૩૦ | ૨૬ | ૨૯ | ૩૨ |
| **ઊંચાઈ** : | ૫'૬" | ૫'૭" | ૫'૧૦" | ૫'૨" |
| **વજન** : | | ૬૫ કિ.ગ્રા. | | ૫૪ કિ.ગ્રા. |
| **દેખાવ** : | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ | ગોરો | ગોરો |
| **અભ્યાસ** : | S.S.C. | B.E. (Electronics) | M.Com. | B.H.M.S. |
| **નોકરી ધંધો (પોતાનો)** : | હોલસેલ રેડીમેડ ગારમેન્ટનો | પોતાનો ફુડ પ્રોડક્ટનો વ્યવસાય | હોલસેલ કાપડનો ધંધો | કન્સલ્ટન્ટ હોમિયોપેથિક |
| **ઉમેદવારની વાર્ષિક આવક** : | | | | વિઝિટિંગ ફેકલ્ટી : શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ |
| **નોકરી ધંધો (પિતાજીનો)** : | કેશિયર - આનંદ બજાર. | પોતાનો ફુડ પ્રોડક્ટનો વ્યવસાય | હોલસેલ કાપડનો ધંધો | પોતાનું ક્લિનિક |
| **સરનામું** : | રૂમ નં.-૨૪, રાઓલી કેમ્પ, સરદાર નગર-૨, સાયન કોલીવાડા, મુંબઈ-૨૨. | ૪૦૧, તુલસી, સેન્ટ્રલ એવન્યુ, નાગપુર-૪૪૦ ૦૦૮. | શ્રી મહાવીરનગર કોલોની, ગૌશાળા ચોક, સતના-૪૮૫ ૦૦૧. (મ.પ્ર.) | કે-૩૦/૩૬૦, શિવશક્તિ એપાર્ટમેન્ટ, અખબારનગર સામે, નવા વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩ |
| **ફોન નંબર** : | ૨૪૦૩૫૯૨૭ | ૦૭૧૨-૨૭૬૧૨૫૨ | ૦૭૬૭૨-૨૩૪૯૭૯ | ૨૭૬૨૨૪૭૯ |
| **મોબાઈલ નંબર** : | ૯૮૬૯૮ ૨૭૦૧૧ | ૦૯૪૨૨૧ ૦૫૪૩૧ | ૯૪૨૫૩ ૩૦૬૭૯ | |
| **ભાઈ – બહેન** : | ૩ બહેનો | ૧ | ૧ – ૧ | ૨ – ૦ |
| **કુંડળીમાં માનો છો?** : | — | **ડાયવોર્સી છે** | — | — |




## સરનામા ફેરફાર

- **હીરેન રતિલાલ શાહ**
  ૧૯, બસંત બહાર વિભાગ-૩,
  બોપલ - ઘુમા રોડ, હોમિયોપેથી કૉલેજ પાસે,
  ઘુમા, અમદાવાદ.
- **ભરત ઉગરચંદ ગઢેચા**
  ૨૦૧, ઓરેન્જ રેસીડેન્સી, કૈલાસનગર સોસાયટી,
  સોમ લલિત સ્કૂલ પાછળ, હિંદુ કોલોની પાસે, સ્ટેડિયમ,
  નવરંગપુરા, અમદાવાદ. મો. ૯૮૨૫૦ ૪૧૨૭૩
- **નરેન્દ્ર હરિલાલ સંઘવી**
  ફ્લેટ નં.-૩૦૪, મારુતિ-૪, પ્રતાપકુંજ સોસાયટી,
  ટી.વી.એસ. શો રૂમના ખાંચામાં,
  વાસણા-સરખેજ રોડ, વાસણા, અમદાવાદ.
  મો. ૯૪૨૯૧ ૩૧૪૮૭
- **રાહુલ ભોગીલાલ મહેતા**
  સમક્તિ-૧, એ-૬૨, ચંદન પાર્ટી પ્લોટ સામે,
  જોધપુર ગામ, સેટેલાઈટ, અમદાવાદ.
  મો. ૯૮૨૫૨ ૧૪૮૯૯

## સગાઈ

- **શનિવાર, તા. ૧૧-૨-૨૦૧૨**

  **ચિ. નીરવ –** શ્રીમતી પ્રભાબહેન તથા સ્વ. કાંતિલાલ ખીમજી દેઢિયા (ભુજપુર - અમદાવાદ)ના સુપુત્ર

  **ચિ. વિધિ –** શ્રીમતી હર્ષદાબહેન તથા શ્રી શ્રીકાંત પુરુષોત્તમ સંઘવી (મુંદ્રા - રાઉરકેલા)ની સુપુત્રી સાથે સગા સંબંધીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતી.

  ચિ. નીરવ તથા ચિ. વિધિને ખૂબ ખૂબ અભિનંદન.
- **રવિવાર, તા. ૧૯-૨-૨૦૧૨**

  **ચિ. હીર –** શ્રીમતી ફાલ્ગુની તથા શ્રી હીરેન કુંવરજી શાહ (નલિયા - અમદાવાદ)ની સુપુત્રીની સગાઈ

  **ચિ. રાહીલ –** શ્રીમતી હીનાબહેન તથા શ્રી મહેશભાઈ પંડ્યાના સુપુત્ર સાથે સગા સંબંધીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતી.

  ચિ. હીર તથા ચિ. રાહીલને ખૂબ ખૂબ અભિનંદન.

## શરણાઈ

- **રવિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૧**

  **ચિ. ચિરાગ**
  ભારતી અને લહેરચંદ પુનશી મૈશેરી (માંડવી - અમદાવાદ)ના સુપુત્ર

  **ચિ. અવની**
  વંદના અને ગુલાબભાઈ મણિલાલ લોડાયા (નલિયા - યવતમાલ)ના સુપુત્રી
- **મંગળવાર, તા. ૧૭-૧-૨૦૧૨**

  **ચિ. વિશાલ**
  સંધ્યાબહેન અને ચંદ્રકાંત રવિલાલ મહેતા (અમદાવાદ)ના સુપુત્ર

  **ચિ. છાયા**
  કલ્પનાબહેન અને સંપતરાજ સૂરજમલજી મહેતા (અમદાવાદ)ની સુપુત્રી.
- **શનિવાર, તા. ૨૮-૧-૨૦૧૨**

  **ચિ. પ્રતીક**
  શ્રીમતી વર્ષાબહેન અને અનિલ રામજીભાઈ હરિયા (અમદાવાદ)ના સુપુત્ર

  **ચિ. કૃતિકા**
  શ્રીમતી જોલીબહેન અને જિતેન્દ્રભાઈ શાહ (માંડવી - નાગપુર)ની સુપુત્રી.
- **રવિવાર, તા. ૨૯-૧-૨૦૧૨**

  **ચિ. દિપેન**
  શ્રી ગિરીશભાઈ હીરજી દેઢિયા (શેરડી - અમદાવાદ)ના સુપુત્ર

  **ચિ. નેહલ**
  શ્રી વીરેન્દ્ર લાલજી સાવલા (મોટા આસંબિયા - મુંબઈ)ની સુપુત્રી.
- **શનિવાર, તા. ૧૧-૨-૨૦૧૨**

  **ચિ. નીશા**
  શ્રીમતી મીનાબહેન અને પ્રબોધ ગોગરી (કોડાય - અમદાવાદ)ની સુપુત્રી

  **ચિ. નિકેત**
  શ્રીમતી રંજનબહેન અને રમેશભાઈ ઠક્કર (અમદાવાદ)ના સુપુત્ર.
- **રવિવાર, તા. ૧૨-૨-૨૦૧૨**

  **ચિ. ખુશ્બૂ**
  શ્રીમતી રંજનબહેન અને નવીનભાઈ લહેરચંદ સંઘવી (સાંતલપુર - ગાંધીધામ)ની સુપુત્રી

  **ચિ. આલીન**
  શ્રીમતી કોકિલાબહેન અને જયંતભાઈ જીવરાજભાઈ મહેતા (વાંઢિયા - અમદાવાદના)ના સુપુત્ર.

*દરેક નવદંપતીને અભિનંદન સાથે આશીર્વાદ.*

## અવસાન નોંધ

- **રવિલાલ પોપટલાલ પારેખ** (મુંદ્રા) અમદાવાદ (ઉં.વ.-૭૯) શુક્રવાર, તા. ૩-૨-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયા છે.
- **શાંતિલાલ વેલજી કરમશી ગાલા** (સાડાઉ - મુંદ્રા) અમદાવાદ (ઉં.વ.-૫૦) સોમવાર, તા. ૨૦-૨-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

*સંબંધો થોડા રાખો, પણ એવા રાખો કે હૈયે હરખની હેલી ચડે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ

સુવર્ણ જયંતી મહોત્સવનો પ્રારંભ શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના દિવસથી અમદાવાદ ખાતે કરવામાં આવનાર છે. આ પ્રસંગના દરેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સમાજના દરેક સભ્ય પરિવારને નિમંત્રણ પાઠવવામાં આવે છે.

*શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમોનું આયોજન નીચે મુજબ છે :*

- સવારમાં ૯.૦૦ વાગે : શ્રી હરખચંદભાઈ કુંવરજી સાવલાના ગાંધીનગર ખાતેના બંગલામાં સિનિયર સિટીઝન હોમ "મંજુલ હરખ ધામ"નું દીપ પ્રાગટ્ય.
- સવારમાં ૧૧.૦૦ વાગે : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું લોકાર્પણ.
- બપોરના ૩.૦૦ વાગે : ટાઉન હોલ ખાતે સુવર્ણ જયંતી મહોત્સવનો દબદબાભેર પ્રારંભ — સુવર્ણ જયંતી સમારોહ દ્વારા.
- રાત્રે ૯.૦૦થી ૧૨.૦૦ વાગે : શ્રી જયશંકર સુંદરી હોલ - રાયખડ ખાતે મનોરંજન કાર્યક્રમ.

આ પ્રસંગે અત્યાર સુધી નીચે જણાવેલ મહાનુભાવોએ **અતિથિ વિશેષ** તરીકે ઉપસ્થિત રહેવા સહમતિ આપેલ છે.

*૧. શ્રી રાઘવજીભાઈ સાવલા - નાણા પ્રધાન, મધ્યપ્રદેશ*
*૨. શ્રી મુકેશભાઈ ઝવેરી - ભુજ*
*૩. શ્રી તારાચંદભાઈ છેડા - ભુજ*
*૪. શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા - હૈદ્રાબાદ*
*૫. શ્રી પન્નાલાલભાઈ છેડા - મુંબઈ*
*૬. શ્રી દિપકભાઈ ભેદા - મુંબઈ*
*૭. શ્રી મહેન્દ્રભાઈ સંઘોઈ - મુંબઈ*
*૮. શ્રી ભૂપેનભાઈ છેડા - મુંબઈ*
*૯. શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી - ઝરિયા/ધનબાદ*
*૧૦. શ્રી વાડિલાલ રતનશી સાવલા - સુવઈ/રાપર*
*૧૧. શ્રી હેમરાજભાઈ - મુંબઈ*

આ પ્રસંગે **માનવંતા મહેમાન** તરીકે ઉપસ્થિત રહેવા અત્યાર સુધી નીચે દર્શાવેલ મહાનુભાવોએ સહમતિ આપેલ છે.

*૧. શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા - મુંબઈ*
*૨. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી - મુંબઈ*
*૩. શ્રી જાદવજી લાલજી શાહ - મુંબઈ*
*૪. શ્રી રમણિકલાલ છગનલાલ દેઢિયા - મુંબઈ*
*૫. શ્રી રમેશચંદ્ર પ્રેમચંદ મહેતા - મુંબઈ*
*૬. શ્રી રસિકભાઈ નાનજી શાહ - મુંબઈ*
*૭. શ્રી શામજીભાઈ ટોકરશી વોરા - મુંબઈ*
*૮. શ્રીમતી મંજુલાબહેન મણિલાલ વોરા - મુંબઈ*
*૯. શ્રી ગુલાબભાઈ દેઢિયા - મુંબઈ*
*૧૦. શ્રી વસનભાઈ નાગડા - મુંબઈ*
*૧૧. શ્રી પ્રભુલાલભાઈ કે. સંઘવી - ગાંધીધામ*
*૧૨. શ્રી જયેશભાઈ દામજી વિસારીયા - સુરત*
*૧૩. શ્રી જગદીશચંદ્ર રવિલાલ શાહ - સુરત*

*આ પ્રસંગે અંદાજિત પાંચેક કચ્છી વિભૂતિઓનું સન્માન કરવા માંગીએ છીએ કે જેઓ રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિને વરેલા છે. તેઓના કાર્યો એક કચ્છી તરીકે આપણને ગૌરવ અપાવે તેવા રહેવા પામેલ છે. અત્યાર સુધી નક્કી થયેલ એ કચ્છી નરબંકાઓના નામ નીચે મુજબ છે.*

*૧. શ્રી આણંદજી વિરજી શાહ* - વિખ્યાત સંગીતકાર
*૨. શ્રી વિપુલ શાહ* - ફિલ્મ ડાયરેક્ટર
*૩. શ્રી હરિષ ભિમાણી* - ટી.વી. સિરિયલ 'મહાભારત'માં 'સમય'ના અવાજ દ્વારા તેઓશ્રી વિખ્યાત થઈ ચૂકેલ છે. 'લતા : એક દંતકથા' પુસ્તકના લેખકશ્રી.
*૪. શ્રી વિનોદ ગણાત્રા* - ડોક્યુમેન્ટરી ફિલ્મના સર્જક કે જેમની કચ્છી ફિલ્મો 'હેડા-હૂડા' અને 'હારુન-અરુન' અનેક આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડસ મેળવી ચૂકેલ છે.

*મનનો દંભ તૂટે એવી કોઈ પણ પ્રવૃત્તિ સત્સંગ છે.*

આ વિગત અત્યાર સુધી નક્કી થયેલ મહાનુભાવોની આપવામાં આવેલ છે. તેમાં વધારો થવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.

ટાઉન હોલ ખાતેના સાંજના ભોજન સમારંભના તથા જયશંકર સુંદરી હોલના કાર્યક્રમોના પાસનું વિતરણ અગાઉથી વહેલા તે પહેલાના ધોરણે નીચે મુજબ કરવામાં આવશે.

ટાઉન હોલ ખાતે તા. ૧૪-૪-૨૦૧૨ના કાર્યક્રમના પ્રવેશપત્ર તા. ૨૫-૩-૨૦૧૨ બાદ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પરથી સવારમાં ૧૧.૦૦થી સાંજના ૬.૦૦ દરમ્યાન મળી શકશે. મહેમાનો માટેની અમુક બેઠકો છોડીને બાકીની એન્ટ્રી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. કાર્યક્રમના અંતે પ્રથમ ૨૦૦ એન્ટ્રી માટે ડ્રો યોજી ત્રણ આકર્ષક લકી ઈનામો રાખવામાં આવેલ છે.

તા. ૧૪-૪-૨૦૧૨ના સાંજના શ્રી કચ્છી જૈન ભવન પરના ભોજન સમારંભના પાસ ટાઉનહોલ પરથી તા. ૧૪-૪-૨૦૧૨ના બપોરના ૧.૦૦થી ૩.૦૦ દરમ્યાન મળી શકશે. ઉપસ્થિત વ્યક્તિ દીઠ એક જ પાસ આપવામાં આવશે.

જયશંકર સુંદરી હોલ ખાતે તા. ૧૪-૪-૨૦૧૨ના આયોજિત મનોરંજન કાર્યક્રમના પાસ ટાઉન હોલ પરથી તા. ૧૪-૪-૨૦૧૨ના બપોરના ૧.૦૦થી ૩.૩૦ દરમ્યાન મળી શકશે. ઉપસ્થિત દરેકને વ્યક્તિ દીઠ એક જ પાસ આપવામાં આવશે. મહેમાનો માટેની અમુક બેઠકો છોડીને બાકીની એન્ટ્રી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

જયશંકર સુંદરી હોલ ખાતેનો મનોરંજન કાર્યક્રમ બરાબર ૯.૦૦ વાગે શરૂ થઈ જશે. દરેકે પોતાની એન્ટ્રી ૮.૪૫ પહેલા લઈને પ્રવેશ પત્રના નંબર મુજબ બેઠક ગ્રહણ કરવા ખાસ વિનંતી કરવામાં આવે છે.

ટાઉન હોલની કેપેસિટી અંદાજિત ૧૨૦૦ વ્યક્તિઓની અને જયશંકર સુંદરી હોલની કેપેસિટી અંદાજિત ૧૦૭૬ વ્યક્તિઓની હોવાથી દરેકે પોતાના પ્રવેશપત્રો સમયસર મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.

આશા રાખવામાં આવે છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગાંધીનગર સ્થિત પરિવારો શિસ્તમાં રહી યોગ્ય વ્યવસ્થા જાળવવા કાર્યકરોને પૂરેપૂરો સહકાર આપશે અને તેમની સૂચનાને માનપૂર્વક અદા કરશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***નોંધ : ટાઉન હોલ ખાતેના કાર્યક્રમ વખતે નાના બાળકો માટે પ્રવેશ નિષેધ છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ : વસતિ પત્રક-૨૦૧૨

આ નોંધ લખાય છે ત્યારે એટલે કે તા. ૨૬-૨-૨૦૧૨ સુધી સમાજના અમદાવાદ - ગાંધીનગર સ્થિત ૭૯૫ નોંધાયેલ પરિવારોમાંથી ૭૨૦ જેટલા ફોર્મ આવી ગયેલ છે. બાકી અંદાજિત ૭૫ ફોર્મ બાકી રહેવા પામેલ છે, જે લેવાની છેલ્લી તારીખ ૨૯-૨-૨૦૧૨ સુધીની રાખવામાં આવેલ છે. ત્યારબાદ આવેલ ફોર્મનો શક્ય હશે તો જ સમાવેશ કરવામાં આવશે. મોડેથી આવેલ ફોર્મના નામનો સમાવેશ આ વસતિ પત્રકમાં ના થઈ શકે તો તેને મે-૨૦૧૨ના 'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ કરવામાં આવશે. દરેકના ફોર્મ નિયત કરેલી સમય મર્યાદામાં મળે તે અર્થે 'મંગલ મંદિર'માં છેલ્લા ત્રણ માસથી યોગ્ય જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. એટલું જ નહીં, દરેકને આ બાબતે પત્ર મોકલાવેલ છે. ત્યારબાદ ફોન દ્વારા સંપર્ક કરેલ છે. શક્ય હતું ત્યાં કાર્યકરોને રૂબરૂ પણ મોકલાવ્યા છે. બીજી તરફ, આ પ્રકારના પ્રોજેક્ટનું કામ ચોક્કસ સમય મર્યાદામાં કરવાનું જરૂરી હોય છે. સમાજના પરિવારજનો તરફથી આ પ્રકારની અગત્યની બાબતમાં સમયસર લક્ષ અપાય અને તે પરત્વે સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થાય તેવી સમાજની અપેક્ષા હોય છે.

સૂચિત વસતિપત્રક-૨૦૧૨ અંદાજિત આવતા ૮થી ૧૦ વર્ષ સુધી દરેક સભ્ય પરિવારને ત્યાં સચવાઈ રહેવાનું છે. તેથી આપશ્રી દ્વારા તેમાં કોઈપણ પ્રકારની જાહેરાત આપશો તો આપના વ્યવસાય સંબંધિત પ્રચાર આવતા ૮ થી ૧૦ વર્ષ સુધી સતત થતો રહેશે. તે સિવાય, આપની જાહેરાતના માધ્યમથી સમાજનો કઠિન કાર્યભાર ઉપાડવામાં આપ ચોક્કસપણે સહાયરૂપ થઈ શકશો.

આ વસતિપત્રકમાં આપવામાં આવનાર જાહેરાતના દરો નીચે મુજબ છે.

| જાહેરાતનાં પ્રકાર | ફુલ પેઈજ | ૧/૨ પેઈજ | ૧/૪ પેઈજ | ૧" સાઈઝ |
|---|---|---|---|---|
| ટાઈટલ કવર-૪ | રૂા. ૪૦,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | |
| ટાઈટલ કવર-૨ | રૂા. ૩૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૨,૫૦૦/- | |
| ટાઈટલ કવર-૩ | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- | |
| અંદરનું પાનું – મલ્ટી કલર | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩,૫૦૦/- | |
| અંદરનું પાનું - સીંગલ કલર | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૪,૫૦૦/- | રૂા. ૨,૫૦૦/- | |
| અંદરનું પાનું - બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૧,૫૦૦/- | |
| બોટમ પટ્ટી – બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૧,૦૦૦/- |

**<u>નોંધ</u>** *: જાહેરાતની અંદાજિત સાઈઝ*

(૧) ફુલ પેઈજ : ૨૪.૫ x ૧૮ સે.મી.
(૨) હાફ પેઈજ : ૧૨ x ૧૮ સે.મી.
(૩) ૧/૪ પેઈજ : ૧૨ x ૯ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૨૩ x ૧.૭૫ સે.મી.

*વસતિ પત્રકમાં જાહેરાતની મેટર તા. ૨૦-૩-૨૦૧૨ સુધી જ લેવામાં આવશે.*
*આપશ્રીના સુંદર સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે.*

**સૂરજલાલ મહેતા**
કન્વીનર વસતિપત્રક સમિતિ, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્‌મંત્રી, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ

# સમાજ સુરક્ષા સમિતિ

## મેડિક્લેઈમ અર્થે કેટલીક હોસ્પિટલ લિસ્ટમાંથી બાકાત

સમાજના સભ્ય પરિવારોને જાણ કરવાની રહે છે કે, વિવિધ વીમા કંપનીઓ દ્વારા મેડિક્લેઈમ પોલિસીના સંદર્ભમાં કેટલીક હોસ્પિટલને તેમનાં લિસ્ટમાંથી બાકાત કરવામાં આવેલ છે. તેવી હોસ્પિટલની નોંધ અત્રે પ્રસ્તુત કરી છે.

| | | |
|---|---|---|
| ૧. | આદિત્ય મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ | : એફ-૧, સેન્ટર પ્લાઝા, સત્તાધાર ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ. |
| ૨. | શારદા ક્લિનિક અને હોસ્પિટલ | : અસારવા ચકલા, અમદાવાદ. |
| ૩. | પોલી ક્લિનિક | : સરસપુર, અમદાવાદ. |
| ૪. | હેત્વિ હોસ્પિટલ | : ઘાટલોડિયા, અમદાવાદ. |
| ૫. | અમિ સર્જિકલ હોસ્પિટલ | : સુભદ્રાનગર, પાટણ. |
| ૬. | બીકે ક્રિસ્ટીકલ હોસ્પિટલ | : પ્રહલાદ નગર, અમદાવાદ. |
| ૭. | જે. જે. હોસ્પિટલ | : ચાણક્યપુરી, અમદાવાદ. |
| ૮. | અક્ષર હોસ્પિટલ | : રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ. |
| ૯. | ભારતી વલ્લભ હોસ્પિટલ | : શાહીબાગ, રેલવે ક્રોસિંગ, અમદાવાદ. |
| ૧૦. | વેદ હોસ્પિટલ | : ઘાટલોડિયા, અમદાવાદ. |

*નીચે જણાવેલ હોસ્પિટલ તા. ૧-૧-૨૦૧૨થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધી દેખરેખ હેઠળ જાહેર થઈ છે. તેના ક્લેઈમ ભરવાપાત્ર તરીકે વિચારાશે અને તેમની કામગીરી તા. ૩૧-૩-૨૦૧૨ પછી ફરીથી વિચારાશે.*

| | | |
|---|---|---|
| ૧. | સંજીવની હાર્ટ એન્ડ મેડિકલ હોસ્પિટલ | : સંજીવની કોમ્પ્લેક્સ, મહેસાણા સોસાયટી સામે, વાડજ, અમદાવાદ. |
| ૨. | મેડિ લિન્ક હોસ્પિટલ | : શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ. |
| ૩. | મે-ફલાવર હોસ્પિટલ | : હેલમેટ ચાર રસ્તા, અમદાવાદ. |

***કોઈપણ હોસ્પિટલમાં દાખલ થતાં પહેલાં, તે હોસ્પિટલ વીમા કંપનીનાં લિસ્ટમાંથી બાકાત થયેલ નથી તેની અવશ્ય ચોકસાઈ કરી લેવી.***

***– સમાજ સુરક્ષા સમિતિ***

## સીએ ચેતન શાહને અભિનંદન

મશર શાહ એન્ડ એસોસિએટ્સના નામથી સીએ ચેતન કે. શાહની નવી ઓફિસનો ઉદ્‌ઘાટન સમારંભ રવિવાર, તા. ૧૯-૨-૨૦૧૨ના સવારમાં ૯.૩૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન યોજાઈ ગયો. શ્રી ચેતન શાહ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કોષાધ્યક્ષ શ્રી કે.ડી. શાહના સુપુત્ર થાય. આ પ્રસંગે બહોળી સંખ્યામાં તેઓના સગા સંબંધીઓ ઉપસ્થિત રહેલ હતા.

સીએ ચેતન શાહને આ શુભ અવસરે ખૂબ ખૂબ અભિનંદન.

***તેમની નવી ઓફિસનું સરનામું નીચે મુજબ છે.***

**સીએ ચેતન કે. શાહ**
મશર શાહ એન્ડ એસોસિએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ
૨૧૨, બી વિંગ, ગોપાલ પેલેસ, ઑસન પાર્ક સામે,
શિરોમણિ કોમ્પ્લેક્સ પાછળ, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ચિત્રમાં કલા

ચિત્રકાર પોતાની ચિત્રકલા દ્વારા સમાજને ઘણુંબધું કહેતો હોય છે. સમાજની સમસ્યાઓ, તે પોતાની આગવી રીતે ચીતરતો હોય છે. ચિત્રમાં શું કહેવામાં આવ્યું છે કે શું દર્શાવવામાં આવ્યું છે એ ઉપરછલ્લી રીતે જોનારને સમજાતું નથી. એ તો માત્ર બાહ્ય રૂપરંગ જુએ છે અને વખાણવા જેવું હોય તો વખાણે છે અને ટીકા કરવા જેવું હોય તો ટીકા પણ કરે છે. ચિત્રમાં રહેલી ખૂબીઓ અને ખામીઓ જુએ છે અને પોતાના મંતવ્ય પણ આપતો હોય છે.

હોલમેન હન્ટ એક વિખ્યાત કલાકાર હતો. તેમણે ખૂબ સુંદર ચિત્રો દોર્યા હતા અને આ ચિત્રો સૌ કોઈને મંત્રમુગ્ધ કરે એવા હતા. તેણે એક ચિત્ર દોર્યું હતું. એ ચિત્રમાં ભગવાન ઈસુ હાથમાં ફાનસ લઈને ઊભા હતા અને બીજા હાથથી બારણે ટકોરા મારતા હતા.

આ ચિત્ર જોઈ એક મિત્રએ કહ્યું, 'હોલમેન, તેં આ ચિત્ર તો ખૂબ સારું દોર્યું છે પણ એમાં એક ભૂલ રહી ગઈ છે. કારણ બારણા તો તેં દોર્યા છે પણ બારણાને હેન્ડલ નથી દોર્યું.' ચિત્રકારે કહ્યું, 'દોસ્ત, આ સામાન્ય બારણું નથી ચીતર્યું. આ દરવાજા - બારણા સામાન્ય નથી પણ માનવ હૃદયના છે અને એ ફક્ત અંદરથી જ ખૂલી શકે એવા છે.'

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

*સંસાર પાસેથી મળેલી વસ્તુમાત્ર સંસારની સેવા કરવા માટે છે.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### વૈષ્ણવજન : વર્કશોપનું આયોજન

વૈષ્ણવજન - એવું વ્યક્તિત્વ છે જેને ભગવાન પ્રેમ કરે છે. આપણને જે હેતુસર જન્મ મળ્યો છે તે સિદ્ધ કરવા અંગેની આ પાત્રતા છે. ચાલો આપણે સહુ વિવિધ જીવન મૂલ્યોને સમજી, આપણી જાતને તેમાં નિહાળીએ. ભક્ત કવિશ્રી નરસિંહ મહેતાનું ભજન ખરેખર પથદર્શક ત્યારે બનશે જ્યારે દરેક જીવન મૂલ્ય અંગે આપણે આપણા જીવનમાં કેટલાક નિયમિત કર્મો સતતપણે કરતા જ રહીએ. રોજબરોજના જીવનમાં એનો જ સંતોષ હોય.

ભગવાનને ગમતું વ્યક્તિત્વ કેળવવા રવિવાર, તા. ૧૮-૩-૨૦૧૨ ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન સમાજના સભ્ય પરિવારજનોના ૧૭ વર્ષથી મોટી ઉંમરના સભ્યો માટે ખાસ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં શ્રી નંદક પંડ્યા દ્વારા વિવિધ રમતો, ઓડિયો, વિડિયો પ્રેઝન્ટેશન વગેરેની રજૂઆત થશે. વર્કશોપમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન ફી સમાજના સભ્યો તથા તેમના પરિવારજનો માટે ફક્ત રૂા. ૨૦ તથા અન્ય સૌ માટે રૂા. ૫૦ છે. તે માટે ફોન નંબર ૨૬૫૮૧૫૦૧ અથવા સમાજ કાર્યાલયમાં રૂબરૂ સંપર્ક કરી શકશો.

★

### પેરેન્ટલ કેર વર્કશોપનું પ્રશંસનીય આયોજન થયું

અત્યારના સામાજિક માહોલમાં એક ખૂબજ ગંભીર પ્રશ્ન હોય તો તે છે... જૂની-નવી પેઢી વચ્ચેનાં મન-વિચાર ભેદનો, જનરેશન ગેપનો. નવી પેઢીને જૂનવાણી રીતરસમો પસંદ નથી. તેમનાં વાંચન-વિચાર-દૃષ્ટિ-વર્તન-વ્યવહાર-વાણી-રહેણીકરણી વગેરે તમામ ક્ષેત્રે જૂની પેઢીની રિધમ સાથે સુસંગત અથવા તો એકસૂત્રતા જેવું કશું રહ્યું નથી. આ પ્રકારના અત્યારના સંજોગોમાં બાળકોના વાણી, માતા-પિતા શું કરી શકે, બાળકોને આજના રંગબેરંગી અને ટેકનોલોજીના વાતાવરણ વચ્ચે કેવા પ્રકારની તાલીમ, શિક્ષણ આપીને વધતા જતા જનરેશન ગેપને મર્યાદિત કરી શકાય વગરે બાબતોની યોગ્ય સમજ આજે દરેકના ઘરમાં હોય તે અતિ આવશ્યક બની ગયું છે. તે સાથે પરિવારના નાનાથી-મોટા તમામ સભ્યો પરસ્પર એકબીજાને સમજે, એકબીજાને ઉપયોગી થાય તેવી પ્રક્રિયા પણ કાયમ રહે, તે પરત્વે પણ ધ્યાન કેન્દ્રિત કરવાની એકદમ જરૂરત છે.

બીજી તરફ, આજના બદલાઇ ગયેલા અને પરિવર્તન થઇ રહેલા સમયમાં બાળકોના મન અને વર્તનમાં ઘરની આજુબાજુના વિસ્તારની, મિત્ર વર્તુળની, સ્કૂલ-કોલેજ વગેરે સ્તરે જે અસરો ઊભી થાય છે તેને નજર સમક્ષ રાખીને નિતનવા પ્રશ્નોને કેવી રીતે હલ કરવા તેમજ સમગ્ર સ્થિતિમાં બાળકોને યોગ્ય માર્ગદર્શન કેવી રીતે આપી શકાય અને તેમનામાં સમૃદ્ધ સંસ્કારોનું સિંચન કેવી રીતે કરી શકાય વગેરે બાબતોના ઉગ્ર પ્રશ્નો આજના સમયમાં દરેકને પરેશાન કરતા હોય છે.

આવી સ્થિતિમાં સમાજના ૨½ થી ૯ વર્ષના બાળકોના વાલીઓ, માતા-પિતાને ઓડિયો-વિડિયોના સંગાથે યોગ્ય અને જરૂરી માર્ગદર્શન-સમજ આપવા અર્થેની એક વ્યવસ્થિત સ્વરૂપની વર્કશોપનું સમિતિ દ્વારા તા. ૨૨-૧-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નોંધપાત્ર ૪૦ સભ્યોની ઉપસ્થિતિ હતી. કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોત્તર દ્વારા પણ ઘણી સમજ આપવામાં આવી હતી. આ પ્રકારની વર્કશોપથી પોતાને ઘણું જાણવાનું અને ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત થયું છે તેવો અભિપ્રાય હાજર રહેલા સૌ સભ્યોએ વ્યક્ત કર્યો હતો અને સમિતિની કામગીરીની પ્રશંસા કરી હતી.

*હીરેન શાહ - કન્વીનર*

## યુવા વિકાસ સમિતિ

### <u>આગામી કાર્યક્રમો</u>

**(૧) કેરમ બોર્ડ-રમત હરીફાઇ**

કેરમ બોર્ડ-રમતની સમાજ પરિવારજનોની ૧૨ વર્ષની ઉપરની વ્યક્તિ માટે હરીફાઇનું આયોજન તા. ૬-૫-૨૦૧૨ના કરવામાં આવ્યું છે. તે અંગે વધુ વિગત હવે પછી જાહેર કરવામાં આવશે.

કેરમ બોર્ડ રમત માટેના કેટલાંક સામાન્ય નિયમો જાણવા જરૂરી છે... જે સ્પર્ધાના સમયે રૂબરૂ જણાવવામાં આવશે.

**(૨) ચેસ વર્કશોપ (શરૂઆત / પાયારૂપથી) :**

કોઇપણ વયની વ્યક્તિ માટે આ વર્કશોપનું આયોજન છે. તા. ૭-૫-૨૦૧૨ થી ૧૨-૫-૨૦૧૨ સુધી.

***સમય : સવારના ૯થી ૧૨***

***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.***

આ માટે તા. ૩૦-૪-૨૦૧૨ સુધી સમાજ કાર્યાલયમાં રૂા. ૧૦૦ (પરત મળવાપાત્ર) જમા કરાવીને આપના નામ-ફોન નંબર નોંધાવી શકશો.

વર્કશોપ બાદ રવિવાર તા. ૧૩-૫-૨૦૧૨ના ચેસ રમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આ અંગે વિશાલ શાહ-૯૪૨૮૩૫૦૦૩૮ (રાત્રિના ૮ થી સવારે ૮ વાગ્યા સુધી) સંપર્ક કરીને વધુ માહિતી મેળવી શકાશે.

★

**સામાન્ય જ્ઞાન હરીફાઇના વિજેતાઓ**

તા. ૨૯-૧-૨૦૧૨ના યોજાયેલ શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ સાવલા સામાન્ય જ્ઞાન હરીફાઇના વિજેતાઓ...

***પ્રથમ ક્રમાંક :*** (૧) પૃથ્વી હીરેન શાહ અને નિરાલી જગદીશભાઇ ત્રેવડિયા

***દ્વિતીય ક્રમાંક :*** (૧) ભાવેશ રજનીકાંત પારેખ અને પ્રશીલ રજનીકાંત પારેખ. દરેકને ધન્યવાદ સાથે અભિનંદન

*નવીન લાલકા - કન્વીનર*

*જીવનમાં આવતી ચઢતી-પડતીમાંથી બોધપાઠ લો.*

# તબીબી સેવા સમિતિ

## અમદાવાદની એક અજોડ સંસ્થા

## પોલિઓ ફાઉન્ડેશન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરના કન્વીનર શ્રી કાંતિલાલભાઈ સાવલા અને મેડિકલ સેન્ટરના મુખ્ય સંયોજક શ્રીમતી હાસ્યલતાબહેન મહેતાએ કોઈ પોલિઓ સંસ્થા સાથે મળીને તેમના સહકારથી કોઈ કામગીરી કરી શકાય કે કેમ તેની શક્યતા તપાસવા તા. ૨૨-૨-૨૦૧૨ના અમદાવાદની જીવરાજ પાર્ક સ્થિત પોલિઓ ફાઉન્ડેશન અને ઔડા નિર્મિત એક સેવા સંસ્થાનની મુલાકાત લીધી હતી. સમાજના સભ્ય અને ફાઉન્ડેશન સાથે સંકળાયેલા શ્રી ચેતનભાઈ પણ મુલાકાતના સમયે સાથે હતા.

તે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને સર્જન ડૉક્ટર શ્રી મેહુલભાઈ શાહે ફાઉન્ડેશનના તમામ યુનિટમાં સાથે રહીને દરેક કામગીરી વિગતથી સમજાવેલ હતી. ફાઉન્ડેશનની વિશાળ જગ્યાવાળું અદ્યતન મકાન કોઈપણના મનને પ્રથમ નજરે જ આકર્ષી લે તેવું છે. ચારે તરફ દીવાલો પર મૂકાયેલા પેઇન્ટિંગ, ફોટોફ્રેમ અને વિભિન્ન પ્રકારના ડેકોરેશનની સજાવટ મનમોહક અને ઉત્સાહપ્રેરક છે. ખૂબજ અદ્યતન સાધન - સામગ્રી અને અન્ય સગવડો સંસ્થામાં ઉપલબ્ધ છે.

સંસ્થામાં આધુનિક સગવડતાવાળું એક મોડ્યુલેટ ઑપરેશન થિયેટર મોજૂદ છે. જેની ઉપરના માળે ઓડિટોરિયમમાં બેસીને ઑપરેશન પ્રક્રિયા જોઈ શકાય છે. સંસ્થા માટે આ એક ગૌરવપ્રદ બાબત ગણી શકાય. યુરોપની ૨૦ તબીબોવાળી એક ટીમે પણ સંસ્થાની મુલાકાત દરમ્યાન આ પ્રકારની સગવડતા અને તેની કામગીરીને હૃદયપૂર્વક બિરદાવેલ હતી. તે સિવાય, રેડિયોલોજી સેન્ટર, પેથોલોજી લેબોરેટરી, ઈન્ટેન્સિવ કેર યુનિટ, નેત્ર બેંક, બાળરોગ અને ઓર્થોપેડિક સેન્ટર, ડાયાબિટીક ફૂટ સારવાર કેન્દ્ર જેવા અગત્યના યુનિટો દ્વારા વિવિધ કામગીરી થઈ રહી છે. દર્દીઓ માટે સગવડતાભર્યા રૂમોની સગવડ છે. તે સિવાય, તેનાં એ.સી. ઓડિટોરિયમમાં આંતરરાષ્ટ્રીય સ્તરની કોન્ફરન્સ અને તે કક્ષાના અન્ય કાર્યક્રમોનું આસાનીથી હલનચલન / આયોજન કરી શકાય તે પ્રકારની સગવડ છે. હલનચલનની અથવા અન્ય તકલીફ ધરાવતા દર્દીઓ તેમજ સેરિબ્રલ પાલ્સીના બાળકો પણ સરળતાથી ભાગ લઈ શકે તેવી સગવડો સ્થાપિત કરી છે.

આ રીતે ઓડિટોરિયમ અને સમગ્ર સંસ્થામાં, દરેક બાબતે ખૂબજ ચોક્સાઈપૂર્વકનું આયોજન નજરે પડે છે. ટૂંકમાં એમ કહી શકાય કે આ સંસ્થામાં જરૂરી તમામ પ્રકારે અધ્યયન, નિદાન કર્યા બાદ ઉત્તમ શ્રેણીની સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

આ બધી કામગીરી પાછળ તે સંસ્થાનો એક ઝળહળતો ઇતિહાસ છે. થોડા તબીબી ક્ષેત્રના તજજ્ઞોએ ભેગા થઈને શારીરિક ક્ષતિ ધરાવતા, ખાસ કરીને પોલિઆગ્રસ્ત દર્દીઓ માટે ઑપરેશન સંબંધિત કામગીરી કરવાનું નક્કી કર્યું અને તેના કારણે વર્ષ ૧૯૮૭માં પોલિઓ ફાઉન્ડેશનનો પાયો નાખ્યો.

પ્રારંભમાં નાનકડી એવી હોસ્પિટલની રચના બાદ રાયપુર વિસ્તારમાં હોસ્પિટલ અને ત્યારબાદ રાજ્ય સરકારે આપેલ ૫૫૦૦ વારની જગ્યા પર વર્ષ ૨૦૧૦માં જીવરાજ પાર્ક વિસ્તારમાં સંપૂર્ણ રીતે અદ્યતન સગવડતાયુક્ત નવું બિલ્ડિંગ અસ્તિત્વમાં આવ્યું. ત્યારબાદ તેની યશસ્વી ગાથા આગળ વધતી રહી. શરૂના બે દાયકા દરમ્યાન ઘણી કામગીરી થઈ. જેમાં વિવિધ સ્થળોએ પોલિઓ કેમ્પ તેમજ પોલિઓની કરેક્ટિવ સર્જરીના ક્ષેત્રે ખૂબ જ સફળ કામગીરી કરવામાં આવી. ત્યારબાદ એક સર્વેમાં જણાયું કે સેરિબ્રલ પાલ્સી (મગજનો પક્ષાઘાત), જે જન્મ સમયે થાય છે અને તેનાં કારણે સ્નાયુના હલન ચલનમાં, વાણી - ભાષાની તકલીફ, અવાજ, દૃષ્ટિ અને શરીરના હલન-ચલનમાં મુશ્કેલી થાય છે. આવા કિસ્સામાં ક્યારેક મંદ બુદ્ધિ પણ હોય છે અને ક્યારેક ફીટ પણ આવતી હોય છે. આવી વ્યક્તિઓ માટે ગુજરાત રાજ્યમાં ખાસ સગવડ નથી. એટલે ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૦૦થી સી.પી. માટે ખૂબ સુંદર સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ત્યારબાદ ખૂબ જરૂરી છે તેવા ડાયાબીટિકથી થતા કોમ્પ્લિકેશન, રેટિનોપથી, ડાયાબિટીક ફૂટ વગેરે કે જેમાં સમયસર સારવારથી વ્યક્તિને ઘણી રાહત થઈ શકે છે, તેવા મહત્ત્વના ક્ષેત્રે પણ કામગીરી શરૂ કરી છે.

આ રીતે જોઈ શકાય છે કે, સમાજમાં જે પ્રકારની આવશ્યક સેવાકીય પ્રવૃત્તિઓની જરૂર છે તેવા ક્ષેત્રમાં આ ફાઉન્ડેશન હંમેશાં આગળ રહ્યું છે. એટલું જ નહીં, પરંતુ પૂરતા પરીક્ષણ / અધ્યયન કરીને વૈજ્ઞાનિક રીતે તમામ યુનિટનો અદ્યતન વિકાસ કરવો, તે આ ફાઉન્ડેશનની ખાસ વિશિષ્ટતા રહી છે. ટ્રસ્ટીશ્રીના જણાવ્યા મુજબ, આ પ્રકારના યુનિટો ઊભા કરતાં અગાઉ તેઓએ દેશ-વિદેશની અને ખાસ કરીને અમેરિકાની અમુક જાણીતી સંસ્થાઓની મુલાકાત લીધી હતી અને જાત નિરીક્ષણ બાદ ત્યાંની વિશિષ્ટતાઓ સાથે અત્રેના ફાઉન્ડેશનની રચના કરવામાં આવી છે.

ફાઉન્ડેશનમાં ઉપલબ્ધ સેવાઓમાં બાળકો માટે કરેક્ટિવ સર્જરી, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી જોઈન્ટ રિપ્લેસમેન્ટ, આંખમાં કોર્નિયા ગ્રાફ્ટિંગના ઑપરેશન, ડાયાબિટીક રેટિનોપથી, ડાયાબિટીસનાં કારણે પગમાં થતી તકલીફનું પરીક્ષણ તથા ચિકિત્સા માટે ફૂટ કેર, ડાયાલિસીસ, પ્રોસ્થેટિક, સી.પી. વગેરે યુનિટો સારી રીતે કાર્યરત છે. આ બધા કારણે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે પણ એક વખત આ સંસ્થાની કામગીરીમાં સક્રિય રસ દાખવીને તેની પ્રશંસા કરી હતી. રાયપુર અને જીવરાજ પાર્ક ખાતેના સેરિબ્રલ પાલ્સી યુનિટ પોલિઓ ફાઉન્ડેશનનાં વિશિષ્ટ અંગ સમાન છે. આવા બાળકો કે જેઓ સામાન્ય શાળામાં અભ્યાસ કરી શકતા નથી તેવા બાળકોનું સંપૂર્ણપણે નિદાન કરીને ડૅ-કેર યુનિટ દ્વારા જરૂરી સેવાઓ અહીં ઉપલબ્ધ છે. એટલું જ નહીં પરંતુ અમદાવાદથી દૂર રહેતા આ પ્રકારના બાળકોને મદદરૂપ થવા તેમનાં વાલી સાથે સંસ્થાની હોસ્પિટલમાં દાખલ કરીને એક

*સૌથી મોટું નુકસાન શું છે? અવસર ચૂકી જવો તે.*

સપ્તાહ સુધી શારીરિક તથા બૌદ્ધિક વિકાસ માટેની ઘનિષ્ટ સારવાર તથા ઉત્તમ તાલીમ ત્યાં આપવામાં આવે છે, જે એક ખૂબજ પ્રશંસનીય કામગીરી છે.

ફાઉન્ડેશન માટે ગૌરવની વાત છે કે આટલી અદ્યતન અને અભિગમપૂર્ણ સેવાઓ મોટાભાગના કિસ્સાઓમાં નિઃશુલ્ક અથવા ખૂબજ સામાન્ય દરે આપવામાં આવે છે. સી.પી. યુનિટમાં એક બાળકનો માસિક ખર્ચ રૂા. ૨૦૦૦/-ની આસપાસ થાય ત્યાં આ ફાઉન્ડેશન દ્વારા ટોકન રૂપે માત્ર રૂા. ૧૦૦/- લેવામાં આવે છે. કોર્નિયલ ગ્રાફ્ટિંગ જેવા ઑપરેશન નિઃશુલ્ક કરવામાં આવે છે. આ પ્રકારની તમામ ઉત્તમ પ્રકારની કામગીરી અને સ્ટાફ વર્ગ ખરેખર ધન્યવાદને પાત્ર છે અને અન્ય સામાજિક સંસ્થાઓ આ ફાઉન્ડેશનના સહકારથી પોતાની કામગીરીનો વ્યાપ વધારી શકે તેવી શક્યતાઓ છે.

ફાઉન્ડેશનના પ્રણેતા ડૉ. ભરતભાઈ ભગતે તેમના પુસ્તક 'સર્જનહારનું સર્જન'માં કહ્યું છે, 'જેનું જીવન અંધકાર ભરેલું છે તેને પ્રકાશનું એક કિરણ પહોંચાડવું છે. જેનું જીવન નિરાશાથી ભરપૂર છે તેને આશાની તેજરેખા આપવાની છે.'

એમનો આ અજોડ અભિગમ સમગ્ર સમાજોમાં ફેલાય તો કેવું સારું?

*હાસ્યલતા મહેતા*

## સમાજના શિક્ષિત યુવાવર્ગ માટે ખાસ

### જોબ - નોકરી - ઈન્ટરવ્યૂ - બાયોડેટા - રિઝ્યૂમ - કારકિર્દી

ઉપરોક્ત વિષયે ટેન્શન કરવાની હવે જરૂર નથી. નીચે જણાવેલ વિગતે આપનું ધ્યાન કેન્દ્રિત કરશો!

યુવા પેઢીને તેમના અભ્યાસકાળ દરમ્યાન અથવા ત્યારબાદ જોબ, નોકરી એક ખૂબજ વિકટ સમસ્યા જણાતી હોય છે. તે સાથે કોઈ સ્થળે રજૂ કરવા માટે પોતાનો બાયોડેટા - રિઝ્યૂમ કઈ રીતે તૈયાર કરવા અને તેના અનુસંધાનમાં રૂબરૂ ઈન્ટરવ્યૂ - ગ્રૂપ ડિસ્કશન માટે કેવી તૈયારી કરવી અને ઈન્ટરવ્યૂ આપનારે રૂબરૂમાં કઈ બાબતનું ધ્યાન રાખવું વગેરેની સમજ આપવા સમિતિના ઉપક્રમે સમાજના યુવાવર્ગ માટે એક કાર્યક્રમનું આયોજન તા. ૩-૬-૨૦૧૨ના કરવામાં આવ્યું છે. નોકરીની તક અને તે માટે ટૂંકી મુદતના કોર્ષની માહિતી પણ તજજ્ઞો દ્વારા સૂચિત કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવશે. યુવા વર્ગની કારકિર્દીનો ગ્રાફ ઊંચે લઈ જવા ઉપરોક્ત કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી બનશે.

કાર્યક્રમ અને અન્ય માહિતી 'મંગલ મંદિર'ના આવતા અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

*નવીન લાલકા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## તપોમૂર્તિ લક્ષ્મીબહેન છગનલાલ નરશી દેઢિયા (ભુજપુર) મુંબઇ તબીબી સહાય ફંડ

### (શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ)

તપોમૂર્તિ લક્ષ્મીબહેન છગનલાલ નરશી દેઢિયા (ભુજપુર) મુંબઇ-પરિવારજનોના સૌજન્યથી વર્ષ ૨૦૦૨-૨૦૦૩થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ દ્વારા સમાજ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગ-તબીબી સહાયની એક ખૂબજ સેવાકીય અને ઉપયોગી યોજનાનો આરંભ કરવામાં આવેલ. કચ્છથી અમદાવાદ પધારતા જરૂરિયાતવાળા દર્દીઓને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ ખાતેના રોકાણ દરમિયાન તબીબી સારવાર-મેડિસીન તથા અન્ય રાહત જેવા અગત્યના ક્ષેત્રે તેઓને ઉપરોક્ત ફંડમાંથી જરૂરી સ્વરૂપમાં શક્ય તમામ રાહત આપવાનો આ યોજનાનો ભવ્ય હેતુ છે. તે મુજબ પ્રતિવર્ષ મૂળ દાતાશ્રીના શુભ આશયથી સારી એવી માત્રામાં જરૂરિયાતવાળી વ્યક્તિઓને આ યોજના અંતર્ગત લાભ અપાઇ રહ્યો છે. સમયાનુસાર આ ફંડમાં પણ વૃદ્ધિ થતી રહે છે.

આ યોજના હેઠળ પ્રતિવર્ષ થયેલ ખર્ચની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ | ખર્ચ (રૂા.) | વર્ષ | ખર્ચ (રૂા.) |
|---|---|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | ૨૩,૨૪૮ | ૨૦૦૮-૨૦૦૯ | ૩૧,૯૧૮ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૯,૮૧૧ | ૨૦૦૯-૨૦૧૦ | ૪૬,૫૩૫ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૨૪,૦૮૨ | ૨૦૧૦-૨૦૧૧ | ૩૦,૭૪૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૮૨,૮૫૦ | ૨૦૧૧-૨૦૧૨ | ૪૫,૮૦૧ |
| ૨૦૦૭-૨૦૦૮ | ૬,૯૧૦ | *કુલ રૂા.* | *૩,૧૧,૮૯૫* |

*પ્રતાપ નારાણજી દંડ*
*માનદમંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## વયસ્ક સમિતિ

### યાત્રા-પ્રવાસનું આયોજન

સમિતિ તરફથી વડીલો માટે એક યાત્રા પ્રવાસનું આયોજન નીચે જણાવેલ સ્થળે કરવામાં આવ્યું છે.

*સ્થળ* : માતર - ખંભાત - વટામણ ચોકડી - કલિકુંડ.

*તારીખ* : શુક્રવાર તા. ૧૬-૩-૨૦૧૨

*સમય* : સવારે ૬.૦૦ કલાકે

*પ્રસ્થાન* : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

વહેલા તે પહેલાના ધોરણે રૂા. ૨૦૦/- ભરીને પોતાના નામ તા. ૧૩-૩-૨૦૧૨ સુધીમાં સમાજના કાર્યાલયમાં નોંધાવવા વિનંતી છે.

*રજનીકાંત પારેખ - કન્વીનર*

*સેંકડો હાથથી ભેગું કરો અને હજાર હાથથી વહેંચી દો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જાન્યુઆરી/ફેબ્રુઆરી - ૨૦૧૨

- **બુધવાર, તા. ૧૮-૧-૨૦૧૨**
  શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિની બેઠકમાં તા. ૨૨-૧-૨૦૧૨ના આયોજિત પેરેન્ટલ કેર વર્કશોપ અંગે તેમજ કાર્યક્રમોમાં સમાજ પરિવારજનો મોટી સંખ્યામાં ભાગ લેતા થાય તેવા પ્રયત્નો કરવા અર્થે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

- **શનિવાર, તા. ૨૧-૧-૨૦૧૨**
  શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક તાકીદની બેઠકનું આયોજન થયું હતું. જેમાં મુંબઇ અતિથિ ગૃહ સંબંધિત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. તે અંગેની કામગીરી ઝડપથી આગળ વધારવા સંસ્થાના પ્રમુખશ્રી અને માનદ્ મંત્રીશ્રી મળીને યોગ્ય કાર્યવાહી કરે તેવો નિર્ણય લેવામાં આવેલ.

- **મંગળવાર, તા. ૨૪-૧-૨૦૧૨થી બુધવાર, તા. ૨૫-૧-૨૦૧૨**
  શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા તથા ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા મુંબઈ ખાતે મુંબઈના સૂચિત અતિથિ ભવન વિશે ચર્ચા કરવા ત્યાંના ડેવલપર્સ શ્રી પૂનમચંદભાઈ બાબરિયા તથા શ્રી પારસભાઈ બાબરિયાને મળેલ હતા. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજની ટીમ શ્રી પારસભાઈ બાબરિયાને સાથે લઈ સૉલિસિટર શ્રી શશાંક એલ. શાહને રૂબરૂ મળેલ હતી. બાનાખત ફરી બનાવી તેને રજિસ્ટ્રેશન કરાવવાનું સૉલિસિટર શ્રી શશાંકભાઈએ ડેવલપરના પ્રતિનિધિને જણાવ્યું ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું કે શ્રી પારસભાઈ તેમના વકીલ શ્રી વાઘેલા સાથે બાનાખત ડ્રાફ્ટ કરાવી, તેનો નમૂનો ચેક કરવા સૉલિસિટર શ્રી શશાંક શાહને એક અઠવાડિયામાં પહોંચતું કરશે.
  મિડાઝ ટાવર એસોસિએશનના એક કાર્યકર શ્રી ગોપાલભાઈનો, કેટલાક જરૂરી કોર્ટ પેપર્સ માટે સંપર્ક સાધવામાં આવ્યો હતો. તેઓએ જણાવેલ કે હાલે તેઓ પાસે પેપર્સ તૈયાર ન હોતા, તે કુરિયર દ્વારા અમદાવાદ મોકલી આપશે.

- **ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૧૨**
  સવારમાં પ્રજાસત્તાક દિન નિમિત્તે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાના વરદ્ હસ્તે, ઉપસ્થિત સભ્ય પરિવારજનોની હાજરીમાં ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૨૭-૧-૨૦૧૨**
  શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી રજનીકાંત પારેખ વચ્ચે એક ચર્ચા - મિટિંગ ગોઠવવામાં આવી કે જ્યારે તા. ૨૪-૧-૧૨ તથા તા. ૨૫-૧-૧૨ના દિવસે મુંબઈ ગયેલ ટીમે ત્યાંના અતિથિ ભવન વિશે જે કાર્યવાહી કરેલ તેની ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૩૦-૧-૨૦૧૨**
  શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર સાથે સિનિયર સિટીઝન હોમમાં દાખલ થવાના ફોર્મ બનાવવા વિશે તથા ત્યાંના નીતિ-નિયમો તૈયાર કરી આપવા અંગે ચર્ચા કરવામાં આવી.

- **ગુરુવાર, તા. ૨-૨-૨૦૧૨**
  વસતિપત્રક સમિતિના સભ્યો દ્વારા સમાજના સભ્ય પરિવારજનોના આવેલ ફોર્મની ચકાસણી કરી હતી અને જરૂરત પ્રમાણે ફોન સંપર્ક કરીને ખૂટતી માહિતી મેળવવા પ્રયત્નો કર્યા હતા. જ્યારે અન્ય પત્રકો નિયત કરેલ પદ્ધતિ મુજબ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યા હતા.

- **શુક્રવાર, તા. ૩-૨-૨૦૧૨**
  વસતિપત્રક સમિતિના સભ્ય શ્રી કે.ડી. શાહ દ્વારા સમાજ પરિવારજનોના બાકી રહેતા ફોર્મ મેળવવા લાગતા વળગતા પરિવારજનોનો ફોન સંપર્ક કરવામાં આવ્યો હતો અને તૈયાર થઈ રહેલા નવા વસતિપત્રકોના ફોર્મ તુરત મોકલાવવા ફરીથી તાકીદ કરી હતી.
  ભવન પર સુવર્ણ જયંતી મહોત્સવના અનુસંધાને મુંબઈ ખાતેના તા. ૧૩-૫-૨૦૧૨ના કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. આ ચર્ચામાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા. ચર્ચા વિચારણાને અંતે એવું જણાયેલ કે આ કાર્યક્રમ એક દિવસમાં પૂર્ણ થઈ શકે તેમ ન હોવાથી તેને બીજા દિવસ એટલે કે તા. ૧૪-૫-૨૦૧૨ના દિવસ સુધી લંબાવવામાં આવે. એટલે કે આ કાર્યક્રમ ટોટલ બે દિવસનો રાખવામાં આવે. એ નિર્ણય મુજબ મુંબઈમાં જ્યાં કાર્યક્રમ યોજવામાં આવનાર છે તે સુમતિ ગુર્જર ભવન પણ બીજા દિવસ એટલે કે તા. ૧૪-૫-૨૦૧૨ માટે બુક કરાવી દેવામાં આવેલ.

- **બુધવાર, તા. ૮-૨-૨૦૧૨**
  વયસ્ક સમિતિના શ્રી કે.ડી. શાહ અને રજનીકાંત પારેખ દ્વારા બલસાણા યાત્રા પ્રવાસ અંગે બલસાણા-દેવલાલી અને પારોલા ખાતે ઉતારા અને જમવાની વ્યવસ્થા સંબંધી કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ તે સ્થળોએ જરૂરી એડવાન્સ રકમ મોકલાવવાની વ્યવસ્થા કરી હતી.

- **ગુરુવાર, તા. ૯-૨-૨૦૧૨**
  વસતિપત્રક સમિતિના સભ્યોએ સમાજ પરિવારજનોના આવેલા ફોર્મની અધૂરી માહિતી, ફોન સંપર્ક દ્વારા મેળવવા પ્રયાસો કર્યા હતા. હજુ પણ બાકી રહેતા ફોર્મ વહેલાસર મેળવવાના ઉદ્દેશથી સમિતિના સભ્યો વચ્ચે તેવા લિસ્ટની ફાળવણી કરી હતી.

*દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં સૌથી વધારે જોખમ હોય છે.*

- **શનિવાર, તા. ૧૧-૨-૨૦૧૨**

સુવર્ણ જયંતી મહોત્સવના કાર્યક્રમોની વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી અને તેમાં કોઈ કાર્યક્રમ વધારી કે ઘટાડી શકાય તેવી પણ ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છી ડાયરો કે કચ્છી નાટકના કાર્યક્રમો ઓછા કરી શકાય તેવી એક વિચારસરણી પણ વિચારવામાં આવેલ હતી. વિસ્તૃત ચર્ચાના અંતે હાલે જે કાર્યક્રમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તે પ્રમાણે જ આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ ચર્ચામાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૧૩-૨-૨૦૧૨**

મુંબઈ ખાતેના કાયમી ટ્રસ્ટી શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન ભવન પર પધારેલ હતા. તેમની સાથે સુવર્ણ જયંતી મહોત્સવ તથા જનરલ કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

સામાજિક સુરક્ષા સમિતિની એક બેઠકમાં સ્ટાફના આરોગ્ય અને અકસ્માતના વીમા અંગે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવેલ હતા. આ બેઠકમાં સમિતિના સભ્યો ઉપરાંત શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી કે.આર. શાહ પણ ઉપસ્થિત હતા.

- **મંગળવાર, તા. ૧૪-૨-૨૦૧૨**

મેડિક્લેઈમ પોલિસી - સભ્યો માટે અને સ્ટાફ માટેના અલગ અલગ વિષયે ચર્ચા કરી ટ્રસ્ટ મંડળની મંજૂરી અર્થે તેમાં મૂકવા માટે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. તે બાબતના નીતિ નિયમો પણ વિચારવામાં આવેલ હતા. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી કે.આર. શાહ, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી રજનીકાંત પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★

સુવર્ણ જયંતી મહોત્સવ અન્વયે તા. ૧૪-૪-૨૦૧૨ના રાત્રિના મનોરંજન કાર્યક્રમ માટે જયશંકર સુંદરી હોલ આજરોજ બુક કરાવીને તે કાર્યક્રમને ફાઈનલ ઑપ આપવામાં આવેલ હતો.

- **ગુરુવાર, તા. ૧૬-૨-૨૦૧૨**

સુવર્ણ જયંતી મહોત્સવ નિમિત્તે શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ તથા બાળ કલ્યાણ સમિતિના કાર્યક્રમો ફાઈનલ થઈને આજરોજ મળવાથી તે કાર્યક્રમોને ટોટલ કાર્યક્રમના શીડ્યુલમાં ઉમેરવામાં આવ્યા તથા કેટલાક મુખ્ય કાર્યક્રમોના શીડ્યુઅલોમાં જરૂરિયાત મુજબ (કચ્છી મેળો તથા કચ્છ દર્શન) ફેરફાર પણ કરવામાં આવ્યા. રિવાઈઝ્ડ આખો નવો કાર્યક્રમ ફાઈનલ કરવામાં આવેલ હતો.

★

વયસ્ક સમિતિના ઉપક્રમે બલસાણા યાત્રા પ્રવાસે જનાર ચાલીસ વયસ્કોની બેઠક મળી હતી તેમાં સમગ્ર પ્રવાસની માહિતી અને અન્ય જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

- **શુક્રવાર, તા. ૧૭-૨-૨૦૧૨**

સામાજિક સુરક્ષા સમિતિની એક બેઠકમાં સામાજિક સુરક્ષા માટે આવેલી ૬ ફાઈલોને તપાસીને આખરી ઑપ આપવાની કાર્યવાહી કરી હતી.

- **શનિવાર, તા. ૧૮-૨-૨૦૧૨**

કેન્ટીન સમિતિની બેઠકમાં પાલડી અને શાહીબાગ ખાતેના ભવનની કેન્ટીન ચલાવવાનાં કોન્ટ્રાક્ટ અંગે ચર્ચા કરીને આવતા ત્રણ વર્ષ માટે ફરીથી રિન્યૂ કરવામાં આવેલ હતા.

- **સોમવાર, તા. ૨૦-૨-૨૦૧૨**

રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર સુવર્ણ જયંતી મહોત્સવ સમિતિ તથા સુવર્ણ જયંતી મહોત્સવમાં ભાગ લેનાર વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં અંદાજિત ૧૫ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. દરેક કાર્યક્રમની તથા દરેક વિગતની ચર્ચા કરી, તેમાં કેટલેક સ્થળે ફેરફારો પણ કરવામાં આવેલ હતા. ત્યારબાદ આ કાર્યક્રમને સર્વાનુમતે મંજૂર કરી આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૨૧-૨-૨૦૧૨**

નહેરુનગર - અમદાવાદ ખાતે રહેતા શ્રી ગુણવંતભાઈ શાહ સાથે શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે ચર્ચા કરેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તબીબી સેવા કેન્દ્રનું કામ સારું હોતાં તેના કોઈપણ પ્રોજેક્ટ માટે ડોનેશન લઈ આવવાની જવાબદારી તેઓશ્રીએ દાખવેલ હતી. તે મુજબ તબીબી કેન્દ્ર જે રિનોવેટ કરવાનું છે તેના પ્લાનિંગનો નકશો તેમને સોંપવામાં આવેલ હતો. આ બાબત જરૂરી વિચાર કરીને એક અઠવાડિયા બાદ તેઓશ્રી ફરીથી મળશે તેવું તેમણે જણાવેલ હતું.

★

કેટલાક જરૂરી પ્રશ્ને ચર્ચા કરવા ટ્રસ્ટ મંડળની એક મિટિંગ તા. ૧-૩-૨૦૧૨ના બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા.

- **બુધવાર, તા. ૨૨-૨-૨૦૧૨**

શ્રી કચ્છી વિશ્રામગૃહ માટે ૨૨" સાઈઝના પેનાસોનિક એલ.સી.ડી. ટી.વી. તથા એક મોટી સાઈઝનું ટી.વી. મેડિકલ સેન્ટર માટે તથા એક મોટી સાઈઝનું ટી.વી. ટ્રસ્ટ બોર્ડના રૂમ માટે ખરીદી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી કે.આર. શાહ તથા શ્રી કલ્યાણજી સાવલાએ ત્રણેક જગ્યાએથી ભાવ મેળવી એ પ્રમાણે ઓછામાં ઓછા ભાવે ખરીદવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આ નિર્ણય અગાઉની ટ્રસ્ટ મંડળની મિટિંગ તથા શ્રી પ્રેમજી (બચુભાઈ) શિવજી રાંભિયાની આવેલ ઑફરના અનુસંધાને લેવાયેલ હતો. ■

*પોતાને ભાગે આવેલું, પોતે સ્વીકારેલું અને રોટલો રળી આપતું કામ કરવામાં જે માણસ ચોરી કરે તે ગુનેગાર છે.*